શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડીનું નવલિકા નજરાણું

# વાર્તા-કડી


સંપાદક

પ્રસાદ બ્રહ્મભટ્ટ • રમેશ ત્રિવેદી • નટવર પટેલ



પ્રકાશક

કડી સર્વ વિશ્વવિદ્યાલય

ગાંધીનગર

શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ-કડીનું નવલિકા નજરાણું

# વાર્તા-કડી


સંપાદક

પ્રસાદ બ્રહ્મભટ્ટ

રમેશ ત્રિવેદી

નટવર પટેલ



પ્રકાશક

કડી સર્વ વિશ્વવિદ્યાલય,

ગાંધીનગર

**VARTA - KADI**

(A collection of short stories of Shree Mohanlal Patel Sahitya Vartul - Kadi, Edited by Dr. Prasad Bharmbhatt, Ramesh Trivedi and Natvar Patel)

Published by Kadi Sarva Vishwa Vidyalaya, Gandhibagar, 2023

**© પુસ્તકના સંપાદકના; જે-તે કૃતિના જે-તે લેખકના**

**First Edition - 2023**

**નકલ :** ૩૦૦

**Price : Rs. 230**

ટાઈપ સેટિંગ્સ-લેઆઉટ :


**વિજય સોલંકી** (૯૪૨૮૧૧૧૩૫૩)

**પ્રકાશક : કડી સર્વ વિશ્વ વિદ્યાલય,**

**સર્વ વિદ્યાલય કેમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર**

મુદ્રક :

# અર્પણ




**સ્વ. મોહનલાલ પટેલ**

(૧૯૨૭-૨૦૨૦)

કડીના સર્જકો માટે સાહિત્ય ચેતનાનું પ્રેરકબળ પૂરું પાડનાર

તથા

લઘુકથાના જનકને...



**સ્વ. માણેકલાલ એમ. પટેલ**

(૧૯૨૭-૨૦૧૨)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના પૂર્વ પ્રેસિડેન્ટ

તથા

**શ્રી મોહનલાલ સાહિત્યવર્તુળ,**

કડીના પૂર્વ મુખ્ય ટ્રસ્ટી અને શિક્ષણપ્રેમી...

જેમના થકી સાહિત્યવર્તુળને બળ મળ્યું.

# બે અક્ષરનું નામ...

ઐતિહાસિક નગર
કહિપુર, કટિપુર અને હવે
સોનાની દડી
કડી.
કડી એટલે 'લઘુતમ કથા'
'લઘુકથાનું કાશી'
કોટન સિટી
ઉદ્યોગક્ષેત્રે સોહતી સ્વર્ણિમ વીંટી,
નગરસ્થિત જ્ઞાનાશ્રમો
મલ્હાવરાવનો કિલ્લો
વિદ્યા-વાણિજ્ય-ધર્મક્ષેત્રે-સાહિત્યક્ષેત્રે
અગ્રેસર
કડી, ને મનોહર મહેસાણા જિલ્લો
કારખાનાની ભરમાર વચ્ચે સદા ગુંજતો
કૃષિઋષિનો મંત્ર :
'કર ભલા હોગા ભલા'
કડી નરરત્નોની ખાણ
સૂણો ચતુર સુજાણ
કડીનગરને તીર
રેવા કેરાં આવી પૂંગ્યા પુનિત પાવન નીર,
કડી આપણું તીરથધામ
ગૂર્જર દેશે
ગરવું-રૂડું
બે અક્ષરનું નામ !

**- રમેશ ત્રિવેદી**

# -: શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ :-
# સંક્ષિપ્ત પરિચય

**- રમેશ ત્રિવેદી**

ઈ.સ. ૧૯૬૨ના અરસામાં એક દિવસ કડીના સર્જકો શ્રી સીતારામ શર્માના નિવાસસ્થાને મળ્યા અને અનૌપચારિક રીતે કડીના વાર્તાવર્તુળનો આ આરંભ હતો. પછી આ મિત્રો સાહિત્ય- ગોષ્ઠિ માટે અવારનવાર મળતા રહ્યા. શરૂઆતમાં આ વર્તુળમાં સીતારામ શર્મા, રામજીભાઈ કડિયા, મહેશ દવે, ભગવત સુથાર, રમેશ ત્રિવેદી, દિલીપ રોય અને મોહનલાલ પટેલ હતા. પછી સીતારામ શર્માનું અવસાન થયું અને મહેશ દવે અધ્યાપક તરીકે અમદાવાદ ગયા. પછીથી ડો.બિપીન પરીખ, ઉપેન્દ્ર રાવળ, કાન્તિ રામી વગેરે ઉમેરાયા. વર્તુળમાં સાહિત્યગોષ્ઠિ ઉપરાંત સભ્યોની નવી રચાયેલી કૃતિઓ વંચાતી અને એમના પર ટીકા-ટિપ્પણી અને ચર્ચા થતાં, એટલે આ વર્તુળ કડી બહાર ‘કડી વાર્તાવર્તુળ’ તરીકે ઓળખાવા લાગ્યું.

વર્તુળના સભ્યો નવલકથાઓ પણ લખતા હતા. પીતાંબર પટેલે આ વર્તુળને ‘આરામ’ માટે ‘વહેતી વાર્તા’ લખવાનું આમંત્રણ આપ્યું ત્યારે વર્તુળે ‘આરામ’ માટે બે વહેતી વાર્તાઓ (જુદા જુદા સર્જકો દ્વારા રચાતી નવલકથાને શ્રી પીતાંબર પટેલ વહેલી વાર્તા તરીકે ઓળખાવતા હતા.) લખી હતી. કડીના વાર્તાવર્તુળનું આ બધું સર્જન તો ખરું, પણ એનો પ્રકૃતિ વિશેષ તો લઘુકથા સર્જનનો.

વર્તુળના સભ્યોની લઘુકથાઓનો એક સંગ્રહ વર્તુળના સભ્યોએ જ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો. સંગ્રહ તૈયાર થયો. પ્રકાશકનું નામ જોઈએ. સૌએ વર્તુળના મંત્રી તરીકે શ્રી રામજીભાઈ કડિયાને સ્થાપ્યા. સાથે સાથે પ્રમુખ તરીકે મોહનલાલ પટેલનું નામ નક્કી થયું. વર્તુળ તરફથી પહેલું પ્રકાશન પ્રગટ થયું ‘૪૦ લઘુકથાઓ’.

વર્તુળ હવે વધારે સક્રિય બન્યું. એનો વ્યાપ વધતો ગયો. બેઠકો વધતી ગઈ. એક વખત કડી લાયન્સ ક્લબ તરફથી કડીના જાણીતા ઉદ્યોગપતિ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી તેમજ કડી નાગરિક બેંકના ચેરમેન શ્રી માણેકલાલ પટેલે કડી-વાર્તાવર્તુળને શ્રી

મોહનલાલ પટેલના નામ સાથે જોડવાનું સૂચન કર્યું. અને જો એમ થાય તો એમણે રૂપિયા એક લાખની સખાવતની જાહેરાત કરી. સૌએ હર્ષભેર આ સૂચનને વધાવી લીધું. લાયન્સ ક્લબ અને અન્ય શુભેચ્છકોએ પણ સૂચિત સાહિત્યવર્તુળનું નવું નામ 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' આપવાનો સંકલ્પ જાહેર કર્યો.

કડી નાગરિક બેંક તરફથી વર્તુળને રૂપિયા એક લાખનું તેમજ લાયન્સ ક્લબ અને અન્ય શુભેચ્છકો તરફથી સારાં દાન મળ્યાં અને તા. ૨૬-૦૨-૧૯૯૬ના રોજ વર્તુળનો નામાભિધાન સમારંભ થયો. જેમાં સર્વશ્રી રઘુવીર ચૌધરી, વિનોદ ભટ્ટ અને રતિલાલ બોરીસાગર પણ ઉપસ્થિત રહ્યા હતા. હવે વર્તુળ 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' બન્યું. વર્તુળે બંધારણ તૈયાર કર્યું. એની રજિસ્ટર્ડ ટ્રસ્ટ તરીકે ઈ-૩૭૧૬/મહેસાણા તા.૧૮-૦૪-૧૯૯૫થી નોંધણી પણ થઈ ગઈ.

નામાભિધાન સમારંભ વખતે જ સાહિત્યવર્તુળ તરફથી કડીના સર્જકોની લઘુકથાઓ અને અન્ય વિવેચનોના અભ્યાસલેખોનો ગ્રંથ 'કથાસેતુ' લોકાર્પિત થયો. પ્રકાશન સાહિત્યવર્તુળનું હતું.

શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ તરફથી સાહિત્ય તેમજ શિક્ષણના ક્ષેત્રમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. જેમાં ગોષ્ઠિ, સેમિનાર, વર્કશોપ, પ્રવચનો, વ્યાખ્યાનમાળા વગેરેનું આયોજન થયા કરે છે. સાહિત્યવર્તુળ દ્વારા પ્રકાશિત ત્રીજું પુસ્તક 'લઘુકથા વિશેષ' છે. જે લઘુકથાસ્પર્ધાનું આયોજન થયેલું, તેમાં વિજેતા કૃતિઓ, અન્ય નિમંત્રિત સર્જકોની કૃતિઓ તેમજ અભ્યાસીના લેખોને કારણે ધ્યાનાકર્ષક બન્યું છે. ભાવકો, સર્જકો માટે એ ઉપયોગી સિદ્ધ થયું છે.

આ સાહિત્યવર્તુળના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ડો.રમેશભાઈ વ્યાસે નોંધપાત્ર સેવાઓ આપીને નિવૃત્તિ લીધી છે ને હવે તે સેવાઓ માટે શ્રી શૈલેષ પટેલને નિયુક્ત કર્યા છે. તદ્ઉપરાંત સાહિત્યવર્તુળને ૨૦૨૧માં પચીસ વર્ષ પૂરાં થયાં ત્યારે રજતજયંતી વર્ષ નિમિત્તે એક સંપાદિત પુસ્તક 'કડીનગરનું બાળસાહિત્ય' પ્રગટ કર્યું છે.

❀❀❀

# પ્રાક્કથન



શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડીની સ્થાપના આજથી લગભગ અઢી દાયકા પૂર્વે ઈ.સ. ૧૯૯૬માં કડીની સર્વ વિદ્યાલય સંસ્થામાં તે સમયના સંસ્થાના પૂર્વપ્રમુખ શ્રી સ્વ. માણેકલાલ એમ. પટેલના યોગદાનથી થઈ હતી. આજ સુધીના સમયગાળામાં લગભગ ત્રીસેક સર્જકો વિવિધ સાહિત્ય પ્રકારોમાં સર્જનરત રહ્યા છે. આવી સાહિત્યિક આબોહવાને લીધે કડીનગરને જાણીતા વિવેચક શ્રી રમણ પાઠક 'વાર્તાકારોની નગરી' તથા શ્રી ભગવતીકુમાર શર્મા 'લઘુકથાનું કાશી' કહીને નવાજે છે.

સાહિત્યવર્તુળને ૨૦૨૧માં પચીસ વર્ષ પૂરાં થતાં હતાં. તે નિમિત્તે અમે 'કડીનગરનું બાળસાહિત્ય' નામે સરસ સંગ્રહ સર્જક-પરિચય સાથે બહાર પાડ્યો હતો. ત્યાર બાદ કડીના સર્જકોની વાર્તાઓનો આ સંગ્રહ 'વાર્તા-કડી' સંપાદકોએ તૈયાર કર્યો છે તેનો હું આનંદ વ્યક્ત કરું છું. અહીં મોહનભાઈ પટેલથી લઈ હાલના સમયમાં સક્રિય એવા ડો. ધર્મેન્દ્ર પટેલ સુધીના વાર્તાકારોની નવલિકાઓ સમાવિષ્ટ છે. કડીનગર હવે તો ઘણું વિકસિત થયું છે. તેનો વ્યાપ વધતાં સર્જકો પણ વધ્યા છે. મારા પિતાશ્રીના અવસાન બાદ આ સંસ્થાના મુખ્ય ટ્રસ્ટીશ્રી તરીકે મારે જોડાવાનું થયું અને એ નિમિત્તે મારે સાહિત્યમાં પણ આડકતરી રીતે રસ લેવાનું થયું તેનો મને આનંદ છે.

સાહિત્યવર્તુળે આ અગાઉ '૪૦ લઘુકથા', 'લઘુકથા વિશેષ', 'કથાસેતુ', 'કડીનગરનું બાળસાહિત્ય' વગેરે સંપાદનો પ્રગટ કર્યાં છે.

**વલ્લભભાઈ એમ. પટેલ**
મુખ્ય ટ્રસ્ટીશ્રી,
શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડી

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ● | શ્રી મો.પ.સા.વ. પરિચય | રમેશ ત્રિવેદી | **V** |
| ● | સંપાદકીય | પ્રસાદ બ્રહ્મભટ્ટ | **IX** |
| ૦૧. | બ્લાઇન્ડ વર્મ | મોહનલાલ પટેલ | ૧૭ |
| ૦૨. | આકાશ ડહોળતું પંખી | ચિનુ મોદી | ૨૩ |
| ૦૩. | વિક્રિયા | મહેશ દવે | ૨૭ |
| ૦૪. | હેપી અવર | કુમુદ પરીખ | ૩૪ |
| ૦૫. | ખંડેર | રમેશ ત્રિવેદી | ૪૦ |
| ૦૬. | કેન્સર વોર્ડ | નીતીન વોરા | ૪૭ |
| ૦૭ | સૂરનો અમળાટ | ભગવત સુથાર | ૫૦ |
| ૦૮. | વેદનામુક્તિ | દિલીપ રોય | ૫૬ |
| ૦૯ | લીલા | પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૬૩ |
| ૧૦. | ગણપતલાલ | રામજી કડિયા | ૭૧ |
| ૧૧. | પ્રતીક્ષા | રતિલાલ સાં. નાયક | ૭૭ |
| ૧૨. | હેસિયત | યશવંત કડીકર | ૮૨ |
| ૧૩. | સપ્તર્ષિનો પ્રશ્નાર્થ | બિપિન કે. પરીખ | ૮૯ |
| ૧૪. | એક્વેરિયમ | ઉપેન્દ્ર રાવળ | ૯૫ |
| ૧૫. | ધૂળનાં ઢાંકણ | વસંત શુક્લ | ૯૭ |
| ૧૬. | અષાઢી દીકરો | દેવચંદ યોગી | ૧૦૪ |
| ૧૭. | મયૂરી V/S જડીબા | નટવર પટેલ | ૧૦૭ |
| ૧૮. | અનોખી પરીક્ષા | વિષ્ણુ પ્રજાપતિ | ૧૧૪ |
| ૧૯. | ટોળું | ધર્મેન્દ્ર પટેલ | ૧૨૦ |
| ૨૦. | સિલ્વર જ્યુબિલી | મયંક પટેલ | ૧૨૪ |
| ૨૧. | એકડા વિનાનું મીંડું | સીતારામ જે. શર્મા | ૧૨૮ |

# સંપાદકીય

**- પ્રસાદ બ્રહ્મભટ્ટ**

**ટૂંકી** વાર્તા અથવા નવલિકાને ક.મા. મુનશીએ 'અર્વાચીન સાહિત્યનું અપૂર્વ પુષ્પ' તરીકે ઓળખાવી છે. ટૂંકી વાર્તાનું સાંપ્રત સ્વરૂપ પાશ્ચાત્ય સાહિત્યના પ્રભાવે અસ્તિત્વમાં આવ્યું છે તેથી તેમનું આ મંતવ્ય સ્વીકારી શકાય. ટૂંકી વાર્તાનું સ્વરૂપ એક બાજુ ટુચકો, લઘુકથા અને બીજી બાજુ લઘુનવલ, નવલકથાની વચ્ચે આવે છે. ટુચકા અને ટૂંકી વાર્તા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યા પછી રા.વિ. પાઠકે નોંધ્યું છે, ''ટૂંકી વાર્તા જીવનના કોઈ રહસ્યને ઓછામાં ઓછાં પાત્રોથી, ઓછામાં ઓછા બનાવોથી, ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપિત કરે છે.''

ટૂંકી વાર્તા માત્ર ટૂંકી હોય એટલું જ નહિ, વાચકને ટૂંકી લાગવી જોઈએ. ટૂંકી વાર્તામાં એકલક્ષિતા અપેક્ષિત છે. વિજયરાય વૈદ્યે કહ્યું છે, ''એક જ સંપૂર્ણ સંસ્કાર મન પર પાડે તે નવલિકા.'' અંગ્રેજ વિવેચક હડસને પણ કહ્યું છે, **"A short story must contain one and only one informing idea."** કેટલાક વિવેચકોએ ટૂંકી વાર્તાને ગદ્યદેહે વિચરતું ઊર્મિકાવ્ય કહ્યું છે. ઊર્મિકાવ્યની તીવ્રતા કે ઉત્કટતા ટૂંકી વાર્તામાં હોય છે પણ લાગણીનું નિરૂપણ ટૂંકી વાર્તામાં હોય જ એમ ન કહી શકાય.

ટૂંકી વાર્તામાં ધ્વનિની- સૂચનની કલા રહેલી છે. ધૂમકેતુએ ટૂંકી વાર્તાને તણખા સાથે સરખાવતાં લખ્યું છે, ''જે વીજળીના ચમકારા પેઠે એક દષ્ટિબિંદુ રજૂ કરતાં કરતાં સોંસરવી નીકળી જાય અને બીજી ઝાઝી લપછપ વિના અંગુલિનિર્દેશ કરીને સૂતેલી લાગણીઓ જગાડી, વાંચનારની આસપાસ એક નવી જ કાલ્પનિક સૃષ્ટિ ઘડી કાઢે એ ટૂંકી વાર્તા. નલકથા જે કહેવાનું હોય તે કહી નાખે છે. ટૂંકી વાર્તા કલ્પના અને લાગણીઓને જગાડીને જે કહેવાનું હોય તેનો માત્ર ધ્વનિ જ, તણખો મૂકે છે.''

ટૂંકી વાર્તામાં એકાગ્રતા અપેક્ષિત છે. આ સંદર્ભમાં જ રા.વિ. પાઠકે ટૂંકી વાર્તાની ગતિને નદીના પૂરના ધસમસતા પ્રવાહમાં સીધી લીટીમાં નદી પાર કરતા વાઘની ગતિ સાથે સરખાવી છે. ટુચકાનું લાઘવ અને ચોટદાર તત્ત્વ અમુક અંશે ટૂંકી વાર્તા માટે પણ આવશ્યક છે. નવલકથા કરતાં ટૂંકી વાર્તાનું કદ

નાનું હોવાથી ઉદ્દેશ અને રચનાના ભેદો સ્વાભાવિક રીતે જ ફલિત થાય છે. બેરીએ યથાર્થ કહ્યું છે, **"The novel is satisfaction, the short story is a stimulus."** (નવલકથા સંતર્પક છે, ટૂંકી વાર્તા ઉદ્દીપક છે.)

નવલકથા અને નવલિકાનાં ઘટકતત્ત્વો લગભગ સમાન છે : વસ્તુ, પાત્ર, સંવાદ, પરિવેશ, ભાષાશૈલી, રસ અને જીવનદર્શન. આ તત્ત્વો બંને સ્વરૂપોમાં પ્રયોજાય છે પણ તેમને પ્રયોજવાની બંનેની રીત નિરાળી છે. વળી ટૂંકી વાર્તામાં પણ કોઈ બે કૃતિઓમાં આ તત્ત્વો એક સરખો વિનિયોગ પામતાં નથી. એટલે આ બધી સંજ્ઞાઓ કામચલાઉ, સગવડ માટેની રૂઢિઓ તરીકે જોવાય એ જરૂરી છે. આપણે જેને 'ઘટના' રૂપે ઓળખીએ છીએ તેનાં પણ અનેક પરિમાણો જોવાં મળે છે. ટૂંકી વાર્તાનાં લક્ષણો સર્જકે-સર્જકે નોખાં પરિમાણ ધારણ કરતાં જોવાં મળે છે. ઘટક તત્ત્વોનું ખરું મહત્ત્વ તો કૃતિમાં તેના થયેલ વિનિયોગની વિશિષ્ટતામાં રહેલું છે.

ટૂંકી વાર્તામાં વસ્તુ પ્રમાણમાં નાનું હોય છે, અણુ જેટલું, પણ તેના ગર્ભમાં વિશાળ સૃષ્ટિ સમાયેલી હોય છે. ટૂંકી વાર્તાનું સ્વરૂપ જેમ જેમ વિકસતું ગયું તેમ તેમ ઘટનાને મુકાબલે પાત્રનું મહત્ત્વ વધતું ગયું. વ્યક્તિનાં અનેક પાસાં હોય છે. વાર્તાકાર મુખ્ય પાત્રોના એકાદ પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતો હોય છે. સંવાદ ટૂંકી વાર્તાનું આકર્ષક તત્ત્વ છે. પાત્રોના સંવાદ દ્વારા તેમનું વ્યક્તિત્વ ઊઘડતું જાય છે. સંવાદો પાત્રોને અનુરૂપ અને પ્રસંગોચિત હોવા જોઈએ. ટૂંકી વાર્તામાં પરિવેશ-વાતાવરણનું તત્ત્વ અનિવાર્યપણે પ્રવેશે છે. વાર્તાકારે શબ્દના ઉપાદાન દ્વારા કલાનિર્મિતિ સાધવાની હોય છે, તેથી કોઈ પણ સાહિત્ય સ્વરૂપની જેમ ટૂંકી વાર્તામાં પણ ભાષાશૈલી મહત્ત્વનું ઘટકતત્ત્વ બને છે. ભાષા વાર્તાવિષયને અનુરૂપ હોવી જોઈએ. ટૂંકી વાર્તાના સર્જકે માનવ સંદર્ભયુક્ત ગદ્યનું શક્ય તેટલું ન્યૂનીકરણ કરી એનું પુનર્વિધાન કરવાનું હોય છે. ટૂંકી વાર્તામાં પણ કાવ્ય, નાટકની જેમ રસનિષ્પત્તિ થાય છે. ટૂંકી વાર્તામાં એક કે બે રસ આવી શકે, મુખ્ય તો એક જ. કવિતાની જેમ નવલિકા પણ જીવનસમીક્ષા કરે છે. ટૂંકી વાર્તામાં જીવનનું કોઈ ને કોઈ રહસ્ય કલાત્મક રીતે વ્યક્ત થવું જોઈએ.

ઉપર નિર્દેશ કર્યો છે તે બધાં લક્ષણો અન્ય સાહિત્ય સ્વરૂપોમાં જડી

આવે છે, પણ સુરેશ જોષી જેને 'પ્રેગનન્ટ મોમેન્ટ' કહે છે તે ટૂંકી વાર્તાની આગવી વિશેષતા છે. ફ્રેડ મિલેટ લખે છે કે ટૂંકી વાર્તામાં કશુંક બનવાની પ્રક્રિયા મહત્ત્વની છે. એ માટે તેમણે **Happening** શબ્દ પ્રયોજ્યો છે. ઉપર્યુક્ત લક્ષણો પ્રત્યેક ટૂંકી વાર્તામાં ભિન્ન ભિન્ન રીતે પ્રગટ થતાં હોય છે.

વિશ્વ સાહિત્યમાં ટૂંકી વાર્તાના કલાસ્વામીઓમાં રશિયાના એન્ટન ચેખોવની સાથે ફ્રાન્સના મોપાસાંનું નામ આદરપૂર્વક લેવાય છે. ભારતીય વાર્તાકારોમાં રવીન્દ્રનાથ ટાગોર, પ્રેમચંદ જાણીતા છે. ગુજરાતી ટૂંકી વાર્તાનો પ્રારંભ વીસમી સદીમાં થયો છે. ગુજરાતીની પ્રથમ નોંધપાત્ર નવલિકા મલયાનિલની 'ગોવાલણી' ઈ.૧૯૧૮માં 'વીસમી સદી'માં પ્રગટ થઈ હતી. ધૂમકેતુના 'તણખા' મંડળ-૧નું પ્રકાશન ૧૯૨૬માં થયું હતું. 'દ્વિરેફ'નું વાર્તાલેખન પણ ૧૯૨૪થી આરંભાયું હતું.

કડીનગરના આદ્ય વાર્તાકાર સીતારામ જે. શર્માનો વાર્તાસંગ્રહ 'જુવાનીમાંની વાતો' (૧૯૨૮) પણ આ અરસામાં પ્રગટ થયો હતો એ નોંધવું રહ્યું. તેમણે અનેક સ્વરૂપો પર હાથ અજમાવેલો. પત્રકાર તરીકે પણ તેઓ જાણીતા થયેલા. જીવનયાત્રામાં અધવચ્ચે વિધુર થયેલા આ નિઃસંતાન સાહિત્યસેવીએ જીવનભર સાહિત્યસર્જન ચાલુ રાખેલું. જીવનનો મોટો કાલખંડ મુંબઈમાં સક્રિયપણે વ્યતીત કરનાર સાહિત્યકાર સીતારામે નિવૃત્ત જીવન વતન કડીમાં પોતાની 'પર્ણકુટિ'માં પસાર કરેલું. કડીમાં સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે યત્કિંચિત યોગદાન કરનાર શર્માજીએ જીવનનાં અંતિમ વર્ષોમાં કડીના તત્કાલીન વાર્તાકારોને પોતાના નિવાસસ્થાને નિયમિત આમંત્રિત કરી વાર્તાલેખન માટે પ્રેરિત કરેલા. ૧૯૬૫-'૬૬માં હું જ્યારે કડીની ઝવેરી આર. ટી. હાઈસ્કૂલમાં આઠમા ધોરણમાં ભણતો હતો ત્યારે સાંજે સ્કૂલેથી ઘરે જતાં અને એકાદ વાર સાંધ્ય પરિભ્રમણ **(evening walk)** કરી પાછા ફરતાં તેમના ઘર (પર્ણકુટિ) પાસેથી પસાર થતાં અમારા ભાષા શિક્ષક રામજીભાઈ કડિયા, સર્વ વિદ્યાલયના આચાર્ય મોહનલાલ પટેલ, ભગવત સુથાર, દિલીપ રૉય વગેરેને તેમના ઘરમાંથી નીકળતા જોયેલા એનું સ્મરણ છે. 'વાર્તાવર્તુળ, કડી'નો આરંભ એ સમયે થયો હતો. એકાદ વર્ષ પછી વામજની શાળામાંથી અમારી શાળામાં શિક્ષક તરીકે જોડાયેલા રહેશભાઈ ત્રિવેદી પણ એ વર્તુળમાં જોડાયેલા.

આ સંગ્રહમાં સમાવિષ્ટ શર્માજીની વાર્તા 'એકડા વિનાનું મીંડું' અમારી જ્ઞાતિના માસિક 'ભટ્ટ ભાસ્કર'માં ઈ.૧૯૫૬માં પ્રગટ થઈ હતી, તેમના અવસાનના દાયકા પૂર્વે. એટલે આ વાર્તા તેમના ઉત્તરાર્ધની છે, વિધુર થયા પછીની. પત્નીના મૃત્યુથી નિઃસહાયતા અનુભવતા પતિની શૂન્યાવસ્થાને વાર્તાકારે સચોટ રીતે ઉપસાવી સાર્થક શીર્ષકથી મુખર અભિવ્યક્તિ આપી છે. 'મેહુલ કડીકર' તખલ્લુસધારી વસંત શુક્લની વાર્તા 'ધૂળનાં ઢાંકણ' પણ પત્નીના મૃત્યુથી ભાંગી પડતા પતિની વેદનાને વેધક વિક્ષોભસહ વ્યક્ત કરે છે.

દાંપત્યસફરમાં પત્ની જ પરલોકગમનમાં પહેલ કરે એવું હંમેશા બનતું નથી. પ્રકૃતિના નિયમ પ્રમાણે સરખી સંભાવના હોવાની. મયંક પટેલની 'સિલ્વર જ્યુબિલી' બીજી સંભાવનાની સાહેદી પૂરે છે. કોરોનાના કપરા કાળ પછી તબીબ સર્જક દ્વારા અપવાદરૂપે સર્જાયેલી આ વાર્તા નટ પતિની અણધારી વિદાયને નાટ્યાત્મક ચોટ સાથે સંયમથી આલેખે છે.

સ્ત્રી-પુરુષનું પરસ્પર અદમ્ય આકર્ષણ, એમનો અનન્ય પ્રેમ સાહિત્યનો સનાતન વિષય છે. પ્રેમનાં વિધવિધ પરિમાણો વિશ્વ સાહિત્યમાં વ્યાપક વિખરાયેલાં દૃષ્ટિગોચર થશે. રાધા-કૃષ્ણ ભારતીય સાહિત્યસૃષ્ટિમાં સર્વાધિક અવતરિત થયેલી થીમ છે. કાળક્રમે સીતારામ શર્મા પછી આવતા અને મુખ્યત્વે બાળસાહિત્ય-કોશસાહિત્યમાં કલમ ચલાવનાર ર. સાં. નાયકે પ્રયોગ ખાતર ટૂંકી વાર્તા પર પણ હાથ અજમાવેલો અને એકાદ-બે સંગ્રહો પણ આપેલા. તેમની 'પ્રતીક્ષા' વાસ્તવમાં તો બંસીધર મુરલી મનોહર નટખટ નાગર મોહન માટેની રસેશ્વરી રમણી રાધાની ચિર પ્રતીક્ષાની આસ્વાદ્ય અભિવ્યક્તિ છે, અલબત્ત પરંપરાગત.

સાહિત્યમાં પરંપરા અને પ્રયોગની પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે. ધૂમકેતુ-દ્વિરેફથી આરંભાયેલી ગુજરાતી નવલિકાએ નવ-દસ દાયકાની દમદાર સફરમાં અનેક વળાંકો વટાવ્યા છે, પરિવર્તનો પચાવ્યા છે, સુરેશ જોષી-કિશોર જાદવે આપેલા આંચકા અનુભવ્યા છે; પ્રેગ્નન્ટ મોમેન્ટની પ્રસવપીડા પણ ભોગવી છે, નાભિ-શ્વાસ ચાલવા છતાં જિજીવિષા ત્યજી નથી. એટલે તો આજે પણ વાર્તા વિશેષ વંચાતું, વેચાતું સ્વરૂપ છે.

ગાંધીયુગના સક્ષમ સમર્થ વાર્તાકાર અને પ્રમુખ કવિ સુન્દરમે પોતાના

પ્રસિદ્ધ એક પંક્તિના લઘુકાવ્યમાં કથેલું- 'જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.' લઘુકથાના પિયર તરીકે પ્રસિદ્ધ કડી નગરે બાળસાહિત્યમાં પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે પણ ઉપર ઉલ્લેખ્યું તેમ 'વાર્તાવર્તુળ' તરીકે ઉદ્‌ભવેલું આંદોલન જ વિદ્યાપુરુષ સૌજન્યશીલ સારસ્વતના સથવારે 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ-કડી'માં પરિવર્તિત થયેલું જેનું નવલિકા-નજરાણું 'વાર્તા-કડી' રૂપે પ્રાપ્ત થયું છે. ગુજરાતી નવલિકા સાથે કદમ મિલાવતી કડીની નવલિકામાં પણ પરંપરા-પ્રયોગની જુગલબંધી જોઈ શકાય છે.

ગુજરાતી કથાસાહિત્યમાં ઉલ્લેખનીય સ્થાન સંપ્રાપ્ત કરનાર, લઘુકથાના જનક તરીકે તથા નવલકથાકાર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરનાર શ્રી મોહનલાલ પટેલ ઉત્તમ વાર્તાકાર પણ હતા એ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી. તેમના વિપુલ વાર્તાસાહિત્યના ત્રણ તબક્કા પૈકી દ્વિતીય સ્તબકની પ્રતિનિધિ કૃતિ 'બ્લાઈન્ડ વર્મ' ગુજરાતી સાહિત્યની ગણના પાત્ર કૃતિ છે. વાર્તામાં બાહ્ય ઘટના મહત્ત્વની નથી. વાર્તાનાયક આનંદની મનઃસ્થિતિ જ મહત્ત્વની છે. તે પોતે જેને અનિષ્ટ માને છે તે તરફ અસંપ્રજ્ઞાતપણે જ તેનું મન કેવી રીતે ગતિ કરે છે તે લેખકે કુશળતાપૂર્વક દર્શાવ્યું છે. આ વાર્તામાં સર્જકે ગરોળીનો પ્રતીકાત્મક વિનિયોગ કર્યો છે.

પ્રયોગશીલ કવિ, નાટ્યકાર, વાર્તાકાર ચિનુ મોદીની નવલિકા 'આકાશ ડહોળતું એક પંખી' સુબોધ સરળ શૈલીની આધુનિક રચના છે. રાજા-રાણીની જગજૂની અભિવ્યક્તિની પુરાણી તરેહમાં વાર્તાકારે અલંકાર અને પ્રાસતત્ત્વનો જૂની રંગભૂમિમાં અને ભવાઈના વેશમાં જોવા મળતી તુકબંધીપરાયણ લઢણોનો કલાત્મક વિનિયોગ કર્યો છે. વાર્તાની વિશેષતા એ છે કે કોઈ એક જમાનાના કોઈ એક બાદશાહની યાતના મનુષ્યમાત્રની સર્વ સાધારણ યાતનારૂપે રૂપાંતરણ પામતી અનુભવાય છે. કૃતિને અંતે એકાએક જન્મી આવતું આ સાધારણીકૃત દ્રવ્ય સર્જકની વાર્તાસિદ્ધિ છે.

ગાંધીનગર પાસેના વાવોલમાં જન્મેલા અને કડીમાં કેટલાક વર્ષ શિક્ષક રહેલા પ્રયોગશીલ કવિ, વાર્તાકાર, એકાંકીકાર મહેશ દવેના વાર્તાસંગ્રહ 'વહેતું આકાશ' (૧૯૭૧)ની તેવીસ તથા 'મુકાબલો' (૧૯૭૭)ની એકવીસ વાર્તાઓમાં વિશિષ્ટ વાર્તાકર્મ વૈયક્તિક મહોર સાથે ઊપસી આવ્યું છે. લાઘવ,

કથનની આગવી રીતિ તથા વેદનાનો અર્ધપ્રગટ કે અપ્રગટ સ્પર્શ એમની વાર્તાઓને આસ્વાદ્યતા અર્પે છે. તેમની નોંધપાત્ર વિશિષ્ટ વાર્તા 'વિક્રિયા'માં વાર્તાકાર તરીકે તેમની વિલક્ષણતાઓ સુપેરે પ્રગટ થયેલી જોઈ શકાય છે.

કડીના તબીબ વાર્તાકાર નીતીન વોરાના વાર્તાસંગ્રહ 'ખામોશી' (૧૯૮૬)ની અનેક વાર્તાઓ તેમના વ્યવસાયની ગવાહી પૂરી રહે છે. 'કૅન્સર વોર્ડ' તેનું નમૂનેદાર નિદર્શન કરાવનાર નવલિકા છે. વાર્તાનો નાયક પોતે ડૉકટર છે અને કૅન્સર વોર્ડમાં તેની સેવા આપે છે. કૅન્સર વોર્ડ એટલે મૃત્યુને આરે આવી ઊભેલા દર્દીઓનો વોર્ડ. આ વોર્ડમાં મૃત્યુનો પડછાયો સતત ઘૂમતો રહે છે. ક્યા સમયે તેની પસંદગી કોની ઉપર ઊતરશે તે કોઈ કહી શકે તેમ નથી. આ દર્દીઓમાં પણ જીવન પ્રત્યેની આસક્તિ ઓછી થઈ નથી તે લેખકે સહેજ કટાક્ષપૂર્વક દર્શાવ્યું છે. વિશાળ સંદર્ભમાં કૅન્સર વોર્ડ સમગ્ર સંસારનું પ્રતીક બની રહે છે.

કથાસાહિત્યના ત્રણે સ્વરૂપોમાં નોંધપાત્ર ખેડાણ કરનાર રમેશ ત્રિવેદીએ એક નવલકથા, ચાર લઘુકથા સંગ્રહો સાથે ત્રણ નવલિકા સંગ્રહો પણ આપ્યા છે. આ સંગ્રહમાં સમાવિષ્ટ 'ખંડેર' તેમની પ્રતિનિધિ નવલિકા છે. કૃતિના પરિવેશને અનુરૂપ તળપદી ભાષાનો વિનિયોગ લેખકે કુશળતાપૂર્વક કર્યો છે. ગુજરાતનાં ગામડાંની ગરીબાઈની પડછે નવી પેઢીની અમેરિકા તરફની દોટે ગ્રામજીવનમાં જ નહીં જીવનમૂલ્યોમાં કેવું આમૂલાગ્ર પરિવર્તન આણ્યું છે એ સંવેદનશીલ સર્જકે સુપેરે ઉપસાવ્યું છે, એનાં દુષ્પરિણામો પણ દર્શાવ્યાં છે, કલાકારના તાટસ્થ્ય સાથે.

શાળા-કૉલેજમાં મારી સહાધ્યાયિની રહેલી મયૂરિકાની મોટી બહેન કુમુદ પરીખે લગ્ન પછી અમેરિકાનિવાસ દરમ્યાન વાર્તાલેખન કરી ડાયસ્પોરિક વાર્તાકારોમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. 'હેપી અવર' તેમની નીવડેલી નોંધપાત્ર નવલિકા છે. પાશ્ચાત્ય દેશોની પ્રબળ અને હવે તો ભારતમાં પણ ઉત્તરોત્તર વકરી રહેલી માદક દ્રવ્યોના સેવનની સંગીન સમસ્યા તથા તેના નિવારણની દિશા તેમાં અસરકારક અભિવ્યક્તિ પામી છે.

માનવસમાજ સંખ્યાબંધ સમસ્યાઓથી સભર છે. સંવેદનશીલ સાહિત્યસર્જક સમસ્યાની સચોટ રજૂઆત કરી સમાજને સભાન કરવા ઇચ્છતો

હોય છે. આ સંગ્રહના અધિકાંશ વાર્તાકારોએ એમ કરી પોતાનો સર્જકધર્મ નિભાવ્યો છે. ૧૯૬૯-૭૦માં પ્રિ-સાયન્સના અભ્યાસ દરમ્યાન 'મળેલા જીવ'ના માધ્યમે મને સાહિત્યાભિમુખ કરનાર અને પછી બંગાળીમાંથી અનુવાદ કરવામાં મદદરૂપ થનાર શ્રી દિલીપ રૉયે 'વેદનામુક્તિ'માં અતિ સંવેદનશીલ સ્ત્રીની માનસિક સમસ્યાના સર્જન અને વિસર્જનમાં કામાગ્નિ કેવી બેવડી ભૂમિકા ભજવે છે એ શૃંગારસભર શૈલીમાં નિરૂપ્યું છે. 'ટોળું'માં ધર્મેન્દ્ર પટેલે બળાત્કારની બીભત્સ સમસ્યાને સીધી સોંસરવી શૈલીમાં સચોટ રજૂ કરી છે. સહૃદયોને ઘનશ્યામ દેસાઈની આ જ શીર્ષકવાળી પ્રયોગશીલ વાર્તા યાદ આવી શકે, જોકે બંને વાર્તાઓનું વિષયવસ્તુ જ નહીં રચનાકર્મ પણ ભિન્ન છે.

સંગીન સમસ્યાઓ જ માણસ માટે મુશ્કેલીઓ પેદા કરે છે એવું નથી. સરળ, સહજ, સામાન્ય સમજાતી સમસ્યાઓ પણ માનવજીવનમાં કેવી કપરી કનડગત કરે છે એ અનેક વાર્તાકારોએ વ્યક્ત, વ્યંજિત કર્યું છે. કડી કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક રહેલા શ્રી ભગવત સુથારે 'સૂરનો અમળાટ'માં દેહવિક્રયની સમસ્યાનો સંકેત કરી પુરાકલ્પન **(Myth)**ની મદદથી સહોપસ્થિતિ **(juxtaposition)**ની ટેકનિક દ્વારા તેનું સમાધાન પણ સૂચવી દીધું છે.

રામજીભાઈ કડિયાએ વળી 'ગણપતલાલ'માં 'દ્વિરેફ'ની જાણીતી વાર્તા 'મુકુન્દરાય'ની પેટર્ન પ્રમાણે બે પેઢી વચ્ચેનું અંતર ઉપસાવી આપ્યું છે. તેમના સમકાલીન મિત્ર વાર્તાકાર ડૉ.બિપિન પરીખે 'સપ્તર્ષિનો પ્રશ્નાર્થ'માં મનુષ્યની અસૂયા, ઈર્ષ્યા જેવી વૃત્તિઓ અને લઘુતા-ગુરુતા જેવી ગ્રંથિઓને ગૂંથીને આકાશમાં પ્રકાશતા સપ્તર્ષિ તારકોની સહોપસ્થિતિમાં ગોઠવી છે. વ્યવસાયે વકીલ (પછી જજ બનેલા) ઉપેન્દ્ર રાવળે લઘુકથાસદૃશ લાઘવથી 'એક્વેરિયમ'નો પ્રતીકાત્મક વિનિયોગ કરી માછલીઓની જેમ સરકી જતા સંબંધોની સમસ્યા સૂચવી દીધી છે. રેલવેમાં ગાર્ડ રહેલા યશવંત કડીકરે પણ મનુષ્યની ગ્રંથિઓ-વૃત્તિઓની ટક્કર દ્વારા વાસ્તવમાં માણસની 'હેસિયત' શી છે એ સચોટ સમજાવ્યું છે. અમારી (કડીની) સાયન્સ કૉલેજમાં વનસ્પતિશાસ્ત્રના વ્યાખ્યાતા રહેલા (અને નિવૃત્તિ પછી અપંગના ઓજસ બનેલા) ડૉ.દેવચંદ યોગીએ 'અષાઢી દીકરો !'માં ભારતીય સ્ત્રીની સમર્પણશીલતાને અર્ઘ્ય આપ્યો છે; તો નટવર પટેલે 'મયૂરી **V/S** જડીબા'માં બબ્બે નહીં ત્રણ ત્રણ પેઢીઓની

ટક્કર આલેખી દ્વિરેફ, રામજીભાઈની પેરે જૂની પેઢીને જ જીતાડી દીધી છે ! નવી પેઢી લેખક પર પક્ષપાત કર્યાનો આક્ષેપ કરે તો નવાઈ નહીં !

વ્યવસાયે શિક્ષક નહીં પણ તબીબ નવી પેઢીના ડૉ.વિષ્ણુ પ્રજાપતિએ શિક્ષણની નવી નીતિથી પ્રેરાઈને પરંપરાગત પરીક્ષાને બદલે ‘અનોખી પરીક્ષા’ યોજી નવી પેઢીના નાયકને યશસ્વી રીતે ઉત્તીર્ણ ઘોષિત કર્યો છે !

સંસારને સ્વપ્નસદૃશ મિથ્યા માનતા પ્રસાદે કૃષ્ણ-સુદામાના જાણીતા પ્રસંગને આધારે કૃષ્ણ ‘લીલા’ આલેખી છે. કથાસૃષ્ટિ પણ સ્વપ્નસૃષ્ટિ સદૃશ નથી ?

આ રીતે જોઈ શકાશે કે એકવીસ નવલિકાઓની આ ‘વાર્તા-કડી’માં વિષયવસ્તુ, નિરૂપણરીતિ અને રચનારીતિનું વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે. નીવડેલા અને નવોદિત સર્વ વાર્તાકારોએ નવલિકા પર પૂરતું ધ્યાન આપ્યું હોઈ કોઈ કૃતિ કાચી પડી નથી. રુચિભેદ ધરાવતા વાચકોને, વાર્તારસિકોને કેટલીક કૃતિઓ તો સંતર્પક લાગશે જ એવી આશા છે. ગુજરાતી વાર્તાસાહિત્યમાં વિવિધ અભિગમથી, પ્રયોજનથી સંખ્યાબંધ સંપાદનો થયાં છે, પરંતુ એક નગર સાથે સંકળાયેલા વિશિષ્ટ વાર્તાકારોનો વૈવિધ્યસભર વાર્તાસંચય સંભવતઃ આ પહેલો છે, એ દૃષ્ટિએ તેની નોંધ અવશ્ય લેવાશે.

❀❀❀

## ૧.

# બ્લાઇન્ડ વર્મ

**« મોહનલાલ પટેલ**

**નિખિલ** ગયો. કવર આનંદના હાથમાં રહ્યું. આનંદે એને સ્પષ્ટ સંભળાવી દેવું જોઈતું હતું કે- એ કવર પોતે શ્રીમતી અ.ને નહીં પહોંચાડી શકે. પણ એવું કાંઈ કહેવાનું એને સૂઝ્યું નહીં. નિખિલ આવતીકાલે જ પરદેશ જવા ઊપડી જવાનો હતો. ફરી કદીય પાછો આવવાનો નહોતો. આનંદનો એ ઘણો જૂનો મિત્ર. દેશ છોડીને કાયમ માટે જતો હતો. આનંદ ઘણા વિચારોમાં ગૂંચવાઈ ગયો હતો. કવર એની પાસે રહ્યું. એને શ્રીમતી અ.ને 'હાથોહાથ' પહોંચાડવાનું હતું. શ્રીમતી અ. એકલી હોય એવો મોકો મેળવીને એ કવર એને સોંપી દેવાનું હતું.

આનંદે ફરી એકવાર ચારેપાસથી એને ફેરવી જોયું. બરાબર ચીપકાવેલું હતું. ઉપર ગણીને જ જાણે ત્રણ શબ્દો લખ્યા હતા : શ્રીમતી અ., અમદાવાદ.

આનંદે કવર ટેબલ ઉપર મૂક્યું. પેપરવેઇટ નીચે દબાવ્યું. ''મૂર્ખ માણસ છે,' આનંદ બબડ્યો : ''કદાચ આ પ્રકરણને જ લીધે ભારત છોડતો હશે.''

આનંદ સવારની ક્રિયાઓમાં રોકાયો. એને આ કવર સંબંધી અનેક પ્રકારના વિચારો આવ્યા જ કરતા હતા. નવેક વાગે જ્યારે એ ટેબલ આગળ ચા પીવા બેઠો ત્યારે પેપરવેઇટ નીચેના એ કવર તરફ તાકી રહ્યો. કવરને ત્યાંથી કાઢીને ટોપલીમાં નાખી દેવાનું એને મન થયું. જાય

જહન્નમમાં... કાગળમાં રોદણાની બે વાતો હશે... અથવા પોતે ભારત છોડે છે પણ એને કદીય નહીં ભૂલે એવી લાંબી લાંબી વાતો હશે... કે પછી જતાં જતાં પોતે એને મળવા કેમ ન આવી શક્યો એના વિગતે ખુલાસા હશે. એણે કવર હાથમાં લીધું. એના ઉપર હાથ પસવાર્યો. કવર સુંવાળું અને ઘાટીલું હતું. એણે ફરી પાછું એને ટેબલ ઉપર મૂક્યું અને ચા પીવા માંડી.

આનંદ ઑફિસે ગયો ત્યારે કવરની વાસના છૂટી ગઈ.

પણ સાંજે ઘેર આવીને એણે બારણું ખોલ્યું ત્યારે એની નજર પહેલી પેલા કવર પર પડી. એક ગરોળી પેટ દબાવીને એના ઉપર પડી હતી. થોડે દૂર ઊભા રહીને એ જોઈ રહ્યો : કેવું વરવું દશ્ય ! આમેય ગરોળી જોતાં એને ચીતરી ચડતી હતી. 'Blind worm' એ બબડ્યો. સહેજ નજીક જઈને એણે થોડો ખખડાટ કર્યો. ગરોળીએ શાંતિથી મળોત્સર્ગ કર્યો અને ત્યાંથી સરકી ગઈ. આનંદે કવર ઉપાડ્યું. સહેજ ત્રાંસુ કરી આંગળીથી ટકોરો કર્યો અને ગરોળીનો મળ દૂર કર્યો. કાગળ ઉપર એક ડાઘ રહી ગયો. ''આ ગધુડાએ મને કેવું કામ સોંપ્યું છે ! સુવ્વરનો બચ્ચો ખરડાયો અને હવે ઉપાધિમાં નાખે છે મને. કાગળના ટુકડે ટુકડા કરીને ફેંકી દઈશ. દૂતીકર્મ કરવાનું કામ મારું નથી...'' અને છતાં આનંદે કાગળના ટુકડે ટુકડા ન કર્યા. ઊલટું નિખિલના ચારિત્ર્યમાં ડાઘ હતા, છતાંય એ એનો મિત્ર હતો. પોતે સારો આર્ટિસ્ટ બન્યો એ કદાચ નિખિલને લીધે જ. પોતાના ઉશર જેવા જીવનમાં નિખિલ ઘણીવાર, ઘણીયેવાર મીઠી વીરડી બન્યો હતો. નિખિલે સોંપેલું આ છેલ્લું કામ પોતાના સ્વભાવમાં નહોતું, છતાં એ નિખિલનું હતું. કદાચ પોતે ધારે છે એના કરતાં ગંભીર બાબત પણ એમાં હોય.

એક વિચાર એના મનમાં ઝબક્યો. કવર તોડવું અને કોઈ ખાસ બાબત હોય તો શ્રીમતી અ.ને એ આપવું.

શ્રીમતી અ.ને એક વાર એણે જોઈ હતી. સોસાયટીઓ વચ્ચે જતા મુખ્ય માર્ગ ઉપરની એક હોટલમાં આનંદ અને નિખિલ બેઠા હતા. નિખિલની નજર સહસા રસ્તા ઉપર ઝલાઈ ગઈ. એ ઊઠીને બહાર ગયો. એક સ્ત્રી સાથે એ લળીલળીને વાત કરવા લાગ્યો. આનંદને લાગ્યું કે શ્રીમતી અ. જ હોવી જોઈએ. સ્ત્રીઓ ભાગ્યે જ સુંદર હોય છે. પણ સહજ દૂરથી જોતાં એમનામાં સુંદરતાની ખૂબ આભા પ્રગટતી હોય છે. શ્રીમતી અ.માં આવી કોઈક આભા પ્રગટતી હોય એવું આનંદને જણાયું હતું. રસ્તા ઉપર ઊભા ઊભા જ નિખિલે આનંદને બહાર આવવા ઈશારો કર્યો હતો. પણ આનંદ ઊભો થયો નહોતો. શ્રીમતી અ.ને આ પછી આનંદે ક્યારેય જોઈ

નહોતી. નિખિલ શ્રીમતી અ.ની વાતો કરતો ત્યારે આનંદ જાણી જોઈને વાતને આડા પાટે ચઢાવી દેતો. શ્રીમતી અ.નું દેહસૌષ્ઠવ સારું હતું. આજ એને લાગ્યું કે એ દિવસે શ્રીમતી અ. સાથે થોડો પરિચય કેળવી લીધો હોત તો કદાચ અત્યારે થતી હતી એ મૂંઝવણ ન થાત.

રાત્રે કામ લઈને એ ટેબલ આગળ બેઠો. કામમાં જીવ ઝાઝો પરોવી શકાતો નહોતો. નિખિલ આજે સાંજે પ્લેનમાં બેસી ઊપડી ગયો હશે. પોતે એરપોર્ટ ઉપર ન ગયો એ ઠીક ન થયું. નિખિલે પોતાના માટે ઘણું કર્યું હતું. પોતે આર્ટ માસ્તરનું સર્ટિફિકેટ મેળવી શકે એ માટે એણે પોતાની નોકરી ન કરવા દીધી. છેલ્લા વર્ષનો બધો જ આર્થિક બોજ એણે ઉપાડી લીધો. રંગો, કેન્વાસ, કાગળ, આર્ટ ઉપરનાં કીમતી પુસ્તકો, વિશ્વવિખ્યાત કલાકારોના ચિત્રસંપુટો; કેટલું બધું પોતાના માટે ખડક્યે જતો હતો ! પોતે ચિત્રકામમાં પરોવાયો હોય ત્યારે મનગમતી કોફી બનાવી દેવાનું ચૂકતો નહીં. અને આજે પોતે એરપોર્ટ ઉપર પણ ન ગયો. આનું કારણ પોતાની જાણ બહાર નહોતું. નિખિલના ચારિત્ર્યનો ડાઘ પોતે સહી શકતો નહોતો. નિખિલને એણે પોતાના બરાબરીનો ગણ્યો નહોતો. નિખિલની બૌદ્ધિક કક્ષા માટે ઊંડે ઊંડે પોતાને કદીયે માન નહોતું. એણે હેમંશા એને નીચો જ ગણ્યો હતો. પોતાના આવા વર્તન માટે આજ પહેલીવાર દિલના કોઈ અગોચર ખૂણામાંથી દુ:ખની લાગણી ઊપસી આવી અને ત્યારે પોતે સહી ન શકે એવું કામ આવીને ઊભું હતું.

એણે ટેબલ ઉપરથી કવર હાથમાં લીધું. ફરીથી એકવાર ઉપરનું લખાણ વાંચ્યું. શ્રીમતી અ. અમદાવાદ. શ્રીમતી અ. એને યાદ આવી ગઈ. કોઈ પરિચય વિના જ. રસ્તા ઉપર ઊભેલી અને નિખિલ સાથે મલકાઈ મલકાઈને વાત કરતી. એના શરીરમાંથી સુંદરતાની આભા જરૂર પ્રગટતી હતી. ફરીથી એકવાર એને થયું : એ દિવસે એનો પરિચય કરી લીધો હોત તો કંઈ ખોટું નહોતું. પછી તો એકાદ બે વાર વધુ મળી શકાયું હોત અને નિખિલનો કાગળ ક્યે સમયે અને કેવી રીતે આપવો એ વાત આપોઆપ ઊકલી ગઈ હોત !

આનંદની નજર દીવાલ ઉપર પડી. એક લીલા રંગનું જીવડું ભીંત ઉપર સ્થિર હતું અને એકાદ ફૂટ દૂર એક ગરોળી ધીરે ધીરે આગળ વધી રહી હતી. આનંદ જોઈ રહ્યો. ગરોળીના તીણા નહોરવાળા પગ કોઈ વિચિત્ર ગતિએ પોતાના શરીરને આગળ ધકેલી રહ્યા હતા. જીવડું પણ બે પળમાં ગરોળીના પેટમાં ભરખાઈ જવાનું એ આનંદ જાણતો હતો. પણ જીવડાને બચાવવા એણે કોઈ પ્રયાસ કર્યો નહીં. એ જોઈ રહ્યો. ગરોળી જીવડાને ભરખી જાય કે જીવડું ત્યાંથી હઠી જાય એવી કોઈ

અપેક્ષા એના મનમાં જાગી નહીં. એ બેસી રહ્યો. કદાચ એક જીવડું હતું. એક ગરોળી હતી. બંને દીવાલ પર હતાં એટલું જ એ જાણતો હતો. એમની સ્થિતિગતિ વિષે એના મનમાં કોઈ વિચારો નહોતા.

હજુ એ દીવાલ સામે જોઈ રહ્યો હતો. દીવાલ ઉપર શ્રીમતી અ.નો ચહેરો ઊપસી રહ્યો હતો. એ ચહેરો ખોટો હતો, કારણ કે યાદ રહી જાય એવી રીતે એણે શ્રીમતી અ.નો ચહેરો નિહાળ્યો નહોતો. શ્રીમતી અ.નો ચહેરો સુંદર હતો કે કેમ એની એને ખબર નહોતી. ઝાંખી સ્મૃતિમાંથી શ્રીમતી અ.નો ચહેરો સુંદર ઊઠ્યો હતો. દીવાલ ઉપર ફટાકો સંભળાયો. પેલી ગરોળીએ જીવડાને મુખમાં પકડી લીધું હતું. ક્રૂર મુખમાંથી છટકવા જીવડું ઉધામા કરી રહ્યું હતું. ગરોળીના ડાચાની પછડાટ ભીંત ઉપર વારંવાર સંભળાતી હતી. આનંદ જીવડાને મુક્ત કરવા ઈચ્છતો હતો. પણ એ ઊભો થઈ શકતો નહોતો. કોઈક ભીંસમાં હતું. એણે પોતાની સામે જોયું. પોતાના બાહુમાંથી છટકવા કોઈ પ્રયાસ કરી રહ્યું નહોતું. શ્રીમતી અ. દૂર કોઈક સોસાયટીમાં હતી. આમ તો, શ્રીમતી અ.ને પતિ છે, બે બાળકો છે. બપોરના સમયે પતિ શેરબજારમાં હોય. બાળકો સ્કૂલમાં હોય. કદાચ શ્રીમતી અ. મકાનમાં એકલી જ હોય... આવા સમયે કવર સહેલાઈથી આપી શકાય. કોલબેલનું બટન દબાય. દ્વાર ઉઘડે. શ્રીમતી અ. દ્વારમાં ઊભી હોય... આનંદે ફરી એકવાર પરબીડિયા તરફ નજર કરી. શ્રીમતી અ. અમદાવાદ. ભીંત ઉપર ગરોળીના ડાચાની પછડાટો ઓછી થતી ગઈ હતી, કારણ કે જીવડાનો તરફડાટ ઓછો થઈ ગયો હતો. પ્રતિકાર ઘટતો જતો હતો. આનંદે જીવડાને બચાવવા વિચાર્યું. પણ હવે એમ કરવાથી ફાયદો નહોતો. આનંદે આ વહેલું વિચારવું જોઈતું હતું. એ બીજા કશાકમાં એટલો બધો ખોવાઈ ગયો હતો ? નિખિલમાં ? પરબીડિયામાં ? શ્રીમતી અ.માં ?... હા. કદાચ શ્રીમતી અ.માં જ. શ્રીમતી અ. રસ્તા ઉપર ઊભી હતી. નિખિલ સાથે મલકાઈ મલકાઈને વાત કરતી હતી. આકાર મઝાનો હતો. કોઈ અપરિણીત કન્યા કરતાં એ વધારે આકર્ષક લાગતી હતી. કેટલાંક વર્ષો સુધી એનામાં સૌંદર્ય ઘૂંટાયા કર્યું હતું, એ કોઈની પત્ની હતી. પણ ગૃહિણીની કોઈ ગંભીરતા એનામાંથી પ્રગટતી નહોતી.

એણે કવર ઉપાડ્યું. મૂક્યું. જીવડું કે ગરોળી કોઈ નહોતાં. જીવડાને ઉપાડીને ગરોળી ક્યાંક ચાલી ગઈ હશે.

ખંડમાં પંખો ફરતો હતો છતાં એની હવા ઝાઝી અડતી નહોતી. આનંદ ઊભો થયો. બારી આગળ આવ્યો. ખંડમાં ઉકળાટ હતો. બારી આગળ ઘણી રાહત થઈ. સામે અડધા આકાશમાં કોઈ કોઈ ભાગમાં તારા ચમકતા નહોતા. કદાચ ક્ષિતિજને

પેલે પાર વાદળ જમા થવા લાગ્યાં હતાં. એકાદ વીજળી થઈ. પહાડથીય મોટાં એવાં બે વાદળ આકાશમાં ચઢી રહ્યાં હતાં. બારી બહારથી ઠંડકનો થોડો સ્પર્શ થઈ ગયો. વાદળ ઝડપથી ચઢી રહ્યાં હતાં. સિતારા ઢંકાતા જતા હતા. થોડીવારમાં પવન શરૂ થશે એમ લાગ્યું. કદાચ જોરદાર પવન શરૂ થયો. કદાચ વરસાદ પણ તૂટી પડે. આનંદ ક્યાં સુધી બારી આગળ ઊભો રહ્યો એનો પોતાને ખ્યાલ ન રહ્યો. વીજળી થયા કરી. વાદળ ક્યાં સુધી ચઢ્યાં એનો એને ખ્યાલ રહ્યો નહોતો. કદાચ પવનના જોશથી વેરણછેરણ થયાં હશે કે તણાઈ ગયાં હશે. પણ ક્ષિતિજ પારની વીજળી તો થયા કરતી હતી.

એ ટેબલ આગળ આવ્યો. એક ફાઈલ ઉપર પેલું કવર પડ્યું હતું. એણે ઉપાડ્યું. એક વિચાર આવી ગયો. કવરના સાંધા બારીકાઈથી જોયા. બરાબર ચીપકાવેલા હતા. 'ખોલવાની શી જરૂર છે ?' એ મનોમન બોલ્યો : 'અંદર જે હોય તે શ્રીમતી અ.ને પહોંચતું કરી નાખવું. એણે આવતીકાલે પહેરવાના કોટના ખિસ્સામાં એ મૂક્યું. જાણે ભૂલી જવાનો હોય !

ધારેલું કામ પૂરું કર્યા વગર જ એ સૂઈ ગયો. નિખિલ અત્યારે પ્લેનમાં ઊડતો હશે. કદાચ એ કેટલી ઊંચાઈએ ઊડે છે, ક્યા પ્રદેશ ઉપરથી ઊડી રહ્યો છે. કેટલું ટેમ્પરેચર છે એવી ઘોષણાઓ સાંભળતો હશે. શ્રીમતી અ.ને એની ખબર સુધ્ધાં નહીં હોય. સામટા કેટલાય દિવસોથી એને નિખિલનો ખ્યાલ સુધ્ધાં પણ નહીં હોય. નિખિલનું કવર એ પોતાની હાજરીમાં વાંચશે પણ નહીં. હાથમાં આવતાં જ એને ક્યાંક મૂકી દેશે. પોતાના સ્વાગતના શિષ્ટાચારમાં રોકાશે. પતિના આવી પહોંચવાની એને બીક નહીં હોય. કારણ કે પોતે નિખિલ નથી, આનંદ છે. પતિ આવી પહોંચે તો... એ પોતાની શી ઓળખાણ આપશે ? આનંદ અકળાયો. પોતે શ્રીમતી અ.ને ત્યાં રોકાશે નહીં. એક ટપાલીની માફક પોતે શ્રીમતી અ.ને ઝડપથી કવર આપીને ચાલતો થઈ જશે. કોઈક પડોશીઓ આ બધું જોશે. એમની નજર પોતાના ઉપર જડાયેલી રહેશે ત્યાં સુધી પોતે જમીન ઉપર ભરાવેલી રાખીને નાસ્યા કરશે- ચોરની માફક, ગુનેગારની માફક... લંપટની માફક...

એ ઊભો થયો. એણે કોટના ખિસ્સામાંથી કવર કાઢી લીધું. બોલ્યો, ''આની કાંઈ ઉતાવળ નથી. જોયું જશે. અપાશે તો આપીશું, નહીંતર ફાડીને ફેંકી દઈશું,'' એણે કવર કબાટમાં મૂકી દીધું.

સૂઈ ગયો. થોડોક સમય પાસાં ઘસ્યાં. શ્રીમતી અ.ની આકૃતિ દેખાયા કરી અને ઊંઘી ગયો.

ત્યાર પછી ઘણા દિવસ સુધી એણે કવરને કબાટ બહાર કાઢ્યું નહીં.

એક દિવસ ઘણો સમય એ બગીચામાં બેસી રહ્યો. પછી કોફી હાઉસમાં ગયો. ત્યાંથી નીકળી રસ્તા ઉપર ટહેલ્યો. થિયેટર આગળ આવ્યો. ફિલ્મ જોઈ અને ઘેર જઈને પેલું કવર કાઢીને કોટના ખિસ્સામાં મૂક્યું. આવતીકાલે એ કવર શ્રીમતી અ.ને પહોંચાડવું હતું.

જ્યારે એ સોસાયટી તરફ નીકળ્યો ત્યારે એનો ઉત્સાહ કંઈક મંદ પડ્યો હતો. શ્રીમતી અ.ને મળવું હતું. પણ કશીક છાની અકળામણ થતી હતી. સોસાયટીમાં પ્રવેશ કર્યો ત્યારે એણે એક પછી એક દરેક મકાનમાં-પોર્ચમાં કે રવેશમાં કે પછી મકાનના દ્વારમાં કે બારીની ગ્રીલ પાછળ એને જોઈ રહેવા માટે જ ઊભેલા માનવીઓ જોયાં. એને તો ખાતરી થઈ ગઈ હતી જ કે માનવીઓ એને શ્રીમતી અ.ને ત્યાં ઘૂસી જતો જોવા માટે જ ઊભાં રહ્યાં છે. એ બધાની નજર એને શારી રહી હતી. આનંદ ઝડપથી પોતાની ડોક ડાબા જમણી ફેરવ્યા કરતો હતો. હા બધાં જ માનવીઓ એને જ નિહાળી રહ્યાં હતાં અને એક બીજાની સામે નજર કરતાં હતાં. આખી સોસાયટી જાણતી હતી કે પોતે શ્રીમતી અ.ને ઘેર જાય છે.

શ્રીમતી અ.નું ઘર આવ્યું. અગાઉ નિખિલે આપેલી નિશાનીઓના આધારે એને ખબર હતી. એ શ્રીમતી અ.નું જ ઘર હતું એણે નજર ઘર સામે માંડી નહીં. જમીનથી એકાદ ફૂટ ઊંચે સુધી મકાનની આગળનો ભાગ થોડો દેખાયો ન દેખાયો. માત્ર એ મકાન આગળ જ કોઈ ઊભું હોવાનો અણસાર જણાયો નહીં. એ ઘરની આસપાસ ખૂબ જ શાંતિ હતી. શ્રીમતી અ. ઘરમાં એકલી હશે. એનો પતિ શેરબજારમાં હશે. બાળકો સ્કૂલમાં હશે...

એ સોસાયટી પાર કરી ગયો. ચોરની માફક, ગુનેગારની માફક... લંપટની માફક. સોસાયટીના માનવીઓની નજરો હજુ એની બોચી ઉપર ભોંકાતી હતી. પેલું કવર એના બુશકોટના છાતી ઉપરના ખિસ્સામાં હતું. એની એક બાજુ એના પરસેવાથી પૂરી ભીંજાઈ ગઈ હતી. ગરોળીના મળનો ડાઘ ભીંજાઈને થોડો પ્રસરવા લાગ્યો હતો અને એની છાપ એના બુશકોટના ખિસ્સાની અંદરની બાજુએ સહેજ પડી ચૂકી હતી.

❖❖❖

## ૨.

# આકાશ ડહોળતું પંખી

**◂ ચિનુ મોદી**

**હુક્કાની** નેળ હજુરિયાએ બાદશાહના મ્હોંમાં મૂકી આપી અને કુરનિશ બજાવી આઘો હટ્યો. બાદશાહ ગડુડ ગડુડ હુક્કો બોલાવ્યા કરે અને ફક ફક ધુમાડા કાઢે. બાચકો ભરીને ધુમાડા બહાર નીકળે અને સાપોલિયાંની જેમ દોડવા માંડે. બાદશાહ તો વિચારમાં ગરકાવ. દરિયાનું તળિયું કાઢવા પેઠા હોય એવા ગળાબૂડ. ટપ દેતુંક ગુડુડ ગુડુડ બંધ. બંધ એટલે જન્મના અંધની આંખો જ જોઈ લો. આંગળીઓ વચ્ચે નેળ એમ ને એમ. ભવાં બાણ ચડાવી પણછ જેવાં ને ગણીને કપાળમાં ત્રણ કરચલીઓ. નેળ ફટ દેતીકને હેઠે હાથમાંથી રેત સરકે એમ સ્તો.

નેળ પડતાંની સાથે હજૂરિયો નમીને ભોંય પર. ભોંય પર પડેલી એ નેળ ઊંચકે એ પહેલાં તો ટપાક ટપાક કરતી ત્રણ તાલી. અને હાથમાં દંડ સાથે દરવાન બાદશાહ પાસે આવીને એક જોરદાર કુરનિશ અને માથું નીચું રાખી : 'હુકમ કરો, જહાંપનાહ !' બાદશાહ ન દરવાનને જુએ, ન હજૂરિયાને. બાદશાહની આંખ તો કહે કાચની. હાથ તો કહે પથ્થરના. દરવાનની નજર ઢળેલી તે બાદશાહના પગની રત્નજડિત મોજડીઓ પર.

''હુકમ કરો, જહાંપનાહ !''

પાતાળમાંથી લાવા ધરતી ફાડી બહાર આવે એવો અવાજ :

''દીવાનસા'બ કો ભેજો.''

જળરાક્ષસ મોં ફાડે અને પાણી શોષાઈ જાય એમ ઘડીવારમાં તો દરવાજામાં દરવાન ગાયબ. હજૂરિયો કુરનિશ બજાવી હુક્કાની નેળ બાદશાહના મ્હોંમાં મૂકી આપે અને જહાંપનાહનો હુક્કો ગુડુડ ગુડુડ ફક ફક ધુમાડા. બાચકો ભરીને ધુમાડા. ત્યાં તો આખા ખંડમાં અત્તરનો મઘમઘાટ, પુષ્પોની સુવાસ. વાતાવરણમાં મહેક મહેક. કુરનિશ બજાવી દાસીનો પ્રવેશ. ''બેગમસાહેબા આપની મુલાકાત માટે તલબગાર છે, જહાંપનાહ.''

બાદશાહની આંગળીઓમાં નેળ જોરથી ભીંસાઈ. સાપ ફરી ગયો હોય એમ લીલા કચ ઓઠ. ફૂલેલા ગાલમાંથી બહાર છૂટવા ધસતો ધુમાડો અને બગીચાના ખૂણામાંથી જુઈ બોલતી થાય એવો કોમળ ધ્વનિ.

''માબદોલત, બેગમસાહેબા આપના તલબગાર છે.''

ડોક ધુણાવી બાદશાહે પ્હાડ હલાવ્યા. ધ્રૂજતી દાસી અદશ્ય.

સુગંધના દરિયામાં ભારે ઓટ, તંબાકુની કડક મીઠી વાસ.

અને ત્યાં તો સબાક સબાક દીવાનજી આવીને આદાબ ફરમાવી, શિર ઝુકાવી ઊભા, ''હુકમ કરો જહાંપનાહ.''

''દુઃખ દુઃખ.''

બાદશાહના બે જ શબ્દ અને પછી ચૂપ. તે કેવા- ભીખેલી ભીંત જેવા; ભીંતે લટકતા ચાવી ઊતરેલા ઘડિયાળ જેવા.

દીવાનજીના પગમાં લોહીને બદલે ગરમ ધીખતું સીસું વહે. ઉજાગરે નંખાઈ જાય એવો ચહેરો. ગોળ છતાં ચોરસ થઈ ગયેલો ચહેરો. દીવાનજીને પાંખ ફૂટી.

''દુઃખ ? દુઃખ ? કઈ વાતનું દુઃખ ? કોણે દુભવ્યા જહાંપનાહને ?''

મ્યાનમાંથી તલવાર સટાક બહાર.

''કાળા માથાનો કોઈ મનખ ? ચારપગું કોઈ ઢોર ? આકાશ ડહોળતું પંખી ? કોઈ જળચર ? કોણ ? કોણ ? કોણે દુભવ્યા જહાંપનાહને ? ધડથી મસ્તક અલગ કરું ત્યારે જ મ્યાન થશે મારી આ તલવાર.''

બાદશાહ તો ભીંતચિતરામણ. રાંકના દિલ જેવા મૂગા. ન બોલે, ન ચાલે. દીવાનજી તો દિશા ધ્રુજાવતા, ગળિયા બળદિયાને હોંકારતા, ખૂનખાર.

''લોઢું, લાકડું, સોનું, ચાંદી ! અમારા જહાંપનાહ સાથે કોણે બાકરી બાંધી ? કોણ છે દુઃખનો દાયક ? નામ દેતાં સોચશો નહીં કે એ લાયક છે કે નાલાયક. અમારા બાદશાહને દૂભવે એ મસ્તકનું મૂલ ચૂકવે. કોણ છે એ ? પણ કોણ છે ? માબદોલત, મારા દાતાર, મેં ખાધેલ અન્નના ઓડકાર. બોલો, એ સૂક્ષ્મ છે કે સ્થૂળ છે ? જળ પર છે કે સ્થળ પર છે ? આકાશમાં છે કે પાતાળમાં ? કોણ છે, જેણે બાદશાહ સલામતને આપ્યું દુઃખ ? મારી તાતી તલવારનું એ પામશે સુખ, માટે આલમપનાહ, ભરેલો કોસ થાળા સુધી લાવો. દુઃખ દેનારનું નામ આપો, આ ઘડીએ જ એનો શિરચ્છેદ થશે. નામ આપો. નામ આપો.''

જહાંપનાહ તો મીણની મૂર્તિ. દીવાનજીને બોલતાં સાંભળી ઓગળવા માંડ્યા.

''દીવાનજી, દીવાનજી. ટેક પાછી ખેંચો, પાછી ખેંચો. નાગી તલવાર મ્યાન કરો.

''પણછ ભાંગતાં બાણ ઓઠથી નીકળી ચૂકેલ વાણ અને મ્યાનમાંથી નીકળી ચૂકેલી તલવાર, આલમપનાહ, ભોગ લીધા વગર ઝંપે જ નહીં, માટે દુઃખ દેનારનું નામ લ્હો.''

અને બાદશાહ તો મૂંઝાઈ ગયા. થર થર કંપવા માંડ્યા. શૂરો દીવાન ટગર ટગર જુએ. ''બાદશાહ, દુઃખ ફેડી આપું, પણ શાનું છે દુઃખ ? બેગમસાહિબા સાથે મનમેળ નથી ? હાલ કરાવી આપું. પાડોશનું રાજ જોઈએ છે ? હવડાં જીતી આપું. સિંધાસણમાં પૂતળિયું મુકાવવી છે ? કારીગર તેડાવું. દેશાટન કરવું છે ? તો રથ જોડાવું. દાઢ દુઃખે છે ? તો વૈદ તેડાવું. શું કરું માબદોલત, તો આપનું દુઃખ ટળે ? શેના દુઃખે આપ દુઃખી દુઃખી છો, એ ફરમાવો. કોઈ ઔરતજાત પસંદ, બહિસ્તની હુર ધરતી પર લાવું. હુકમ કરો જહાંપનાહ, હુકમ કરો.''

અને બાદશાહને શું બોલવું, શું કરવું એ ન સમજાવ્યું. શૂરા ! નિમકહલાલ દીવાનને શું કહેવું ને કેમ જ કહેવું ?''

''પહેલાં તલવાર મ્યાન કરો, પછી કહું, દીવાનજી.''

''અશક્ય છે, એ અશક્ય છે, ગરીબનવાઝ. રાજપૂતની તલવાર એમ જ તો મ્યાન થાય નહીં, બેદબી માફ, પણ આ અમારી કુલપરંપરા છે. મા ભવાનીની અમને આણ છે, માબદોલત. આપનું દુઃખ જાણું નહીં અને આપનું દુઃખ ફેડું નહીં

ત્યાં સુધી ન થાય આ તલવાન મ્યાન ભલે, પચ્છમ ઊગે ભાણ.''

બાદશાહ ઊભા થયા. સિંહાસનથી નીચે ઊતરી માથું નમાવ્યું, માથું નમાવી દીવાનજીને કહ્યું :

''ઉતારી લો આ મારા કમજાત માથાને. મને વિચારનું દુઃખ છે.''

કહે છે, દીવાનની તલવાર હજી સુધી મ્યાન થઈ શકી નથી.

3.

# વિક્રિયા

**મહેશ દવે**

**...આજે**; અચાનક આવી ચડેલી સવારથી જ પશ્ચિમ બાજુની ક્ષિતિજ ધૂળકોટથી છવાયેલી રહી. નદીની એક મોટી ભેખડ તરફના કાંઠાનાં પાણી પર તર્યા કરતી લીલની સપાટી પર ધૂળનું આછું આવરણ પથરાઈ ગયું હતું. તે બાજુનો ઢોળાવ, ઊંચાણવાળી જમીન, સિમેન્ટ ફૅક્ટરીનું મકાન-ઢંકાયેલાં જ રહ્યાં. ફક્ત ચાલી બાજુ જતી કેડી નદીમાં સ્પષ્ટ દેખાતી હતી.

ઑફિસે જતાં ચેતને કહ્યું : વહેલો આવીશ.

આડાઅવળાં પડેલાં છાપાને ઉઠાવતાં ઈશાએ કહ્યું : ''પ્લીઝ મોડું ન થાય; મને બીક...'' પણ બાકીના શબ્દો એના મોંમાં દબાઈ ગયા. પછી ચેતનનું હાસ્ય અને દાદર સડસડાટ-ઊતરવાનો અવાજ; છેલ્લું પગથિયું; વળાંક, અને ઈશાએ દૃષ્ટિ ઘરમાં વાળી લીધી. ઘરમાં રહેલી બધી જડ વસ્તુઓ, અસબાબ-ડબ્બા, ખુરશીઓ, કબાટ, કબાટમાંનાં જે તે પુસ્તકો, કોસ્મેટિક્સ, એક નોટમાં દબાયેલી ટપાલ, જે તે વસ્તુઓ, જોડા, સાવરણી, કચરો, ફાડી નાખેલી ચિઠ્ઠીના ચોરસ ટુકડાઓ, ચેતને કપડાં બદલતાં કાઢેલો જાંઘિયો, ખૂણામાં ફેંકાયેલું ગઈ રાત્રે નહીં બદલેલું પેન્ટ, પાન વાળેલા છાપના કાગળની કચરલી પર કેસરી ડાઘા, લાલ ડાઘા- બધું હીહીકાર કરતું, બોલતું, અશબ્દ ધ્વનિનાં આવર્તનોમાં અટવાતું... ઈશાની

એકલતામાં બોલતું હતું. તેની વચ્ચે શું કરવું તે મૂંઝવણને તો સ્થાન જ ન હતું. મૂંઝવણ પણ એની સામે એક ચેતન પદાર્થ બનીને ખુલ્લી રહેલી બારીઓમાં સંતાકૂકડી રમતી હતી. ઈશા ત્યાં ખેંચાઈ જાય તે પહેલાં એણે કઠેડા બાજુથી બારણાં તરફ આવતો પગરવ સાંભળ્યો અને શબ્દો 'બાકસ આલાં ન.'

ઈશા રસોડામાં ગઈ; આવી; બાકસ આપ્યું, ને જોયું; છોકરો કાળો હતો. મરેલા ઢોરના ચામડા જેવી એની ચામડી હતી. કાપીને ચોંટાડી હોય તેવી એની આંખો હતી. નાભિના નીચેના ભાગ પર કોઢનું સફેદ ચકામું હતું. વાળ કાળા બરછટ હતા... ઈશાનો આ મિત્ર, ઉંમર વર્ષ નવ; 'પછી આવે છે ને ?' - આ આયો ન... બારણા આગળથી એ અદૃશ્ય થયો. ઈશા ત્વરાથી બારી જોડેની ખુરશી તરફ ધસી બેઠી. બહાર જોયું આંખમાં કંઈક પડ્યું હોય તેથી એનાથી સિસકાર નીકળી ગયો. આંખો ચોળતાં ચોળતાં એણે બહાર જોયું; ખાડાટેકરાવાળી જમીન વચ્ચેથી એક આસ્ફાલ્ટની સડક જતી હતી ને તેથી થોડેક દૂર એક માળવાળી ચાલ હતી. તેમાં એક ઘર આગળ એક સ્ત્રી લીમડાની છાયામાં આડી પડી હતી. એના પગ જાણે જમીન પરથી પ્રવાહી થઈને ઢોળાઈ રહ્યા હતા. જોકે માંચીમાં બેઠેલા એક આદમીનું માથું બીડીના ધુમાડામાં અટવાઈ ગયું હતું. તે સ્થળેથી જરા આ બાજુ એક વ્યંઢળ બાળકોના ટોળાં વચ્ચે અટવાઈ ગયો હતો. વ્યંઢળ ઘાઘરીનો ઘેર ઘુમાવતો હતો ને હાથને હવામાં ઘુમાવીને તાળીઓ લેતો હતો, ગાતો હતો...

અમે જ્યાં 'તાં અંબાને આંગણે,

અમે ફર્યાં ફૂદરડીએ ત્યાં કણે;

છોગાળાને કાળજડે-

ઘાઘરના ઘેરના ઝટકારે વાગ્યા...

ને વ્યંઢળ હીહીકાર કરતો હતો - પેલો છોકરો ટોળામાં ભળી ગયો- ને છોકરાં ખીખી કરતાં હતાં - ઈશા મલકી રહી હતી. એક ચામાચીડિયું બારીમાંથી ખંડમાં પ્રવેશીને ચકરાવો લઈ બારી બહાર ઠેલાઈ ગયું. ઈશા ઊઠીને આંટા મારવા લાગી, તેમ તેમ છોકરાંઓનો અવાજ પણ એની સાથે આંટા મારવા લાગ્યો. ફરી એ બેઠી. દૂરની સોસાયટીનાં ધાબાં પરની પાણીની ટાંકીઓનાં છોગાં હવામાં ફરકતાં નહીં હોય પણ તે પાછળનાં વૃક્ષોની ઘટા હાલતી હતી એટલે ટાંકીઓ હાલતી દેખાતી હતી. ઈશા હસી. એના હાસ્યમાં બારી બહારનું બધું જ એકાએક ખેંચાઈ આવ્યું ને એની આંખના અંદરના અંધકારમાં ભળી ગયું... નવ વર્ષ પહેલાં ચેતન એને

મસ્જિદની જોડેની દરજીની દુકાનના ઓટલે મળ્યો હતો. એ એના દોસ્તો જોડે હસતો હતો, તે હાસ્યમાં લુચ્ચાઈનો ભાવ હતો તે ઈશા જાણતી હતી. તે છતાં એનાથી અનાયાસે હસી પડાયું. તે હાસ્યે ચેતનને ચોખંડી પાર્ક, હોટેલોની ફેમિલી રૂમોમાં; જામતી રાત્રિની શૂન્યતા પીતી પોળોમાં ઊંઘતા મકાનોને ઓટલે; કૉલેજોના વેકેશનોમાં; લગ્નસમારંભોમાં; પડતી સાંઝોના સળવળાટમાં - ખેંચ્યો, ને આખરે પથારીમાં પડેલી અંતકાળે ખાંસતી માની આંખમાં ગોઠવ્યો. પછી જોયેલી ફિલ્મો દૂર ને દૂર સરકતી ગઈ, બિલ્ડિંગના પાયાઓની છેલ્લી ઇંટો નીચે દબાઈ ગઈ; થોડાંક ખારાં પાણી પીધાં; ખાટી વાસની માદકતાની લહેરોને જોસથી ફૂંકાતા પવનોને ફંગોળી દીધી - ને - બે વચ્ચે એક વસ્તુ ચલાવી લેવાના પ્રસંગો આવ્યા - ને વસ્તુઓ વધતી ચાલી, ઓછી થઈ, વધતી ચાલુ- ને-

- આ જગા પણ; આ જગા પણ તે જગા જેવી જ જગા. - દૂર હતું રેલવે ક્રોસિંગનું ફાટક - સસ્તી વસ્તી, વરંડા વિનાનાં મકાનો - નગ્ન ધરતી ને નગ્ન આબોહવા. ઘર થયું અહીં. ઘરને ખૂણેખાંચરે સુખ ભૂત બનીને સંતાકૂકડી રમતું હતું, વ્યંઢળની જેમ હીહીકાર કરતું હતું, તાબોટા પાડતું હતું. ચેતનને કામ કરવું પડતું હતું. ઈશા એને વળાવતી હતી અને એની રાહ જોતી હતી. ચેતન ઈશા જોડે રાત્રે થોડી ગમ્મતો કરીને ઘસઘસાટ ઊંઘી જતો હતો. ઈશા એને જોયા કરતી, એનો પ્રસ્વેદ અને શ્વાસ સૂંઘ્યા કરતી; એકાએક પાસું બદલવા જતાં એની કોણી ચેતનને વાગી જતી અને ચેતન જાગી જઈને ઈશાને ખેંચી રજાઈમાં લપેટી લેતો હતો - ત્યારે બહાર એકાએક હંગામો મચી ઊઠતો. સુપ્ત વસ્તી જાગી જતી ને તે શમી જતાં તો ચેતન અને ઈશાના હૃદયના થડકારા વધી જતા; શ્વાસ થંભી જતો; ખૂલેલાં ચપ્પુ બંધ થઈ જતાં; ખૂલેલાં બારણાં બંધ થઈ જતાં - ત્યારે ફરી ચેતન ઈશાને સોડમાં તાણતો ત્યારે ઈશા કહેતી : ''અત્યારે નહીં, આપણા મગજના વિચારોનાં આંદોલન મારા ગર્ભને ઝેરી બનાવી દે.''... ચેતન અંધકારમાં સિગરેટ પી લઈને ઊંઘી જતો. ઈશાના વિચારો ખંડમાં ઘૂમ્યા કરતી સિગરેટની ધૂણીની જેમ - ધુમાડા - ડોલતા- ઘૂમતા -ડોલતા - પ્રસરી જતા...

ઈશાને ફરી આંખમાં કળતર ઊપડ્યું. બાથરૂમમાં જઈને એણે આંખે પાણી છાંટ્યું. એ એકાએક થંભી ગઈ. ભીંતની તીરાડમાંથી કાચના ખખડવાનો અવાજ આવ્યો. એણે તે અવાજ સાથે ગલીચ ગાળ પણ સાંભળી. એ ત્યાંથી નાઠી. ખંડમાં આવીને એ કશું કરવા જાય છે ત્યાં તો એણે પેલા છોકરાને કશુંક મોંમાં મૂકીને સાવધ બની જતો જોયો.

– કેમ રે શું ખાધું ?

– કશું નહીં... એ ફક દઈને હસી પડ્યો. ઈશા બેઠી. એ ઈશા જોડે આવીને ગોઠવાઈ ગયો.

...ઈશાને અચાનક જ એક સ્ટેશન યાદ આવી ગયું. ચેતન સાથે નાસી છૂટતાં ગાડીમાં એને ચા પીવાનું મન થયું હતું. એ ચેતન જોડે ગાડીમાંથી નીચે ઊતરી. પ્લેટફોર્મ પર ટી સ્ટોલ હતો નહીં પણ એમણે સઘડી પર બાંધેલી કીટલી જોઈ. બંને હસ્યાં. કોડિયામાં બંનેએ ચા પીતાં પીતાં પ્લેટફોર્મ બહાર જોયું. તે નિબિડ અંધકારમાં એમની આંખો ચોંટી ગઈ, ને એમને તે સ્થળમાં ધસી જવાનું મન થયું. ઈશાને આટલી જ વાત યાદ આવી; તેથી એણે કોઈ લાગણી અનુભવી નહીં.

– પશલો છ ?... છોકરાનો બાપ ખંડમાં પ્રવેશ્યો. ફાટેલી લુંગી કમરે કસીને બંધાઈ હતી. પેટ જાણે હમણાં નીચે ગબડી પડશે તેવી સ્થિતિસ્થાપકતા ભોગવતું હોય તે રીતે બદનમાં વળગી રહ્યું હતું. એની આંખો લંબાઈનો હ્રાસ કરતી ગોળ હતી અને કીકીઓનો ગોળાકાર પોપચાંમાંથી દૂર રહેતો – કીકીઓ ડગ્યા કરતી હતી. ઈશા ઊભી થઈ ગઈ પણ છોકરાનો બાપ ધરાર ખંડમાં પ્રવેશી ચૂક્યો હતો, તે મૂડામાં બેસી પડ્યો. ઈશાએ એને પાણી આપ્યું. એણે પાણી પીધું ને રસોડા તરફ નજર વાળ્યા કરી. એના બે હાથ ઢીંચણને રમાડયા કરતા હતા. એણે અચાનક જ ઊભા થઈને બારી બહારથી પેલી ચાલ તરફ જોયું. ત્યાં એક આદમી વધ્યો હતો ને પેલી સ્ત્રી બેઠી થઈ ગઈ હતી... એ હસ્યો. એનું હાસ્ય શમ્યું પણ એના હોઠના ખૂણા પહોળા-ટૂંકા થયા કર્યાં. એ બોલ્યો, ઈશાબેન શું કહું તમને ?... એણે લુંગી ઢીંચણ પરથી ખસેડીને સાથળ ખુલ્લી કરી. ઈશા ચોંકી... આ ઘા જોઈ લ્યો, મારે બેટે ત્રણ ચાકુ માર્યાં'તાં, તોય ઘરાક છે એટલે આવે છે, શું થાય ? નહીં તો લડાઈનો જમાનો હતો તે પે'લાં મારી આઈસ ફેક્ટરી હતી. પણ તે વેળાએ ભાન ના રિયું-પીવા રમવામાં બધું ફનાફાતિયા થઈ ગયું, નહીં તો ઓલી જૂની સોસાયટી મેં બાંધેલી હોં – એણે સાથળ ઢાંકી દીધી, બોલ્યો – 'ઈશાબેન, તમે સા'બથીય સારાં છો હોં; ઓલી ખ્રિસ્તી મિશનનો ગોરો દાકતરબાબુ કહે 'ઇ મેડમને એક દા'ડો આંય લેઇ આવ્ય, શું સાલું ઇન્ડિયન બ્લડ છે. એઇ ઇના હસબન્ડ જોડે ઓળખાણ તો કરાવ્ય; ભઈ મોટાં માણસને મોટાં જ પૂછે ને ! – એ ખંડ ભરાઈ જાય તેટલું જોસથી હસ્યો. એની આંખનાં પોપચાં સંકોચાઈને કીકીઓને ઢાંકી દીધી. ઈશા રસોડામાં ગઈ. તે દરમિમાન છોકરાનો બાપો છોકરાને લઈને ચાલતો થયો. ઈશા ખંડમાં આવી ત્યારે

એણે છોકરાના બાપાને કઠેરા જોડેના છજામાં ઊભા રહીને કોઈની સાથે વાત કરતો સાંભળ્યોં : હવે થોડા દા'ડામાં કારવાળાં ગરાક આ આંગણે સમજ... અરે સાવ ભોળી છે... પટાઈ ગઈ સમજ. ઈશાના શરીરમાંથી જાણે કોઈકે એક ઝાટકે એના જીવને ખેંચી લીધો હોય તેવું એને લાગ્યું. ન એ ઊભી રહી શકી કે ન એ બેસી શકી. બારી બહારથી જોયું કે આસ્ફાલ્ટની સડક પરથી એક ખટારો જઈ રહ્યો હતો. ચાલીના આંગણામાં પેલી સ્ત્રી ન હતી. એક આદમી લીમડાની છાયામાં માંચીમાં બેઠો હતો. સ્થિર હવા સળવળી અને એક હવાનું મોજું ખંડમાં ધસી આવ્યું. ફાટેલી ચિઠ્ઠીના ચોરસ ટુકડાઓ ઊડ્યા, કેસરી ડાઘાવાળો કાગળ ફરસ પર સરક્યો. ગળી વાળેલાં છાપાં ઉઘાડ-બંધ થઈને અવાજ કરવા લાગ્યાં. ઈશાએ ખંડનું મુખ્ય બારણું બંધ કરી દીધું. બહાર તે વેળાએ જ હંગામો મચી ગયો. ઈશાએ બારી સુધી જઈને બહાર જોવાનું ઇચ્છ્યું નહીં. ઊલટાની એણે બારીઓ ટપોટપ બંધ કરી દીધી. બંધ ખંડમાં એ બંધાઈ ગઈ. છોકરાના બાપની એ જગ્યા કરતી કીકીઓ એને કોચતી હતી... ''ચેતન અચાનક જ આવી જાય તો...'' ''તો અહીંથી ભાગી જઈએ...'' અનેકવાર ભાગતાં ભાગતાં કેટલી તકલીફો વેઠી હતી...'' ''માણસોની ગિર્દી વચ્ચેથી માર્ગ કરી પ્લેટફોર્મ પર ધસી જતાં ગાડી જ ઊપડી ગઈ હોય...'' ''થોડીક ક્ષણો ટૂંકાઈ જતાં મરનાર જોડે મોં-મેળો ન થયો હોય...' ''એક ખડુસ પ્રોફેસર સામે બોલાઈ જતાં પરીક્ષાનું રિઝલ્ટ ચેતનની જિંદગીને બીજા જ પાટે ચડાવી ગયું હોય...'' ''કોઈ નબળાઈની ક્ષણ, જેને જિંદગીભર ચાહ્યા કરવું ગમે તેવું માણસ વિચ્છેદની કિરપાણથી છેદાઈ જાય...'' ''હસતાં રહેતાં માણસોના ચિત્તને તળિયે પડેલી કિલષ્ટતામાં ભીંજાઈને વિષાદગ્રસ્ત ભેટો જ સ્વીકારાઈ હોય...'' ''ગમાર, જુઠ્ઠા, બદમાશ, હરામખોર, અક્કલ વગરના, ભદ્દા, કર્કશ સ્વભાવના, ઝેરી માણસોની પગચંપી કરીને એમને મહાન કહ્યા કરવા પડ્યા હોય, ને એમની છીછરી, પોચી રમૂજોને બિરદાવીને - ' તે બધું સાપના પેટમાં મસૃણ ત્વચા સમજી પંપાળીને ચિત્તમાંથી ધક્કેલીને ભાગવાનું - ક્યાં ? પોતામાં ? ઈપ્સિત દુનિયા... બહાર હંગામો મચ્યો છે ને આ એકાંતના સહસ્ત્ર નહોર ઈશાને ફોલી ખાવા ધસી આવ્યા છે. ખંડની બધી જ વસ્તુઓમાં પોલાણ કોતરાઈ રહ્યું છે ને તેની ઝીણી કતરણ એકઠી થઈને ઈશાને કોતરી રહી છે. એની પહોળી થયેલી આંખોમાં અશ્રુ નથી, શૂન્યતા નથી, એના મસૃણ બદનમાંથી રતિ નીકળીને એની સામે આવીને એના અર્ધ-મૃત-દેહને કોચી રહી છે, - ઈશા કોચાઈ રહી છે; તેથી એને કોઈ વેદના,

સંવેદના, સ્મરણ, આઘાત, રોમાંચ- નથી. બારણે ટકોરા પડ્યા ને એનો અર્ધ-મૃતદેહ સળવળ્યો : કોણ હશે...? અરે એય ઊંઘણશી, ખોલ, જલદી- ચેતનનો અવાજ હતો. ઈશાને લાગ્યું કે એનું બારણું ખોલતાં લાંબો લાંબો સમય વીતી ગયો છે. ખંડમાં દાખલ થતાં જ તેણે ઈશાના બે હાથ પકડ્યા; ત્યારે એને લાગ્યું કે ઈશાના અસ્તિત્વમાં ફરક પડ્યો છે કે શું ! એ ઈશા રહી નથી. ચેતને બૂટની દોરી છોડતાં કહ્યું :

- બોલ, તારું જ્યોતિષ શું કહે છે - આપણે ક્યારે ઘર બદલી શકીએ ? ઈશાએ બારી ખોલી અને બહાર જોયું. નીચે ચેતનની ઑફિસની જીપ ઊભી હતી. એને લાગ્યું કે ચેતન પણ એક ઘરાક હતો કે શું ! દૂર પેલી ચાલ આગળ એક ટોળું જમા થઈ ગયું હતું. પેલી સ્ત્રીનું કોઈએ ખૂન કર્યું હતું. પોલીસની રાહ જોવાતી હતી.

- આપણે ઘર નથી બદલવું !

- કેમ ?

- મારું ખૂન થઈ ગયું છે - હું ભૂત છું - ઈશાવતી નથી.

- હેં ? હાહાહાહા-

- હી હી નહીં, જોને હું ઈશા નથી મને અડકી જો.

- શું બકે છે તું...! તું માંદી લાગે છે.

- મને માણસોના એક ટોળાએ ખલાસ કરી નાખી.

ચેતને ત્વરાથી ઊભા થતાં ઈશાને પકડી લીધી. એણે ઈશાને સૂંઘવા માંડી. એનો સ્વેદ ગંધાતો હતો.

- ઈશા - તું - તને શું થઈ ગયું ? આ... કોણે..?

- આ અણુ અણુએ મારા પર વ્યભિચાર કર્યો છે, હું બીજી વાર પતિતા થઈ છું; તું મને બીજી વાર સ્વીકારી શકીશ ?

- ઈશા...?

- ચેતન...?

- તે અણુ તો આપણાં જ અસ્તિત્વના વેરાયેલા કણો છે ઈશા ! આપણે માણસો છીએ તે સત્ય તો ક્યારનુંયે ભુંસાઈ ગયું છે. આપણે પંચભૂત છીએ તે વાત સાચી છે. હું સમસ્ત પંચભૂતોની અભિન્નતા કલ્પું છું, બોલ !

– તો ચાલો આપણે આજે જ ઘર બદલીએ.

– નીચે જીપમાં એક માણસ બેઠો છે. તે સામાન તૈયાર કરશે તે દરમિયાન તું ઘર તો જો, ચાલ –

– જીપ સાંકડી આસ્ફાલ્ટની સડક પરથી સરી જતી હતી. નદીને પહોંચતી પસાર થતી કેડી પરથી જીપ પસાર થઈ. શહેરના બીજા ભાગમાં જીપ પ્રવેશી તે પહેલાં જીપે ઘણા કૂદકા લીધા. પાણીના બોરિંગ આગળ ઊભો રહેલો પઠાણ જીપને અનુલક્ષીને હસ્યો – ઈશાએ જોયું ને જીપ એક મોટા મકાન આગળ ઊભી રહી... ત્રણ ખંડ હતા, બે અગાશીઓ હતી, એકાંત હતું. આ જોઈને ઈશા નાચી ઊઠી. ખુશીમાં ને ખુશીમાં એ પાછળની અગાશીમાં ગઈ. સામેના મકાનની અગાશી તદ્દન નજીક હતી. તે અગાશીની પાળ પર એક આક્રમક પગ ગોઠવીને એક પુખ્ત છોકરો ઊભો હતો. એના ચશ્માંના જાડા કાચમાં એની આંખો છુપાયેલી હતી. નીચેનો પુષ્ટ હોઠ જરા લબડેલો હતો. નાકનું ટેરવું આગળથી વળેલું હતું. ચહેરો લંબગોળ અને ચપટો હતો. ગાલ પર લાલ લાલ ખીલની ફોલ્લીઓ ફૂટેલી હતી. ઈશા એને જોઈને પહેલાં જરા છોભીલી પડી ગઈ. પણ છોકરો હસ્યો ને લબડેલા હોઠ પરથી એક લાળનો રેલો રેલાઈ ગયો. ઈશા હસવા જતી હતી પણ તે છોકરાએ ફરીથી જુગુપ્સાજનક દેખાવ કર્યો... એ ત્યાંથી ફરી ગઈ.

– ચેતન, આપણું પેલું ઘર બરાબર છે.

– કેમ ? –

–...?

જીપ પેલા છોકરાની લાળના રેલાની જેમ રસ્તા પર રેલાઈ રહી...

❀❀❀

૪.

# હેપી અવર

**◂◂ કુમુદ પરીખ**

**આશા** અને ચેતન એક નાનાશા એપાર્ટમેન્ટમાં, સાવ જૂના સોફા ઉપર બેઠાં હતાં. બંનેમાંથી કોઈને કશું બોલવાના હોશ નહોતા. આશાની આંખો રડી રડીને સૂજી ગઈ હતી. એ એની માનો પત્ર ફરી ફરીને વાંચ્યા કરતી હતી. આ એની માનો છેલ્લો પત્ર હતો. મનમાં જ એ વિચાર્યા કરતી હતી કે જે માએ રાત-દિવસ એક કરીને, એકલા હાથે ઉછેરીને અમેરિકા જેવા દેશમાં મારા ઉજ્જવળ ભાવી માટે મોકલી... એ માને મેં શું આપ્યું ? નરી ચિંતાઓ અને દુઃખ. તે છતાં મરતાં મરતાં પણ એ માએ આ પત્રમાં આશીર્વાદનો ધોધ વરસાવ્યો છે. મારી આલ્કોહોલ પીવાની આદત છોડવા વિનંતી કર્યા કરી છે.

આશા એનાં પશ્ચાત્તાપનાં આંસુ ખાળી શકતી નહોતી. સોફામાં બાજુમાં બેઠેલો એનો દીકરો ચેતન એનાં આંસુ જોઈ શકતો નહોતો. એ સતત આશ્વાસન આપ્યા કરતો હતો. દાદીમા તો એને પણ એટલાં જ વહાલાં હતાં. એટલે માને આશ્વાસન આપતાં આપતાં એની પણ આંખો સતત ભીની થયા કરતી હતી. હિંમતથી એણે મમ્મીને શાંત પાડી અને સુવાડી દીધી.

આંખનું એક પણ મટકું માર્યા વગર આશાએ જેમ તેમ રાત પસાર કરી. એ રાત્રે એણે એક મક્કમ નિર્ણય લીધો. સવારે ઊઠીને એ રસોડામાં આવી. સ્ટવ ઉપર ચા

મૂકી રહેલા ચેતનને એણે કહ્યું.

''ચેતન બેટા, મારે 'આલ્કોહૉલિક એનોનિમસ'માં જોડાવું છે... આજે જ.''

"Mom, that's great" ખુશીના માર્યા ચેતનનો અવાજ ગળગળો થઈ ગયો હતો. મમ્મીએ મોડી મોડી પણ દાદીમાની વાત માની એથી એ ખૂબ ખુશ થયો. તરત જ એણે બધી તપાસ કરી અને આવતા રવિવારે સવારે પહેલી બેઠકમાં જવાનું નક્કી થયું.

મા-દીકરો સમયસર ત્યાં પહોંચી ગયાં. એક ખૂણામાં પડેલી ખાલી ખુરશીઓમાં બંને ગોઠવાઈ ગયાં. મિટિંગ શરૂ થઈ. પહેલાં તો નવા દાખલ થયેલા લોકોએ પોતાની ઓળખાણ આપવાની હતી. નવી આવેલી દરેક વ્યક્તિએ પોતાના વિશે કાંઈકને કાંઈક બોલવાનું હતું. ખાસ કરીને પોતે કેવી રીતે આલ્કોહૉલિક બન્યા એ વિશે કહેવાનું હતું. આશા શરમની મારી આંખ પણ ઊંચી કરી શકતી નહોતી. હોઠ ધ્રૂજતા હતા. ભય લાગતો હતો. કબૂલાત કરતાં ખૂબ સંકોચ થતો હતો. પણ ત્યાં બેઠેલા બધાએ ખૂબ હૂંફ આપી. પોતે પણ આમાંથી પસાર થઈ ચૂક્યા છે એવી હિંમત આપી. ખૂબ સાથ અને ટેકો આપ્યો.

બધાંનો પ્રેમાળ સહકાર મળતાં આશા ખુરશીમાંથી ઊભી થઈ અને પોતાની વાત કહેવી શરૂ કરી...

મારો જન્મ ઇન્ડિયાના એક નાના ગામમાં થયો હતો. મારી માતાનું નામ ગોમતી. હું બહુ જ નાની હતી ત્યારે મારા પિતાજી ગુજરી ગયેલા. ભરણપોષણનો અને સંસારનો સમગ્ર બોજ મારી મા ઉપર આવી પડ્યો. મારી મા બહુ મૂંઝાતી હતી. અભણ સ્ત્રી કરે પણ શું ?

ત્યાં અમારા ગામમાં એક શ્રીમંત શેઠનાં પત્ની ગુજરી ગયાં. એટલે એમને રસોઈ અને ઘરનું કામ કરવા કોઈ બહેનની જરૂર પડી. મારી માએ હિંમત કરી અને એમને ત્યાં કામે લાગી ગઈ. શેઠને એક નાનો દીકરો પણ હતો. એનું નામ અભય. આ અભય પણ મારી માતા સાથે એકરૂપ બની ગયો. મારી માએ એને પણ બહુ વહાલથી ઉછેરવા માંડ્યો. એને ખબર હતી કે મા વગરના નાના બાળકને શેની વધારે જરૂર હોય છે.

શેઠે એમના મકાનમાં જ મારી માને રહેવાની વ્યવસ્થા કરી આપી. બધું બરાબર ગોઠવાઈ ગયું. મારી મા દિલ દઈને, ખંતથી કામ કરતી. રાત્રે અભય પણ

અમારી રૂમમાં આવતો. હું અને અભય મારી માની નજર હેઠળ સાથે ઊછરવાં લાગ્યાં. એના જીવન અને વર્તન દ્વારા મારી મા અમારાં બંનેમાં સારા સંસ્કારનું સિંચન કર્યા કરતી. અભય મારાથી થોડો મોટો. નાની બહેન તરીકે મારું બરાબર ધ્યાન રાખતો.

ધીમે ધીમે અમે મોટાં થતાં ગયાં. અભય આગળ ભણવા કૉલેજમાં ગયો અને અમેરિકા પણ પહોંચી ગયો. અમેરિકામાં જ એક ઇન્ડિયન છોકરી સાથે લગ્ન કરીને સ્થાયી થઈ ગયો. મોટા મોટા કામધંધા વિકસાવીને ખૂબ શ્રીમંત થયો.

ઉંમર થતાં શેઠની તબિયત બગડતી જતી હતી. એક દિવસ હાર્ટઍટેક આવ્યો અને એમનું પ્રાણપંખેરુ ઊડી ગયું. અભય અને એની પત્ની તરત દોડતાં અમેરિકાથી આવ્યાં. બધી વિધિ પતાવી પાછા જવાની તૈયારી કરવા લાગ્યાં.

‘‘બેટા અભય, તારા બાપુજી ગયાથી હવે આ ઘર ખાલી થઈ ગયું. મારું હવે અહીં કામ નથી. હવે મને મારા ઘરે જવાની રજા આપ.’’ મારી માએ કહ્યું.

‘‘ના બા. તમારે રિટાયર્ડ થવાની હજુ વાર છે. તમે મને નાનપણથી મોટો કર્યો છે. હું ભણવામાં પાછો ના પડું એટલા માટે સદા મારી ચોકી કર્યા કરી છે. મને સંસ્કાર આપીને બરાબર ઘડ્યો છે. તારી સંભાળ લેવાનો હવે મારો વારો છે. મારી ઇચ્છા છે કે તમે તમારી પાછલી જિંદગી અમારી સાથે અમેરિકામાં કાઢો. આ તમારા ગ્રાન્ડ-સનને અમારા કરતાં તમારી વધારે જરૂર છે. આશાનું પણ આપણે અમેરિકામાં કોઈ સારા છોકરા સાથે ઠેકાણું પાડી દઈશું. તમે હા પાડો તો હું તમારાં બધાં કાગળિયાં કરવા લાગી જાઉં. બોલો ?’’

મા ગળગળી થઈ ગઈ. એની આંખમાં આંસુ આવી ગયાં. અભય એને વળગી પડ્યો.

અભયને લીધે થોડા વખતમાં અમને મા-દીકરી બંનેને વિઝા મળી ગયા અને અમે અમેરિકા આવી ગયાં. આ દેશનું વાતાવરણ અને સ્વતંત્રતા જોઈને મા મને સતત ચેતવ્યા કરતી. સારા-નરસાનું ભાન કરાવ્યા કરતી.

મેં આગળ ભણવાનું શરૂ કર્યું. ધીમે ધીમે અભ્યાસ પૂરો થયો. ડિગ્રી મળી ગઈ. એક સારી કંપનીમાં કામ પણ મળી ગયું. મા તો અભય સાથે રહેતી. પણ હું મારા સ્વતંત્ર એપાર્ટમેન્ટમાં રહેવા ગઈ. ત્યાંથી મારી નોકરી નજીક હતી.

હું પૂરી શાકાહારી હતી. આલ્કોહૉલને તો અડકતી પણ નહીં. ક્યારેક કોઈ

મિત્રો સાથે બહારના રેસ્ટોરામાં જવાનું થાય તો ત્યાં પણ શાકાહારી જ રહેતી. માત્ર કોક કે સેવન-અપ જેવું પીણું પીને ચલાવી લેતી.

મારી જૉબ હતી સેલ્સ-લેડી તરીકેની. કંપનીમાં હું સૌથી વધારે બિઝનેસ લાવતી. મારી આ નોકરીને કારણે જુદા જુદા ક્લાયન્ટોને મળવાનું થતું. અને તે પણ જુદાં જુદાં રેસ્ટોરાં અને ક્યારેક બારમાં. તેમ છતાં હું કદી આલ્કોહૉલને સ્પર્શતી નહીં. મળવા માટે હું 'હેપી-અવર' પસંદ કરતી. ક્લાયન્ટોને મળવા માટે 'હેપી-અવર' હું એટલા માટે પસંદ કરતી કે જેથી સાંજે હું નિરાંતે મારા ફેમિલી સાથે રહી શકું.

એક દિવસ એક નવા ક્લાયન્ટને મળવાનું થયું. એનું નામ માઇકલ. એક બારમાં અમે મળવાનું ગોઠવેલું. સમયસર માઇકલ આવી ગયો. બારમાં એક ભારે ગમ્મત થઈ... માઇકલ પાક્કો વેજિટેરિયન હતો. આલ્કોહૉલની તો વાસ પણ નહોતો લેતો. હું પણ એવી જ એટલે અમે સામસામે ખૂબ હસ્યાં... Then what are we doing here in the bar ! હસતાં હસતાં અમે બારમાંથી બહાર નીકળી ગયાં. પછી તો માઇકલને હું અવારનવાર મળતી. એમ કરતાં કરતાં અમે ક્યારે પ્રેમમાં પડી ગયાં તે ખબર પણ ના પડી. આખરે, માની અને અભયની સંમતિથી અમે પરણી ગયાં.

ચાર વર્ષમાં અમારે બે દીકરા થયા. મેં એમનાં હિન્દુ નામ રાખ્યાં. મોટો ચેતન અને નાનો કેતન. મારી મા પણ મારે ત્યાં વારંવાર આવતી. મને મદદ કરતી. મારા દીકરાઓને સારી સારી વાતો કહી સારા સંસ્કાર આપવા પ્રયત્ન કરતી. છોકરાંને પણ દાદીમા ખૂબ વહાલાં લાગતાં. મારી જૉબ સરસ ચાલતી હતી. ક્લાયન્ટોને 'વાઇન ઍન્ડ ડાઇન' માટે મારી પાસે કંપનીનું મોટું બજેટ હતું. હું બહુ પ્રોફેશનલ રીતે ક્લાયન્ટોને 'હેપી અવર'માં આ બધું કરાવતી.

એક દિવસ એક મોટા ક્લાયન્ટને બહુ ફેન્સી રેસ્ટોરન્ટમાં મળવાનું ગોઠવ્યું. એણે મને વાઇન ચાખવા બહુ આગ્રહ કર્યો. બહુ ભણેલો-ગણેલો માણસ હતો. એણે મને સમજાવ્યું... "You know Asha, many medical studies have shown that wine is good for the heart. Nothing wrong with a little wine."

એના અતિ આગ્રહથી, એના માન ખાતર, તે દિવસે મેં વાઇનનો ઘૂંટડો મારા મોંમાં લીધો. બીજા બે-ત્રણ ઘૂંટ લીધા. મને વાઇન ભાવ્યો. મને લાગવા માંડ્યું કે મારા શરીરમાં વધારે સ્ફૂર્તિ, વધારે શક્તિ હોય એવું લાગે છે. પછી તો હું ક્લાયન્ટો

સાથે નિયમિત વાઇન પીતી થઈ ગઈ... અને ઘરે પણ બાટલી લાવતી થઈ ગઈ.

આ જ રીતે એક દિવસ એક ક્લાયન્ટના આગ્રહથી મેં આલ્કોહૉલ પણ પીધો. એ ક્ષણથી આલ્કોહૉલ સાથે મારી દોસ્તી થઈ. ધીમે ધીમે એક ને બદલે બે ડ્રિંક થઈ જતાં... ત્રણ પણ થઈ જતાં. પછી તો ક્લાયન્ટ હોય કે ના હોય પણ હું બારમાં જતી અને ત્યાંના બધા નિયમિત કસ્ટમરો સાથે બેસીને એકાદ બે ડ્રિંક લઇને જ ઘરનો રસ્તો પકડતી.

એક દિવસ મારાથી ત્રણ-ચાર ડ્રિંક લેવાઈ ગયાં. સમયનું ભાન ના રહ્યું. ઘરે જવાનું ખૂબ જ મોડું જઈ ગયું. ઘરે પહોંચી તો માઇકલ મારી રાહ જોતો સોફામાં બેઠો હતો. છોકરાઓ તો મારી રાહ જોતાં થાકીને ઊંઘી ગયા હતા. પગનાં સેન્ડલ કાઢવા હું સરખી રીતે ઊભી રહી શકતી નહોતી. માઇકલ મારી પાસે આવ્યો. મારા મોંમાંથી દારૂની ગંધ આવતાં માઇકલ મારી ઉપર પહેલીવાર ખિજાયો. પણ મારા ઉપર એના ગુસ્સાની કોઈ અસર થઈ નહીં.

માઇકલ મને સમજાવ્યા કરતો. હું સાંભળ્યા કરતી. આ કાનેથી પેલા કાને બધું કાઢી નાખતી.

પીવાની મારી આદત વધતી જ ગઈ. હવે ડ્રિંક સિવાય મને ચાલતું નહીં. વીક-ઍન્ડમાં મારાં બાળકો અને માઇકલના દેખતાં પણ હવે હું મોટો ગ્લાસ ભરીને બેસતી. માઇકલને પણ પીવા માટે આગ્રહ કરતી... મોડી ઊઠતી... ઘરનું કશું ધ્યાન રહેતું નહીં... રસોઈનાં કોઈ ઠેકાણાં રહેતાં નહીં... માઇકલ બિચારો ઘર અને બાળકોનું ધ્યાન રાખતો થઈ ગયો. માઇકલ સાથે વારંવાર હવે ઝઘડા થઈ જતાં. ઘરનું વાતાવરણ ક્લેશમય થઈ ગયું. મારું વર્તન જોઈને બાળકો પણ ડઘાઈ જતાં. મારા ચેતને મારી માને આ બધી વાત કરી. એ આવીને મને મારા સંસ્કારની વાતો સમજાવતી. પણ હું એને 'જુનવાણી' કહીને અવગણતી. દુ:ખી હૈયે એ બિચારી ચાલી જતી.

મારા દીકરાઓ અઢાર વર્ષના થઈ ગયા. મારાથી ત્રાસીને એ બંને નાની મોટી જૉબ લઈને બહાર રહેવા ચાલ્યા ગયા. અવારનવાર ખબર કાઢવા આવતા.

માઇકલની ધીરજ પણ ખલાસ થઈ ગઈ. એને સમજાયું કે મારી સાથે રહેવાનો હવે કોઈ અર્થ નથી. એણે છૂટાછેડા લઈ લીધા અને ઘરમાંથી નીકળી ગયો.

મોટા ઘરમાં હવે હું એકલી. રોકટોક કરનારું કોઈ નહીં. મોડી રાત સુધી ડ્રિંક

પીતી. સવારે બહુ અનિયમિત ઊઠતી. જૉબ ઉપર સમયસર પહોંચી શકતી નહીં. ક્લાયન્ટોને આપેલા સમય પ્રમાણે ત્યાં પહોંચી શકતી નહીં. કંપનીનું મારું કામ લથડતું ગયું. એક દિવસ એવો આવ્યો કે બૉસે મને બોલાવીને પાણીચું આપી દીધું... બીજી બે-ત્રણ જુદી જુદી કંપનીઓમાં કામ તો મળ્યું પરંતુ એક મહિનામાં તો ત્યાંથી પણ છૂટી કરવામાં આવતી.

ઘરનું મોરગેજ ભરવાનો મોટો બોજ માથે પડવા લાગ્યો. થોડા મહિનામાં મેં ઘર પણ ગુમાવી દીધું અને એક નાના એપાર્ટમેન્ટમાં આવી પડી.

મોટો ચેતન અવારનવાર મારી ખબર કાઢવા આવતો. એને મારા પ્રત્યે કુણી લાગણી ખરી. નાનો કેતન તો કદી દેખાતો નહીં.

એક દિવસ ચેતન મારી ખબર કાઢવા મારા એપાર્ટમેન્ટ પર આવ્યો. હું ઘેર નહોતી. મૅનેજરે ચેતનને કહ્યું કે ત્રણ મહિનાનું ભાડું ચઢી ગયું છે. હવે ખાલી કરાવવાનો વારો આવ્યો છે.

ચેતને મારી તપાસ કરવા માંડી પણ હું ક્યાંય દેખાઈ નહીં. એપાર્ટમેન્ટની બહાર બેઠેલ ટોળામાંથી કોઈકે કહ્યું કે એને એમ્બ્યુલન્સ આવીને હૉસ્પિટલમાં લઈ ગઈ છે. ડ્રંક થઈને એ રસ્તા ઉપર બેહોશ પડી'તી. ચેતન મને શોધતો ત્યાં આવ્યો અને મને એના એપાર્ટમેન્ટમાં લઈ ગયો.

એના એપાર્ટમેન્ટમાં બેઠાં બેઠાં મને મારી મા મરી ગયાના સમાચાર મળ્યા. અભય જે મારો સગો ભાઈ નથી એણે મારી માને પ્રેમ અને આદરથી પાલવી. આ ચેતને દાદીમાના સંસ્કાર સાચવ્યા. મેં શું કર્યું ? એક 'હેપી અવર'નું ડ્રિંક આટલું 'અન-હેપી અવર' અથવા 'અન-હેપી આયુષ્ય'માં ફેરવાઈ જશે એનું મને ભાન નહોતું રહ્યું. માના મોતે મારી આંખ ખોલી છે માટે હું આજે આ મિટિંગમાં આવી છું. આ રીતની મદદ લેવામાં હું શરમ માનતી હતી. પણ આજે મને સમજાય છે કે જિંદગીને સુખના પાટે ચઢાવવા માટે કોઈ પણ પ્રકારની મદદ લેવામાં કંઈ શરમ નથી.''

પોતાની વાત પૂરી કરી, આંસુ લૂછી, આશા પાછી જેવી પોતાની ખુરશીમાં બેઠી કે તરત બધાએ તાળીઓના ગડગડાટથી એને આવકારી ખૂબ પ્રોત્સાહન આપ્યું.

❖❖❖

૫.

# ખંડેર

◂◂ **રમેશ ત્રિવેદી**

**ફળિયામાં** પગ મૂક્યો ને કૂતરું ભસ્યું. પેલું સામે ઊભું તે વિનુનું મેડીબંધ મકાન, રંગ કરેલી જાળી, બારણું, બારીએ ટીંગાતી જળકુંડી અને બારણાની ફ્રેમમાં ચિત્રવત્ ઊભેલાં સમજુકાકી - વિનુનાં બા.

કાકીની પાસે જઈને હું ફિક્કુ હસ્યો : ''કેમ મઝામાં ને કાકી ?'' ''ભૈ, હવે તો મઝા ને સજા એ બધું ય... પણ પે'લાં તો તું અંદર હેંડને... તાપે શેકૈં હેંડ્યો બાપ...!''

એમણે ઓસરીનું બારણું બંધ કર્યું. હું ખંડમાં પ્રવેશ્યો. જૂની ખખડી ગયેલી પાટ પડી રહેતી હતી ત્યાં હવે સ્ટીલની ખુરશીઓ પડી હતી ! હું બેસી પડ્યો.

ધૂણીથી કાળુંમેશ બની ગયેલું રસોડું એનું એ જ હતું. કશુંક યાદ આવતાં. કાકી રસોડામાં જઈને બહાર આવ્યાં. એમણે સ્વિચ ઓન કરી; ને મેં છત સામે જોયું.

''ઓહો ! પંખો ! લાઈટ ! વાહ ગામ તો એકદમ સુધરી ગયું હોં...'' - મારા શબ્દો સાંભળ્યા ન હોય તેમ કાકી બોલ્યા-ચાલ્યા વગર ફરી રસોડામાં ચાલ્યાં ગયાં.

ખંડની ઘેરી ખામોશી. પંખાનો સરસરાટ, કપ-રકાબીઓનો ખખડાટ. ને કશુંક જાણે ખૂટતું હોય તેવો સતત અહેસાસ.

ખૂણામાં નાનું કબાટ હતું. ત્યાં હવે શૉકેસ બન્યું

હતું. શૉકેસમાં સ્ટીલની ફ્રેમમાં વિનુ અને તેની નવોઢા પત્ની ગોઠવાયાં હતાં. હું ઊભો થઈને શૉકેસ પાસે ગયો. ફ્રેમ સામે જોતાં મનમાં થયું : ''ભાભી છે તો ભારે ઠસ્સાદાર !''

વિનુનાં લગ્ન તાબડતોબ ગોઠવાયાં હતાં. સ્ટેટમાં જવાની લ્હાયમાં ને લ્હાયમાં વિનુએ જાણે ચાર ફેરા ફરી લીધા હતા. એ વેળાએ રજાના પ્રોબ્લેમ જેવું જ કંઈક હતું એટલે મારાથી આવી શકાયું નહોતું.

કાકીના હાથની ફક્કડ ચા પીધા પછી તરત જ હું મેડી ચઢી ગયો. મેડી પરના હીંચકે હું અને વિનુ બહુ બેસતા. પગની ઠેસ. લયભર્યો હિલ્લોળ ને ક્યાંય સુધી ફિલ્મી ગીતો રાગોડવાનાં, સિગરેટો ફૂંકવાની, ખાંસવાનું અને... મેડી પર આવતાં જ એકદમ અવાક બની ગયો હું તો ! મેડી પરનો વિશાળ ઓરડો, લીંપણની સુવાસ, ઓકળીઓ, ધુમછાયાં નળિયાં, સૂરજના ચાંદરણામાં ઊડતી સોનેરી રજ, કાળી પડેલી વળીઓ, મોભ, કડાં, સાંકળ, હીંચકો, કાનને મધુર રણકારથી ભરી દેતો કિચૂડ કિચૂડ અવાજ... ઝીણી કોચરણીવાળાં લાકડાનાં કબાટ. કાટ ખાધેલા ટંક-પેટીઓમાં સંઘરાયેલો ભૂતકાળ, વળગણીએ બાઝેલાં જાળાં, ખૂણામાં પડ્યાં રહેતાં ઈસ્કોતરો, ઘંટી અને ઓરડાનું અંધારું-અજવાળું ક્યાં ગયું બધું ?

એક ધ્રાસ્કા સાથે હું બેસી પડ્યો.

નેતરનાં સોફા-ખુરશીઓ, પંખો, ટીપોય, ફૂલદાની, પ્લાસ્ટિકનાં ફૂલ. ડિસ્ટેમ્બર કરેલી દીવાલો, ફ્લોર, મોંઘીદાટ ટાઈલ્સ, ખૂણામાંની ખાળચોકડીને બદલે ગ્લેઝ ટાઈલ્સવાળું બાથરૂમ, બેઝીન, નળ અને દાદરાના પગથિયા પર કાકી ઊભા હતાં. એમના હાથમાં માટલી હતી. એ હાંફી રહ્યા હતાં. મેં એમના કમ્પતા હાથમાંથી માટલી લઈ લીધી, ને કહ્યું : ''ઘરની તો સિકલ જ બદલાઈ ગઈ છે !'' કાકી બેસી પડ્યાં. થોડીક હાંફ, ધ્રુજારી ઓછાં થયાં એટલે પાલવથી મોં પરનો પરસેવો લૂછતાં એમણે મારી સામે જોયું.

''એં, - ભૈ, તમારા ભૈબંધને જોર નથી આયુ હોં ! એકનો એક છોકરો ઊઠીને આગળ પાછળનો વચાર કર્યા વગર બસ લઈ મંડેલો, કે : મારે તો અમ્બેરીકા જવું છ ! એ ઈના અમ્બેરીકા ન દેવતા મેલે તે...''

ને પછી એક ઊનો ફફડતો નિઃશ્વાસ, ને કંઠે ધ્રુજારી : વિનુભૈને જવાનું થયું એકન હાલ ને હાલ લગન લીધાં, ન આ તો નવો ઠઠારોય એ વેળાએ... ભૈ,

ગોમડા-ગામમાં આની શી જરૂર હેં ?... ધૂળમાં રે'વું ન ધૂપેલનો શોખ સુ કરવા ? હેં ?...''

''કાકા ક્યારે આવશે ?'' - મેં ઊભા થઈને પંખાની ઝડપ વધારી. કાકી હાથમાં તપખીરની દાબડી લઈને ઊંડા વિચારમાં ડૂબી ગયાં હોય તેમ સૂનમૂન બેઠાં હતાં. બારી તરફ નજર કરી એમણે કહ્યું ''અવ... તારા કાકા જાણ્યામાં...

...બળ્યું, સમશોન છેક મારા ભાની હોંડે જતું બળ્યું છન... ગોમમાં તો અવ ઢોરને ઢહેડનારા મળી રહે, પણ મોણહની દશા તો ભૈસા'બ... ચાર જણને માંડ ભેગાં કરતાંય મોતવારો આઈ જાય સ... બોલો, ડોહો મરી જ્યો સ તે ઇને ટ્રેકટરમાં ઘાલી ન લઈ જ્યાં ત્યાર...''

કાકી ઊભા થયાં. બારી પાસે ગયાં, ને એમણે કમ્પતો હાથ લંબાવ્યો : ''... પેલું... ખૂણામાં દેખાય છ ન એ ઘરમોં ડોહો એકલો ભૂત જેવો રે'તો તો. આપણાં વિનુભૈની જયમ ઇમને'ય એકનો એક છોકરો તે એય બાપને કટમ્બીઓને કૉટે વળગાડી ન પાધરો રવાના થઈ ગયો 'અમ્બેરિકા...!'

કાકીએ ઊંડો શ્વાસ ખેંચ્યો :

''નોનપણમોં જ મા મરી ગઈ એટલે ઇના બાપે ગોંડ્યો ધોઈ ધોઈ ન પૂતરને મોટા કર્યો તે... ઇના મોકલેલા પૈસાને શું બાળવાના ...?''

પંખાની ઘરેરાટી, ગરમ-દઝાડતી હવા. ગૂંગળાવતું મૌન અને કાકીનો નિસાસા જેવો તૂટતો અવાજ :

''ભગવાન જોણે ઘરમાં ને ઘરમાં ડોહો ક્યારે'ય ઢબી ગયો હસી ? કટમ્બીઓ બાપડાં સુ કરે ? જ્યારે ત્યાર ઈમનીય આ જ દશા હોં... બબ્બે ત્રૈણ ત્રૈણ ઘોડા ઘરમાં ટળ્યા હોય તે બધાય મારા રોયા અમ્બેરિકા..! ભૈ, કુણ કુની બાલાશ રાખે હેં..? ડોહાના ઘરમાંથી મોથું ફાડી નાંખે એવી બાસ આવતી મોંડી ત્યારથી ઓસરીમાં રમતાં છોકરાએ રાડારાડ કરી મેલી એકન ઘર ઉઘાડી ન જોયું તો...'' - કાકીએ મારી સામે જોઈ ફરી ઊંડો શ્વાસ ખેંચ્યો : ''આ તો મારા હાળા છોકરાં કે'વાય કે પરભવના વેરી...? ઇનું નખ્ખોદ જાય તે મૂવાએ બાપની આ વલે કરી. ઊંદેડા ફરે આખા શરીર પર... આંખો ન મોઢુંય જોયું હોય તો... એ બધું જ ફોલી ખાધેલું... જોતાંવેંત બકારી આવે... ભૈ, તારા કાકા તો બે દા'ડા હુધી ખાશે નઈ હોં... કૈસી ક મારા હાથમાંથી મરેલાની બાસ જ જતી નથી...'' - તાજું જ મૈણું થયું હોય તેવી ઘેરી

ખામોશી ખંડમાં પ્રસરી ગઈ. કૂતરું ભસ્યું. કાકીએ કાન સરવા કર્યા : ''લ્યો; તારા કાકા'ય અવ આયામોં જાયછ કાં તો...'' આટલું બોલતાની સાથે જ એમણે હાથમાં પકડી રાખેલી દાબડી ખોલી, મારી સામે જોઈને એ ખસિયાણું હસ્યાં :

''લ્યો, જુઓ, હાવ ખાલીખમ બળી છ... અવ કુણ લઈ આપસી મારી આ છેંકણી ?

●●●

છેક ઢળતી સાંજે હું અને વિનુના બાપા- દમુકાકા ઘરની બહાર નીકળ્યા. ફળિયું વટાવી વળાંકે વળ્યા ત્યાં ચોક આવ્યો. કાકાએ મારી સામે જોયું. ''ગોમ તો ભૈ છ એનું એ જ છ હોં..! શિયાળાની રાતે એક હારો ખોંખારો ખાવ તો ય જતો કન હામી ભાગોળે જતો હંભળાય... આ ટાવર જોયું ? ચાર દા'ડા હમું હેડ્યું ન તો બધાય નમો... ન પેલું રહ્યું એ કુળદેવીનું મંદિર... પે'લાં નૉની દે'રી હતી ત્યાં તો કાચનું મોટું જંકશન મંદિર ઊભું કર્યું છ... અમેરિકાવાળાઓએ... ઓણસાલ દિવાળીએ મઢનો... અંદરનો ભાગ ચાંદીએ મઢી દેવાના છે...''

અમે મંદિરે ગયા, દર્શન કર્યાં. દાતાઓની યાદીમાં પહેલીથી છેક સુધી અમેરિકા જ અમેરિકા !

મંદિરના ઓટલે બેઠા કે તુરત દમુકાકાએ ચોક તરફ હાથ લાંબો કરતાં કહ્યું :

''એ... દિવાળીના ચારેય દાડા અઈ ગરબા નૅહળે છ... દર્શન કરાવાવાળાઓનું તો કીડિયારું ઊભરાય હોં... પગ મૂકવાનીય જગા ન મળે. મંદિર આખું દીવાઓથી ઝાકમઝાળ... ન સીફળનો તો જોયો હોય તો મોટ્ટો ડુંગરો... આજુબાજુના ગૉમનું લોક'ય હેં ઊમટે... મોટમોટા કલાકાર આવે, લાઉડ સ્પીકરો, વાજિંત્રો ને ગરબાની રમઝટ બોલે... પણ અસલના ગરબા તો ભૈ ગ્યાં હોં... મારા કોતીના હેં ચગે... હેં ચગે... લાખ લાખની તો આરતીઓ બોલાય... કે'છે ક ત્યાં તો બધા લૂંડીના છૈયાઓ એં... ઊંધા પડ્યા ગોંડગુલામી કરછ ધોળિયાઓની, ન આંય આઈને કેવા મા'લે છ પહોળા થઈ થઈને ! માનું તો જાણ્યે મોં ધાવણ જ ભૂલી ગ્યા હોય ઈમ વાતે ને વાતે મારા હાળા : ''યા...યા...' કરે ન એવા તો ભૂંડા વૈણ વગરનાં લો...કો...''

અમે ઊભા થયા. દમુકાકાએ એમનું ચલાવે રાખ્યું... ''ગોમમાં તો અવ જ્યાં ન ત્યાં બધા ઘૈડિયા જ હોમે ભટકાવાના હોં ક... નાકમાં તો લેંટ લબડતું હોય

ન સે'જ બોલાતાં શીખ્યો તો કે' અમેરિકા જવું છ ! બોલો...! લહેંકા સાથે બોલતા કાકાનું મોં એકાએક ખિન્ન થઈ ગયું. એમણે પહેલી જ વાર ગંભીર સ્વરે મને પૂછ્યું :

''ભૈ, વિનુનો કાગળપતર ખરો કૈં..?

સહેચ ખંચકાઈને ખાસ્સીવારે મેં નકારમાં માથું હલાવ્યું. અમે ચાલતા ચાલતા છેક ગામ બહાર નીકળી ગયા હતા. કાકાની નજર દૂર આથમવા તરફ ગતિ કરી રહેલા સૂરજની રાતી ઝાંય તરફ મંડાઈ ગઈ હતી, એમણે મૌન તોડ્યું :

''પે...લું... ડાબીકોરનું દેખાય ન તે આપડું ખેતર હોં... અવ તો કકડો જ ભોંય બાકી વધી છ... જમીનના ભાવ ઊંચકાયા એકન ભૈની આંખો બોચીએ આઈ ગઈ... મને કે : ''બાપા, જમીન વેચી ન અમેરિકા જવું છ...'' મીએ ઈની વાત કોને ધરી નઈ તો કે' ગળોફાંહો ખઊં...'' ન છેવટે એ તંતીલો ઈની વાળી કરી ન જ્યો... ભૈ...!''

દમુકાકાએ બીડી સળગાવી. મને કહે : ''એ અક્કરમીની ચન્ત્યામોં ન ચન્ત્યામોં ઈની માય હાવ લથડી હેંડી છ હોં...'' કાકાનો સાદ ભારે થઈ ગયો. અંધારું ઝડપથી વધી રહ્યું હતું. અંધારાને ભેદતો ખખરી બાઝેલો એમનો અવાજ કાને પડ્યો :

''આ કોર વળી વિનુના હાહરિયાંય લોઈ પી હેંડ્યા કે'' છ ક : ''આ દિવાળીએ વિનુલાલ નઈ આવેતો અમે છુટ્ટા...''

દૂર મંદિરની આરતીનો ઘંટારવ બજી ઊઠ્યો.

તારક-મઢ્યા આકાશ તરફ નજર સ્થિર કરીને દમુકાકા સૂનમૂન બની ક્યાંય સુધી જોઈ રહ્યા. ને પછી ''લ્યો, ઊઠો ભૈ ! કહેતાં ઢીંચણે હાથ મૂકીને એ ઊભા થયા.

રસ્તો, ધૂળ, ચંપલોનો અવાજ ને સન્નાટો બનીને આગળ ને આગળ ધપી રહેલું અંધારું. દૂરથી દેખાતા બત્તીના થાંભલા, નિસ્તેજ અજવાળું ને અંધારામાં ડૂબી ગયેલું મોટાભાગનું ગામ...

દમુકાકાએ ફરી બીડી સળગાવી. એકાએક બધી જ ગંભીરતા ખંખેરી નાંખીને એ ઉખડ્યું ઉખડ્યું હસી પડ્યા; પછી મારો હાથ પકડી એકાએક ઊભા રહી ગયા એ; ''જો હોંભળ ભૈ, એક વાત યાદ આઈ ગઈ... થોડાક દા'ડા મોર્યે મને એક સપનું આયેલું... આ પેલો ટેકરો છ ન ઈની ઉપર દેરી છ, ન દેરીની પાહે એક મોટ્ટો કુંડ છ... મ દેરી કને પથરા પર બેઠો છું... ત્યાં જાણ્યામાં આકાશવૉણી થઈ ક ''આજે

આ અમાસની રાતે કુંડમાં પડી ન જે ના'સી, એ કંચનવરણી કાયાવાળો રાજકુમાર થઈ જસી...'' ભૈ, પછી તો ગૉમના બધા જ જવાનિયા હડી કાઢતા ક ન ધબાંગ ધબાંગ કરતાં પડ્યા કુંડમાં... કાંઠે પડેલા મણિના ઝગારા મારતા અજવાળામાં બધા જ ન્હૈ ન્હૈ બા'ર નેકળ્યા. ગૉમ આખું દંગ રહી જ્યું હોં... મારા કોતીના જોયા હોય તો બધા જ રાજાના કુંવર... સું ઈમનો દોરદમામ ! પણ મારું હાળું, મને એકલાને જ કંઈ જુદું ભળાય હોં ક, મીંએ તો પાડી બૂમ :

''...લ્યા એ... નફ્ફટો, દિયોર, લાજો, લાજો થોડા, એં... આ જરાય હારા નથ લાગતોં હોં ક !''

''એમ કેમ કાકા ?'' - કેવળ દમુકાકાના સંતોષ ખાતર જ મેં જાણી જોઈને પૂછ્યું, ને કાકા જાણે ખોટું ખોટું હસતા હોય તેમ બોલ્યા : તાણ સુ વળી... મારા હાળા, એકે એક જણ હાવ નાગા તબૂડક... ઈમના અમેરિકાના દરિયાકાંઠે પડ્યા હોય એવા ભૂંડા વૈણ વગરના...'' હું થોડીકવાર માટે સાવ અવાક બની ગયો. મનમાં થયું : ચાર ચોપડી ભણેલો આ માણસ ખરેખર સપનાની વાત કરી રહ્યો હતો ? કે પછી કેવળ મનનો ઉભરો હતો ?

●●●

મારી આંખોમાં ઊંઘ નહોતી. મેં પડખું બદલ્યું.

મારો ખાટલો દમુકાકાના ખાટલાની અડોઅડ જ હતો. મેં જોયું કે એ થોડી થોડીવારે બેઠા થઈને બીડી ફૂંકતા ખાંસતા હતા, ને પછી ''હે રામ !'' - કહી લાંબો નિઃશ્વાસ નાંખીને આડા પડતા હતા.

મેં પડખું બદલ્યું.

કાકીનો ખાટલો ઘરના બારણા આગળ હતો. અડધી રાત થઈ તો પણ એ હાથમાં ગોમુખી લઈને બેઠાં હતાં. કોના નામની માળા જપી રહ્યા હશે એ ? - મનમાં ઊઠેલા પ્રશ્ન સાથે જ મેં બળપૂર્વક આંખો મીંચી દીધી.

વહેલી સવારે એકાએક ઝબકીને જાગી જવાયું. મનમાં હજુય ગૂંગળાવી નાંખે એવી અકળામણ થતી હતી. હા, મોટાભાઈનો શિકાગોથી ફોન હતો. એમણે વિનુ વિશે જે સમાચાર આપ્યા હતા એ સાંભળ્યા પછી ચિત્તમાં હરક્ષણે વિનુ જ છવાઈ ગયો તે કદાચ એટલે જ સપનું પણ એનું જ આવ્યું હતું.

...હા, વિનુ કોઈ બેનામી, લેભાગુ એજન્સીનો શિકાર બની ગયો છે. એની

પાસેથી પાંચ-સાત લાખ રૂપિયા એ ગઠિયાઓએ પડાવી લીધા છે. માથે લાંબાં જીંથરા... વધેલી દાઢી, દૂબળો-માંદલો ચહેરો. ભૂખ-તરસથી વલવલતી ઊંડી ઊતરેલી થાકેલી ભયભીત બ્હાવરી શી આંખો, - બળબળતા રણ વચ્ચે દાઝી ઊઠેલા શરીરે ચીસો પાડતો દોડી રહેલો વિનુ... એક હેલિકોપ્ટર કોઈ બિહામણા અડાબીડ જંગલ વચ્ચે એને ઉતારી મૂકે છે... ને એકલો અટૂલો હાંફતા કૂતરાની જેમ એ જીવ લઈને નાસી રહ્યો છે... ઘડીકમાં કોઈ ટાપુ પર અટવાયેલો વિનુ, ઘડીકમાં નાસતો-ભાગતો વિનુ કોઈ લોન્ચમાં ચઢી બેઠો છે... ને એની પાછળ અમેરિકન પોલીસ પડી છે ! સનનન કરતી ગોળીઓ છૂટે છે... ને લોહીલુહાણ થયેલો તરફડિયાં મારતો વિનુ...? અને... અને... - હું આંખો મીંચી ગયો...

❖❖❖

૬.

# કેન્સર વોર્ડ

**◂ નીતીન વોરા**

દૂધવાળો છોકરો મ્યુનિસિપલ ડેરીના દૂધની બોટલ લઈને આવે છે અને સવાર પડે છે. નિરર્થકતાના બોજને ખભા પર ઉપાડી આગળ વધારવા દોડાદોડી શરૂ થાય છે. મોડી રાત્રે બટાટા છોલીને સૂઈ ગયેલા કેન્ટીનના છોકરાઓ આંખો ચોળતા ઊભા થાય છે અને કેન્ટીનના સ્ટવના અવાજ સાથે કાંઈક ગતિ બધે સંચરી ઊઠે છે. કેન્ટિનના છોકરાઓ તાજા પેપરમાં આવેલી પિક્ચરોની જૂની એડવર્ટાઈઝો કાંઈક ને કાંઈક નક્કી કર્યા કરે છે અને રવિવારે સાહેબ પાસેથી ટીપ લઈ લોઅર સ્ટોલમાં લાઈનમાં ઊભા રહી જોવાની ગણતરી કરી દોડાદોડ શરૂ કરે છે. મીઠાઈની તરફ જેમ કીડીઓની હાર આગળ વધે તેમ હૉસ્પિટલ તરફ ગળામાં સ્ટેથેસ્કોપ લગાવી ડૉકટરો એક પછી એક જાય છે. બૉસની ગુસ્સે થયેલી આંખો અને ફાયરિંગની બીક તેમના થીજી ગયેલા પગોમાં વેગ પૂરે છે.

નાઈટ ડ્યૂટી પૂરી કરીને સિસ્ટરો વચ્ચે વચ્ચે ક્યારેક આવી ગયેલ કાચી ઊંઘને કારણે લાલ થયેલ આંખો અને રાતભરના ખાંસતા રહેલા અસ્થામાના પેશન્ટની ખાંસીને દિમાગમાં ભરીને હોસ્ટેલ તરફ પાછી જાય છે.

ડૉકટર અનિમેષનું કેન્સર વોર્ડનું રાઉન્ડ શરૂ થાય છે. પહેલાં કરતાં સારું છે તેમ કહી આત્મવંચના કરવી પડે છે, કારણ કે તે ડૉકટર છે. સી.ટી.ઓલ.ની હારમાળા શરૂ

થાય છે. 'ભગવાન બધું જ સારું કરશે. મોટામાં મોટી ટ્રન્ક્વીલાઈઝર આપી ડૉકટર આગળ વધે છે. દર્દીના સગાઓ ડૉકટર કાંઈક ચમત્કાર કરવાના હોય તેમ આંખો ફાડીને જોઈ રહે છે. ખાંસીના અવાજો નિયમિત રીતે આવતા રહે છે. ગળફામાં આવતું લોહી સાબિત કરે છે કે દર્દીના શરીરમાં હજુ લોહી ફરી રહ્યું છે. સિસ્ટર દર્દીને રેસ્પીરેટરી સ્ટીમ્યુલેટર આપી થાકી ગયેલાં ફેફસાંઓને ફરી કામ કરવા મજબૂર કરે છે. મોતનો પડછાયો સતત ઘૂમતો રહે છે. કયા સમયે તેની પસંદગી કોની ઉપર ઊતરશે તે કોઈ કહી શકે તેમ નથી. સ્વયંવરમાં પસંદગી પામવા માટે પડાપડી કરતા મનુષ્યો અહીં પોતે પસંદ ન થાય તે માટે મોઢું સંતાડતા ફરે છે. એમને હજુ જીવવું છે. જિંદગીની નિરર્થકતા તેમને વહાલી થઈ ગઈ છે. વ્યર્થ અસ્તિત્વને હજુ તેઓ છોડવા તૈયાર નથી.

મરું મરું કરતા દર્દીઓનાં ફેફસાંઓમાં ટ્યુબથી ઑક્સિજન ઘોંચાઈ રહ્યો છે. ખાલી થઈ ગયેલ શરીરમાં લોહીની બોટલો ચઢાવાઈ રહી છે. એક માણસનું લોહી બીજા માણસના કામમાં આવી શકે તે આશ્ચર્યકારક ઘટના છે. છતાં કોઈક લોહી વચ્ચે બળવો પોકારે છે. ટેકનિશ્યનોના માઈક્રોસ્કોપના ફોકસમાં લોકોનું ભવિષ્ય નક્કી થઈ રહ્યું છે. સગાંઓ દર્દીના મરવાની રાહ જોઈ રહ્યા છે અને તેની ઉત્તરક્રિયા કેવી રીતે પતાવવી તેની મૂંઝવણમાં છે.

વૉર્ડની બારીઓ પરના લીલા પડદાઓમાં થઈને આવતો સવારનો તડકો મીઠો લાગે છે. પણ પીડાતા મરીજોની ચીસો, ખાંસીઓના એ રિધમિકલ અવાજો, પેશન્ટને ધમકાવતી સિસ્ટરોની બૂમો અને મરી રહેલા દર્દીના સગાઓના રડવાના એક પ્રકારના અવાજો અકળામણજનક છે. મગજ બહેર મારી જાય તેવું વાતાવરણ છે. બધાં મરવાનો સંતોષ લેવા વૉર્ડમાં આવે છે. ડૉકટરની હાજરીમાં મરવું તે સુખદાયક મૃત્યુ હોય છે તેવો તેમને ભ્રમ છે.

વરસતા વરસાદનું સંગીત ખાંસીઓમાં દબાઈ જાય છે. મેઘધનુષ્યના રંગો ગળફામાં લોહીના રંગોમાં ચૂંથાઈ જાય છે. ઠંડા પવનની સાથે આવતી મહેક દર્દીઓના શરીરમાંથી આવતી ગંધોમાં દબાઈ જાય છે. નાકમાં ટોટીઓ નાંખીને પડેલા દર્દીઓ વરસાદી ભીની માટીની ખૂશ્બુથી વંચિત રહી જાય છે.

મૃત્યુના સતત અવાજોએ, દર્દીની ચીસોએ, વેદના, મજબૂરીની સતતની હાજરીએ ડૉકટરો, સિસ્ટરોની લાગણીને સાવ સૂકવી નાખી છે. તેમની સૂકી આંખો સાવ ખાલી ખાલી થઈ ગઈ છે. દર્દીના કોઈક આત્મીયની સહેજ ભીની થયેલી

આંખો પણ ક્યારેક હજુ તેમને પીગળાવી જાય છે. મૃત્યુ અને વેદનાની હાજરી હવે તેમના જીવનની એક અનિવાર્યતા બની ગઈ છે.

આટલી મોટી હૉસ્પિટલો લોકોના જીવવા માટેના ધમપછાડાની પ્રતીક છે. હજુ જીવનની વ્યર્થતાને લોકો જાણતા નથી કે જાણ્યા પછી જીવનનો મોહ છોડી શકતા નથી.

પ્રેમ, લાગણી, સંવેદનો બધું જ અહીં આવીને બુઝાઈ જાય છે. આખરે આ બધું છે પણ શું ? ક્ષણિકતા. અસ્તિત્વને નિરર્થકતાને સાર્થક કરવા આદરેલા પ્રયત્નોની પામરતા. દિવસો પસાર કરવા શોધાયેલા આલંબનો. આત્મા અને પરમાત્મા ! પોતાની જાત સાથે મનુષ્ય દ્વારા કરાયેલી મોટામાં મોટી છલના. ક્યારેક વચ્ચે વચ્ચે ફાધર આવે છે. દર્દીઓને મળીને આશ્વાસન આપે છે. તેમની આંખોમાં ઘડીભર માટે ચમક આવી જાય છે. અનાથ દર્દીઓ પાસે બેસી તેમને હૂંફ આપે છે. એકલવાયા દર્દીઓની એકલતાને સહારો આપે છે. પણ ફાધર ફાધર ન હોત અને બીજું કાંઈ હોત તો પણ શું ફેર પડત ? શું તેમનું આગમન દર્દીઓના કૉમ્પ્લીકેશન્સને બદલી શકવાનું છે ? રોગની ગતિને ઊલટાવી શકવાનું છે ? ઘડીભર માટે દર્દીઓની આંખમાં ચમક ન આવે તો પણ શું તફાવત પડી જાય ?

ડૉકટર અનિમેષ આ બધું જ સમજે છે, જાણે છે, વિચારે છે છતાં જીવે છે. અર્થ વગરનું જીવવું અને લોકોને જીવાડવા તેને મન એક સાહજિકતા બની ગઈ છે. વેદનાઓ, મૃત્યુ, રિશ્તાઓ અને સંવેદનશીલતાઓની પોકળતાઓ હવે તેને કાંઈ અસર કરતાં નથી. બસ, જીવાય છે એક રુટિન તરીકે, રાત્રે આવીને ડૉકટર અનિમેષ પથારીમાં પડે છે અને તેમની સૂકી સૂકી ખાલી આંખોમાં ચૌલાની મોટી અને લાગણીથી ભીની આંખો સમાઈ જાય છે અને પછી અનિમેષનાં પોપચાં બિડાઈ જાય છે એક ટેવથી- સ્વભાવથી.

અને સવારે ફરી ડૉકટર અનિમેષ કૅન્સર વૉર્ડમાં જાય છે અને સ્ટેથેસ્કોપથી કૅન્સરના દર્દીઓના ધબકારાઓ સાંભળે છે. દર્દીઓ બદલાય છે, ધબકારા બદલાય છે. પણ નથી બદલાતી તેમની વેદના, વ્યથા, નિરર્થકતા.

❖❖❖

## ૭. સૂરનો અમળાટ

**« ભગવત સુથાર**

**''પપ્પા,** ઊઠો !'' મારા બાબાએ મને જગાડ્યો. મેં આંખો ચોળતા પૂછ્યું : ''શું છે ?'' ''આ મારી શાળાનું આમંત્રણ છે. તેમાં સહી કરો. આ નાટકનો પાસ છે.'' ''હા લાવ, ફાઉન્ટનપેન.'' ''લો, મારે મોડું થાય છે.''

''ઘોડો તાણી રાખને. લે, મોટો મોડું થનારો આ...''

તે સહીવાળું અડધિયું લઈને ગયો. મેં મનોમન વિચાર્યું : ''આ સંસ્થાઓ સાંસ્કૃતિક કાર્યક્રમ કેમ યોજતી હશે ? શું આનાથી સંસ્કારનું સિંચન થાય છે કે સંસ્કારોના નામે... લોકોમાં કહેવાતી વાતો છે - માસ્તરોને કંઈ ધંધા છે - ભણાવતાં જોર આવે ને આવા તાયફા લઈને બેઠા છે ? થા... થૈ...થૈ...માં તે શું રોટલા થવાના છે ? ભણતરનો પાયો જ કથળ્યો છે ! છોકરીઓને પણ જુઓને કેવી નચાવે છે ? દીકરી નાચે ને બાપ ઢોલક વગાડે. અરે ! છોડોને, એ તો સાંસ્કૃતિક કાર્યક્રમને બહાને... સ્ટેજ પર બે નાટક ભજવાતાં હોય છે. ''લો, આ ચા !'' મારાં શ્રીમતીજીએ મારી વિચારધારાને રોકી : ''શો વિચાર કરો છો ? રાજુ શું લાવ્યો હતો ?''

''આ એની સ્કૂલનું નાટક જોવાનું આમંત્રણ...''

''આપણે જઈશું. આપણો મોટો બાબો પણ તેમાં ઊતર્યો છે.''

''ચાર દિવસથી તેના પાત્રનાં કપડાં શોધવામાં

કેટકેટલાં ફાંફા માર્યા ? આટલું અભ્યાસ માટે કરતો હોય તો પહેલો નંબર આવે.''

''મેં સાંભળ્યું છે કે તમે પણ નાટકમાં ઇનામ લાવતા.''

''તને કોણે વાત કરી ?''

''કેમ ? બાએ...''

મેં ચા પી લીધી. તે કપ લઇને ગઈ.

''તમે નાટકમાં ઈનામ લાવ્યા છો. મારા બાપ પણ લાવતા... ઈનામ... અને મારો બાબોયે ઇનામ લાવશે... એનોયે દીકરો પણ ઈનામ લાવશે. શું આ નાટકનો અંત ખરો કે ? કોઈએ કહ્યું કે જીવન એ નાટક છે... આપણે બધાં નટનટીઓ છીએ... કથાચક્રનું અટકવું કદી સાંભળ્યું છે ખરું ?

બપોરની ટપાલ આવી. પ્રિમિયમ ભરવાની બે નોટિસો હતી. હું મનોમન હસી પડ્યો. ''પૈસા માટે શું નથી કરવું પડતું ? આ પેટનો ખાડો ભરવા જગત પર શાં શાં વીતક નથી આવી પડતાં ? જગતના વ્યવહારમાં પેટ જ અગ્રસ્થાને છે. પ્રેમ... દયા... કરુણા આદિ તો...''

હું ઊઠ્યો. કપડાં બદલીને બજાર તરફ ગયો. ટાવરમાં પાંચના ડંકા પડ્યા. આકાશમાં વાદળો ઘેરાઈ ગયાં. તેની પાછળ છુપાયેલી ઠંડી ધરતી પર દોડી આવી ન હોય તેમ ઠંડીએ મને ઘેર જવા કહ્યું. મારા બંને બાબા ઘેર આવી ગયા હતા.

''પપ્પા ! કાલે નાટક જોવા આવશો ને ?''

''તું શું બન્યો છે ?'' ''હું તો એક સૈનિક બન્યો છું.''

''તારે બોલવાનું શું છે ?''

''એક શબ્દ પણ નહીં. મારે તો ત્રણ તાળી પડે એટલે ભાલો નાખીને નીચે પડી જવાનું છે, બસ, આપણું કામ પૂરું થયું.''

''નાટકનું નામ શું છે ?''

''ગૌતમ બુદ્ધ.''

સિદ્ધાર્થ કોણ બન્યું છે ?''

''મારા વર્ગનો પ્રકાશ.''

''ક્યો પ્રકાશ ?''

''તમે તેને ઓળખતા નથી ? તે તો ઘણો જ હોશિયાર છે. તેના પિતા નાસી

ગયા છે... બિચારો જેવો તેવો ડ્રેસ પહેરીને આવે છે. સ્લેટ અને ચોપડીઓ પણ ફાટેલાં-તૂટેલાં... પણ ભણવામાં એક્કો છે. પહેલો નંબર તો તેનો જ હોય.''

''રાજુ, ચાલો, જમી લો બધાં.'' રસોડામાંથી હુકમ છૂટ્યો.

''પપ્પા ! મારે રાતે જવાનું છે નાટક કરવા.''

''સારું. જજે. એકલો ઘેર તો આવીશ ને ?''

''હા, ચિંતા ના કરશો.''

''પેલા પ્રકાશની ચિંતા કોણ કરતું હશે ? તેનો બાપ તો તેને છોડીને નાસી ગયો છે.'' હું વિચારી રહ્યો.

''તમને ભૂખ નથી લાગી ?''

''પહેલાં છોકરાંને જમી લેવા દે. પછી ?'' ''સારું.''

તેનો બાપ નાસી ગયો છે. કહે છે કે વેપારમાં તો પાકો ખેલાડી હતો. પણ શું કરે ? આભ ફાટે ત્યાં થીંગડું ક્યાં દે ? ચારેકોરથી ભરાઈ પડ્યો હતો ! સમયની છે બલિહારી. સમય બળવાન છે. નસીબની યારી તૂટી ને બધું જ ફૂંકી ખાવું પડ્યું ! છતાંયે શેઠ તો શેઠ જ ! એક દિવસ ધોળો કરચલીવાળો લાંબો કોટ પહેરીને મારી પાસે આવેલો ને મને પાંચ રૂપિયા આપવા કહેલું. લાચારીથી મઢેલો તે ચહેરો આજે મારી આંખ સામે તરવરે છે. મને દયા આવી ને મેં પાંચની નોટ આપી. તે લઈને ગયો. રસ્તે જતાં એક ઘરડો નોકર મળ્યો. કહે : ''શેઠ સાહેબ ! જરા દયા કરો.'' શું કરે ? પેલી પાંચની નોટ નોકરના હાથમાં મૂકીને શેઠે રસ્તો બદલ્યો. પણ નસીબ બે ડગલાં આગળ ને આગળ ! બીજો ભિખારી મળ્યો. ''શેઠ ! ટાઢે મરતા આ છોકરાની તરફ જુઓ તો ખરા. જરા દયા કરો.'' ને તેણે કોટ કાઢીને આપી દીધો. પછી બીજે દિવસે તે ગામ છોડીને ગયો તે ગયો. ત્યારે પ્રકાશ માત્ર બે વર્ષનો હતો. તે દિવસથી તેના કશા જ સમાચાર નથી. તેની મા બિચારી કાયા ઘસીને પ્રકાશને ઉછેરે છે.

''છોકરાં જમી રહ્યાં. ચાલોને. જરા રસોડું નીકળી જાય.''

''આ બૈરીથી તો તોબા !'' કહેતો હું ઊઠ્યો.

જમીને મેં ગરમ કોટ પહેર્યો. પાન ખાવા માટે થડે પહોંચ્યો. પાનનું બીડું મોંમાં ઠાસ્યું ત્યાં તો પેલા કોઈએ પાછળથી ધબ્બો માર્યો.

''અલ્યા, ક્યારનો પાન ખાતો થયો ?'' મારા રંગીલા મજનૂ મિત્ર સોહને

ધબ્બો માર્યો, મને પૂછ્યું. મેં પૈસા કાઢ્યા. ''લે, રહેવા દે. એ તો અપાઈ ગયા.'' મેં હાથ પાછો કાઢ્યો. ''ચાલ, મારી સાથે. જરા મજા કર, યાર ! જિંદગી છે તો ચાર દિવસ જીવી લેને !'' ''પણ મને ક્યાં લઈ જઈશ ?'' ''બોલ્યા વગર ચાલને છાનોમાનો !''

હું તેનો દોરવાયો ગયો. તે મને એક બિસ્માર હાલતના મકાનમાં લઈ ગયો. એક ઢોલિયા પર મારા મોટા બાબા જેવડો છોકરો સૂતો હતો. તે એકાએક ઊંઘમાં બબડ્યો. હંસ મારો છે, ન્યાય કરો પિતાજી ! હંસ મારે તેનો કે જિવાડે તેનો ? તેની મા ઊઠી. તેને માથે હાથ ફેરવ્યો. પણ ગરીબીની ઘેરી છાયા તેને ચૂસવા લાગી હતી, મથતી હતી.

''રંગીલી ! નવો છે. જરા સાચવીને પલોટજે !''

તેણે અર્થસૂચક સ્મિત કર્યું. સોહન બારણા તરફ ગયો. તે બારણું બંધ કરીને આવી. બીજા ખંડમાં રહેલા પલંગ તરફ મને ઈશારો કરતાં તે અંદર ગઈ. આંખોથી કરેલા ઈજનથી કામણના આસનના જામ મારી પર ઢોળી ગઈ. પણ મને મહાત્મા ગાંધીજીનો ઈંગ્લેન્ડમાંનો પેલો પ્રસંગ યાદ આવી ગયો અને હું બારણું ખોલીને નાઠો ! ઘરને આંગણે પહોંચીને મેં શ્વાસ લીધો. પણ તેની રૂપઘેલી, કામણગારી તેની કીકીઓમાંની લાચારી મારા હૈયામાં કોરાઈ ગઈ.

રાત્રે આઠ વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. મારો બાબો તો ક્યારનોયે પહોંચી ગયો હતો. હું મારા કુટુંબ સાથે પહોંચી ગયો. કાર્યક્રમ શરૂ થયો.

પ્રાર્થનામાં સરસ્વતીમાતાને ચરણે બાળકો જ્ઞાનભિક્ષા માગતા હતા, ત્યાર પછી નાટિકા શરૂ થઈ. સિદ્ધાર્થ તીરથી ઘવાયેલા હંસને લઈને આવે છે. રાજા શુદ્ધોધન પાસે ન્યાય માગે છે : ''પિતાજી ! હંસ કોનો ? મારે તેનો કે જિવાડે તેનો ?''

અવાજ મારે કાને પડ્યો. મને તે અવાજમાંની પરિચિત પ્રતીતિ પીડી રહી. મને મારી જાત પર શરમ આવી. નાટિકાને દશ્યે દશ્યે તાળીઓના ગડગડાટ વરસી રહ્યા. સિદ્ધાર્થને મોઢેથી બોલાતા શબ્દો લોકો ફૂલની પેઠે વીણી રહ્યા. તે મહાભિનિષ્ક્રમણની અલૌકિક રાત્રિ સ્ટેજ પર અવનવી ટેકનિકથી રજૂ થઈ. સિદ્ધાર્થે વાળ કાપી નાંખ્યા. રાતના તારલાઓ હસી પડ્યા. સિદ્ધાર્થે ઘોર તપસ્યા આદરી. અંતે સુકન્યાની ખીર ખાધી. જીવનની ક્ષણભંગુરતાનો દરેકને ખ્યાલ મળ્યો. દશ્યે દશ્યે સિદ્ધાર્થના પાત્રને પ્રેક્ષકો પ્રશંસાથી નવાજી રહ્યા. ગામના આગેવાન વેપારીએ

સોનાનો ચંદ્રક જાહેર કર્યો. આગેવાન ડૉકટરે પાંચસો એક રોકડા આપ્યા. બીજા અનેક ઈનામોની ધારા ચાલી, શાળાએ પણ રૌપ્ય ચંદ્રક આપવાનું જાહેર કર્યું.

''વન્દે માતરમ્'' ગવાયું. વાલીઓ પોતપોતાના બાળકોને લેવા સ્ટેજ પર આવ્યા. હું પણ રોકાયો ને સ્ટેજ પર ગયો. ''બુદ્ધને પેલા છોકરાએ સ્ટેજ પર સજીવ કર્યાં !'' એક કલાપારખુએ અભિપ્રાય આપ્યો.

''નાની વયમાં કલાની સમજ સારી છે. આગળ જતાં નામ કાઢશે.''

બીજાએ પણ પોતાની દૃષ્ટિને વાચા આપી. મેં મારા બાબાને શોધી કાઢ્યો.

''ક્યાં છે પેલો પ્રકાશ ?''

મારો બાબો મને પ્રકાશ પાસે લઈ ગયો. તેને માથે હાથ મૂકીને મેં કહ્યું : ''બેટા ! તારા કામ પર હું સાચે જ ખુશ થયો છું. તારામાં શક્તિ છે. ખૂબ ભણજે ને ગામનું નામ તું અજવાળીશ. તને લેવા કોઈ નથી આવ્યું ?''

''તેની બા આવી છે, પપ્પા !'' ''ક્યાં છે એ ધન્ય માતા ?''

''સાહેબ ! પેલી મારી મા આવે.'' ''બેટા પ્રકાશ !'' મીઠો સૂરીલો અવાજ મારે કાને પડ્યો. મારી આંખ એ દિશામાં ગઈ. મારી આંખોમાં શરમનાં કાજળ અંજાયાં. પેલી આંખમાં પણ શરમના શેરડા પડ્યા. શાળાના આચાર્ય મારી પાસે આવ્યા. પ્રકાશને શાબાશી આપતાં કહ્યું : ''બેટા પ્રકાશ ! તેં કમાલ કરી. આટલું સરસ કામ તું કરી શકીશ તેનો તો ખ્યાલ જ ન હતો. ! બેન, ચીંથરે વીંટ્યું રતન છે રતન ! તમારી કૂખ અજવાળશે ! જતન કરજો, અમારાથી પણ બનતી કોશિશ અમે કરીશું !''

''હા, છે તો હીરો ! સિદ્ધાર્થની કલ્પનાને તેણે જ સાકાર કરી છે. તેનામાં ગૌતમ વસેલો છે.''

''સાહેબ ! તમારી દયા છે તો કો'ક દા'ડો.'' તે ગદ્ગદિત કંઠે આગળ બોલી ન શકી.

નાસ્તો લઈને સૌ વિખરાયાં. પ્રકાશ અને તેની બાને પણ નાસ્તો આપવામાં આવ્યો. રાત ઠંડી આકાશનો બુરખો ચીરીને દોડાદોડ કરતી હતી. ચન્દ્ર પણ ઠંડીથી ઠરીને કોઈની બારીની તરડમાં છુપાઈ ગયો હતો. લૅમ્પ પોસ્ટના ગોળાઓ પણ ઠૂંઠવાઈને વૃદ્ધાની નિસ્તેજ કીકી જેવા લાગતા હતા.

●●●

બેચાર દિવસ સુધી ગામમાં નાટિકાની વાતો ચર્ચાતી રહી. પાનને થડે પેલો મજનૂ સોહન મળી ગયો. પાન ખાધું ને પછી મને દૂર લઈ જઈને બોલ્યો, ''શું યાર ! તે દિવસે અમસ્તો જ નાસી ગયો ! આવો ઢીલો બીકણ !!''

''મારો જીવ ન ચાલ્યો.''

''જોયો મોટો સાધુડો ! ચાલ આવવું છે ? બેચાર દિવસથી તો પત્તો જ લાગતો નથી !'' અમે બંને નીકળ્યા. અંધારી ગલીઓ વટાવીને એ જ બિસ્માર મકાન આગળ આવીને ઊભા રહ્યા. બારણે ટકોરા માર્યા બેચાર વાર. મને આશ્ચર્ય થયું. મહાપરાણે કડડ... કરતું બારણું ખૂલ્યું.

''કેમ, આમ ટટળાવે છે, વહાલી રંગીલી ?'' સોહને કહ્યું.

''તમારી રંગીલી તો મરી ગઈ ! ખબરદાર ! અહીં પગ મૂક્યો છે તો ?''

''રંગીલી ! ડિયર !!'' કહેતો મજનૂ આગળ વધ્યો.

રંગીલીની આંખ ચમકી. અંધારામાં પણ એ આંખની ડરામણી ચમક લાગતી હતી.

''મજનૂ ! એ દિવસો ગયા ! શરીરનો વેપાર મને ખપતો નથી. મારો એક અડગ નિર્ધાર છે.''

''શો ?'' મારે પ્રકાશની, સિદ્ધાર્થની-ગૌતમની મા બનવું છે ! તેને પાપના પૈસાથી ઉછેરવો નથી, પણ સાચી મહેનતના પૈસાથી પોષવો છે. તે કદાચ ગૌતમ થાય તો મને ગાળ ન દે... કે તારી મા...''

આકાશમાં એક તારો ખરી પડ્યો. તેનો તેજલિસોટો મારા હૈયાને અજવાળી ગયો.

❖❖❖

## ૮.

# વેદનામુક્તિ

**« દિલીપ રોય**

**વંદના** ડ્રેસિંગ ટેબલના આદમકદ અરીસામાં પોતાનું નખશિખ પ્રતિબિંબ નિહાળી રહી હતી. ડિમલાઈટના આછા 'આઇસ બ્લ્યુ' અજવાળામાં એણે પહેરેલી પારદર્શક નાઇટીમાંથી એનું લોભનીય લાવણ્ય નીતરતું હતું. એની જાણે ગુલાબની પાંદડીઓ મિશ્રિત દુગ્ધ શી ઉજ્જવળ કમનીય કાયાના પ્રત્યેક ઉભારના ઢોળાવો પરથી સ્નિગ્ધ સૌંદર્ય વહેતું જોઈ શકાતું હતું. વંદના સાચે જ સર્વાંગસંપૂર્ણ સૌંદર્યમૂર્તિ હતી.

પ્રેમલ એનો દીવાનો હતો. વંદના તેની વાગ્દત્તા હતી. એના નિર્મળ સ્નેહની ઊર્મિમય લાગણીઓને હંમેશા પ્રશંસક દૃષ્ટિથી જોતો હતો. બંને વચ્ચે નિર્ભેળ પ્રેમબંધન હતું, જે હવે પરિણયમાં પરિણમ્યું હતું.

આજે તેમની 'સુહાગરાત' હતી. વંદના પ્રેમલને પોતાની મદહોશ કાયાના કામણથી આચ્છાદિત કરી દેવા માગતી હતી. એટલે જ તો તેણે પોતાના શરીર ઉપરથી સુહાગરાતનાં શણગાર, કીમતી વસ્ત્ર પરિધાનનાં આવરણો એક પછી એક દૂર કરી દીધાં હતાં. કેવળ પારદર્શક 'નાઈટી'નું અવલંબન લઈ લીધું હતું. તેની મસૃણ કાયાના આલિંગનમાં પ્રેમલને આબદ્ધ કરવા માગતી હતી. એન કેવળ એક માનસિક ભીતિ એના હૃદયના ધબકારાઓ વધારી દેતી હતી. આજે પ્રેમલ સાથેના ઉત્તેજક આલિંગન

સમયે રખેને ક્યાંક એના શરીરમાં વ્યાપી જતી જડ પરવશતા, એના મનના આવેગને શિથિલ ન કરી દે. ઉન્માદની ક્ષણોની ઉષ્માને શીતળ ન કરી દે ! પણ... હવે તેણે નિરધાર કરી લીધો હતો...

...હવે તે કોઈ દર્દનાક, દુઃખદ, ઘૃણાસ્પદ કે વેદનાસિક્ત પ્રસંગોના કમકમાટી ઉપજાવે એવાં દશ્યો કે વિચારોથી પોતાને દૂર રાખશે. અતીતની ગર્તામાંથી આ પૂર્વે વિચારેલા કે વારે વારે મનમાં દોડી આવતા વ્યથાપૂર્ણ બધાં જ તીવ્ર કંપનો; આઘાતજનક હૃદયવિદારક દશ્યોને દૂર કરશે, ભૂલી જશે...

સગપણ અને પરિણયના સંધિકાળ દરમ્યાન તેમના પ્રણયને પાંગરવાનો કે નિકટતાનો જે સમય મળ્યો હતો, તેમાં તેમની વચ્ચેના સ્નેહબંધનને વધુ ગાઢ બનાવવાના ઘણા પ્રસંગોનો પ્રવાહ વહેતો રહ્યો. પણ... તેમાં વંદનાની માનસિક વ્યથાઓ, શંકાઓ, વૈચારિક મૂંઝવણો તેમજ આઘાતજનક પ્રસંગોની વિચિત્ર જણાય એવી તદ્દન નિરર્થક જ કહી શકાય એવી ઘટનાઓ તેની લાગણીઓને, ચિત્તને ખળભળાવી મૂકતાં. વર્તમાનપત્રો, સામયિકો, ટી.વી.ના સમાચારો કે કાર્યક્રમો, ક્રિમિનલ ઈવેન્ટ્સ, નજરે નિહાળેલા હિંસક તથા મનોવિકારી પ્રસંગો અન્ય પરિચિતો દ્વારા વર્ણિત ક્રૂર, અકલ્પ્ય વર્ણનો વગેરે તેના મગજને, હૃદયની વૈચારિક મનઃસ્થિતિને જડ, શૂન્યવત્ બનાવી દેતાં હતાં. જો કે પ્રેમલ તેને ખૂબ વિનમ્રભાવે સમજાવવાનો પ્રેમાળ પ્રયાસો કરતો રહેતો. વંદનાને ફરી સહજ, સ્વાભાવિક સ્થિતિમાં આણવા તથા વિચારોમાં વ્યાપેલી, શૂળની જેમ ભોંકાતી પરિસ્થિતિને દૂર કરી યથાવત્ સ્થિતિએ લાવી દેવાની મથામણ કરતો રહેતો.

''...જો વંદના, જીવનની ઘણી બધી ઘટમાળ જ  એવી સંઘર્ષમય સર્જાતી હોય છે કે તેમાં ડગલે ને પગલે દુઃખદ પ્રસંગોની કે આપત્તિજનક ક્ષણોની જ ભરમાર વિશેષ હોય છે. તેમાં આપણે તારી જેમ વિક્ષિપ્ત મનોદશા લઈ વ્યથિત બની જીવીએ તો જીવવું કઠિન બની જાય. માટે તાણમુક્ત જીવન જ જીવવા માટે આવકાર્ય ગણાય. એ પ્રકારના વિચારોથી જાતને પ્રયત્નપૂર્વક દૂર રાખવા પ્રયાસ કરવો જોઈએ... સમજી...''

વંદના પણ વસ્તુસ્થિતિને સમજતી હતી. એ કેવળ એની નબળી માનસિકતા જ છે. થોડીક ક્ષણોની મનોબળમાં વ્યાપેલી શિથિલતા જ છે. છતાં કોણ જાણે કેમ આવી તંગ મનોદશાના વાતાવરણમાં ત્વરિત જકડાઈ જતી. વિચારમાત્રથી પરવશ બની ધ્રૂજી ઊઠતી હતી. હૃદયના ધબકારા વધી જતા અને મનોમન ખૂબ જ ખળભળી ઊઠતી.

વચ્ચે કેટલા પ્રફુલ્લિત મને, બાગના પ્રાકૃતિક મનોરમ્ય આહ્લાદક પરિવેશમાં બંને પરસ્પર સુખદ તથા સુમધુર ભાવિ જીવનનાં સ્વપ્નોને કેવી સુંદર રીતે સજાવીશું; મનગમતો ઘાટ આપીશું, તેના વિચારોમાં તેમજ વાર્તાલાપમાં ગૂંથાયેલા હતાં કે અચાનક જ વંદનાની દૃષ્ટિમાં એક એવું દૃશ્ય ઝડપાઈ ગયું કે જેને લીધે તેની સ્વપ્નિલ, માધુર્યપૂર્ણ સૃષ્ટિ ઘડીભરમાં અવશ બની વેરવિખેર થઈ ગઈ ! વંદનાના ઉત્ફુલ્લ ચહેરા પર વેદનાની વાદળીઓ ઓછાયો બની દોડી આવી. આંખોમાં વિષાદ અંજાઈ ગયો.

''વળી શું થયું વંદના ? આમ કેમ ઘડીકમાં વિલાઈ ગઈ ? તારા ચહેરા ઉપર જડતા કેમ ફરી વળી ? એની મોહક રમણીયતા ઉશેટાઈ ગઈ જાણે !''

વંદનાએ પ્રેમલ તરફ દૃષ્ટિ ફેરવ્યા વિના જ આંગળી ચીંધીને સામેનું દૃશ્ય બતાવ્યું, જે પ્રેમલને મન, અરે, કોઈ પણ વ્યક્તિને મન તદ્દન સામાન્ય જણાય તેવું હતું ! જ્યારે વંદનાને માટે એની સહૃદયી લાગણીને ઠેસ પહોંચાડનારું હતું, મનને અવશ કરનારું હતું.

''પ્રેમલ, જોયું પેલું બાળક 'પોપકોર્ન'ના પેકેટ માટે કેટલું રડી રહ્યું છે ? કેટલું વલવલે છે ! જ્યારે તેનો પિતા રોષપૂર્ણ ચહેરે, આંખો કાઢીને એ માટે ઈનકાર કરી રહ્યો છે. ગુસ્સામાં આવી એ બાળકને ગાલે જોરદાર લપડાક પણ ચોડી દીધી ! કેવો નિષ્ઠુર પિતા કહેવાય ? સામાન્ય એવા 'પોપકોર્ન'ના પેકેટ માટે બાળકને આમ ધમકાવી મરાય કે ? આવી ક્રૂરતા દાખવવી એ રીત કહેવાય કે ?''

પ્રેમલ ઘડીભર મૌન બની એ દૃશ્યને જોતો રહ્યો. એને એમાં કશું અજુગતું ન લાગ્યું. બહારની આહારવિહારની કે અન્ય વસ્તુ માટે બાળક જીદ કરે કે રાડારાડ કરે એ ચલાવી ન લેવાય. ઠીક છે, ક્યારેક યોગ્ય જણાય તો એમાં બાંધછોડ કરી શકાય.

''અરે પણ... તે એ બાળકનો પિતા છે. એને અધિકાર છે કે કોઈ બાહરી ખાદ્ય વસ્તુ જે ખરીદવી જરૂરી નથી, તે અપાવવા માટે ઈનકાર કરી શકે છે. એમાં આપણે શા માટે દુઃખી થવું જોઈએ ?''

''છતાં પણ એમાં...'' વંદના આગળ બોલતા અટકી ગઈ. પણ તેના મૌનમાં અકળ વાચા અટવાતી રહી. મનમાં એનો અજંપો બાળક પ્રત્યેની અનુકંપાથી ગૂંગળાતો રહ્યો. એની આંખોમાંની વેદના ચહેરા ઉપર સળવળી ઊઠી હતી. વિચારો ગૂંચવાતા રહ્યા. ત્યાં તો એક વિચાર એના દિમાગમાં ઝબકી ગયો...

''પ્રેમલ, એમ કરું; હું તે બાળકને 'પોપકોર્ન'નું પેકેટ લઈ આપું તો ? બિચારા, આ રીતે રડતા બાળકને માટે મારું હૈયું વલોવાય છે, દિલ દ્રવી ઊઠે છે...''

વંદના ઊભી થવા જતી હતી, પણ પ્રેમલે તેનો હાથ પકડીને ઊભી થતા રોકી.

''અરે, રહેવા દે તું વંદના ! આપણે એવો કોઈ ઉમળકો દાખવવાની જરૂર નથી. તું એ પડીકું અપાવવા જઈશ તો એનો બાપ રોષે ભરાશે, સમજી ? ક્યાંક તારું અપમાન કરી દેશે, ત્યારે તું શું કરીશ ?''

પ્રેમલની વાત તો સાચી જ હતી. આવાં તો ઘણાં દૃશ્યો આપણી દૃષ્ટિ આગળ અવારનવાર ભજવાતાં જ હોય છે. એટલે કંઈ બધે જ આપણી લાગણીને સહાનુભૂતિનો રંગ ચડાવીને રમતી ન કરાય !

પણ વંદનાના હૃદયમાં એ દૃશ્યની વ્યથા સોયની જેમ ખૂંચતી હતી. એના શરીરમાંથી જાણે ચેતના જ હણાઈ ગઈ ! નસોમાં શૂન્યતા દોડી રહી. એના વિચારોમાંથી એ દૃશ્ય વિલાયું નહીં. હૃદયમાં એનો ખટકો જ ખૂંચતો જ રહ્યો.

વળી સમાચારપત્રમાં આવતી ઘણી કરુણ વિગતો હૈયાને હચમચાવી મૂકતી.

...જીવનમાં વ્યાપેલી અસહ્ય ગરીબી, ભૂખમરા જેવી સતત જળવાતી રહેતી પરિસ્થિતિ અને કામધંધાનો, મજૂરીઓ અભાવ... એ પરિવારને એટલો તો જકડી લીધો હતો કે મરણ એ જ કેવળ ઉપાય રહ્યો હતો ! પત્ની, બાળકોની લાચાર દયનીયતા, જીર્ણશીર્ણ અવસ્થાએ ચાર વ્યક્તિના એ સમગ્ર પરિવાર માટે આપઘાત સિવાય કોઈ વિકલ્પ રાખ્યો નહોતો. સામાજિક, સખાવતી ઉદાર સંસ્થાઓ પાસે દયા, લાગણી અને સહાયતાની માગણી કરી જોઈ. પણ દુર્ભાગ્યવશ એમાં પણ નિરાશા જ મળી. ભીખ માગવામાં સ્વમાન આડે આવતું હતું. એટલે ક્યાંયથી કોઈ આશાનું કિરણ ન જણાતા છેવટે એ પરિવારે ઝેર ઘોળ્યું...

સમાચારપત્રની આ ઘટના વાંચી વંદનાના હૈયે ઘેરી વેદનાનો ચીરો પડી ગયો. આંખો ભીની થઈ ગઈ. એનું દ્રવિત હૃદય વ્યથાના વમળોમાં અટવાઈ ગયેલું. દર વખતની જેમ ક્યાંય સુધી અનુકંપાના વિચારોમાં જ ગરકાવ થઈ ગયેલી. વંદના આવા કરુણ પ્રસંગોથી માહિતગાર તો હતી જ પણ એની માનસિક સ્થિતિ આવા ભારણો સહી શકતી નહોતી.

એના મકાનની સામે જ એક ફ્લેટમાં સાસુ-સસરાએ ભેગા મળી તેમની

પુત્રવધૂને ખૂબ ગરમ કરેલા સળિયાથી ન જીરવી શકાય એવા ડામ દીધા હતા. એમની કુલવધૂનો વાંક એટલો જ કે તે કરિયાવરમાં તેમની માગણી પ્રમાણેની જણસો લાવી નહોતી. એ વહુની કારમી ચીસોથી ત્યાંનું સમગ્ર વાતાવરણ કંપી ઊઠ્યું હતું. એ વેળાએ પણ વંદના ખૂબ વેદનાગ્રસ્ત બની ધ્રૂજી ઊઠી હતી. શરીર અવશ બની આખો દિવસ સંજ્ઞાહીન થઈ સૂતું રહેલું... જો કે આવા પ્રસંગો કે બનાવોની હવે નવાઈ નથી રહી, સતત બનતા જ રહેતા હોય છે.

જ્યારે વંદના કોઈ સામુહિક બળાત્કારનો જઘન્ય કિસ્સો વાંચતી ત્યારે તો તે મનમાં ક્રોધથી ખૂબ સમસમી જતી. ક્રૂર, ઘાતકી બળાત્કારીઓને તેમની અમાનુષી, પાશવી હિંસક મનોવિકારી વૃત્તિને ખૂબ ધિક્કારતી. પેલી દુષ્કૃત્યગ્રસ્ત રહેંસાતી રહેલી વિવશ અસહાય બાળકી કે યુવતીની દર્દનાક આર્તનાદના પડઘા એના હૈયાને, મસ્તિષ્કને હચમચાવી મૂકતા. કલ્પનામાંથી એ વિકૃત આક્રમક દૃશ્યના વિચારો કેમે'ય કરીને દૂર થતા નહીં !

આવા તો ઘણા બધા હંમેશ બનતા પ્રસંગો સમાચારો કે ટી.વી.ના કાર્યક્રમોમાં છવાયેલા રહેતા. લોકો થોડા દિવસો સુધી એ અંગે વિરોધી રોષપૂર્ણ સૂરો વ્યક્ત કરતા. પછી એનાં વમળો ઓસરી જતાં અને બધું ભૂલી જતા. પણ... વંદના એ બધું સહેલાઈથી ભૂલી શકતી નહોતી. એ બધાની માનસિક ક્ષુબ્ધતા એને લાંબા અરસા સુધી વીંટળાયેલી જ રહેતી... સી કાન્ટ રિમુવ એન્ડ રેઝિસ્ટ સમ ઑવફુલ ટેન્સન્સ ફ્રોમ હર માઈન્ડ ઈઝીલી..!

પ્રેમલ સાથે અવારનવાર આ અંગે ચર્ચા થતી. વંદના પોતાના આક્રોશને વ્યક્ત કરી એની આગળ હૈયાવરાળ ઠાલવતી રહેતી. એનાં ચહેરા, આંખો, આંગિક હાવભાવમાં ઉત્તેજના દોડી આવતી અને લાગણીના અતિરેકને લીધે આંખોમાંથી વેદના ટપકતી રહેતી.

પ્રેમલની સહૃદયતાપૂર્વકની સમજાવટ પણ મહદ્અંશે નિરર્થક જ નિવડતી. ''...તારી જાતને આવી બધી મનઃ સ્થિતિઓથી મુક્ત કરી દે. નહીં તો મનની સાથે તારું શરીર પણ ભાંગી પડશે. અરે, તારા આ સૌંદર્યને અકલ્પ્ય ગ્રહણ લાગી જશે સમજી ! સ્વાસ્થ્ય જળવાશે નહીં અને જીવનમાંથી આનંદ તથા ખુશી વિલાઈ જશે. જીવન જ નષ્ટ થઈ જશે. એમાં કેવળ દુઃખ, વેદના સિવાય કશું જ નહીં રહે ...''

''...હું જાણું છું કે આ રીતે જીવાય નહીં. જીવન અકારું થઈ પડે. પણ... ક્યાંક હું સ્વસ્થ બનવાનો પ્રયત્ન કરું છું, ત્યાં ફરી કોઈ દુઃખદ કે કટુ પ્રસંગ હૃદય

અને મનની લાગણીઓને, વિચારોને થીજવી દે છે...

મારી કિશોરાવસ્થામાં મારી જ એક સહાધ્યાયિની બહેનપણીની સાથે એના જ સગા ફુવાએ દુષ્કૃત્ય કર્યું હતું. એ વેળાએ એની માનસિક આઘાતની પીડા સાથે સહાનુભૂતિ દાખવવામાં હું સહભાગી બની હતી. બસ, એ વેળાથી જ મારા મનમાં અકળ મૂંઝવણ, દહેશત તથા અવશતાની ગ્રંથિ બંધાઈ ગઈ હતી.

પ્રેમલ, તું જાણે છે... હમણાં જ મારી ઑફિસના પટાવાળાની પત્ની, એનો પતિ દારૂના નશામાં ધૂત બની દરરોજ મારઝૂડ કરે છે... એવી ફરિયાદ લઈ ચોધાર આંસુએ રડતી મારી પાસે આવી હતી. મેં એક - બે વખત એના પ્રત્યે સહાનુભૂતિ દાખવી હતી. એટલે એની ફરિયાદ ફળદાયી નીવડશે... એવી ધારણાથી બિચારી આવી હતી. મેં તેને સાંત્વન આપ્યું અને પેલાને બોલાવી સમજાવ્યો... તો વળી એ ઊલટો તેની ઘરવાળીની અવનવી ફરિયાદો કરવા લાગ્યો. લો બોલો...''

''જો વંદના, આપણાથી આ રીતે વારંવાર આવા ક્ષુલ્લક પ્રસંગોએ 'જગતકાજી' બનવાની જરૂર નથી. એ લોકો એમની રીતે જ જીવશે. માટે આપણે કદી એમનાં પ્રસંગોમાં માથું મારવું નહીં...''

અરીસામાં પોતાને નિહાળતી વંદના આવા બધા પ્રસંગોને વાગોળતી હતી. અને દહેશતની શિથિલ ગ્રંથિ એના આવેગને રોકતી હતી. વંદનાએ આવા વિચારોને હવે માનસપટ પરથી ભૂંસી નાખવાનો મનોમન દૃઢ નિર્ધાર કરી લીધો હતો... ત્યાં તેણે પોતાના ખભા પર કોઈનો સ્પર્શ અનુભવ્યો !

અરીસામાં પોતાની સાથે તેણે પ્રેમલનું મનભર પ્રતિબિંબ જોયું. વંદનાએ ઝણઝણાટીભર્યો રોમાંચ અનુભવ્યો. મીઠી અવર્ણનીય ધ્રુજારી તેના સમગ્ર શરીરમાંથી વિદ્યુતપ્રવાહની જેમ દોડી દઈ !

પ્રેમલે વંદનાને પોતાના ગાઢ આશ્લેષમાં ભીંસી દીધી. પાછળથી જ એની મરોડદાર ગ્રીવા પર ઉષ્માભર્યું દીર્ઘ ચુંબન કર્યું કે જેની એ પોતે જ આતુરતાપૂર્વક ઝંખના કરતી હતી. પ્રેમલે હળવેથી તેનો હાથ પકડી ફૂલશય્યા તરફ દોરી. ગુલાબ અને મોગરાના પુષ્પોથી સજાવેલી સેજ પર વંદનાની કમનીય, મુલાયમ દેહલતાને બે હાથમાં ઊંચકી લઈ સુવડાવી દીધી. અને અત્યંત માર્દવતાથી એના દેહ પરથી પારદર્શક 'નાઈટી'નું આવરણ દૂર કર્યું. વંદનાની લુબ્ધકર માદક કાયાને મુગ્ધ બની એકટક જોતો જ રહ્યો. અને પોતાની બલિષ્ઠ બાંહોમાં જકડી લઈ અવિરત ચુંબનોથી ભાવવિભોર કરી વંદનાને અત્યંત મદોન્મત્ત બનાવી દીધી. વંદના પોતે પ્રેમલના

કામતપ્ત આલિંગનમાં બધું જ ભૂલી કામવિહ્વળ બની ગઈ.

ત્યાં જ એનામાં પેલી અવશ બનાવી દેનારી જડત્વ તરફ દોરી જતી વૃત્તિ સળવળી ઉઠવા ગઈ ! પેલા બળાત્કારી માનવપશુઓની લોલુપ પાશવતાના વિચારો ક્ષણ માટે આવી ગયા. પણ હવે તો વંદનાના અંગપ્રત્યંગમાં, રોમેરોમમાં જાગેલો આનંદ ફૂંફાડતા નાગની જેમ, હણહણતા ઘોડાની જેમ પ્રબળ વેગીલો બની ગયો હતો. ભૂતકાળમાં વારંવાર અનુભવેલી એની જડ પરવશતા નામશેષ બની ગઈ..! તે પોતાના ભાગ્યવિધાતાને પ્રાર્થી રહી... દૂર થાઓ હે બધી માનસિક નિર્બળતાઓ. હૃદયમાં વ્યાપી ગયેલા ભારણો. હવે એનાં બંધનો મને વીંટળાઈ નહીં શકે. હું મુક્ત મને બસ પ્રેમલ ઝંખે છે, એને ગમે છે એવી ઉત્તેજનાપૂર્ણ સ્થિતિ જ અનુભવવા ચાહું છું...

વંદનાને જે પરિસ્થિતિ સરજાવાની મનમાં સતત ભીતિ રહેતી હતી, એ થીજી જતી ગ્રંથિઓમાં પ્રબળ આવેગ ઉષ્ણ બની વહેતો થઈ ગયો. બંનેની કામાસક્ત સ્થિતિ પરસ્પરને બસ એકાકાર કરી રહી.

❖❖❖

૯. 

# લીલા

**પ્રસાદ બ્રહ્મભટ્ટ**

**સુવર્ણની** સાંકળથી બદ્ધ એવા અદ્‌ભુત કલાત્મક કીમતી હિંડોળા પર હીંચતા હીંચતા સુદામા પોતાના નૂતન નિવાસ-વિશાળ ભવ્ય મનોહર મહેલમાં ઝાંઝરનો કર્ણમધુર ઝંકાર કરી તીતલીની પેઠે ઊડાઊડ કરતી, પ્રભુકૃપાથી રાતોરાત નવયુવાન અને અપૂર્વ સુંદર બનેલી પોતાની પ્રાણપ્રિય પત્નીને નિહાળી ઘડીભર મુગ્ધ બની ગયા. સ્નાનાદિથી પરવારીને તે પોતાના પ્રસાધન કક્ષમાં શણગાર સજવા સહચરીઓ સાથે જઈ રહી હતી. શૃંગાર સિવાય પણ તે અત્યારે અનુપમ આકર્ષક લાગી રહી હતી. તેની પૂર્વકાલીન યુવાવસ્થામાં તે આટલી સુંદર ક્યારેય નહોતી લાગી - સુદામા મનમાં વિચારી રહ્યા. અલબત્ત પોતે પણ પ્રભુ પ્રસાદથી અત્યારે સૌષ્ઠવપૂર્ણ શરીર સંપદા ધરાવતા તેજસ્વી તરુણમાં રૂપાંતરિત થઈ ગયા હતા.

સહેજ વિચાર કરતાં સુદામાને સમજાયું કે આ બધી તો પ્રભુની લીલા છે. અત્યારે આ સત્ય ભાસે છે એટલું જ, વાસ્તવમાં તે સત્ય નથી. તો શું પોતાનું કદરૂપાપણું, દારિદ્રય અને બુભુક્ષા સત્ય હતાં ? કાલ સુધી જે નક્કર વાસ્તવ જણાતું હતું તે આજે તો અતીતની કટુસ્મૃતિ માત્ર બની રહ્યું છે. તો ખરેખર સત્ય શું અને મિથ્યા શું ? ઝૂલાની ગતિ સાથે સુદામાનું ચિત્ત પણ વિચાર વમળોમાં ઘુમરાવા લાગ્યું.

દુઃખ, દારિદ્રય અને ક્ષુધાની અસહ્ય પીડાથી ત્રસ્ત કૃષકાય પત્નીએ વારંવાર વિનંતી કરવાથી, આર્જવપૂર્ણ આજીજી કરવાથી સુદામા નાછૂટકે દ્વારકા જવા તૈયાર થયેલા. પોતે જેને મિત્ર માનેલ તે એક સમયના સહાધ્યાયી પણ સાંપ્રતમાં સમ્રાટ બની બેસેલ શ્રીકૃષ્ણ પાસે કશુંયે યાચવાની પોતાની લેશમાત્ર તૈયારી ન હતી. માત્ર વર્ષો પછી પોતાના મિત્રને મળવાની ઇચ્છાથી જ તે ગયેલા. સંપન્ન, શ્રીમંત બનેલો કૃષ્ણ પોતાના જેવા દરિદ્ર, દુર્બળ વૃદ્ધ માણસને આટલાં વર્ષે ઓળખશે કે કેમ અને કદાચ ઓળખે તો ઉષ્માપૂર્વક આવકારશે કે કેમ એની આખા રસ્તે સુદામા સતત ચિંતા કરતા રહેલા, પરંતુ સદ્ભાગ્યે શ્રીકૃષ્ણે તો પોતાને પ્રેમના પવિત્ર પીયૂષમાં પૂરેપૂરો પલાળી જ નાંખેલો. અષ્ટ પટરાણીઓની ઉપસ્થિતિમાં શ્રીકૃષ્ણે પોતાનું જે ભાવભર્યું સૌહાર્દપૂર્ણ સ્વાગત કરેલું તે યાદ કરતાં જ તેમની આંખો અત્યારે પણ હર્ષાશ્રુથી પ્લાવિત થઈ ગઈ.

પોતે દ્વારકામાં પગ મૂક્યો ત્યારથી જ આશ્ચર્યોની વણજાર શરૂ થયેલી. પોતાના વતન પોરબંદરની તુલનામાં દ્વારકા તો તેને ઇન્દ્રપુરી સદશ લાગેલી. આવો વિસ્મયકારક વૈભવ, આવી અપાર સમૃદ્ધિ આ મૃત્યુલોકમાં હોઈ શકે એ જ સાધુચરિત સુદામા માટે અકલ્પ્ય હતું. પોતે સંયમી શીલવંત ઋષિ હતા તોયે યાદવ રમણીઓના દેદીપ્યમાન રૂપલાવણ્યથી બે ઘડી અંજાઈ ગયા હતા.

કૃષ્ણનો ભવ્યતમ પ્રાસાદ નિહાળીને તો સુદામાનાં ચક્ષુ વિસ્ફારિત થઈ ગયેલાં. અને એમાંય બાળસખા શામળિયાએ જે સ્નેહસુધા વર્ષાવી તે તો અવર્ણનીય છે. દ્વારિકાની સમગ્ર સૃષ્ટિ સુદામાને સ્વપ્નસૃષ્ટિ ભાસેલી. પોતે પોરબંદરની યથાર્થ સૃષ્ટિ છોડી અહીં સ્વપ્નલોકમાં તો આવી ચડ્યો નથીને એવું પણ તેમને રાત્રે પ્રાસાદની સ્નિગ્ધ સુકોમળ શય્યા પર સૂતાં સૂતાં થયેલું. મિત્ર શ્રીકૃષ્ણ સાથે પોતે પ્રભાતે સમુદ્ર સ્નાન કરવા ગયા ત્યારે જે રોમાંચક ખોફનાક અદ્ભુત અનુભવ થયો તે સંભારતા અત્યારે પણ સુદામા નખશિખ ધ્રૂજી ઊઠ્યા.

પ્રભાતે ઊઠીને પોતે ગોમતીના સંગમસ્થાને સ્નાન કરવાની ઇચ્છા વ્યક્ત કરતાં સુહૃદ કૃષ્ણે પટરાણી રુકિમણીને કહ્યું, ''અમે સાગરસ્નાન કરવા જઈએ છીએ. સંભવતઃ પાછા ફરતા વિલંબ થાય તો ચિંતા ના કરતા. અમે આવીએ ત્યાં સુધીમાં રસોઈ તૈયાર કરાવી રાખજો.''

રુકિમણીએ ભાવપૂર્વક કહ્યું, ''રસોઈ તો ક્યારનીયે શરૂ થઈ ચૂકી છે.તેથી બહુ મોડું ના કરતા.''

કૃષ્ણ અને સુદામા દરિયાકિનારે પહોંચ્યા. રસ્તામાં તેમને વિચાર આવ્યો કે કૃષ્ણને કેટલાક લોકો ભગવાન માને છે. તેમણે અનેક અકલ્પ કૃત્યો કર્યા છે. તેમની લીલા અપરંપાર છે. તો લાવને હું પણ તેમની લીલાનો પરચો મેળવું. આવો વિચાર આવવાથી કિનારે પહોંચતા જ સુદામાએ કૃષ્ણને કહ્યું, ''મિત્ર, સાંભળ્યું છે કે તમારી લીલાઓ અપાર છે. મારા પર તમે કૃપા તો કરી જ છે પણ હજુ થોડી વધુ કૃપા કરી તમારી એકાદ લીલા મને ન બતાવો ?''

સંમોહક સ્મિત વેરીને શ્રીહરિએ કહ્યું, ''શા માટે ન બતાવું ?'' પણ તમને એ પસંદ પડશે જ એવું હું ધારતો નથી.''

મિત્રના વિધાયક વલણથી સુદામા સોત્સાહ બોલી ઊઠ્યા. ''તમે એની ફિકર ના કરો. તમારી કોઈ પણ લીલા મને ગમશે જ. એકાદ લીલા જોવાની મને તીવ્ર ઇચ્છા થઈ છે.''

કૃષ્ણે નિઃસ્પૃહતાપૂર્વક કહ્યું : ''જેવી તમારી મરજી.''

થોડી ક્ષણો ચૂપકીદી છવાઈ ગઈ. મહેરામણનાં મોજાંના ધીરગંભીર ધ્વનિ સિવાય કશું સંભળાતું ન હતું. બંને જ્ઞાની પુરુષો ઘડીભર મહાસાગરને નિરખી રહ્યા. સુદામાએ જોયું, દૂરથી મોજું ધસમસતું આવે છે પણ કિનારે આવતાં શાંત થઈ જાય છે. બીજી જ ક્ષણે બીજું મોજું ધસી આવે છે, તેની પણ એ જ હાલત થાય છે. સાગરમાં અસંખ્ય મોજાંઓ ઊઠે છે અને વિરમી જાય છે, પણ સાગર રહે છે. સુદામાને પ્રશ્ન થયો : શું સાગર સત્ય છે અને મોજાં મિથ્યા ? તે આગળ કશું વિચારે તે પહેલાં કૃષ્ણે તેમને ઢંઢોળ્યા, ''મિત્ર, સ્નાન કરવું નથી ?''

''જરૂર કરવું છે.'' કહી સુદામા અધોવસ્ત્ર ઉતારવા લાગ્યા પણ કૃષ્ણે તેમને તેમ કરતાં અટકાવ્યા. માત્ર ઉપરણા ઉતારી બંને મિત્રોએ ડૂબકી લગાવવાની તૈયારી કરી. સુદામા સમુદ્રમાં ઝંપલાવે તે પૂર્વે તેમને ઉદ્દેશી કૃષ્ણે કહ્યું, ''મિત્ર, તમને યાદ છે - આપણે ગુરુના આશ્રમમાં અધ્યયન કરતા હતા ત્યારે અવારનવાર સરિતામાં સ્નાન કરવા જતા હતા. એ વખતે આપણે સુદીર્ઘ સમય સુધી નીર નીચે અવગાહન કરવાની રમત રમતા હતા !''

સુદામાએ કહ્યું, ''હા, હા, મને કેમ યાદ ન હોય ? એવી રમતમાં તમે જ દર વખતે જીતી જતા હતા.''

કૃષ્ણે પ્રસ્તાવ મૂક્યો, ''આજે પણ આપણે એ રમત રમીએ. આપણે બંને

એકસાથે ડૂબકી લગાવીએ. જે વધારે સમય પાણી નીચે રહે અને ખૂબ દૂર નીકળે તે જીત્યો ગણાય. છે મંજૂર ?''

સુદામાએ આત્મવિશ્વાસથી રણકતાં સ્વરે કહ્યું : ''મંજૂર.''

એક-બે-ત્રણ બોલતાં જ બંને દોસ્તોએ દરિયામાં ડૂબકી લગાવી.

સુદામાએ નાક બંધ કરી પાણીમાં ખૂબ નીચે ડૂબકી લગાવી. તેમણે નક્કી કર્યું કે આજે મારે જીતવું જ છે. હું જલ્દી બહાર નહીં નીકળું. શ્વાસ રોક્યો હોવાથી ગુંગળામણ થવા લાગી છતાં હિંમત દાખવી તેમણે જળમાં નીચે દૂર દૂર સરવા માંડ્યું. થોડીવારમાં તેમણે બાહ્ય ભાન ગુમાવ્યું.

આંખો ખૂલી ત્યારે સુદામાએ પોતાને કોઈ અણજાણ કિનારે પડેલા જોયા. સફાળા ઊભા થઈ તેઓ આંખો ચોળી ચારેબાજુ નિહાળવા લાગ્યા. પરિચિત શ્રીકૃષ્ણ કે દ્વારિકા ક્યાંય દૃષ્ટિગોચર થયાં નહીં. આ ક્યો પ્રદેશ છે, પોતે ક્યાં આવી પહોંચ્યા છે એ તેમને સમજાયું નહીં, કોઈ મનુષ્ય નજરે પડે તો તેને પૃચ્છા કરું એમ તેઓ વિચારતા હતા ત્યાં આઠ-દસ પુરુષોનું ટોળું પોતાના તરફ આવતું તેમણે જોયું. તેઓ ઉત્સાહપૂર્વક મોટે મોટેથી કંઈક વાત કરતા હતા પણ તે ભાષા સુદામા સમજી શક્યા નહીં. પણ એ વનવાસી જેવા માણસો તેમનો હાથ પકડી તેમને પોતાની સાથે આવવા ઈશારાથી જણાવવા લાગ્યા.

પોતાનું શું કામ છે, શા માટે આ અબૂધ મનુષ્યો પોતાને લઈ જાય છે એ કશું સુદામા સમજી ના શક્યા. એમને એ અડબંગ આદમીઓને આજીજી કરી પોતાને છોડી દેવા વિનંતી કરી પણ તેમના પર તેની કશી અસર ના થઈ. તેઓ તો તેમને ખેંચીને એક મોટા ઝૂંપડામાં લઈ ગયા. પુરુષોના પહેરવેશ અને તેમની અસંસ્કૃત ભાષા તેમજ અસંસ્કારી વર્તણૂક પરથી તેઓ વનવાસીઓ છે તેનો અણસાર સુદામાને આવી ગયો. ઝૂંપડામાં જઈને સુદામાએ જોયું. એક સિંહાસન પર આ લોકોનો આગેવાન, કદાચ તેમનો રાજા બિરાજમાન હતો. તેની પાસે જઈ આ ટોળાના એક પુરુષે ઝૂકીને કંઈક કહ્યું : રાજાએ ... સંમતિ સૂચક શબ્દ ઉચ્ચાર્યો. ટોળાએ આનંદની કિકિયારી કરી.

આ બધું શું થઈ રહ્યું એ સમજવા સુદામા પ્રયાસ કરવા લાગ્યા. તેમને અહીં ખેંચી લાવનાર પુરુષો એક અન્ય ઝૂંપડામાં લઈ ગયા. ત્યાં તેમનાં વસ્ત્રો બદલવામાં આવ્યાં. તેમને વનવાસી પદ્ધતિ પ્રમાણે શણગારવામાં આવ્યા. વચ્ચે વચ્ચે સુદામા હાવભાવ દ્વારા, ઈશારા દ્વારા પોતાની અસંમતિ, વિરોધની વાત વ્યક્ત કરવા મથતા

રહ્યા પણ પેલા પુરુષો તેમની કોઈ વાત જાણવા, સમજવા તૈયાર ન હતા. તેઓ તો તેમને વરરાજાના વેશમાં સજાવી વાજતેગાજતે લગ્નમંડપમાં લઈ ગયા. તે લોકોના પુરોહિતે કશીક માંગલિક વિધિ શરૂ કરી. થોડીવારમાં એક પ્રમાણમાં પ્રૌઢ સ્ત્રીને વધૂના વેશમાં મંડપમાં લાવવામાં આવી. તે સમાજની વિધિ અનુસાર લગ્ન સંપન્ન થયાં. આ બધું કેમ થઈ રહ્યું છે એ સુદામાને સમજાયું નહીં. તેમની ઈચ્છા કે તેમના મનોભાવોની એ લોકોને કશી પરવા હોય એમ લાગ્યું નહીં.

લગ્નવિધિ પછી સુદામાને તેમની નવોઢા સ્ત્રી સાથે એકાંતમાં આવેલી અલાયદી ઓરડીમાં પહોંચાડવામાં આવ્યા.

સુદામાને ક્રમશઃ કેટલીક સમજ પડવા લાગી. તે લોકોની ભાષા પણ તેઓ ભાંગી તૂટી સમજવા બોલવા લાગ્યા. જે દિવસે આ ટાપુ પર તેમનું આગમન થયેલું તેના એકવીસ દિવસ અગાઉ પેલી પ્રૌઢાના પતિનું નિધન થયું હતું. એ સ્ત્રીના સંબંધી પુરુષો તેને માટે યોગ્ય પુરુષની શોધ કરતા હતા. ત્યાં તેમની નજરે સુદામા પડ્યા. તેઓ સુદામાને તેમના સરદાર પાસે લઈ ગયા. તેમની સંમતિથી તેમના રિવાજ પ્રમાણે તેમનાં લગ્ન પણ થયાં. એ સ્ત્રીને અગાઉના પતિથી ચાર સંતાન હતાં. સુદામાએ તેમને પણ અપનાવવાં પડ્યાં. એ બાળકોને જોઈ તેમને પોતાની પોરબંદર સ્થિત પતિવ્રતા પત્ની અને ઓશિયાળાં બાળકો યાદ આવી ગયાં. તેમની આંખો ભરાઈ આવી. પોતે ક્યાં આવી ગયા છે અને પોતાની પત્ની, પુત્ર, પુત્રીઓ પોતાના વિયોગે શું કરતાં હશે એની કલ્પના કરી તેઓ વ્યથિત થતા અને પોતાની અવદશા માટે કૃષ્ણને જવાબદાર ગણી મનોમન ભાંડતા, પરંતુ હવે અહીંથી પોતાનો છુટકારો ક્યારે અને કેવી રીતે થશે એનો તેમને કશો અંદાજ ન હતો.

સુદામાને ધીરે ધીરે વનવાસી જીવન સદી ગયું. તેઓ સહજપણે એ જીવન જીવવા લાગ્યા. પોતાની આ વનવાસી પત્નીને પૂર્વ પતિથી ચાર સંતાનો તો હતાં જ, સુદામાથી બીજાં બે થયાં. છ બાળકોના ઉછેર અને ભરણપોષણ માટે તેમણે આખો દિવસ કંઈક પરિશ્રમ કરવો પડતો. પોરબંદરમાં તો તેમણે આમાંનું કશું કર્યું ન હતું. ત્યાં તો સ્વાધ્યાય અને જપ-તપમાં તેમનો સમય પસાર થતો. શારીરિક શ્રમ તો તેમણે ક્યારેય કર્યો ન હતો. તેમ છતાં તેઓ આ જીવનથી ટેવાઈ ગયા હતા. અહીં તેમણે વહેલી સવારે ઊઠીને લાકડાં કાપવાં જવું પડતું. કોઈવાર માછલીઓ પકડવા અને કવચિત શિકાર કરવા પણ જવું પડતું. અન્ય વનવાસીઓ સાથે તેઓ આખો દિવસ આ બધાં કામો કરતા. સાંજે ઘરે પાછા ફરતા ત્યારે થાકી જતા. બાળકો

વીંટળાઈ વળતાં. ભોજન પછી શય્યામાં તેઓ પત્નીના બાહુપાશમાં જકડાઈ જતા. પોતાને પોરબંદરમાં પ્રેમાળ પતિવ્રતા પત્ની અને આજ્ઞાંકિત બાળકો હતાં તથા પોતે પવિત્ર, સંયમી, તપસ્વી ઋષિતુલ્ય જીવન જીવતા હતા એ બધું જાણે સુદામા વિસરી ગયા અને એક અબૂધ અડબંગ વનવાસી જેવું પશુતુલ્ય જીવન જીવવા લાગ્યા !

વર્ષોનાં વહાણાં વાયાં. સુદામાએ વન્ય રીતરસમ મુજબ બે પુત્ર અને એક પુત્રીનાં લગ્ન પણ કરાવ્યાં. પોતે તો હવે સાવ વૃદ્ધ થઈ ગયા હતા. વનવાસી પત્ની પણ હવે વૃદ્ધ થઈ ગઈ હતી. એકવાર તે ખૂબ બીમાર પડી. ઘણા દિવસ સુધી તેની બીમારી ચાલી. સુદામા દિવસે કામ કરતા અને સાંજે ઘરે આવી પત્નીની સેવાચાકરી કરતા. આ મુલકમાં મહિલાઓનો મહિમા મોટો હોવાથી પુરુષોએ તેમની ગુલામી કરવી પડતી અને સેવાચાકરી પણ કરવી પડતી. પત્નીની બીમારી ઉત્તરોત્તર વધવા લાગી. સુદામા પત્નીની વ્યાધિથી વિશેષ વ્યથિત થયા. યથાશક્તિ દવા-દારૂ પણ કરાવ્યાં. પણ પત્નીને બચાવવાના બધા પ્રયાસો વિફળ નીવડ્યા. એક દિવસ મોડી રાતે તેનું અવસાન થયું. કુટુંબકબીલાના બધા સદસ્યો એકત્ર થયા. સવારે અગ્નિસંસ્કારની તૈયારી થવા લાગી.

આટલાં વર્ષો આ ટાપુ પર પસાર કર્યા પછી સુદામાને સમજાઈ ગયું હતું કે આ પછાત પ્રદેશમાં સ્ત્રીસત્તાક સમાજવ્યવસ્થા છે. કબીલાનો સરદાર ભલે પુરુષ હોય છે પણ કુટુંબમાં, સમાજમાં સ્ત્રીઓ વર્ચસ્વ ધરાવે છે. પતિ-પત્ની પૈકી પુરુષનું મૃત્યુ થાય તો સ્ત્રી અન્ય પુરુષ સાથે લગ્ન કરી શકે છે, પણ સ્ત્રીનું મૃત્યુ થાય તો તેના પતિએ તેની સાથે જીવતાં બળી મરવું પડતું. તેમણે ટાપુ પરના તેમના નિવાસ દરમ્યાન ત્રણેક પુરુષોને આ રીતે અકાળે મરતા કહો કે મારી નંખાતા જોયા હતા. હવે પોતે પણ આ રીતે જીવતાં આગમાં બળી મરવું પડશે એ વિચારમાત્રથી સુદામાનાં ગાત્રો ધ્રૂજવા લાગ્યાં. આખી રાત તેઓ ભયના ઓથાર નીચે ઊંઘી શક્યા નહીં. અગ્નિનો સ્પર્શ થતાં જ પોતાને કેવી અસહ્ય અપાર વેદના થશે એની કલ્પના માત્રથી તેમનું હૃદય વેગપૂર્વક ધડકવા લાગ્યું.

સવાર થતાં જ સુદામાની પત્નીના મૃતદેહને સાગરકિનારે સ્મશાનભૂમિમાં લાવવામાં આવ્યો. તેને સ્મશાનમાં નીચે મૂકીને તેના પર લાકડાં ગોઠવવામાં આવ્યાં. પછી સુદામાને લાકડા પર બેસાડી તેમના પુત્ર દ્વારા અગ્નિદાહ આપવામાં આવ્યો. ચિતાની ચારેકોર પુરુષો વીંટળાઈને ઊભા રહ્યા. આગની લપટો ધીરે ધીરે સુદામાની સમીપ આવવા લાગી. એ લપટોનો સહેજ સ્પર્શ થતાં જ સુદામા ચિતા પરથી મૂઠી

વાળીને ભાગ્યા. કેટલાક પુરુષો તેમને પકડવા પાછળ દોડ્યા. પણ પોતાને કોઈ પકડી પાડે તે પૂર્વે તેમણે પૂરી શક્તિથી વેગપૂર્વક દોડી દરિયામાં ઝંપલાવ્યું. પેલા કાતિલ વનવાસીઓ પોતાને પકડી આગમાં ઝોંકી ના દે તે માટે તેઓ નાક બંધ રાખી જળમાં ત્વરાથી સરવા લાગ્યા. પોતે પર્યાપ્ત અંતરે દૂર પહોંચી ગયા છે એમ લાગવાથી ઠીક ઠીક સમય પછી સુદામાએ પાણીમાંથી મોઢું બહાર કાઢ્યું. ગુંગળામણ, ગભરામણ થવાથી બહાર નીકળી તેઓ જોર જોરથી હાંફવા લાગ્યા. પણ આંખો સામે શ્રીકૃષ્ણને જોઈ અચંબામાં પડ્યા.

સુદામાને જોઈ શ્રીકૃષ્ણ હસવા લાગ્યા; ''તમે તો ઊંડી અને દીર્ઘ ડૂબકી લગાવી ભાઈ ! આજે તો તમે જ ખેલ જીતી ગયા, કેમ ?''

''ઓ તમારું ભલું થાય ! આને તમે ખેલ કહો છો ? આ તમારી લીલા છે ? તમે તો અહીં તીરે ઊભા ઊભા તમાશો જુઓ છો અને અહીં મારો તો જીવ નીકળવો જ બાકી રહ્યો હતો !'' સુદામાએ રોષપૂર્વક કહ્યું.

''શું કરું, ભાઈ ? તમારે તો કોઈ પણ સંજોગોમાં મારી લીલા જ જોવી હતી ને ? મેં તો તમને પહેલેથી જ ચેતવ્યા હતા કે આ લીલા તમને પસંદ નહીં પડે. છતાં તમે આગ્રહ કર્યો એટલે મારે ના છૂટકે તમને બતાવવી પડી.''

''લીલાધર ! હવે તમારી લીલાઓ સંકેલો. આપણે જલ્દી ઘરે જઈએ. રૂકિમણી ભાભી તો પ્રતીક્ષા કરીને જ થાકી ગયાં હશે.''

''મને તો એવું લાગતું નથી.'' કહી કૃષ્ણે માર્મિક સ્મિત કર્યું.

સાચે જ બંને મિત્રો પ્રાસાદમાં પાછા ફર્યા ત્યારે રસોઈ તૈયાર થઈ ન હતી. તેમને જોતાં જ રુકિમણી કૃષ્ણને કહેવા લાગ્યાં : ''આર્યપુત્ર, તમે તો કહેતા હતા કે પાછા ફરતાં કદાચ વિલંબ થશે; જ્યારે આ તો તમે ગયા એવા તરત જ પાછા આવ્યા ! આટલી બધી ઉતાવળ કેમ કરી ?''

સુદામા સામે સૂચક દૃષ્ટિપાત કરી કૃષ્ણે કહ્યું, ''મને તો ત્યાં હજુ રોકાવામાં કશો વાંધો ન હતો પણ મિત્ર સુદામાને લાગ્યું કે ઘણું મોડું થઈ ગયું હશે તેથી તેમણે જ પાછા ફરવાની ઉતાવળ કરાવી.''

'ભલે' હવે વહેલા આવી જ ગયા છો તો થોડીવાર હિંડોળા પર બેસો. રસોઈ તૈયાર થતાં જ હું તમને બોલાવીશ.''

''થોડી ક્ષણોમાં પાછો ફરું છું.'' એમ કહી કૃષ્ણ પોતાના ખંડમાં ગયા.

સુદામા સુવર્ણની સાંકળવાળા ઝૂલા પર બેઠા. વિસ્મિત થઈ તેઓ આ કીમતી કલાત્મક ઝૂલો નિહાળી રહ્યા અને પોતાના સહાધ્યાયી એવા કૃષ્ણનો આજે કેવો ઠાઠમાઠ છે, તેની પાસે કેવી અપાર સાહ્યબી છે એ વિચારી અંતરમાં થોડો ઈર્ષ્યાભાવ પણ અનુભવી રહ્યા. બીજી બાજુ તેમની અદ્‌ભુત લીલાનો વિચાર કરી મનોમન કશીક વિમાસણમાં સરી પડ્યા.

''ક્યારના ઝૂલતાં ઝૂલતાં શું વિચાર્યા કરો છો ?'' સોળ શણગાર સજી સામે આવી ઊભેલી તરુણ રમણી પત્નીએ પ્રિયતમ સખા સુદામાને સ્નેહપૂર્વક પૃચ્છા કરતાં તેમની વિચારમાળા તૂટી. પ્રિય પત્નીના અદ્‌ભુત રૂપ સૌંદર્યને એકીટશે નિહાળી સુદામાએ કહ્યું : ''પ્રભુની અકળ લીલાનો વિચાર કરું છું.''

❖❖❖

## (૧૦.) ગણપતલાલ

**◂ રામજી કડિયા**

**ગણપતલાલ** રોજ સવારે ખભે થેલો લટકાવી ઘેરથી તેમની જગાએ આવીને બેસી જતા. 'ગ્રીનિચ હેર સ્ટાઇલ' દુકાનના પાછળના ઓટલે થેલો ખોલી નાની પેટીમાંથી હજામત કરવાનાં ઓજારો કાઢીને ગોઠવી દેતા. પાછળના નળેથી બાટલો ભરી પાણી લાવી દેતા; પછી અસ્ત્રાની ધાર લટપટિયા ઉપર ચકચકતી કરતાં કરતાં રોડ ઉપર જોઈ રહેતા. લટપટિયા સાથે અસ્ત્રાની દોસ્તી એક સૂર પેદા કરતી. એક સ્વચ્છ આસન બિછાવી દેતા. એ ખંખેરવામાં એમની ઝાપટનો અવાજ રોડ સુધી પહોંચી જતો. વધેલી દાઢીવાળું એમનું ઘરાક સીધું ઓટલે આવીને બેસી જતું. ફીણના આછા ગોટા ઉપર ફરતો અસ્ત્રો ઘરાકને ઘડીભર ઊંઘાડી દેતો.

''મને બધી ખબર છે. લે. હવે બગલ ઊંચી કર.'' ચીંચીં કરતી કાતર મૂકીને ગણપતલાલ એ વખતે અસ્ત્રો બદલતા. પછી કહેતા, અસલ 'જાપાન મેડ' છે. ધાર ઉપર આંગળી ધીમેથી ફેરવી લેતા; પછી એક લસરકામાં વાળનું ગૂંચળું નીચે. પાણીનો ફુવારો મોં પર પડે એટલે ઘરાક બંધ આંખે ખુશખુશાલ થઈ જતો.

''કાકા, ઊંઘ આવી જાય છે. ખબરે નથી પડતી તમારા હાથે. આ અસ્ત્રો સારો છે કે તમારો હાથ, જાણે પીંછી ફરતી હોય એવું સુંવાળું લાગે છે !'' ગણપતલાલ

આછું હસી પડતા. ઘરાકનો સંતોષ એમના મોં પર દેખાતો. ''આનાથીય ભારે અસ્ત્રા મેં કરાંચીમાં વાપરેલા છે; આ વાળ કટ મશીન તો ત્યારે અમે વિલાયતથી મંગાવતા. મોટા મોટા ગોરા બાબુઓ મારી દુકાને આવતા. રૂપિયાની નોટો ધરે પછી બાકી પૈસા લે જ નહીં. એ સમયમાં હું થોડાં વરસ કરાંચી રહી આવેલો. અમારો પણ એ જમાનો હતો. અત્યારે તો પૈસા પ્રમાણે ગણી ગણીને વાળ કાપવાના. એમાં આદમીનો તાજો ચહેરો કયાં દેખાય છે ? સહેજ પરફ્યુમ ને પાઉડર છાંટીને લૂછી આપે છે. અમે તો અફઘાન સ્નો લગાવતા એમાં બધું આવી જાય. મોઢું ફૂલ જેવું લાગે; પછી આયનો ધરીએ એમાં એની આંખો નાખી ઊઠે. બીજી વાર એ ઘરાક અહીં આવે જ ને ! તમે માનશો ? ઘરાકો મને શોધતાં શોધતાં આવે છે. આગળ આ 'ગ્રીનિચવાળી' મારા છોકરાઓની દુકાન છે. એમાં ચાર રિવાલિંગ, મોટા સિંહાસન જેવી ખુરશીઓ છે. અમે આખી ભીંતે કાચના બેલ્જિયમ દર્પણો જડેલાં છે. બે છોકરા ને બે કારીગરો છે. એ.સી.વાળી દુકાન છે હોં ! પણ ઓટલે જ મારા ઘરાકો આવે છે. સાચી ઠંડક તો અહીં છે; જુઓ છો ને આ લીમડાનો પવન કેવો સરસર હેંડ્યો આવે છે !''

બીજો ઘરાક ત્યાં આવીને ઊભો રહે છે. કપડાંની ઝાપટ શરૂ થાય છે. ગ્રીનિચવાળો સોમભાઈ સનસ્ટોક કાચનું બારણું હડસેલીને બહાર આવે છે. ''બાપા, તમે વારંવાર આમ ઝાપટ ઝાપટ ના કરો. અવાજ આવે છે. કચરો ઊડે છે.''

''ચોખ્ખાઈ તો રાખવી પડે ને ભૈ !''

''અમારી ઘરાકી બગડે છે.''

''તારી ઘરાકી ક્યાંથી લાવ્યો ? આ બધી ઘરાકી તો 'ગણપત હેરકટિંગ સલૂન'ની છે. 'ગણપત'માંથી 'ગ્રીનિચ' કરી નાખ્યું એટલે બધું બદલાઈ ગયું...? ના...ના. આ તો જમાનો બદલાણો એટલે નવી હવા ફરી વળી છે. નહીં તો આ જગાના મને થેલો ભરીને રૂપિયા મળતા હતા. પણ તમારા સારુ સાચવી રાખી એટલે અમે જૂના થઈ ગયા ?''

ઊભેલો ઘરાક બોલ્યો : ''કાકા ખરું કહે છે. અમે એમના જૂના ઘરાક છીએ. જ્યારે આ રોડ પર કશુંય નહોતું ત્યારે ગણપત હેર કટિંગ દૂરથી દેખાય, અને અમે બધા અહીં આવીને બેસીએ. ગણપતકાકાની કરાંચીની વાતો સાંભળીએ.''

કરાંચીની વાત આવતા ગણપતલાલ હરખાઈ ઊઠતા. એમનો વૃદ્ધ ચહેરો ખીલી ઊઠતો.

‘‘સોમા, પૂછ આ ઘરાકોને... તારા બાપની વાતો. કરાંચીવાળા ગણપતલાલની દુકાન અહીં નવી નંખાઈ ત્યારે આજુબાજુના ગામોના જવાનિયાઓ મારી પાસે આવી ચહેરો કઢાવી જતા. આ તો હવે છોકરા મોટા થયા એટલે મારગ આપણે આલવો પડે.’’

‘‘હાસ્તો કાકા, પણ તમારી હથોટી નથી બદલાઈ.’’ ઘરાક બોલ્યો. ‘એ હથોટી ઉપર તો આ ગણપત હેરકટિંગમાંથી ગ્રીનિચવાળું કટિંગ થઈ ગયું... મરશે..! આપણે શું કામ બદલાઈએ ? છોકરાઓને જે કરવું હોય તે કર્યે જાય.’’

‘‘પણ બાપા, તમે હવે ઘેર રહીને તમારી ઘરાકી સાચવો ને. અહીં અમારી ઈજ્જત બગાડો છો. ઘેર રહી આરામ કરો’ સોમો બોલ્યો

‘‘અલ્યા, ઈમાં ઈજ્જત બગડી કહેવાય ? બાપ ઈનો ધંધો કરે ઈમાં તમને શું નડે છે ? બે પૈસા આવશે એ તમારા જ છે ને !’’

‘‘કાકા, આ સોમાભાઈ ખરું કહે છે. તમે હવે નિવૃત્ત થઈ જાઓ, પ્રભુ ભજો.’’ ઘરાક બોલ્યો.

‘‘એલા, તુંય મને ના પાડે છે ? પછી અમારા મોઢાં કોણ લૂછશે ?’’ ગણપતલાલે ઘરાક સામે જોયું.

‘‘આ તમારા છોકરાઓ છે ને.’’

‘‘ના, ના... મારે મારી ઘરાકી સાચવવાની. ઘરાકમાં જ મને ભગવાન દેખાય છે. આ શરીરમાં જીવ હશે ત્યાં સુધી મારે હાથપગ હલાવવાના. એ ઉપર તો એમની સાહ્યબી થઈ. આ ફૉરેન કટની દુકાન થઈ. પેલા નાના ઘરમાંથી બંગલો થયો. હવે ઘેર બેસી ધંધો કરું તો વહુઓ કહેશે- બાપા, બંગલાના ઓટલે આ ના શોભે ! બોલો, હવે મારે કરવું શું ?’’ કાકાએ સોમા સામે જોયું.

‘‘તમે બંગલા બહાર ખાટલો નાખીને બેસોને.’’ સોમો બોલ્યો.

‘‘હવે ઈમ જ કરીશ ભૈ.’ તું તારે મારા ઘરાકને ઘેર મોકલજે, ને કહેજે કે કરાંચીવાળા ગણપતલાલ સામેની સોસાયટીના બંગલે બેસે છે. આ રોડ ઉપરથી સીધા ખૂણે વળી જાવ. ઈમ કહીને મોકલવાના.’’ ઘડીક શ્વાસ લઈને ગણપતલાલે સામે બેઠેલા ઘરાકને પતાવવા માંડ્યું.

બીજો છોકરો મણિલાલ અંદરથી બહાર આવ્યો. બોલ્યો : ‘‘સોમભાઈ, હવે અત્યારમાં લમણાંઝીંક ના કરો. બાપા તો છે જ એવા...’’

''એવા એટલે કેવા ? કહે ને મને.'' અસ્રો થંભાવીને ગણપતલાલ જોઈ રહ્યા. લટપટિયા ઉપર અસ્રો ઘસતાં એમનો ગુસ્સો વધી ગયો. લટપટિયાનો અવાજ પણ વધી ગયો.

બીજા દિવસથી ગણપતલાલ ગ્રીનિચ હેર સ્ટાઇલવાળા ઓટલે દેખાયા નહીં. એમના ઘરાકો ઘડીક ઊભા રહી જતા. ગણપતકાકા નજરે ન પડતાં પણ અંદરથી સોમો કે મણો બહાર આવી એમને ઘેર ન મોકલતો. ઘરાક બીજે વળી જતાં.

એક દિવસ સવારમાં ગ્રીનિચવાળી દુકાન ઊઘડીય નહોતી અને એક મિલિટરીની ગાડી આવીને થોભી ગઈ. ઊતરેલા મિલિટરીવાળાને સોમાએ અંદર આવવા ડોર પુશ કર્યો. અફસર જેવો લાગતો એક સૈનિક અંદર ગયો. ખુરશીમાં ગોઠવાઈ ગયો. સોમાએ એના કહેવા મુજબ કટિંગ શરૂ કર્યું. થોડીવારે એ એકદમ ઊભો થઈ ગયો... ''બેવકૂફ છે તું ? મારી દાઢી મૂછનો કટ બદલી નાખ્યો ? કાન પાસેના આ થોભિયાને બગાડી નાખ્યા. ખબર નથી પડતી મારા ચહેરાના કટ ઉપરથી ?'' ગુસ્સે થયેલો એ બહાર ધસી આવ્યો, ''તું ગણપતકાકાનો દીકરો છે ?''

''હા સાહેબ.'' સોમો બોલ્યો. મણો ગભરાતો એક બાજુ ઊભો રહ્યો.

''ક્યાં ગયા કાકા ?''

''હવે ઘેર રહે છે.''

''જા, બોલાવી લાવ. કહેજે કે હરિભાઈ મુખીનો મેજર જગદીશ આવ્યો છે.''

''ખાસ કામ છે ?'' સોમો નરમ અવાજે બોલ્યો.

''હા... હા... રહેવા દે, મારે મળવું છે. ચાલ મારી સાથે.'' કહી ઊભેલી ગાડીમાં મેજર સોમાને લઈને ઊપડ્યો.

મિલિટરીની ગાડી સોસાયટીમાં આવેલી જોઈને સૌ બહાર નીકળી આવ્યાં. ઘર આગળ સોમાએ ગાડી થોભાવી. ખાટલામાં બેઠેલા ગણપતકાકા એકદમ ઊભા થઈ ગયા. ફાટી આંખે તાકી રહ્યા. મેજર જગદીશ કૂદકો મારી નીચે ઊતર્યો. જોનારા ઊંચાનીચા થઈ ગયા. મેજર નજીક જઈ ગણપતકાકાના પગે પડ્યો.

''અલ્યા, જગદીશભૈ તમે છો ? મોટાસાહેબ થૈ જ્યા છો ભૈ !'' કહી ભેટી પડ્યા.

''ના, કાકા, હું એ જ જગો છું. તમારા ખોળામાં બેસાડી તમે મારા વાળ કાપતા હતાં, ને હું રડ્યે જતો હતો.'' મેજર ખાટલામાં બેઠો. અંદરથી ખુરશીઓ

આવી. ગણપતકાકાએ બેસવા આગ્રહ કર્યો. ‘‘ના, કાકા, તમારી પાસે ખાટલામાં બેસવા દો !’’

ગણપતલાલ અતીતમાં ખોવાઈ ગયા.

ગામના મુખી હરિભાઈ હતા. કાકા એમના ઘરાક. ઘેર જઈ નિયમિત દિવસોએ જુવાન ગણપતલાલ હરિમુખીની હજામત કરી આવે. વરસે દહાડે મુખી ગણપતને ચાલે એટલો દાણોદૂણી મોકલી આપે. ગામના છેડે મુખીના લીંબુડીઓવાળા ખેતરમાં ગણપતને પાણી પાવા મોકલે ત્યાં એ લીંબુડીઓની માવજત કરે, દેખરેખ રાખે. બાકીના સમયમાં ગણપત ગામમાં એની ઘરાકી સાચવે. વચ્ચે થોડાં વરસ કરાંચી જઈ આવ્યા. પાછા આવ્યા ત્યારે ગામમાં બધું બદલાવા માંડ્યું હતું. નાના ગામમાં રોનક વધી હતી. શહેરની હવા લાગેલી હતી. હરિભાઈના લીંબુડીવાળા ખેતરની આરપાર ડામરનો રોડ નીકળ્યો હતો. એ રોડ ઉપર સ્કૂલો અને દવાખાનાં માટે મોટાં મોટાં મકાનો થયાં હતાં. હરિભાઈ તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા હતા. જગદીશ મિલિટરીમાં જોડાઈ ગયો હતો. ગણપતલાલ હરિભાઈને મળવા શહેરમાં જઈ આવ્યા.

‘‘ગણપત, તું હવે મારું ઘર અને થોડી લીંબુડીવાળી કટકો જમીન બચી છે તે સાચવ અને એ ખેતરની જમીનમાંથી કપાયેલો એક નાનો ખૂણો ગામની નજીક પડે છે ત્યાં તને કાચી-પાકી દુકાન હું બનાવી આપું છું. તારો ધંધો શરૂ કર.’’

ગણપતલાલને ભગવાન મળ્યા ! ત્યાં ‘ગણપત હેરકટિંગ સલૂન’ શરૂ થયું. પછી તો એ રોડ પર બજાર જામવા માંડ્યું. જગદીશ મેજર બન્યા પછી ગામલોકોએ એને બોલાવી સન્માન કર્યું હતું. ગણપતલાલે લાલ ગુલાબનો મોટો હાર ચડાવ્યો ત્યારે મેજર નમી પડ્યો હતો. ‘‘કાકા, આજે તમારી દુકાનેથી નીકળીશ.’’ મોડેથી જગદીશ એમની દુકાને ગયો ત્યારે કાકાએ આગ્રહ કરી એની ક્લિન શેવ કરી આપેલી.

મેજર જગદીશ ત્યારનો આજે ગામમાં આવ્યો હતો. ગણપત હેરકટિંગ અને ગ્રીનિચ હેર સ્ટાઇલ વચ્ચે પડેલા અંતરને એણે નજરથી માપી લીધું હતું.

‘‘કાકા, તમારા હાથે આજે શેવ કરી આપો.’’ ગણપતલાલ અતીતમાંથી જાગ્યા.

‘‘આજે આ તમારા દીકરાએ હાથ ફેરવ્યો છે પણ કશુંક ખૂટે છે.’’

કાકા હસતા જોઈ રહ્યા.

પાસે ઊભેલા સોમાને કહ્યું : ''દીકરા, ચહેરોમહોરો જોઈને અસ્ત્રો ફેરવાય. બધાના કટ એકસરખા ના હોય.'' કાકાએ ત્યાં ને ત્યાં ખાટલા ઉપર મેજરનો ચહેરો ઘડીકવારમાં એમના સાધનથી મઢી આપ્યો.

પછી જગદીશ સામે આયનો ધર્યો.

''કાકા, તમારો હાથ એ જ આયનો છે.'' સોમા પાછળ ઊભેલો મણિલાલ પણ બાપાની કરામત જોઈ દંગ થઈ ગયો. મેજર જગદીશભાઈને ઘરમાં લઈ ગયા. ઘરમાં અહોભાવ વરતાયો. કાકા પ્રસન્ન થઈ ગયા.

મેજર ગાડીમાં બેસતાં બોલ્યો :

''કાકા શહેરના છેવાડે અમારો મિલિટરી કૅમ્પ છે. એક અઠવાડિયામાં ફક્ત બે દિવસ તમારા હાથની સેવા આપવા અમારા કેમ્પમાં આવશો ? તમે હજી કામ કરી શકો તેવા લાગો છો. ગાડી તમને સવારે લેવા આવશે અને સાંજે મૂકી જશે.''

ગણપતલાલનું મોં હસું હસું થઈ રહ્યું. તરત જવાબ આપવામાં ખચકાઈ ગયા.

''હા બાપા, સાહેબે તમારું સન્માન કર્યું કહેવાય ! હા કહી દો''

મેજર બોલ્યો : ''દીકરાઓ, સન્માન તો તમારે એમનું કરવાનું છે. હું તો મારી ફરજ બજાવું છું.''

બંને દીકરાઓએ હાથ જોડ્યા. ગાડીની પૂંઠે ગણપતલાલ ક્યાંય સુધી જોઈ રહ્યા. તેઓ કંઈક તો જોતા હશે ! એ શું જોતા હશે ?

(૧૧.)

# પ્રતીક્ષા

**« રતિલાલ સાં. નાયક**

**આકાશ** પણ આજે કેવું આશાવંત છે ! પેલી ઉષા કોને આવકારવા હરખઘેલી બની આટલી બધી તૈયારીઓ કરતી હશે ? અને કૂંડાનાં પેલાં ફૂલ ક્યાં છૂપા આનંદથી આટલું હસતાં હશે ? પવન પણ આજે તો તાનમાં આવી ગયો છે ને ! અને પેલો કાગડો પરોઢિયાનો કા...કા... કેમ કરી રહ્યો હશે ? મારા હૃદયના આનંદના પડઘા તો એ બધાં નહીં પાડતાં હોય ! આ પગ કેવા જોરમાં ચાલે છે ! અને શરીરના અવયવે અવયવમાં કેવી અજબ સ્ફૂર્તિ આજ જામી છે ?

આજ આવવાના છે મારા નાથ. ઉષાના જેવી જ રંગબેરંગી ચૂંદડી ઓઢી લઉં. આ ફૂલ જેવું જ હાસ્ય મુખ પર ધારણ કરી લઉં અને મારી આ ધારણાને ખાતરી આપતા આ પંખીના સ્વરમાંથી આશાના ગીતની સારેગમ ઘૂંટી લઉં.

લો, રંગોળી તો પુરાઈ ગઈ. અરે ! પણ આ પૂજનના થાળમાં ફૂલની માળા મૂકવી તો ભૂલી જ ગઈ. કેવી ભાનભૂલી બની ગઈ છું હું ? હાં હાં, પણ તેમને મોગરો ગમશે કે જૂઈ ? મોગરો જ ઠીક પડશે. અને આ ગુલાબ ? ના, ગુલાબ એમનાં બેઉ ચરણોમાં ધરી દઈશ.

હા, બધું તો કર્યું. પણ આંગણામાં પવનથી પેલાં સૂકાં પાંદડાં ઘસડાઈ આવ્યાં ને ! લાવ, લાવ, તેને વાળી કાઢું. અરે, સંજવાળી ફેરવતાં હૃદયમાં આ ગીતટહુકા શાના

જાગતા હશે ? હૃદય ! તું કેમ આટલા જોરથી ધડકે છે ? જરા ધીરું થા, મારા લાલ ! જરા દર્પણમાં મોં તો જોઈ લઉં. હું ગમીશ તો ખરી ને ? અરે આ બધું વચ્ચે પડ્યું છે. તેને ઠીકઠાક તો કરી લેવા દે. ઝડપ કરો, મારા હાથ ?

''એ નહીં આવે તો ?''- કેવો ગાંડો પ્રશ્ન !

''કેમ નહીં આવે ?''

''પણ આવશે એની કંઈ ખાતરી ?''

કેમ આજે આટલી બધી શંકાઓ જાગે છે ? ના. ના. એ તો અતિસ્નેહો પાપશંકી. ખાતરી જોઈએ છે ? ખાતરી ? ખાતરી આ રહી. ગઈ રાતે જ સમણામાં સંચર્યા હતા. બળ્યું હું તો કશીય તૈયારી વિના, કંઈયે ખબર વિના, ઊઠી એવી જ તુલસીક્યારે પાણી સિંચતી હતી અને ઓચિંતી હું ભડકી ઊઠી, પણ જોયું તો મારા નાથ હાથની અદબ ભીડી હસતા ઊભા હતા. મોરપિચ્છનો મુગટ હતો. પીળું પીતાંબર ધારણ કર્યું હતું. પાછું ફરી જોયું તો મારા નાથ હાથની અદબ ભીડીને હસતા ઊભા હતા. કાનમાં કુંડળ હતાં. ''બંસી ક્યાં ?'' એમ પૂછવાનું મન તો થયું, પણ પ્રશ્ન જાગ્યો એવો શમી ગયો. એમના મુખને નિહાળતી હું તો ઊભી જ રહી. કેટલી પળો ગઈ એનુંયે ભાન ના રહ્યું. ત્યાં તો કૂંડાના છોડે બેચાર ફૂલ ખેરવ્યાં, એના અવાજથી ભાનમાં આવી. મેં કહ્યું, ''પધારો અંદર''. થોડીવાર તો એમણે હાસ્ય જ કર્યા કર્યું ને પછી બોલ્યા જ નહિ.

''ત્યારે કાલે આવશો ?''

જવાબમાં માત્ર ફરી પાછું મોહક હાસ્ય હસીને એ ચાલ્યા ગયા. એંધાણીમાં એ ઊભા હતા ત્યાં માત્ર બે કંકુપગલીઓ મૂકી ગયા.

એટલે આજે તો એ જરૂર આવવા જોઈએ. બળ્યું, બંસી ભૂલીને ન આવે તો સારું.

''હેં ! બાર ટકોરા થયા ? ઓ ! સૂરજ તો માથે ચઢી ગયો છે ને ! હરખમાં વેળાનુંયે મને ભાન ના રહ્યું. પણ આવતાં એમને કેમ થઈ હશે આટલી બધી વાર ? સમણામાં તો સાત વાગ્યે એ આવી ગયા હતા. મેં પૂછ્યું હતું, ''આવશો ને આવતી કાલ ?'' અને તેમણે હકાર સૂચવતું હોય તેવું સ્મિત પણ કર્યું હતુ. ઓહ ! ત્યારે મોતી જેવી એમની દંતપંક્તિ કેવી ચળકી ઊઠી હતી ! ઊંચી થયેલી એ ગરદન કેવી ઝૂકીને શોભી ઊઠી હતી ! કૂંડાના છોડ ! તુંય એની સાક્ષી પૂરી શકે તેમ છે. અરે, પણ આ ફૂલની માળા તો કરમાઈ ગઈ. લાવ, ઝટ બીજી ગૂંથી કાઢું.

લો, આ માળા તો પ્રથમ કરતાંય વધારે સરસ બની ! કેવાં હસે છે રોયાં આ ફૂલડાં ! હસે જ ને ? એ તો આજે નાથની કોટે ચઢી ધન્ય બનવાનાં છે !

અરે, પેલી રંગોળી તો પવનથી ચૂંથાઈ ગઈ ને ! લાવ ને બીજી જ પૂરી કાઢું. હાશ ! સરસ ભાત આવી. કેવા ખુશ થશે એ આ રંગોળી નિહાળીને ? મારી શીખેલી ચિત્રકળા કામમાં ઠીક આવી. આ રંગોળીની રાધાનું મોં તો મારા જેવું જ ચીતરાઈ ગયું છે ને ! એમાં ખોટું શું છે ? એ ગોતે છે એ કહાનને હુંય ગોતવા જ નીકળી છું ને ? પહેલાં તો એ આ રંગોળી જોતાં જ વિચારમાં પડી જશે. અને પછી કેવા કેવાય પ્રશ્નો પૂછશે. બળ્યું ,બેસાડીને પછી પૂછે તો સારું. એમ ઉભડક ઊભાં ઊભાં તો, શરમનાં માર્યા મારાથી કદાચ જવાબો જ નહીં આપી શકાય.

હાં, પણ આ પ્યાલા ઉપર તો ડાઘા પડી ગયા. અજવાળતાં કેટલી વાર ? કેવો સરસ અજવાળાઈ ગયો ! ને વળી પાછો મારા મોંનું ને એની સાથે હૈયાના ઉમંગનું એ કેવું પ્રતિબિંબ પાડી રહ્યો છે ! મોંય રોયું કેવું હસી રહ્યું છે ! હસ, બિરાદર... હસ. આંખો, તમે પણ મલકો. આજ મારા નાથને નિહાળીને કેવી ધન્યતા અનુભવશો !

હવે તો એ આવતા હશે. આ પગલાંય કશાંક સંભળાય છે ને ! પવન પણ એમના જ બંસીબોલ વહી આવતો લાગે છે. બળ્યું, પણ પ્રથમ વાતચીત શી કરવી એનો તો મેં વિચાર જ ન કર્યો ! લાવ ને વિચાર તો જલદી ગોઠવી કાઢું.

'નાથ' કહું ?

'દેવ' કહું ?

કે પછી મૂંગી જ રહું ?

એ કાંઈ પૂછે પછી જ બોલું તો ? (શબ્દો જ ક્યાં મોંમાંથી નીકળી શકવાના છે ?)

પરંતુ એ રિસાઈ જાય તો ?

રિસાઈને પાછા ચા... હા, હા, એવો વિચાર જ કેમ આવ્યો ?

એ નહિ આવે ? શું એ નહીં જ આવવાના હોય ? દૂર રહો, ઓ નિરાશવાદી વિચારો !

જુઓ. પેલું બારણું ખખડ્યું. કેવા જુઠ્ઠા પડી ગયા તમે ! ઓ ક્રૂર વિચારો ! હું નહોતી કહેતી કે એ જરૂર આવશે ?

આ પૂજનનો થાળ ત્યાં જ લઈ જાઉં કે પછી અહીં જ બેસાડીને પૂજા કરું ?

અરે, પણ બારણું તો ઉઘાડવું જોઇએ ને ! લાવ, લાવ, જલદી કરું.

અરે ! કેમ કોઈ નથી ?

હાં, હાં, કદાચ છુપાયા હશો. હં જાણું છું ને તમારી ટેવો. ગોપીઓ સાથે કેવાં નખરાં કરતા હતા તે ક્યાં અજાણ્યું છે ?

આંગણું બધું શોધી વળી. કૂંડાનાં ફૂલોમાં છુપાયા માની ફૂલડાંય ફંફોળી જોયાં. કેમ નહીં જણાયા હોય ? હેં, નહીં આવ્યા હોય ? ખાલી ભણકાર જ થયો હશે ? ભ્રમ ? સંભ્રમ ?

ના, ના, બારણું તો જરૂર ખખડ્યું હતું. તો પછી આમ કેમ ? લાવને પગેરું જોઉં. કદાચ ક્યાંક સંતાયા હોય - મારી મજાક કરવા.

''પગેરું શાનું હોય ? એ તો હતો તારા મનનો ભ્રમ.''

કોણ બોલ્યું આવું ? કૂંડાનાં ફૂલ બોલ્યાં ?

ત્યારે શું એ નહીં જ આવ્યા હોય ?

ના. ના.

પણ હવે તો આવતા જ હોવા જોઈએ. લાવને અગાશીએ ચઢીને જોઉં જેથી દૂરથી આવતા હોય તોયે દેખાય.

આંખો ખૂબ તાણી જોઈ. કેટલે દૂર હશે ? કેમ આટલી બધી વાર થઈ ? અરે, આ સંધ્યાયે ડૂબી ગઈ. સૂરજરાણોય ચાલ્યો ગયો. આ ગમથી તો અંધકાર આગળ આવતો દેખાય છે. બળ્યું, આમાં એ આવતા હશે તોયે શી રીતે દૃષ્ટિએ પડશે ? વાંધો નહીં. રાત આખી જાગતી બેસીશ. ઉંબર પાસે સ્તો. આવશે એવા પગ પકડી લઈશ. કેવો મધુર હશે એ ચરણસ્પર્શ ! હૃદય ત્યારે કેવું નાચી ઊઠશે ! પરમાનંદની પ્રાપ્તિ !

નીચે તો આવી. લાવ આ ઘીના દીવાને ઉંબર પાસે જ મૂકી દઉં. થોડું અજવાળું તો મળે.

આજે એ ગમે ત્યારેય આવવા તો જોઈએ જ.

બળ્યું, રાત પણ કેવી અંધારી છે ! આકારમાં તારાય કેમ નહીં દેખાતા હોય ? પવન પણ કેવો ફૂંકાઈ રહ્યો છે !

કદાચ દીવો હોલવાઈ જશે. આ દીવાને લાવને ત્યારે સાલ્લાના સોડિયામાં જ

રાખું.

પવન હવે મંદ પડ્યો લાગે છે. દીવો હતો ત્યાં મૂકી દઉં અને પેલો પૂજનથાળ પાસે લઈ આવું. પવન પણ કેવો શીતળ ને સુગંધી છે ?

અરે, આંખો કેમ મીંચાવા માંડે છે ? ઝોકું આવી જશે તો ? લાવને આંખે થોડું ઠંડુ પાણી છાંટી આવું.

પાણી છાંટ્યા પછી હવે જગાશે જરૂર.

હાં, પણ નાથે કેમ આટલી બધી વાર લગાડી હશે ? ક્યારની જોઉં છું એમની વાટ. આવી ભયાનક અંધારી રાતમાં એ ન આવે તેમ પણ કેમ ન બને ? દૂર હટો, નિરુત્સાહી વિચારો ! પળે પળે તમે જ મને મારા નાથથી અળગી કરી રહ્યા છો. જરૂર આવવાના છે એ.

'નથી આવવાના.' 'નથી આવવાના.' 'નથી આવવાના.'

તમે ફરી પાછા હસ્યા, ઓ વિચારો !

નાથ ! જલદી આવો ને !

નાથ ! નહીં રહી શકાય તમારા વિના.

આવો, નાથ ! આવો.

આ નિરાશા પરહરો.

આ હતોત્સાહ હટાવો.

આ સંશયો હટાવો.

આ સંશયો છેદો.

નાથ ! નાથ ! કેટલું ટળવળાવશો ?

નાથ ! હવે તો દેહ ઉપરથી કાબૂ પણ હટતો જાય છે.

નાથ ! હમણાં કદાચ ઢળી પડાશે.

આવો, નાથ ! ના...થ...!

❖❖❖

(૧૨.)

# હેસિયત

**« યશવંત કડીકર**

**ટિફિન** કેરિયરમાં જમવાનું ભરીને, બારણે તાળું મારી રેણુકા ઘરેથી નીકળી પડી. આજે તાપ કંઈક ઓછો હતો. તે ચાલીને જઈ શકે છે, અને દુકાન પણ ક્યાં દૂર છે ?

રેણુકા પોતાની પુત્રી સીમાના 'બ્યુટી પાર્લર'ને દુકાન જ કહે છે. રોજ બપોરના સીમા માટે જમવાનું લઈને તે પહોંચી જતી. શરૂ શરૂમાં સીમાએ ઘણી ના પાડી : ''શા માટે હેરાન થાય છે, મમ્મી ! હું આટલામાંથી કશુંક મંગાવી લઈશ.'' પણ તે ન માની. પછી સીમાએ પણ કંઈ કહેવાનું બંધ કરી દીધું. એણે વિચાર્યું કે આ બહાને મમ્મી ઘરેથી નીકળે છે. કંઈક મન હળવું થાય.

પુત્રીની આ 'એરકન્ડીશન્ડ' દુકાનની ઠંડક રેણુકાના મનને ઊંડી ઠંડક પહોંચાડતી હતી. જીદ કરીને સીમાએ આ દુકાન ન ખોલી હોત તો એનું મકાન બચવું મુશ્કેલ થઈ જાત.

કહેવા માટે તો એના બે શાનદાર પુત્ર હતા. એક શહેરનો જાણીતો ડૉકટર હતો, બીજો એન્જિનિયર, પરંતુ હજારો રૂપિયા કમાતા આ બંને પુત્રો પોતાની પત્નીઓના ઈશારે નાચતા હતા.

પતિની લાંબી માંદગીના કારણે જ્યારે ઘરનો ખર્ચ વધવા લાગ્યો તો બંને પુત્રો એમની નખરાળી પત્નીઓને

લઈને જુદા થઈ ગયા.

રેણુકાના દાગીના વેચાઈ ગયા. પતિ પણ મૃત્યુ પામ્યા.

રેણુકા પોતાની અઢાર વર્ષની પુત્રી સાથે એકલી રહેવા લાગી. એ સમયે સીમા બી.એ.માં ભણતી હતી.

બી.એ. પાસ કર્યા પછી દોડાદોડ કરીને આમ-તેમથી દેવું કરીને સીમાએ આ 'બ્યૂટીપાર્લર' ખોલ્યું હતું. હવે તો ખૂબ સરસ ચાલતું હતું. શરૂઆતમાં તો સીમાએ શીખેલી છોકરીઓની મદદથી કામ ચલાવ્યું અને પછી તો પોતે જ જાણકારો પાસેથી વ્યવસ્થિત રીતે બધું શીખી લીધું.

હવે તો પોતાની જહેમત અને સૂઝબૂઝથી સીમાએ ખૂબ જ પ્રગતિ સાધી હતી. ખૂબ જ આધુનિક સાધનો વસાવ્યાં હતાં. મોટા-મોટા ઘરની પ્રતિષ્ઠિત સ્ત્રીઓ એને ત્યાં આવવા લાગી હતી.

રેણુકા દુકાનથી થોડે જ દૂર હતી કે એણે જોયું તો એક ભવ્ય ગાડી આવીને સીમાના પાર્લર સામે ઊભી રહી. ડ્રાઈવરની બાજુમાં બેઠેલ નોકરે તરત ઊતરીને પાછળ જઈને દરવાજો ખોલ્યો અને એક સુંદર પ્રભાવશાળી સ્ત્રી સભ્યતાપૂર્વક 'પાર્લર' તરફ આગળ વધી.

નજદીક પહોંચીને રેણુકાએ ઘડીક અટકીને એ ચમકતી મોટર તરફ જોયું. પછી માથાનો પરસેવો લૂછીને 'ટિફિન કેરિયર' લઈને 'પાર્લર'માં ગઈ.

રેણુકા એક બાજુ ચૂપચાપ બેસી ગઈ. સીમા પેલી ગૌરવશાળી સ્ત્રીના વાળ સજાવવામાં વ્યસ્ત હોવાને કારણે એના તરફ ધ્યાન ન આપી શકી.

સીમા ખૂબ જ નમ્રતાથી એ સ્ત્રી સાથે વાતો કરી રહી હતી અને તે ધીમે ધીમે હસી રહી હતી.

કોણ જાણે કેમ, રેણુકાને એ સ્ત્રીનો ચહેરો કંઈક જાણીતો લાગ્યો. તે ધ્યાનથી એના તરફ જોવા લાગી. આને ક્યાંક જોઈ હતી એણે...

હા, રેણુકાને યાદ આવી ગયું. આ તો બિન્દુ હતી, એની નોકરાણી કમુની દીકરી.

ગજબની ઝડપ હતી કમુના હાથોમાં. વર્ષો સુધી રેણુકાના હાથ-પગ દબાવ્યા હતા એણે. રેણુકાની સાસુને તો કમુ પાસે માલિશ કરાવ્યા સિવાય ચેન પડતું ન હતું.

સમય વીતતો ગયો. રેણુકાનાં સાસુ ગુજરી ગયાં. ઘરની કરતા-કારવતા રેણુકા બની ગઈ. ત્યાં સુધીમાં તો એને બે પુત્રો પણ થયા હતા. કમુ પણ ચાર બાળકોની માતા બની ચૂકી હતી.

પણ રેણુકાનાં ઘરનાં ઘણાં કામ કમુ જ પતાવતી. રેણુકાને માલિશ પણ કરતી. અંગૂઠો ચૂસતી બિન્દુ રેણુકાના મોટા ઘરની ફરશ પણ ઘૂંટણભેર આમતેમ ફરતી અને કમુ ઘરનાં કામમાં લાગી રહેતી.

કમુનાં બીજાં બાળકો તો ભણી ન શક્યાં પણ બિન્દુને એણે નિશાળે મોકલવા માંડી.

જ્યારે સીમાનો જન્મ થયો ત્યારે બિન્દુ સાતમા ધોરણમાં ભણતી હતી. હવે તે અંગૂઠો ચૂસતી ન હતી. સલવાર-કમીજ પહેરી બે શેર ગૂંથી રિબિનથી બાંધીને વ્યવસ્થિત રીતે ઊઠતી-બેસતી. એ સમયે રેણુકાના સૌથી નાના દિયર સુરેશનાં લગ્ન હતાં. બધા સગાંવ્હાલાં ભેગાં થયાં હતાં. ઘરમાં ખૂબ જ અવરજવર રહેતી હતી. કમુને તો શ્વાસ લેવાની પણ નવરાશ ન હતી. બિન્દુ એ વખતે દસમા ધોરણમાં ભણતી હતી, પરંતુ નિશાળેથી આવતાં જ એ રેણુકાના ઘરે આવી જતી અને ઘરના કામમાં મદદ કરતી.

રેશમી સલવાર કુર્તા પહેરેલી, ઘરમાં આમતેમ ઘૂમતી બિન્દુના લગ્નમાં આવેલી. એની ઉંમરની છોકરીઓ સાથે ખૂબ હળીમળી ગઈ હતી.

જ્યારે બધી વહુ-દીકરીઓ સાથે જમવા બેઠી ત્યારે રેણુકાની ભત્રીજીએ બિન્દુને પણ સાથે બેસાડી દીધી. એ સમયે રેણુકા બહાર કંઈક આપવા-મેલવામાં વ્યસ્ત હતી.

અંદર આવીને એણે ઘરની વહુ-દીકરીઓની સાથે બેસીને જમતી બિન્દુને જોઈ તો એ એકદમ ચીડાઈ ગઈ.

અરે, આ છોકરીની આટલી હિંમત કે અમારી વહુ-દીકરીઓની સાથે બેસીને જમી રહી છે ! ચાર ચોપડી ભણી તો એની અસલિયત ભૂલી ગઈ ! આટલી બધી માથે ચઢી ગઈ...

''ફોઈ એને મેં...'' રેણુકાની ભત્રીજીએ કંઈક કહેવા ઈચ્છ્યું, પણ રેણુકા તો ખૂબ જ ગરમ થઈ ગઈ હતી. ''રેશમી કપડાં પહેરવાથી શું અસલિયત બદલાઈ ગઈ એની ? અરે, પણ જોડા પગમાં જ શોભે...''

અપમાનિત બિન્દુ જમવાનું મૂકીને ઊભી થઈ ગઈ. રેણુકા બબડતી રહી અને તે ભીની આંખ લૂછતી બહાર નીકળી ગઈ. કમુએ પણ કમને બધાં કામ પતાવ્યાં, પણ જમી નહીં.

''પોતાની અસલિયત ભૂલી ગઈ, વાંદરી...'' રેણુકા સાંજ સુધી બિન્દુને ગાળો દેતો રહી.

અને આજે એ જ બિન્દુ કોઈ રાજરાણીની જેમ ખુરશી પર માથું ટેકવીને બેઠી છે અને રેણુકાની લાડલી એના માથામાં મનોયોગથી શેમ્પૂ કરી રહી છે.

''અરે મમ્મી, તું ક્યારની બેઠી છે ?'' બિન્દુના વાળોને 'ડ્રાયર'થી સૂકવતાં સીમાનું ધ્યાન રેણુકા તરફ ગયું. બિન્દુએ પણ એના તરફ જોયું. થોડીકવાર ધ્યાનથી જોતી રહી.

''બા, આપ અહીં...'' બિન્દુ હાથ જોડીને નમ્રતાથી ઊભી થઈ ગઈ. સીમા આશ્ચર્યથી બંનેને જોઈ રહી હતી. ''મમ્મી, તું આમને ઓળખે છે ? એ અહીંના ''ડિવિઝનલ મૅનેજર' છે. ખૂબ જ મદદ કરે છે મને. દર અઠવાડિયે આવે છે.'' ઉત્સાહિત સીમા એક જ શ્વાસે બોલી ગઈ.

બિન્દુએ ઘડિયાળ તરફ જોયું. તે કંઈક ચમકીને બોલી : ''ત્રણ વાગી ગયા. મારે એક જરૂરી મિટિંગ છે. સીમા, જાઉં છું.''

જતી વખતે બિન્દુએ સો-સોની બે નોટો કાઢીને સીમાના હાથમાં મૂકી અને એ જ ગૌરવભરી ચાલથી ચાલી ગઈ.

જમતાં-જમતાં સીમા વારે વારે બિન્દુનાં ગુણગાન ગાઈ રહી હતી અને રેણુકા ભૂતકાળમાં ખોવાઈ હતી.

કલાકો સુધી માલિશ કરાવ્યા પછી તે ક્યારેક બે રૂપિયા એને આપતી હતી. તે પણ કમુ બહુવાર માગે ત્યારે.

આજ કમુની પુત્રી પોતાના વાળ ધોવરાવવાના બસ્સો રૂપિયા કેટલી સહજ રીતે એની પુત્રીને આપીને ચાલી ગઈ. એને લાગ્યું કે જાણે બિન્દુ એના મોં પર થપ્પડ મારીને જઈ રહી છે.

''શું વિચારી રહી છે, મમ્મી ?'' સીમાએ એને ટોકી.

''કંઈ નહીં.''

''જાણે છે મમ્મી. હું ફૅક્ટરી શરૂ કરી રહી છું તે ?''

''હા, જાણું છું, તું આ દુકાનમાં જે ચીજો વાપરે છે એ બનાવવાની ફૅક્ટરી શરૂ કરી રહી છે.''

''આ ફૅક્ટરી માટે બધી લોન મને આ 'મેડમ' અપાવી રહ્યાં છે. જગા પણ મેડમે જ...''

''મેડમ !'' રેણુકાના મન પર બેટીનું વાક્ય હથોડાની જેમ ભટકાઈ રહ્યું હતું. જે બિન્દુને એમણે પગની 'જૂતી' કહી હતી, આજે એની પુત્રી એ જ બિન્દુને કેટલા સન્માનથી મેડમ... મેડમ કહી રહી હતી !

રાત અર્ધા પર વીતી ચૂકી હતી પણ રેણુકાની આંખોમાં નીંદરનું નામ ન હતું.

સીમા એની ફૅક્ટરી માટે કેટલી ઉત્સાહિત છે, પણ એને કેવી રીતે કહે કે હવે 'ફૅક્ટરી' ક્યારેય નહીં થાય. બિન્દુને ખબર પડી ગઈ છે કે સીમા એમની પુત્રી છે. શું એ એનું અપમાન ભૂલી ગઈ હશે ? હવે તો તે પૂરેપૂરો બદલો લેશે. કદાચ... આ દુકાન પણ બંધ કરાવી દે. પછી શું થશે ?''

તે હંમેશા ભયભીત રહેતી કે સીમા ઘરે આવીને શું યે સમાચાર આપશે. પણ તેના આશ્ચર્યનો પાર ન રહ્યો, જ્યારે સીમાએ આવીને જણાવ્યું કે ફૅક્ટરી માટે મેડમે બૅન્કમાંથી રૂપિયા અપાવરાવ્યા, અને 'ગેરંટી' એમણે પોતાની આપી.

ફૅક્ટરીનું ઉદ્ઘાટન બિન્દુના હાથે જ થવાનું હતું. ઉત્સાહિત સીમા કાર્ડ લઈને બધે દોડાદોડ કરી રહી હતી. તે એના માટે કીમતી સાડી પણ લાવી હતી.

''મમ્મી, આ સાડી પહેરીને જ આવજે, ત્યાં મોટા મોટા લોકો આવશે.''

સીમાના ખૂબ જ આગ્રહને કારણે રેણુકાને નવી સાડી પહેરીને ફૅક્ટરીના ઉદ્‌ઘાટનમાં જવું પડ્યું.

સાચે જ ત્યાં મોટા મોટા માણસોની ભીડ હતી. એના પુત્રો પણ ત્યાં આવ્યા હતા. મિજાજી વહુઓ પણ બનીઠનીને સીમાને મદદ કરવા માટે આવી પહોંચી હતી. આજે કેટલોય પ્રેમ વરસાવી રહી હતી નણંદ પર. આ બધું બન્યું હતું બિન્દુના કારણે.

બધાં બિન્દુની રાહ જોઈ રહ્યાં હતાં. એની ગાડી આવીને ઊભી રહી તો અનેક હાથ દરવાજો ખોલવા માટે લંબાયા. હેન્ડલૂમની સામાન્ય સાડી પહેરેલી થાકી-પાકી બિન્દુ ગાડીમાંથી ઊતરી. કદાચ કોઈ મિટિંગમાંથી સીધી આવી રહી હતી.

સીમાના ખભે હાથ મૂકી તે આગળ વધવા લાગી. ફોટોગ્રાફર ધડાધડ ફોટા પાડી રહ્યો હતો. સીમાની ભાભીઓ વારે વારે વધુ નજદીક આવવાની કોશિશ કરી રહી હતી.

રેણુકાને જોઈને બિન્દુ ઊભી રહી. નમ્રતાથી ઝૂકીને પ્રણામ કર્યાં. ઘણા બધાં ફોટા પાડ્યા.

બિન્દુએ દીપ પ્રગટાવ્યો. ભાષણો થયાં. તાળીઓ પડી. જમવાનો સમય આવ્યો.

બધાં બિન્દુની આગળ-પાછળ ફરતાં, બિન્દુને કંઈક ખાવાનો આગ્રહ કરી રહ્યાં હતાં.

રેણુકા એક ખૂણામાં ઊભી હતી. પુત્રીની લાવેલી અઢી હજારની સાડી પહેરીને. આજે એના જ શબ્દો એના આત્મા પર કોરડા વીંઝી રહ્યા હતા. ''રેશમી કપડાં પહેરવાની શું હેસિયત બદલાઈ જાય છે..?''

આજે એની 'હેસિયત' શું છે ? આ સાડી જે એની પુત્રીએ એને આપી છે- એ પણ બિન્દુની દયાનું જ પરિણામ છે.

આજે બિન્દુએ એને એની 'હેસિયત' સમજાવી દીધી હતી. જેનું અપમાન કરવામાં એણે કશું જ બાકી રાખ્યું ન હતું. જેના પર એનું સંકુચિત મન સંદેહ કરી રહ્યું હતું, એણે એની પુત્રીને ફેક્ટરીની માલિક બનાવી દીધી.

રેણુકાને પોતાનો આત્મા જ વારે વારે ધિક્કારી રહ્યો હતો. તે પોતાની નજરમાં જ હલકી સાબિત થઈ ચૂકી હતી. બિન્દુની મહાનતાએ એને ખૂબ જ વામણી બનાવી દીધી હતી.

એને કમુનો ઉદાસ ચહેરો યાદ આવવા લાગ્યો. પોતાની દીકરીના અપમાનથી ધૂંઆપૂંઆ થઈ જમ્યા વગર જ ચાલી ગયેલી કમુ.

રેણુકાને લાગ્યું કે જાણે ક્યાંક દૂર બેઠેલી કમુ હસી રહી છે, અને કહી રહી છે. ''જુઓ, મારી જે દીકરીને જમવાની થાળી પરથી ઊભી કરી હતી તમે... આજે તમારી વહુઓ અને દીકરી 'પ્લેટ' લઈને એની પાછળ પાછળ ફરી રહી છે. તમારી વહુઓ અને દીકરી વચ્ચે બેસીને ખાવાની હેસિયત ન હતી જેની, આજે એનું આપેલું જ ખાઈ રહ્યાં છો, પરંતુ ગભરાશો નહીં, તે તમને જમવાની થાળી પરથી ઊભાં નહીં કરે, મારી દીકરી છે તે...''

હાથમાં પકડેલી 'ડીશ' રેણુકાના હાથમાં ધ્રૂજવા લાગી.

''અરે ! બા ! આપે તો કશું ખાધું જ નથી.'' રેણુકાની વહુએ એની ડીશ તરફ જોઈને કહ્યું.

રેણુકાને થયું કે પોતાની વહુને ચીસ પાડીને કહી દે : મારી હિંમત નથી અહીં જમવાની...

❖❖❖

## (૧૩.) સપ્તર્ષિનો પ્રશ્નાર્થ

**« બિપિન કે. પરીખ**

**આ** પાંચ મજલાવાળી મહેલાત જોઈ ? નાના આવા નગરમાં, જ્યાં ત્રણ મજલાવાળાં મકાનો આંગળીને વેઢે ગણી શકાય એટલાં છે ત્યાં પાંચ મજલાવાળો આ ટકોરાબંધ મહેલ છે આ ગામના વિખ્યાત ડૉકટર શ્રોફનો ! લોકો કહે છે કે ડૉકટરે પાણીના જ પૈસા બનાવ્યા છે; કેમ કે ડૉકટરને અહીં આ ગામમાં આવ્યે જ હજુ તો જૂજ વર્ષો થયાં છે. અને લોકોને સમજાતું નથી કે પાણીમાંથી પૈસા પેદા થતા ન હોય તો આટલા ટૂંક સમયમાં આવડી મોટી મહેલાત કઈ રીતે ઊભી થઈ શકે ? પણ લોકોની મૂર્ખતા પર મને હસવું આવે છે. અરે, ભાઈ પૈસા પેદા કરવા માટે પાણીની પણ શી જરૂર ? પૈસા તો હવામાંથી પણ પેદા થઈ શકે ! નથી માનતો તું ? તો જોઈ લે આ સામે ચણાઈ રહી છે તે સાત માળવાળી બીજી હવેલી ! – આખા ગામમાં તો શું, આખા તાલુકામાં- કદાચ આખા જિલ્લામાં – એ ઊંચામાં ઊંચી ઈમારત હશે ! ડૉકટર શ્રોફની મકાનની અગાશીમાંથી આજુબાજુના દસ માઈલની ત્રિજ્યાનો વિસ્તાર દેખાતો હશે પણ મારી આ હવેલીની એંસી ફૂટ ઊંચી અગાશી પરથી તો... અરે ! ચમકે છે કેમ દોસ્ત ? હા, હા ! મારું જ આ મકાન બંધાઈ રહ્યું છે આપણી નજર સામે. અને એ દેખાડવા તો તને આજે ખેંચી લાવ્યો છું મારા ગામમાં, દોસ્ત. આ મકાન જ્યારે પૂરું બંધાઈ રહેશે ત્યારે એની

અગાશી જમીનથી એંસી ફૂટ અધ્ધર હશે ! અલબત્ત, એંસી ફૂટ એ કંઈ આ જમાનામાં બહુ ઊંચાઈ ન કહેવાય, તે હું સમજુ છું, પણ ઠીક છે ભાઈ, આ ન્યૂયોર્ક છે ! - અરે, મુંબઈ પણ નથી અને હું ત્યાં કમિશનર પદ પર પહોંચ્યો છું ! હજુ તો છું માત્ર ઈન્કમટૅક્સ ઑફિસર ! - આપણું ગજું કેટલું ! પણ આ તો ઠીક મારા ભાઈ, મારે તો આ એ ડૉક્ટર શ્રોફને દેખાડી આપવું હતું કે તને પાણીના પૈસા બનાવતાં આવડે છે તો મને હવામાંથીય પૈસા ખંખેરતા આવડે છે ! - અને તેય, તારા કરતાં બમણાં !

મારો બેટો એ ડૉક્ટર ! મારા કુટુંબને તો સારી પેઠે 'છોલ્યું' હતું એણે, શું કરું ? તે ઘડીએ તો હું નાનો હતો, પરંતુ તેની બધી યુક્તિ-પ્રયુક્તિઓથી સારી પેઠે વાકેફ હતો હું. હું કંઈક પૂછતો તો દીકરો મને કહેતો કે 'તમને હજુ બધું સમજવાની વાર છે ! હું સમસમીને બેસી રહેતો. ડૉક્ટરનો ગામમાં થયેલો અભ્યુદય જોઈને મારી મા પણ મને 'મેડિકલ લાઈન' લેવા કહેતી પણ સારું થયું કે મેં માની વાત ન માની. અત્યારે હવે, એવા સત્તરસો ટકોરા મને સાહેબ કહી સલામો ભરતા આવે છે. અરે, ડૉક્ટરો તો શું મોટા મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓય મારી કદમપોસી કરે છે. ભેટસોગાદો મોકલે છે. સારામાં સારી 'કારો' મારી તહેનાતમાં રજૂ કરે છે ત્યારે ડૉક્ટર શ્રોફ બિચારો પરોઢિયે ઊઠતાં જ ગરીબ ભૂખ્યા, નાગાપૂંગા, દર્દીઓનાં રોગિષ્ઠ ડાચાં જુએ છે. હું અગિયારથી પાંચ આરામની નોકરી કરું છું, પિકનિક પાર્ટીઓમાં જાઉં છું, કલબોમાં જાઉં છું, જલસા ઉડાવું છું, જ્યારે ડૉક્ટર મહાશય સવારથી સાંજ વૈતરું કૂટે છે, રાત્રેય જંપીને સૂવા પામતા નથી. રવિવારેય એની એ ઘરેડ ! અને વેકેશન કે રજાનું તો બિચારાને નામેય સાંભળવા નહીં મળતું હોય ! મને તો દયા આવે છે એની જિંદગીની ! સારું થયું હું ડૉક્ટર ન બન્યો !

— અને છતાંય એ ડૉક્ટર શ્રોફનો ઘમંડ તો જુઓ ! દીકરો એમ જ માનતો હતો કે એનાં જેવું કોઈ ગામમાં છે જ નહીં. એનો આ ફાંકો ઉતારવા માટે જ એના પાંચ માળની બાજુમાં મારે આ સાત માળ ખડા કરવા પડ્યા. હવે ખબર પડશે. બેટમજીને કે ડૉક્ટર એટલે શું ને ઈન્કમટૅક્સ ઑફિસર એટલે શું ? હજુ તો એ નસીબદાર છે એટલો કે મારા 'જ્યુરિસ્ડિકશન'માં આવતો નથી નહીં તો આ સાત માળમાંથી બે માળ તો ઓછામાં ઓછા, એ બેટાના હિસાબે ને જોખમે જ ઊભા કરી બતાવત ! ખેર, પણ એ નહીં તો એના ભાઈઓ ! મારા 'જ્યુરિસ્ડિકશન'માંય ક્યાં ઓછા ડૉક્ટરો છે ? એ લોકોનાં ખીસાનું સિફતભરી રીતે ઓપરેશન કરે છે તો અમે એમની મહિનાઓની મહેનતે તગડાં બનેલા બૅન્ક બેલેન્સનું જ ઓપરેશન કરી

શકીએ છીએ ! બીજાઓની આગળ મોટી મોટી ડંફાસો મારતા એ લોકો અમારી આગળ આવીને જે રીતે કરગરે છે, તડપે છે એ જોવાની, દોસ્ત, એવી તો મઝા આવે ને, જાણે બિલ્લીને જોઈને તડપતા, ધ્રૂજતા ઊંદરડા ! હા ! હા ! હા !

હં ! તો આવ દોસ્ત ! જો તો ખરો આ ગરીબનું ઝૂંપડું. હા ભઈ હા ! ઝૂંપડું સ્તો ! સરકારી નોકરોને વળી મહેલ કેવા ને હવેલીઓ કેવી ? નોકરું કૂટીએ ત્યાં સુધી તો ઝૂંપડું, નકામું લોકોની ને સરકારની આંખે શું કરવા ચડવું પડે ? જોજે ને, નામ પર્ણકૂટી કે એવું જ કાંઈક રાખીશ. અને બહારની દીવાલને તો પ્લાસ્ટર કે રંગરોગાન પણ નહીં કરાવું. આપણે તો અંદર જ રહેવાનું છે ને ! હં ! તો જો, અહીં થશે કમ્પાઉન્ડ દરવાજો. આ અહીં બનશે 'પોર્ચ'. - 'કાર' વગર અજકાલનાં છોકરાંને ચેન જ ક્યાં પડે છે ! એટલે મોડી-વહેલી લાવવી તો પડશે જ ને ! એટલે પહેલાંથી વેત કરી રાખ્યો હોય તો ઠીક. પણ...હેં ? શું ? ના રે, ભઈ ના ! અત્યારે તો નામ જ ન દેવાય. સરકાર બાપલાની આંખ જોઈ છે ? આ તો 'રિટાયર' થયા પછીનો 'પ્લાન' છે. તો પછી આ હવેલીનું શું એમ ? અરે, દોસ્ત ! એમ તો હુંય સરકારી અમલદાર મૂઓ છું ! અને તેય ઈન્કમટૅક્સ ખાતાનો ? બધો જ વેત ઉતાર્યો છે, બધી જ ગોઠવણ કરી દીધી છે, શું સમજ્યો ? એટલો કાચોપોચો નથી હું કે ઈન્કવાયરી-ફિન્કવાયરીથી ગભરાઈ જાઉં ! હં ! તો ! તો પછી એક 'શૉ-કોઝ નોટિસ' મળતાં ગેં ગેં ફેં ફેં થઈ દોડાદોડ કરી મૂકતા પેલા ઢીલાઢલ પોતડીદાસો અને અમારામાં ફેર શો ? હેં ? હા ! હા હા !...

હં ! જો, હવે જરા અંદર આવ. આ છે અમારો ડ્રોઈંગરૂમ ! એની એક દીવાલ, અત્યારે ખુલ્લી છે, તો આખી જ કાચની 'પેનલ' બનશે. પાછળનો 'નેચરલ વ્યૂ' કેટલો સુંદર આવશે ! અને આ છે અમારું 'કિચન !' તદ્દન અમેરિકન ટાઈપનું નથી. આપણાં બૈરાં ક્યાં અમેરિકન ટાઈપના છે ? કેમ હેં ? બધાં જ ભીંતની અંદર જ 'સેટ' કર્યા છે. કશું જ બહાર રખડતું રઝળતું જોવા ન મળે ! અને સ્ટીલના છે; રંગ કરવાનો નથી; સફેદ ઈનેમલ કરવાનો છે- રેફ્રિજરેટર જેવો ! હં ! અને અહીં આવશે 'કુકિંગ પેનલ' ! અહીં 'વૉશ બેઝિન' અને અહીં આવશે 'ડાઈનિંગ ટેબલ' અને ખુરશીઓ ! બધું જ 'વ્હાઈટ-' 'સ્નોવ્હાઈટ' કેમ ઠીક છે ને ! 'એની મોર સજેશન્સ ?'

હં ! તો હવે જો આ અમારો 'અંબલ' બેડરૂમ ! વિચાર તો છે, મોડો-વહેલો એને 'એરકન્ડિશન' જ કરાવવાનો એટલે પછી ગરમી, માખી, મચ્છર, જીવાત, ધૂળ

કશાયની ખટખટ જ નહીં ! પણ એનો સમાવેશ તો હવે પછીની પંચવર્ષીય યોજનામાં !

અરે, પણ અંધારું થવા આવ્યું ! ઈલેકટ્રિક ફિટિંગ તો ક્યારનુંય કરી નાંખ્યું છે પણ આ સા...ગ્રીડવાળા ! કનેકશન હજુ આપતા નથી ચોર છે સા... બધા જ ! એના કરતાં પ્રાઈવેટ કંપનીઓ શું ખોટી હતી ? પણ સોના જેવા સોનાનેય સરકાર બાપલાનો હાથ અડકે તો એ સોનું મટી જઈ...હં ! તો ચાલ દોસ્ત, ઉપર અગાશીમાં જઇએ. ત્યાં અજવાળું હશે અને ત્યાંથી ડૉકટર શ્રોફની હવેલીનું વામણાપણું ધરાઈને નિહાળીએ ! હા. પણ ઉપર જરા સંભાળીને ચડવું પડશે, હોં ! બધું 'અંડર કંસ્ટ્રક્શન' છે, ઉપર.

સંભાળજે હોં ! એ...હા ! શું થયું ? વાગ્યું ને માથામાં પાટિયું ? મેં ચેતવણી નહોતી આપી ? ઠીક પણ બહુ તો નથી વાગ્યું ને ? આ સા...કારીગરો અને મજૂરો આજકાલ બહુ જ હરામી થઈ ગયા છે. આઠ રૂપિયા રોજ લેવો છે- ઑફિસરનો ગ્રેડ અને કામનું જુઓ તો નામ નહીં ! બસ આખો દિવસ તાજછાપ ફૂંક્યા કરવાની ! હજુ તો સૂરજ આથમ્યો ન આથમ્યો ને પડ્યા રસ્તે ! બધું જેમનું તેમ નાખીને ! સરખું ગોઠવવાનીય કોને પડી હોય ? જાણે છે કે સાહેબ તો બહારગામ નોકરી કરે છે, કોણ જોવા આવવાનું છે અહીં ?

હં ! તો આવી તો પહોંચ્યા આપણે અગાશીમાં કેમ દોસ્ત ? જોઈ લ્યે ! નહોતું કીધું મેં ? આખો તાલુકો દેખાય છે ને અહીંથી ! અને જોઈ લ્યે આ પાડોશમાં દેખાતું ડૉકટર શ્રોફનું 'બચ્ચુ !' ડૉકટર એની અગાશીમાં ઊભો ઊભો અહીં નજર કરે તોયે એની હેટ પડી જાય હેઠી ! હા !

અરે પણ આ અંધારું તો આપણી પાછળ પાછળ અગાશીમાંય આવી લાગ્યું ! ગામમાં તો બધે, જો, લાઇટો ઝબકવા લાગી અને આ ઊંચે આકાશમાંય તારલા ટમટમવા લાગ્યા ! વાહ, સપ્તર્ષિ તો આપણે માથે જ છે- જાણે આપણા માથા પર કળશ ઢોળતા ન હોય ! દોસ્ત, સાચું પૂછાવે તો મને તો આ તારાઓ તરફ, ગ્રહો તરફ જોઈ રહેવું પુષ્કળ ગમે છે. જ્યોતિષમાં, ખગોળવિદ્યામાં મને ખૂબ ખૂબ રસ છે. કરોડો ને અબજો માઇલ દૂર રહ્યે રહ્યે એ ગ્રહો આપણા જીવન પર કઈ રીતે અસર પાડતા હશે એ બધું જાણવાનું મને ખૂબ ખૂબ મન થાય છે. મન થાય છે કે રાતોની રાત આવી કોઈ અગાશી પર પડ્યો રહું અને તારાઓનો તથા ગ્રહોનો અભ્યાસ કર્યા કરું ! પણ આ નોકરી સા...! આજકાલની સરકારી નોકરીઓ એટલે ? રાત્રેય બેઘડી નિરાંત કે ફુરસદ ક્યાં મળે છે ? ઠીક છે. રિટાયર થવાનું સરકારી નોકરીમાં આવે

એટલું જ સારું છે. પછી પેન્શન ઉપર ઊતરીશું ત્યારે આ જ અગાશી પર સૂવા આવવાનું છે ને ! પછી નિરાંતે કોઈ જાતની ફિકર, ચિંતા વગર, મનમાની 'હોબી'ની મઝા માણીશું- તારાઓને નિહાળીશું, ગ્રહોનો અભ્યાસ કરીશું, જ્યોતિષનાં પુસ્તકો વાંચીશું અને...

અરે, પેલા સપ્તર્ષિ તરફ તો જો, દોસ્ત ! કેવા તગતગે છે એના તારલાઓ આકાશમાં ! શું કહ્યું ? સપ્તર્ષિને નથી ઓળખતો તું ? આશ્ચર્ય ! અરે, જો બરાબર આપણા માથા ઉપર જ ! આખા વિરાટ આકાશમાં પ્રશ્નાર્થની માફક ગોઠવાયેલા આ ચકચકતા મોટા તારાઓ. જોયા ? હા, એ ! કોણ જાણે, સમજાતું નથી. કાળા કાળા એવા આ આકાશમાં આંધળાનેય દેખાય એવું આ ઝગમગતું પ્રશ્નાર્થ કુદરતે શા માટે લટકાવ્યું હશે ?

અરે, પણ એ તારાઓ આજે હસતા કેમ જણાય છે ? બધા જ તારાઓ હસે છે. સાતેય તારાઓ હસે છે. જાણે ખડખડાટ હસે છે અને જાણે મારી સામે જોઈ ને જ હસી રહ્યા છે. તને શું એ હસતા નથી દેખાતા, દોસ્ત ? ખોટી વાત ! હું તો સ્પષ્ટ જોઈ શકું છું અરે, જો ને ! પેલાં વશિષ્ઠ અને અરુંધતી તો કંઈક કટાક્ષભર્યું મલકાઈ રહ્યા છે મારી સામે જોઈએ. જો ! જો ! હજુય દેખાતું નથી તને ? શું કહ્યું ? મને દૃષ્ટિભ્રમ થઈ ગયો છે ? નહીં, નહીં ! અશક્ય ! અસંભવ ! મારી દૃષ્ટિ તો હજુય 'પરફેક્ટ' 'સિક્સ ઓવર સિક્સ' છે, મિસ્ટર ! પણ... મને એ સાતેય તારાઓ મારી નજદીક આવી રહેલા જણાય છે. મને કંઈક વિચિત્ર લાગણીઓ થાય છે, મિત્ર ! હૃદયના અગોચર ખૂણાઓમાં કંઈક સંચાર થતો લાગે છે મન. ચાલ દોસ્ત, ચાલ. જલદી નીચે ઊતરી જઈએ અરે, એ આ બાજુ દાદર પૂર્વ દિશામાં છે. ભાઈ ના, ના, હું સાચું કહું છું, પૂર્વ દિશા ડાબે હાથે આવી ! અરે, ભાઈ ! હું બરાબર કહું છું મને દૃષ્ટિભ્રમ બિલકુલ થયો નથી. મારી દૃષ્ટિનો હજુ 'પરફેક્ટ-'સિક્સ ઓવર...' ઓહ ! ઓહ ! હું ગયો.. ગયો... ક્યાં ?

અરે, મિત્ર ! અહીં આવ ! અહીં આવ ! હું અહીં પડ્યો છું. મારાથી ઊભું થઈ શકાતું નથી. કોણ જાણે શું થઈ ગયું ? જમણો પગ હલાવતાં ભયંકર વેદના થાય છે; જમણો હાથ તો જાણે હાલતો જ નથી. ઓહ ! એકાએક આ શું થઈ ગયું ? હું ક્યાંથી પડ્યો ? ક્યાં પડ્યો ? ઉફ્ ! મરી ગયો રે ! એ હાથને તો બિલકુલ અડકીશ જ નહીં, દોસ્ત ! મારો તો જીવ જાય છે. ના, ના, મારાથી બિલકુલ ઉઠાશે નહીં. જાણે લકવો થઈ ગયો. શું કહ્યું ? ફ્રેક્ચર ? હાથે ને પગે બન્ને ફ્રેક્ચર ? જમણો હાથ

ને જમણો પગ ! - ઓહ, માય ગોડ !

દોસ્ત, જા ? જલદી જા ! ડૉક્ટરને બોલાવી લાવ. મને લાગે છે હું મરી જ જઈશ  ના, ના, ના ! ડૉક્ટર ત્રિપાઠી નહીં, ડૉક્ટર દલાલનું પણ એ કામ નહીં, ડૉક્ટર શ્રોફને જ બોલાવી લાવ, યાર ! ભલે ગમે તેટલી ફી માગે, દોસ્ત, ડૉક્ટર શ્રોફને જ બોલાવી લાવ, જલદી ! ઓહ ! મારું હૃદય...! મારું હૃદય...! મને કાંઈ થઈ તો નહીં જાય ને, દોસ્ત ? હે ભગવાન ! ભગવાન ક્યાં છે ? આકાશમાં ! આકાશમાં ભગવાન ક્યાં છે ? આકાશમાં તો છે પેલું સપ્તર્ષિનું પ્રશ્નાર્થ ? હજુય મારી સાથે જોઈ ખડખડાટ હસી રહ્યું છે. દાઝ એવી ચડે છે એક મુક્કો લગાવી દઉં, પણ ઉફ્ ! ફ્રેકચર ! જમણો હાથ-જમણો પગ !

અરે, ડૉક્ટર ! તમે આવી ગયા ! કેમ આટલી બધી વાર કરી તમે ? હું અહીં મરી રહ્યો છું ને તમને પાડોશમાંથી આવતાંય આટલી બધી વાર...? જુઓ. જુઓ જલ્દી જુઓ. ફ્રેકચર છે શું મારા જમણા હાથે ? હેં ! ફ્રેકચર અને સાથે ગેંગ્રીન ? એટલે ? શું કહ્યું ? ફરીથી કહો, ડૉક્ટર, ફરીથી ગેંગ્રીન ? હાથ કાપવો પડશે ? જમણો હાથ ? ઓહ ગોડ ! મારી નોકરી, મારું પેન્શન, મારું આ મકાન..? ડૉક્ટર મને અંધારાં આવે છે આંખે. હા, હા ! ઝટ 'મોર્ફિયા' આપો... મને આખું આકાશ ભમતું લાગે છે. પૃથ્વી આખી ડોલતી લાગે છે. સપ્તર્ષિના પેલા સાતેય તારા હજુ હસતા લાગે છે. તમને કંઈ દેખાય છે ડૉક્ટર ? અને ડૉક્ટર, મને તો આ આખીય હવેલી ડોલતી લાગે છે.  ડૉક્ટર એ પડી તો નહીં જાય ને ? ડૉક્ટર, તમને યોગ્ય લાગે તે કરજો, બધું જ કરજો પણ મારો હાથ-મારો જમણો હાથ-ડૉક્ટર, મારી નોકરી, મારું પેન્શન, મારી હવેલી... ડૉક્ટર, તમે તો અમારા ફેમિલી ડૉક્ટર છો. હા, હા, તમારામાં સંપૂર્ણ વિશ્વાસ છે, ડૉક્ટર આઈ એમ ઈન યોર હેન્ડઝ ડૉક્ટર ! ડૉક્ટર ! ડૉક...

❖❖❖

(૧૪.)

# એક્વેરિયમ

**« ઉપેન્દ્ર રાવળ**

‘‘બા, આજે અમે એક્વેરિયમ જોવા ગયા, બસ જોયા જ કરીએ, જોયા જ કરીએ..!’’ પંદર વર્ષના રાકેશે એંશી વર્ષના બાના કોટ ઉપર ઉભડક બેસીને વાત છેડી.

બાની આંખમાં ચમક આવી ગઈ. ચહેરાની કરચલીઓમાં સળવળાટ ઊપસી આવ્યો. હોઠ ઉપર સ્મિત રેલાઈ રહ્યું. ઓશીકાના ટેકાથી તે બેઠાં થઈ ગયાં. કોઈ પાસે બેસીને વાત કરે તો તે કલ્પવૃક્ષની છાયા જેવું બાને લાગતું !

મોટો દીકરો ઍડવોકેટ. ખૂબ જ કામમાં વ્યસ્ત. બા ક્યારેક કહે, ‘ભાઈ મને શ્રીરામચંદ્રન કૃપાળુ ભજમન’ કાગળ પર લખી આપજો.’

ભાઈને સમય કયાં ? ભાઈ બાના કૉટ પાસે ટિપાઈ ઉપર ફિલિપ્સની મ્યુઝિક સિસ્ટમ ગોઠવી લતાજી પાસે ભજનની બાની ફરમાઈશ પૂરી કરાવીને પાણીની લહેરની જેમ બા પાસેથી સરકી જતો.

દીકરાની વહુ સ્મિતાને સંબોધીને બા ક્યારેક કહે, ‘‘આજે ભાત મજાના રેશમ જેવા થયા હતા.’’

બા વિચારે કે એકાદ મિનિટ સ્મિતા રોકાય ને કંઈ પ્રતિભાવ આપે પરંતુ સ્મિતા ઉપરછલ્લું મલકાઈને મોતીની સેર તૂટતાં એક પછી એક મોતી હાથમાંથી સરી પડે અને દોરી હાથમાં રહી જાય તેમ રસોઈ તરફ સરી પડતી.

પરાગ, દીકરાનો નાનો દીકરો. સતત કમ્પ્યૂટરના સ્ક્રીન ઉપર નજર ટેકવી રાખતો. એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં ભણતો હોઈ તેને કોઈ કામ ન ચીંધાય.

રાકેશ પવનની લહેરખી જેવો. ઘડીમાં સ્પર્શે, ઘડીમાં વહેતો થાય. જાણે પતંગિયું ઇંગ્લિશ ફિલ્મોની ધૂન ઉપર ઝૂમે. ગિટાર ઉપર સિફતથી આંગળીઓ સરકે. ક્યારેક બાને વળગી પડે પણ ઠરીને કોઈ બેસે એવો સમય ક્યાં ?

બાની દિનચર્યા અને કૉમાના દર્દી વચ્ચે કોઈ ફરક ન જણાય. સહુ જરૂર મુજબ ક્ષણિક રોકાય. બાની સઘળી જરૂરિયાત સંતોષાય. થાળી પિરસાઈ જાય. દૂધની વાટકી આવી જાય. તેમાં ગુલકંદ ઓગાળી દેવાય. પરાગ આવીને ક્યારેક ચમચી મૂકી જાય. પણ સંસ્મરણોનાં પતંગિયાઓનું ટોળું કંઈ ડાળખી ઉપર બેસે ?

''બા, જાતજાતની માછલીઓ હતી...'' રાકેશે વાત આગળ વધારી... ''ચટાપટાવાળી ઇલેક્ટ્રિક કરંટવાળી. એક જુઓ અને બીજી ભૂલો. જાણે ગિટારની ક્લાસિક તરજોનું આલ્બમ !''

રાકેશનો ભાવવાહી રતૂમડો ચહેરો ખીલી ઊઠ્યો. ''બા, તેમાં એક જ ખામી હતી... આપણે માછલીઓને હાથથી સ્પર્શ કરવા જઈએ તો આપણો હાથ એક્વેરિયમના કાચ સુધી અડકીને રહી જાય. અને માછલી છૂ...''

બાનો ચહેરો રાકેશની ભાવુક આંખો જોઈ મલકી રહ્યો. બાએ રાકેશના વાંકડિયા રેશમી વાળ ઉપર હાથ પસારવા કરચલીઓવાળો હાથ ઉપાડ્યો ત્યાં જ બહારથી રાકેશના મિત્રએ બૂમ પાડી, ''રાકેશ, ક્રિકેટ રમવા નથી આવવું ?''

જવાબમાં રાકેશ માછલીની જેમ સરકી ગયો. બાનો ઊંચકાયેલો હાથ એક્વેરિયમના કાચની લીસી સપાટી ઉપર જાણે કશુંક ફંફોસતો રહ્યો.

❖❖❖

**૧૫.**

# ધૂળનાં ઢાંકણ

## « વસંત શુક્લ 'મેહુલ કડીકર'

**''શું** મારો ને સોનલનો પ્રેમ અમર નથી..? પેલી પારુ પણ કહેતી - રાહુલ ! ખરેખર તમે અજોડ છો... તમારી અને સોનલની જોડી અનેરી છે.'' ને કેવું કેવું તે ગાઈ બેસતી, ''આ રાહુલ કળાયેલ મોરલો ને, ઓલી સોનલ ઢળકતી ઢેલ હોજી...'' અહા કેવી તેની વાણી ! અરે કેવી તેની અમારા પ્રત્યેની ભાવના..! પણ તેમાંય મને ઈર્ષ્યાના ભણકારા વાગતા જણાય છે ને..? શું કરે બિચારી એય ? કોણ જાણે કોને સાટું આટ-આટલું યૌવન અબોટ રાખી મક્કમ રહી છે..! અને શરદપૂર્ણિમાને દિવસે સોનુ પણ નહોતી કહેતી. ''પારુ બિચારી ક્યારે આવું સુખ, આવી પૂર્ણિમા ઊજવશે ? અને પછી તે કેવી ગમગીન બની ગઈ હતી ? કોણ જાણે સગી બેનની ચિંતામાં ગળાડૂબ ન હોય ? સગી જ બેન કહોને... સોનુને એના સિવાય બીજો આશરો પણ કંઈ પાતી નો છે- ?'' મન વિચારે ચઢી ગયું... અમદાવાદ હજુ દૂર હતું... લખુડી આવ્યું હતું... બસ ધીમી પડ્યા પછી પોતાની ગતિ વધારવા માંડી... મારો હાથ ફરીથી રેડિયાની સ્વિચ તરફ આગળ વધી અમદાવાદ સ્ટેશન ઉપર કાંટો લાવી દે છે.

''મરવા ટાણે જે સંબંધ છોડે એનાં મોંઢા હોય મેંશવાળા, ઊડી જા પંખી પાંખોવાળા...'' મરવા ટાણું..! કોનું..? સોનુનું..? ના...ના...ના... હૈયું નકારી ઊઠે

છે... ભલેને ડૉકટર ગમે તે કહે... એ લોકોનો ધંધો જ બિહડાવી મારવાનો હા, પણ આસ્ટોડિયા બતાવ્યા પછી જ ચોક્કસ માની શકાય... પારુ પણ તેની સાથે જ જઈ હશે... હે પ્રભુ મારી સોનુને આંચ ન આવે..! મનોમન પ્રાર્થના કરું છું...

''ચર...ર...ર...ર'' સામેની બાજુ એક બસ જોરદાર બ્રેક મારી ઊભી રહી. ચિત્કાર બસનો કે પછી અડફેટમાંથી માંડ માંડ બચીને ગભરાતી, દોડીને જતી પેલી બાળકીનો..? કે પછી સોનુના વેદનાભર્યા હૈયાનો... હું કંઈ જ વિચારી શકતો નથી... મન શૂન્ય બની જાય છે મારું...ને સ્ટૅન્ડે ઊતરી ઘર ભણી દોડ્યો જાઉં છું... દરવાજામાં જ પારુને જોઈ...ને હસી...ના...ના... તેણે હસવાનો નિરર્થક પ્રયત્ન કર્યો... અને હું એકદમ અંદર દોડી ગયો. સોનલ ખાટલામાં બેઠી હતી. તે મરકી ઊઠી... તેના ગાલમાં ખાડા ઊપસી આવ્યા... ભાગ્યશાળીને ગાલમાં ખાડા પડે... પણ ના... અહીં તો પરિસ્થિતિ જુદી જ હતી. તે ઊભી થવા મથતી હતી.

અનિમેષ નયને મારા ભણી તે તાકી રહી... જાણે અમૃતના ઘૂંટડા ન ગળતી હોય..!

હું પણ ક્યાં નહોતો જોતો એના ભણી ! પણ પેલી પારુડી સખણી રહે ખરી..! ''બસ બેન બસ, હવે અમને પણ લાભ લેવા દે.'' શબ્દો નિર્દોષ હતા કે પછી કંઈક મર્મ હતો ? જો કે બોલીમાં ને હાવભાવમાં નિર્દોષતા વરતાતી હતી; બાકી તો રામ જાણે..!

''ડૉકટરે તો તબિયત બિલકુલ સારી છે એમ કહ્યું છે... ફક્ત લોહી ઓછું છે એટલે જ અશક્તિ જણાય છે. બાકી રોગ બોગ કંઈ જ નથી... કેમ પારુ કેની ? સોનલ બોલી ઊઠી. મારા મનનો મોરલો નાચી ઊઠ્યો... ને પારુ પણ 'હા' એટલું બોલી ચા બનાવવામાં ગુંથાઈ ગઈ. આ મને ન ગમ્યું... પણ એની ટેવ જ એવી છે ને ! ન બોલવું હોય ત્યારે ચૂંટણી ખણે તોય ઊંહકારો ય ન ભણે અને પછી જીભ વછૂટે તો પછી પ્રભુ તોબા...

ચા-નાસ્તો પતાવી ફરી સોનલની પાસે બેઠો... મારી દરકાર સોનલ વધુ કરતી... ને મોટે ભાગે તે ન ગમતું હોવા છતાં પણ મારે માન્ય રાખવું પડતું...લો, એટલી વારમાં કહે હવે તમો જરા ફરી આવો... અરે...ના...ના... સિનેમા જોઈ આવો જાવ... આ મારી પારુને પણ લેતાં જજો...'' ના છૂટકે મારે જવું પડ્યું...

થિયેટરમાં શું શું જોઉં છું તેનાં કરતાં પારુની વાત સાંભળવામાં મને વધુ રસ

છે. હૈયા ઉપર હાથ રાખી સાંભળતો જાઉં છું તે પણ અટકી... અટકીને નિઃસાસા સાથે જ કહે છે ને ? ''લાસ્ટ સ્ટેજ ઉપર છે એમ જ ડૉકટરે કહી દીધું. દાખલ કર્યા કરતાં હવા ખાવાના સ્થળે લઈ જાઓ... માંડ માંડ બે ત્રણ વર્ષ કાઢે... શી ઈઝ ઓન ડેથ બેડ...'' તેનાથી એક ડૂસકું નંખાઈ ગયું... મરણપથારીએ... મારી સોનુને ટી.બી. લાસ્ટ સ્ટેજ...!! એની ચાર દિવસની જિંદગી !!! આહ !'' કપાળ ઉપર જોરથી તે થપ્પડ મારી બેઠી. આજુબાજુના લોકો આ તરફ જોવા લાગ્યા એમ જાણી એને હું બહાર લઈ ગયો... રિક્ષા કરી ઘરભણી જવા લાગ્યાં... ત્યાં વળી તેને કળ વળી. મને કહે, ''તમો તેને આ વાતનો અણસારો બિલકુલ આવવા ન દેતા. ડૉકટરે પણ તેને હિંમત આપી છે. તે દાખલ થવા ખૂબ જ ઉત્સુક હતી પણ ડૉકટર કહે કે ''બેન દાખલ કરવાની કંઈક જરૂર નથી. શરીર એકદમ ક્વાઈટ છે ને ! તે દિલાસો ન આપે તો બીજું આપી પણ શું શકે ? મને વચન આપો કે તમે તેનાથી આ વાત ખાનગી રાખશો... હા... બસ... એને કોઈ સારા સ્થળે લઈ જાવ... તમો સર્વિસ પર જાવ ત્યાં જ લઈ જાઓ ને ! ગામડું છે ને તબિયત પણ ઠીક રહેશે.''

એ વાતને દસ માસ પણ થઈ ગયાં... કાળનું ચક્ર ગતિમાન જ રહ્યું. આ ગાળામાં સોનુને લઈને હું ક્યાં ક્યાં ફર્યો ને શું શું પ્રયત્નો કર્યા તેને બચાવવા; એ વિચાર કરતાં મારું દિલ ભરાઈ આવે છે.

ડૂબતો માણસ તરણું પકડે તેમ તેની જીવન જીવવાની જિજીવિષાએ પણ કેવાં વલખાં માર્યા હતાં. એ વિચારે ગમગીની છવાઈ જાય છે મારા હૃદયમાં. જાતજાતનાં કેટલાંયે અખતરા કર્યા પણ માથે આવેલો તેના ઉપરનો ખતરો કેમેય કર્યો દૂર ન થયો... તે... ન જ થયો.

એક રાત... ભયાનક રાત... કાજળકાળી રાત... જોતાં જ છળી મરીએ એવી રાત... અરે પોતાના પડછાયાનો પણ ભય લાગે...

હું સોનલના ખાટલે આવી બેઠો...

''મને જરા પાણી પાઓ ને...!'' જાણે ઊંડેથી સોનલનો અવાજ આવ્યો... મેં કાચના ગ્લાસમાં પાણી કાઢી આપ્યું... અડધું પીધું, અડધું બહાર ચાલ્યું ગયું...

''બસ...બસ... પગે જરા તરોડ થાય છે... હાથ ફેરવોને...''

દિવેલ લગાવી કાંસાની વાટકીથી મેં તળિયાં ઘસવાનું શરૂ કર્યું... પણ ત્યાં તો પારુ આવી... તેણે એ કામ પોતે જ લઈ લીધું...

‘‘કોણ પારુ ! બેન તું આવી...?’’ ને ફરી પાછી સોનલ જાણે ભાન ગુમાવતી હોય તેમ લાગવા માંડ્યું.

‘‘હું જરા આના માટે કાંજી કરી લાવું; જો પીએ તો.’’ કહી પારુ રસોડામાં દોડી ગઈ.

‘‘મારી છાતીમાં ખૂબ ગભરામણ થાય છે...રાહુલ...!’’ કહી સોનલ રડી પડી... મારી આંખમાં ઝળઝળિયાં આવ્યાં. હું તરત જ હાથ ફેરવવા લાગ્યો; અને મનમાં ને મનમાં વિચારી રહ્યો; - ‘‘ક્યાં વરસ પહેલાંની ગોટા જેવી છાતી...!... અને ક્યાં હાલની પરપોટા જેવી છાતી. ! રે...રામ ! તેની એકેય આશા પૂરી કરી નહીં...?’’

‘‘રાહુલ ! મારા મયંક અને મીના તમોને સોંપ્યા... હું હવે બહુ જીવવાની નથી... તેમને દુઃખ ના આવવા દેતા... કદી...કદી યાદ કરે તો કહેજો... એક મા હતી...પારેવા જેવી...! ને મારો ફોટો પણ બતાવજો...’’ મારી આંખમાં આંસુ ભરાયાં. ‘‘અરે ! તમે રડો છો કેમ ? હું જવા માગું છું એટલે ? હું ક્યાં જવાની છું ?’’ અને બાજુમાં ઊભેલાં બાળકોને સોડમાં દબાવી પોક પાડી ઊઠી. ‘‘બાપ... મારા..! મેં તો તમને કંઈ સુખ ન દીધું... તારા પપ્પાનું કહ્યું માનજો... હોં...ભણજો ખૂબ...ખૂબ... ભણજો... ભણીગણી ડૉકટર બનજો એ જ મારી ઇચ્છા છે... બેટા..! અને નવી મા આવે તો વિતાડશો નહીં... લાડમાં ઉછરેલ છો પણ જ્યાં ત્યાં લાડની આશા રાખી તોફાન ન કરતાં...’’

‘‘બસ કર... સોનુ... બસ કર... મારાથી સહ્યું નથી જતું... વધુ ન બોલતી... મારું કાળજું કપાઈ જાય છે... આ વેદનાના વખ જિરવાતાં નથી... મારાથી હવે. બસ કર..! આમાં નાનાં બાળકો હેબતાઈ જાય એમ શું કરે છે ?’’ બંને બાળકોને ખેંચી લઈ બહાર ધકેલી દેતાં દેતાં હું બોલી ઊઠ્યો.

ત્યાં પારુ આવી; ‘‘લે બેન જરા કાંજી...’’

‘‘ના...ના...’’

‘‘અરે એ તો કાંઈ ચાલે ! જરા પીધા પછી હિંમત આવશે...લે...પી જોઉં મારી બેન કરું...લે...લે... મારા સોગંદ ના પીએ તો.’’

જાણે નાનાં બાળકોને પટાવતી હોય તેમ તેણે લાડથી બે ચમચી તેને પાઈ... ‘‘બસ હવે...’’ પીધા પછી તે બોલી..., ‘‘લો આ ચાવી-પેટીની તેમાં બધી જ વસ્તુ

છે...અને...ડૉકટરની વાત મારાથી ખાનગી રાખી ? પણ હું કંઈ ગમાર નથી તો ! ડૉક્ટર જ્યારે કહેતા હતા ત્યારે બહારથી હું બારણા પાસે ઊભી ઊભી સાંભળતી હતી... તમારા મનમાં એમ કે ''હવે નહીં બચે...'' એમ કહીશું તો આઘાત લાગશે...પણ...ના...ના તમને રાહુલ, તમને આઘાત ન લાગે એટલે જ મેં તો તમને અજાણ રાખવા પ્રયત્ન કર્યો હતો... પણ તમો તો જાણી બેઠા છો. તમે મને અજાણ રાખવા માગતા હતા. કોણ કોને અજાણ રાખે ? બોલો ને ? કોણ કોને અજાણ રાખી શકે કે જ્યાં જીવ જ એક તાંતણે બાંધ્યા ત્યાં...! કેમ ખરું કે- ની ?''

જવાબમાં મારી આંખમાંથી બે અશ્રુબિંદુઓ- સોનલનાં હોઠ- હજુએ રાતા રહેલા હોઠ પર પડ્યા. હું સોનલના માથે હાથ ફેરવતાં ફેરવતાં બોલી ઊઠ્યો, ''ના...ના...ના..ના...સોનુ...ના...તને છેતરવાનો મારો કોઈ જ ઇરાદો ન હતો... તું ક્યાંય જવાની નથી... તને કશું જ થવાનું નથી...હું હમણાં જ ડૉકટરને બોલાવી લાવું છું.''

''ડૉકટરનું કાંઈ જ કામ નથી હવે તો...હા...હવે થઈ પણ શું શકે ? ડૉકટર કરી પણ શું શકે ?''

''અને...અને...રાહુલ ! તમોને તો ક્યાંથી ખબર હોય; પણ આ પહેલાંથી જ મને તો મોતનો ઓળો નજરે પડતો'તો, મેં જાતે જ મૃત્યુની પથારી પાથરી'તી'' એકી શ્વાસે તે બોલે જતી હતી.

જરા રોકાઈ, ખાંસી વાળી લઈ; ફરી વાતનો દોર સાંધતા સાંધતા બોલી. ''ને... મયંકની ભેટ ધરવા જ મેં જિંદગી હોડમાં મૂકી'તી... કાયાને માયાના ચાકડે ચઢાવી હતી... તે દિ'ની યાદ આવે છે ત્યારે મને મારું જીવતર કૃતાર્થ થયું જણાય છે. વંશની વેલને વિકસાવવાના સોનેરી સપનાં સાર્થક કરવાનો મારો એ પ્રયત્ન જ મારી આ દશાને આભારી હતો... ત્યારે ડૉકટરે કહેલું ખરું કે- બાળક અથવા તો તમને એ બંનેમાંથી ગમે તે એકને હું બચાવી શકીશ... ત્યારે મેં બાળકને, મારા લોહીને જીવતું રાખવાની હા ભણેલી.. પણ તેની સાથે હું પણ ભાગ્યના જોરે આટલું સુખ પામવા, તમને દુઃખ આપવા રહી જવા પામી... પણ નિષ્પ્રાણ અચેતનરૂપે જ.

બીજું સગીબેનના'ય ઓરતા આવે, સાત દીકરાની ખોટ સારે એવી મારી પારુની તમારા પ્રત્યેની અનહદ ભક્તિ પણ મને તમારા એ માર્ગમાંથી ખસી જવાની પ્રેરણા નહીં આપતી હોય ?'' ત્યાગની વેદી પર સોનલે સર્જેલી આ ભવ્ય ભાવનાને ઘડીભર ક્યાંય સુધી હું વંદી રહ્યો. તે હજુય વિનોદમાં જ બોલવાનો પ્રયત્ન કરતી

હતી. છાતી ઉપર પથ્થર મૂક્યો હોય તેમ જરા પણ દુઃખ દેખાડતી ન હતી...

''રાહુલ..! લાવો જોઈએ તમારો હાથ...''

મારો જમણો હાથ લઈ ચુંબન કર્યું પછી તે બોલી, ''હવે તમો કહો ના કહો પણ આજનો જ દિવસ હું છું... ડૉકટર કહે કે ના કહે પણ કાચી માટીના માનવી કેટલા દિ' લગણ ચાલે ? છેવટે તો જરા પવનથી'ય તે ખરી જ જવાનો ને ! આ જિંદગીય ધૂળના ઢાંકણ જેવી છે ને ? વાયુના જરા જેટલા હિલોળામાં તો એય ખૂલી જાય...''

અને એની જીભે લવાં વળવા લાગ્યાં. તે તોતડાવા લાગી... ''...જો...જો સાંભળો આપણા ઘર ઉપર ઘુવડ બોલે છે... કહે છે કે તે જ્યારે બોલે ત્યારે કોઈક તો જરૂર મરી જાય...પણ મને...મને...ભય...ભય નથી લાગતો હો...લો... ત્યારે...હવે...આવતે...ભવે પરભુ તમારી...સેવા કરવાની...મને...તક... આપે...હું...જાઉં છું... મારા...દોષ...મારી...ભૂલની...માફી... આપજો... રાહુલ...!''

આટલું બોલતાં બોલતાં તો તેને એકદમ ખાંસી ચઢી આવી. ગળામાંનો ગળફો બહાર નીકળવા તલસી રહ્યો... પણ ઘણુંય જોર કરવા છતાં ન નીકળી શક્યો... તેના હાથ-પગ તણાઈ જવા લાગ્યાં... તળિયાં ઠંડા પડી ગયાં... શરીર શ્યામ બનતું જ ગયું... હેડકી શરૂ થઈ ગઈ હતી. ગળામાં ઘરેરાટી બાજતી હતી... જાણે શોષ પડતો હોય તેમ તેની આંખો આમતેમ ફરવા લાગી... હું ઊભો થયો અને તેની કાંજીની તૈયારી કરવા લાગ્યો... પણ પારુએ તેમ કરતાં મને રોક્યો...તેણે ચાંગળું ભરી પાણી લઈ તેના મોંમાં રેડ્યું... તેને જરા રાહત જણાઈ... પણ ફરી પાછી એ જ સ્થિતિ... એ જ વેદના...એ જ આંખોનાં વલખાં... મુંઝાતો જીવ બહાર નીકળવા તરફડી રહ્યો હતો...

પારુએ પાણિયારે જઈને ઘીનો દીવો કર્યો...ને પછી દાડમનો રસ કાઢી મને આપી તેને પાવા જણાવ્યું... મેં ધીરે ધીરે એકાદ ચમચી તેના ખુલ્લા, ડચકાં ખાતા- મોંમાં રેડ્યું...

તેને હવે જરા રાહત લાગવા માંડી...

''હાશ ! કંઈક ઠીક જણાય છે.'' દરેકનાં મોં ઉપર આવો જ ભાવ વરતાઈ આવ્યો... પણ તોફાન કરતાં શાંતિ ક્યારેક ખૂબ જ વસમી હોય છે- સ્મશાન

શાંતિ જેવી-

હું તેના મુઠ્ઠી વાળેલા હાથ પકડી પંપાળતો હતો... તેના કાળા પડી ગયેલ નખ જોતો હતો...

ત્યાં જ એકાએક તેને ઊબકો આવ્યો ને મોંમાંથી ગળફારસ ને ઓલ્યો જીવન રસ પણ બહાર નીકળી ગયો... આંખો ફાટી ગઈ... મોં ખુલ્લું થઈ ગયું... મુઠ્ઠી ઊઘડી ગઈ... નાડી બંધ પડી ગઈ અને જીવડો ચાલ્યો ગયો...

અને સાચોસાચ ઘોર શાંતિમાં રાતના બારના ટકોરા તરત જ વાગી ઊઠ્યા... જાણે મારી સોનલના મૃત્યુની રાહ જોઈ થંભી ગયા ન હોય... અત્યાર સુધી...

હું ડૂસકે ચઢી ગયો...ને પારુએ તો છાતીફાટ રુદન આદરી દીધું... પાણિયારાનો ઘીનો દીવો ઘી વિના ક્યારનો'ય ઓલવાઈ ગયો હતો... ફક્ત એની આછી ધૂમ્રસેર આંટા મારતી હતી... ઓરડામાં...

(૧૬.)

# અષાઢી દીકરો..!

**« દેવચંદ યોગી**

શારદાબેનના મૃત્યુના સમાચાર જાણ્યા. આઘાત લાગ્યો. એમનો પતિ નિખિલ મારો મિત્ર. દશ વર્ષ અમે સામસામે બંગલામાં રહેલા. શારદાબેનનું શિક્ષણ નહિવત્ પણ કોઠાસૂઝ અને કોઈને પણ ઉપયોગી થવાની વૃત્તિ પ્રબળ. મોટું કુટુંબ, વિધવા સાસુ, બે દિયર, બે નણંદ. મોટાં નણંદ વિધવા થયેલાં તેમની સાથે તેનો બાબો.

નિખિલ પણ કુટુંબ વત્સલ. નિખિલના પિતા શિક્ષક અને પરગજુ. મોટું કુટુંબ, ઓછો પગાર અને વ્યવહારમાં વટ રાખવાની વૃત્તિને કારણે શિક્ષક પિતાને માથે દેવું વધતું જ રહ્યું. નિખિલ ભણ્યો. એન્જિનિયર થયો. નોકરી મળી. નિખિલનું શારદા સાથે સગપણ થયું. વર એન્જિનિયર અને વહુ અભણ. લોકો કહેતા એમનું ગાડું ઘોંચમાં પડ્યા વિના નહીં રહે. શારદા પરણીને સાસરે આવી. એના મનમાં દ્વિધા હતી. ‘‘ભણેલો પતિ પોતાને પ્રેમથી રાખશે કે નહીં ?’’ શારદાના મનમાં એવી ચિંતા હતી. લગ્ન લેવાયાં. પરણ્યાની પ્રથમ રાત મધુરજની. શારદા અને નિખિલ મળ્યાં. શારદાની ધારણા ખોટી પડી. નિખિલ સરળ હૃદયનો અને પ્રેમાળ હતો. પ્રથમ રાત્રે જ શારદાએ નિખિલને પૂછી નાખ્યું : ‘‘તમે ભણેલા છો, ઈજનેર છો. હું અભણ છું. ગામડાની ગમાર છું. બહુ રૂપાળી પણ નથી. તમે મને ગમાડશો ?’’ નિખિલે જવાબ આપવાને બદલે

શારદાને બાહુપાશમાં જકડી લીધી અને પ્રેમથી નવડાવી નાખી. નિખિલે શારદાને કહ્યું : ''તું માનવ છે. એટલું મારા માટે બસ છે. તું જ મારું સર્વસ્વ છે.''

''પણ મને એક સવાલ મૂંઝવે છે.'' શારદાએ નિખિલને કહ્યું.

''કયો ?''

''તમે ભણેલા છો, ઈજનેર છો. છતાં તમે આટલા સાદા કેમ છો ? તમારી પાસે બીજા ઉપર ત્રીજું પેન્ટ નથી ?''

''શારદા, બાપુજી શિક્ષક હતા. મને ખર્ચ કરીને ભણાવ્યો. મોટી બહેનને પરણાવી. મોટું કુટુંબ એટલે ખર્ચ પણ ખરું. વળી, આપણું ઘર નાતમાં પૂછાતું ગણાય. એટલે જે મહેમાનો આવે તેની પરોણાગત પણ કરવી પડે. એટલે બાપા દેવામાં ડૂબતાં જ ગયા. પિતાના સંસ્કાર વારસાની સાથે આપણને દેવું પણ વારસામાં મળ્યું છે. આપણે લેણદારોની પાઈએ પાઈ ચૂકવવાની છે. એટલે કદાચ તેં ધારી હશે એવી મોજમજા થોડાં વર્ષો તને નહીં કરાવી શકું.''

''મારા બાપા હંમેશા મને કહેતા : ''બેટા, પતિ-પત્ની સંસાર રથના બે પૈડાં છે. એકબીજાને આધારે ચાલે. પતિનું દુઃખ એ આપણું દુઃખ માનવું. કદી કોઈ વાતે હઠ કરવી નહીં. કાઠા દા'ડા પતિને પડખે રહેવું અને હિંમત આપવી. હું તમારી પાસે કોઈ ચીજ-વસ્તુની માગણી નહીં કરું. મને તો માત્ર તમારી હૂંફ જોઇએ, પ્રેમ જોઈએ.'' શારદાએ કહ્યું.

પાંચ વિઘા જમીન હતી.

નિખિલ નોકરી કરે.

શારદાએ ભેંસ ખરીદી. ખેતી સંભાળી. શારદાએ નિખિલના પગાર જેટલી જ બીજી આવક ઊભી કરી. બે દિયરને ભણાવ્યા, પરણાવ્યા. એક દિયર ડૉક્ટર બન્યો. નાની નણંદને ભણાવી સારું ઘર શોધી પરણાવી. મોટી નણંદને સાસરામાં રહેવા ઘર નહોતું એટલે ઘર બનાવી આપ્યું. શારદા ઘરના નાનામાં નાના માણસની ચિંતા કરે. સૌને જમાડ્યા પછી પોતે જમે. સૌ તેનું માન રાખે.

હું શારદાબેનને ત્યાં લોકાચારમાં ગયો.

શારદાની સાસુ મોંઘીબા ઘરમાં હતાં. હું તેમને મળવા ઓરડામાં ગયો. મને જોઇ તેમનું હૈયું ભરાઈ આવ્યું. ''ભઈ, જવાનું હતું મારે. પણ વઉ મારા પહેલાં ગામતરે નેંકળી ગઈ. મને નેવું ને ચાર વરહ થયાં. ઈને તો માંડ ચાર દાયકા પૂરા

કર્યા હશે. ઈણે મારા ઘરની આબરૂ જાળવી છે. મારા ઘરને ઉજાળ્યું છે. મારો નિખિલ પણ રાંકનું રતન પાક્યો.''

''શારદા પરણીને અહીં આવી ત્યારથી એનું હીર હું પારખી ગઈ હતી. એ પહેલાં આંણે હાહરે આવી એ વખતે જ એણે એનું હીર બતાવેલું. અમે દેવાદાર છીએ એ વાત પરણ્યાની પહેલી રાતે જ એણે નિખિલ પાસેથી જાણી લીધેલી. એને સાસરે આવ્યાને ત્રીજો દિવસ થયો હતો. હું પૂજા કરીને ઊઠી. શારદા આવી. મને પગે લાગી. મારા પગ આગળ મશરૂ વીંટેલું એક બચકું મૂક્યું. મેં કહ્યું : ''બેટા ! આ શું છે ?''

તે મૂંગી રહી. ફરી મેં કહ્યું : ''વઉં બેટા ! આમાં છે શું ? તું કંઈ બોલે તો મને ખબર પડે ને !''

''બા, તમારા દીકરા પાસેથી પહેલે જ દિવસે મેં જાણી લીધું કે આપણે દેવાદાર છીએ. મારા મા-બાપે મને જે દાગીના આલ્યા છે, એ આ બચકામાં છે. આ દાગીના વેચીને આપણે ઘરનું દેવું ભરી દઈએ. મને તમારો અષાઢી દીકરો ગણજો. મારા દાગીના એ અષાઢા દીકરાની કમાણી ગણજો.'' શારદાની વાત સાંભળી હું સ્તબ્ધ બની ગઈ. હજી તો એ ઘરમાં બે દિવસથી આવી છે. છતાં ઘરની બની ગઈ. મેં એને બાથમાં લઈ બચીઓથી નવડાવી નાખી. તેનું બચકું તેને આપતાં મેં કહ્યું : ''બેટા ! તારા દાગીના ઉપર અમારો અધિકાર નથી. તેં આટલી માનવતા બતાવી તે અમારા માટે પૂરતું છે. હું બેઠી છું ત્યાં સુધી દેવું ભરવા મારી વઉના દાગીના ના વેચાય ! જા બેટા, સુખી થા. ભગવાન સૌ સારાં વાનાં કરશે.''

'આવી હતી મારી શારદા' કહેતા મોંઘીબાથી ડૂસકું લેવાઈ ગયું.

# (૧૭.) મયૂરી V/S જડીબા

**« નટવર પટેલ**

**મયૂરી** બાર સાયન્સમાં સારા ટકા લાવી. તેણે આઈટીમાં ફોર્મ ભર્યું હતું. મયૂરીનાં મમ્મી-પપ્પા ઈચ્છતાં હતાં કે મયૂરીને અમદાવાદની કોઈ કૉલેજમાં એડમિશન મળી જાય તો નિવૃત્ત જીવન ગાળતા દાદા-દાદીને ઘેર મૂકી શકાય. આ અંગે મયૂરીને થોડો અણગમો હતો. કનુદાદા તો ભણીગણીને સરકારી નોકરીમાં જોડાયા હતા ને પછી રિટાયર્ડ થયા હતા. તેઓ નવા પ્રવાહથી સતત વાકેફ રહેતા હતા. ટચસ્ક્રીન મોબાઈલ વાપરતા હતા. રોજ લાઈબ્રેરીમાં વાંચવા જતા ને બગીચે વડીલ મિત્રો સાથે ગોષ્ઠિ કરી લેતા. ક્યારેક કચવાતા મને દાદી જડીબા એમને સાથ સહકાર આપતાં પણ એ એમની જુનવાણી રીતરસમો હજીય છોડતાં ન હતાં. એમની જીવનશૈલી સાથે મયૂરીનાં મમ્મી-પપ્પા મૂંગામૂંગા સેટ થઈ જતાં. એમ વિચારતાં કે આપણે એમની સાથે ક્યાં વધારે દિવસ ગાળવા છે. મયૂરીના પપ્પા હિરેનભાઈ વિસાવદર પાસેના એક ગામની હાઈસ્કૂલમાં શિક્ષક હતા. એ સ્થળ અમદાવાદથી દૂર હોવાથી તે ફેમિલી સાથે વિસાવદરમાં જ રહેતા હતા. રજાઓમાં પરિવાર સાથે આવવાનું થતું ત્યારે થોડા દિવસ બંને જણ જડીબાને સહન કરી લેતાં. પણ આજકાલનાં છોકરા શીદ સહન કરે ?

આ જોઈ ઘણીવાર કનુદાદા જડીબાને ટોકતા : હવે જરા સમજ. તારી પુરાણી માન્યતાઓ મૂકી દે. ને થોડા

દા'ડા આ લોકો સાથે સેટ થવાનું રાખ. જો આમ જ કરીશ તો પછી આગળ જતાં તને જ તકલીફ પડશે. હાથપગ હાલે છે ત્યાં સુધી ઠીક છે, પણ પછી વહુના પનારે પડીશ ત્યારે ? આવું સાંભળતા જ જડીબા કનુભાઈને સામે છાસિયું કરતાં : બેસો હવે, છાનામાનાં. તમને કશી ગતાગમ ના પડે. આમાં ને આમાં આ છોકરાં બગડી જશે.

ક્યારેક દીકરો હિરેન પણ બાને ધીમેથી સમજાવવા કોશિશ કરતો : મમ્મી, હવે અમુક રીતે રહેતાં શીખી જા. તું ભલે વહેલી જાગે પણ મયૂરીની મમ્મીનેય શીદ વહેલી ઉઠાડે છે ?''

''તો શું મોડે સુધી ઘોરતાં રે'વાનું ?''

''મમ્મી, એ થોડી મોડી ઊઠે એમાં કશું ખાટુંમોળું નથી થઈ જવાનું. ને નાહ્યા વગર ચા-નાસ્તો કરી લે એય ચલાવી લેવાનું.''

''એ બધું તારે ઘેર ચલાવજે. અહીં મારે ઘેર નહીં ચાલે. આ તે કંઈ સંસ્કાર કે'વાય ? મોડે સુધી ટીવી જોવાનું ને સવારે મોડા ઊઠવું... એ પછી નાહ્યા ધોયા વગર ગળચવા બેસી જવું ?''

''હિરેન, રે'વા દે. તારી મા નહીં સમજે. આપણે જ સહન કરી લેવાનું. હુંય કહી કહીને થાક્યો... પણ... હવે તો હુંય આંખ આડા કાન કરી જીવું છું. એ તો કૂતરાની પૂછડી વાંકી તે વાંકી !''

''ને તમેય તમારી અમુક આદતો ક્યાં છોડો છો ? આ બીડી બંધ કરાવી તો મસાલો શરૂ કર્યો.''

''હિરેન, દિવસમાં બે વાર જમ્યા પછી જ મસાલો લઉં છું ને એય માપનો. પહેલાં જેવી ટેવ હવે નથી.''

''કોને ખબર બહાર જઈ નૈં ખાતા હોય. હું કાંય તમારી ચોકી કરવા થોડી આઉં છું ?''

આમ જડીબા બોલવામાં કોઈને પહોંચવા ન દે.

હવે જો મયૂરીને અમદાવાદની કૉલેજમાં ઍડમિશન મળે તો એ ઘેર રહે ખરી ? એણે તો મમ્મી-પપ્પાને કહી દીધું કે ''મમ્મી, જો અમદાવાદ ઍડમિશન મળશે તો હું હોસ્ટેલમાં કાં તો પીજીમાં રહેવા જઈશ પણ દાદી જોડે તો નહીં જ.''

પપ્પા સમજાવતા, 'બેટા, લોકો શું કહેશે ? અમદાવાદમાં ઘરનું ઘર છે છતાં દીકરી હોસ્ટેલમાં રહે છે ?''

''લોકોને જે કહેવું હોય તે કહે. મને પણ મારી રીતે જીવવાનો અધિકાર ખરો કે નહીં ?''

મમ્મી કહેતી : ''હજી ઍડમિશનનું તો થવા દો. પછી બધી વાત.''

રોજ ઊઠી આ ચર્ચા થતી. આ તરફ કનુભાઈ પણ જડીબાને સમજાવવા કોશિશ કરતાં : જો સાંભળ, દીકરી તારા લીધે હોસ્ટેલમાં રહેશે તો લોકો શું કહેશે ? ને દીકરાને વધારે ખરચો નંઈ થાય ? સો વાતની એક જ વાત કે તું તારો સ્વભાવ બદલ.''

જડીબા શરૂશરૂમાં દલીલો કરતાં પણ છેવટે મૂંગા રહી સાંભળવા લાગ્યાં. કનુભાઈને આ મૌન પણ સહન ન થતું એટલે તેઓ પછી ઘરબહાર નીકળી જતાં.

કનુભાઈ મનોમન ભગવાનને પ્રાર્થના કરતા હતા કે મયૂરીને અમદાવાદ બહાર બીજે ઍડમિશન મળે તો સારું. જેથી ઘરમાં સૌના મન ઊંચાં તો ન રહે. તો બીજી તરફ મયૂરી પણ આવું જ કંઈક વિચારતી હતી.

એકાદ મહિના પછી ઍડમિશનની યાદી બહાર પડી. મયૂરીને અમદાવાદની એક સારી કૉલેજમાં ઍડમિશન મળી ગયું. મમ્મી-પપ્પા રાજી તો થયાં પણ હવે સમસ્યા મયૂરીને તૈયાર કરવાની આવી. ઘણું સમજાવી પણ તે એકની બે ન થઈ. પપ્પાએ હોસ્ટેલમાં રહેવાના ગેરફાયદા વર્ણવી મયૂરીને હતાશ કરવા કોશિશ કરી જોઈ. પીજીમાં બનેલા કેટલાક કિસ્સા કહી સંભળાવ્યા પણ મયૂરી મનથી મક્કમ રહી.

હિરેને જડીબાને ફોન કર્યો : ''મમ્મી, સાંભળ. મયૂરી તારી જોડે રહી ભણવા ઇચ્છતી નથી. હવે મારે શું કરવું ?

''સાંભળ બેટા, એને એમ કહે કે થોડાં દિવસ એ મારે ત્યાં રહે. પણ જો એને ના ગમે તો તારા દાદા જ હોસ્ટેલમાં મૂકી આવશે. હું જરાય વિરોધ નહીં કરું.''

હિરેને આ વાત મયૂરીને કરી, તો તે તાડૂકી : ''મને ગમવાનું જ નથી ને ? મારી ટેવો-આદતો વિશે ડગલે ને પગલે ટોકી રોજ મારો મૂડ ખરાબ કરી દેશે. આમ કરી તમે મને પીંજરામાં પૂરો છો.''

''બેટા, લોકલાજે એમ કરવું પડે. ને તને પણ ના ગમે તો દાદી પણ છૂટ તો આપે જ છે ને ?'' ''હા, બેટા.'' મમ્મી સમજાવતી ''એમના માન ખાતર પણ થોડાં દિવસ રહી જા. દાદા તો છે ને ?'' ''જો, મમ્મી, રહીશ, પણ મારી રીતે. જે દિવસ

દાદી ટક ટક કરશે તે દિવસ તમનેય પૂછવા ઊભી નહીં રહું.''

આ સાંભળી હિરેન ફફડી ગયો. કદાચ દીકરી કંઈક આડુંઅવળું પગલું ભરી બેસશે તો ? એમણે ફોન કરી કનુભાઈ પાસે પોતાની ચિંતા વ્યક્ત કરી.

''બેટા, ચિંતા ના કર. હું છું ને ? બંને વચ્ચે મધ્યસ્થી થઈને બધું સમુંસૂતરું પાર પાડતો રહીશ.''

ને મયૂરી ભણવા દાદા-દાદી પાસે અમદાવાદ આવી. એના આશ્ચર્ય વચ્ચે પહેલીવાર દાદીએ એને હસીને આવકારી એના હાથમાંથી બેગ પણ લઈ લીધી.

''બેટા, તું થાકી ગઈ હોઈશ. સોફા પર બેસ ને પછી પંખો ચાલુ કરી, પાણીનો ગ્લાસ પણ ભરી આવ્યા. મયૂરીના આશ્ચર્યનો પાર ન રહ્યો.

''બોલ બેટા, તને શું ભાવશે ? તું કહે તે આજ તો બનાવીશું.''

''દાદી, તમને બધું જ આવડે છે ?''

''હા બેટા, બોલ. નહીં આવડતું હોય તો એ બહારથી મંગાવી લઈશું. આજ તો તારાં ભાવતાં ભોજન જમાડીશ.''

મયૂરીએ દાદી સામે જોયું. દાદી કૃત્રિમ ભાવ તો નથી પ્રદર્શિત કરતાં ને ? પણ એ વૃદ્ધ ચહેરા પર એને માતૃત્વનાં દર્શન થયાં. તેણે કનુદાદા સામું જોયું.

''હા બેટા, તું જરાય મૂંઝાઈશ નહીં. તને કોઈ તકલીફ હોય તો મને કહી દેવાનું. હું જ તારી દાદીને ધમકાવીશ.''

''હવે બેસો, છાનામાનાં, તમારી દીકરી છે તો મારી દીકરી નથી ? આપણી પંડ્યની દીકરી હોય ને સાસરેથી અહીં આવતી હોત તો એના અછોઅછો વાનાં ના કરવા પડત ?''

ને એ સાંજે મયૂરીએ પાઉભાજી ખાધાં. એને મજા પડી ગઈ. રાત્રે મોડે સુધી જાગી ટીવી પણ જોયું. દાદી પણ થોડીવાર ટીવી જોવા બાજુમાં બેઠાં. ને પછી કહે : ''દીકરા, હવે હું ઊંઘી જાઉં. તારે કૉલેજ કેટલા વાગ્યાની છે ? કેટલા વાગ્યે ઉઠાડું ?''

''દાદી, એ તો હું મોબાઈલમાં રિંગ મૂકીને ઊંઘી જઈશ. તમને શીદ તકલીફ આપું ?''

ને બીજે દિવસે તેને જગાડવા બૂમાબૂમ પણ ન કરી. ઘંટડી વાગતાં જ ઊઠી ગઈ ને જાતે તૈયાર થઈ ગઈ. જ્યારે તે કિચન રૂમમાં નાસ્તા માટે ગઈ ત્યારે નવાઈ

પામી. નાસ્તામાં તેને બહુ ભાવના ગરમાગરમ બટાકા પૌંઆ હતા. ને એ પણ એના ટેસ્ટ મુજબના.

આમ એક દિવસ પૂરો થયો. સાંજે ઊંઘતા પહેલાં મયૂરીએ મમ્મીને સંપૂર્ણ રિપોર્ટ ફોન પર ખુશી ખુશી કહ્યો ને છેવટે ઉમેર્યું : મમ્મી, દાદીનું આ પરિવર્તન કેટલા દિવસ ટકે છે તે જોઉં છું. બાકી મારી શરત તને યાદ છે ને ?

ને પછી આમ ને આમ એક અઠવાડિયું પૂરું થઈ ગયું. રવિવારે રજા હોવાથી મયૂરી શાંતિથી મોડી ઊઠી. છતાં દાદી કંઈ જ ન બોલ્યાં.

સવારની પ્રાતઃ ક્રિયાઓ પતાવી ત્યાં એનો મોબાઇલ રણક્યો : ''હલ્લો... હા, સ્મિતા. હું તને જ ફોન કરવાની હતી. બોલ, આજનો શો પ્લાન છે ?'' ને ફોન પૂરો થતાં મયૂરી દાદીને કહે, ''આજે મારી ફ્રેન્ડ સ્મિતા સાથે ભણવાની સ્ટેશનરી લેવા શૅ'રમાં જવાનું છે.''

દાદાએ પૂછ્યું : ''એકલી જઈશ ?'' ને મયૂરી ઉત્તર આપે તે પહેલાં જ દાદી બોલ્યા : ''એકલી ક્યાં છે ? એની બહેનપણી પણ સાથે છે ને ? ભલે જતી. હવે એ કંઈ ભૂલી પડે એવડી નાની નથી. જજે હોં બેટા... પણ એ સ્મિતા ક્યાં રહે છે ?'' ફોન પર વારંવાર મયૂરી નામ બોલેલી તેથી દાદીને યાદ રહી ગયું હતું.

''પીજીમાં.'' ''હેં ? પીજીમાં ?'' દાદીને સમજ ના પડી એટલે દાદાએ પીજી વિશે સમજ પાડી.

''તો પછી એમ કર. એને જ અહીં જમવા બોલાવી લે.''

મયૂરી તો જોઈ જ રહી. શું આ દાદી બોલે છે ?

''બેટા, એમાં મારું મોં શું તાકી રહી છે ? તારી બહેનપણીને કો'કવાર ઘરે બોલાવી જમાડવાની તારી ફરજ ખરી કે નહીં ?''

''પણ દાદી, તમને તકલીફ...''

''એમાં તકલીફ કેવી ? એક શું દસ મે'માન હોય તોય હજી પાછી પડું એવી નથી, હા ! ઝટ ફોન કર...''

મયૂરી માટે આ બધી વાતો આશ્ચર્યની અવધિની બહારની હતી. આમ તો આજે એ પુસ્તકો ખરીદી સ્મિતા જ્યાં રહેતી હતી એ પીજી સ્થળ જોવા જવાની હતી, જેથી ભવિષ્યમાં કદાચ પોતાને જરૂર પડે તો એ કેવું છે, જમવાનું કેવું આપે છે, વગેરે ખબર તો પડે ! પણ દાદી એને એવી એક પણ તક આપતાં જ ન હતાં.

સ્મિતા આવી. બંને બજાર ગયાં. ખરીદી પતાવી લગભગ દોઢ વાગ્યે ઘરે આવ્યાં. જોયું તો રસોઈ તૈયાર હતી. દાદીએ બંનેને આગ્રહ કરી કરીને જમાડ્યાં. દાદીએ આજ જમણમાં ગોટા, પાપડ, કઢી ને ભાત બનાવ્યાં હતાં. શીખંડ ને જલેબી તૈયાર લઈ આવ્યાં હતાં. મયૂરીય ખુશ ને સ્મિતાય ખુશ ! સ્મિતા જતાં જતાં મયૂરીના કાનમાં કહેતી ગઈ કે... મને થાય છે કે હું જ તારે ત્યાં પીજી તરીકે રહેવા આવી જાઉં !

''જોજે એવાં સપનાં જોતી. ઉપરથી હું જ તારી પાસે રહેવા આવવાનું વિચારતી હતી.''

''આટલાં પ્રેમાળ દાદા-દાદીને છોડીને ? મારા એક્સપિરિયન્સ પરથી કહું તો જોજે એવી ભૂલ કરતી. પીજીમાં સ્વતંત્રતા ખરી પણ ચિંતા થાય એવી અન્ય સમસ્યાઓ પણ ખરીને ?''

ને મયૂરીની રૂમમાંથી ઘેર જવા માટે સ્મિતા બહાર આવી. સાથે મયૂરી પણ હતી. સ્મિતા દાદા-દાદીને પગે લાગી.

કનુદાદાએ આશિષ આપ્યા : ''સરસ ભણજે બેટા.'' દાદી હજી ચૂપ હતાં. મયૂરી કહે : ''દાદી, સ્મિતા જાય છે. કંઈક તો કહો.''

''બેટા, હું કહું તો મારો બોલ માનશો ખરા ?''

''એ શું બોલ્યા, દાદી ? કહો, શું કહેવું છે ?'' સ્મિતા બોલી.

દાદી મૌન રહી થોડીવાર બંને છોકરીઓને તાકી રહ્યાં. કનુભાઈને ચિંતા થઈ કે ક્યાંક એ બહેનપણી આગળ બફાટ ન કરે.

જડીબા ઊંડા વિચારમાં ડૂબી ગયાં. આ ઘર મોટું હતું. અગાઉ અમે બે જ રહેતાં હતાં. પણ મયૂરીના આવ્યા પછી ઘરનું વાતાવરણ બદલાઈ ગયું હતું. ઘર કલરવતું થયું હતું. દાદાનો ઉમળકો ઉભરાઈ રહ્યો હતો. ઘણા સમય પછી ઘરમાં વસ્તી જેવું લાગતું હતું.

''દાદી, ચૂપ કેમ છો ? આ સ્મિતા જાય છે.''

''હં... એક મિનિટ. બેટા બેસ.'' સ્મિતાને હાથ ખેંચીને પરાણે બેસાડી. મયૂરીને થયું કે હવે દાદી એમની ટેવ પ્રમાણે પુરાણ શરૂ કરશે ને ઈજ્જતના કાંકરા કરશે. શિખામણનો ધોધ વરસાવશે. કનુભાઈનેય એવું લાગ્યું એટલે એ બોલ્યાય

ખરા : ''જવા દેને. એને પહોંચતાં અંધારું થઈ જશે.''

''ભલે થાય. કંઈ બે મિનિટમાં ખાટુંમોળું નહીં થઈ જાય. બેસ બેટા.'' ને પછી દાદી હળવેથી બોલ્યાં : તમે બેય બેનપણીનાં હેત જોયાં. મારી દીકરીને તારી સાથે સરસ ગોઠી ગયું છે. એક જ કૉલેજમાં ભણો છો. મયૂરી એક્ટિવા લઈ કૉલેજ જાય છે. એટલે મને એક વિચાર આવ્યો કે...''

મયૂરીને થયું કે હવે દાદી, એક્ટિવા ન લઈ જાય અને બસમાં જાય તો સારું... એવું કાંક કહેશે. આ વાત મને સમજાવવા સ્મિતાને ભલામણ કરશે.

''મયૂરી, એવું કરીએ તો તને ગમે ? સ્મિતાને આપણે અહીં જ રાખી લઈએ તો ? એ કેવું રહેશે ? પીજી કે... હા, હા. પીજી તરીકે આંય રહે તો કેવું ? તમને બંનેને ખવરાવવા-પિવરાવવાની બધી જવાબદારી મારી. બોલ, બેટા...!

મયૂરી આ સાંભળી અવાક્ થઈ ગઈ. પણ સ્મિતા કહે : ''દાદી, તમને શીદ તકલીફ આપવી ?''

''એમાં તકલીફ કેવી ? બેટા, દીકરીઓનાં કામ કરવાં માવતરને ગમે. બોલ, બેટા. મારી મયૂરીની ખાતર તું જ અહીં આવી જા. બેય બેનપણીઓ એક જ વાહન પર સાથે આવો-જાઓ તો અમનેય ચિંતા નંઈ !'' થોડીવાર રોકાઈને કહે : ''અહીં તમનેય ફાવશે ને અમને ગમશે. કેમ હિરેનના બાપા... કાંક તો બોલો ?''

''હા, હા. કેમ નહીં, તું રાજી તો હુંય રાજી.''

મયૂરી કરતાં દાદાનો હરખ ઉભરાઈ રહ્યો હતો.

એ રાતે મયૂરીએ ખાનગીમાં નહીં પણ દાદા-દાદી જોડે બેસી મમ્મી-પપ્પાને વીડિયો કોલ કર્યો ને દાદીના ભરપેટ વખાણ કર્યાં. સરપ્રાઈઝનું રિપ્લેસમેન્ટ હવે અહીંથી ત્યાં હિરેનના ઘરે થયું !

❖❖❖

(૧૮.)

# અનોખી પરીક્ષા

**« વિષ્ણુ એમ. પ્રજાપતિ**

**''બેટા...** થોડું ખાઈને જા..! બે દિવસથી તેં કાંઈ ખાધું નથી..!'' મા લાચાર શબ્દોમાં મોહનને સમજાવતી રહી.

''જો મમ્મી... મેં મારી બોર્ડની પરીક્ષા પછી વેકેશનમાં માત્ર સેકન્ડ હેન્ડ બાઈક જ માગેલું... અને પપ્પાએ પ્રોમિસ પણ કરેલું... આજે મારું પેપર પત્યા પછી દીદીને કહેજો કે સ્કૂલની બહાર પૈસા લઈને આવે... મારા ફ્રેન્ડનું જૂનું બાઈક આજે જ લેવાનું છે... અને જો દીદી બહાર નહીં આવે તો હું ઘરે પાછો નહીં આવું...!'' એક ગરીબ ઘરમાં મોહનની જીદ અને માની લાચારી સામસામે ટકરાઈ રહી હતી.

''બેટા... તારા પપ્પા તને બાઈક લઈ આપવાના જ હતા... પણ ગયા મહિને થયેલો એક્સિડન્ટ...અને...! મમ્મી કાંઈ આગળ બોલે તે પહેલાં મોહન બોલ્યો, ''એ હું કાંઈ ન જાણું.... મારે બાઈક જોઈએ એટલે જોઈએ જ...!'' મોહન માને ગરીબી અને લાચારીના મધદરિયે એકલી મૂકીને નીકળી ગયો.

ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાના એક સપ્તાહ પછી ભાગવદસર એક અનોખી પરીક્ષાનુ આયોજન કરતા હતા. જો કે ભાગવદસર ગણિત વિષય ભણાવતા, પરંતુ વિદ્યાર્થીઓને જીવનનું ગણિત પણ સમજાવવા એક અનોખી

પરીક્ષાનું આયોજન કરતા. વિવિધતાઓથી ભરેલી તેમની અનોખી પરીક્ષા બધા વિદ્યાર્થીઓ અચૂક આપતા જ અને જીવનનો કોઈ સંદેશ શીખી લેતા.

આ વર્ષે પરીક્ષાનો વિષય હતો... 'મારી પારિવારિક ભૂમિકા'.

મોહન પરીક્ષાખંડમાં આવીને બસી ગયો અને તેણે મનમાં ગાંઠ વાળી દીધેલી કે જો બાઈક નહીં લઈ આપે તો ઘરે નહીં જ જાઉં.

ક્લાસમાં પેપર વહેંચાઈ ગયાં... તેમાં દસ પ્રશ્નો હતા. તેના જવાબો લખવા માટે પૂરતો સમય અપાતો હતો. મોહને પહેલો પ્રશ્ન વાંચ્યો અને જવાબ લખવાની શરૂઆત કરી. પહેલો પ્રશ્ન હતો કે તમારા ઘરમાં તમારા પિતાશ્રી, માતાશ્રી, બહેન, ભાઈ અને તમે પોતે કેટલા કલાક કામ કરો છો તે સવિસ્તાર જણાવો.

મોહને ખૂબ ઝડપથી લખવાનું શરૂ કર્યું. પપ્પા સવારે છ વાગે રિક્ષા અને ટિફિન લઈને નીકળી પડે તો રાતે નવેક વાગે ઘેર આવે... અને ક્યારેક રાતે પણ વરધીમાં જવું પડે એટલે દિવસના સરેરાશ પંદરેક કલાક.

મમ્મી તો ચાર વાગે ઊઠે. ટિફિન તૈયાર કરે... ઘરનું કામ કરે... બપોરે સિલાઈનું કામ કરે... અને બધાં સૂઈ જાય પછી જ તે સૂએ એટલે સરેરાશ... બાર-તેર કલાક.

અને હું... છ વાગે ઊઠું... બપોરે સ્કૂલેથી આવી જમીને સૂઈ જવાનું... અને રાત્રે અગિયાર વાગ્યા સુધી વાંચવાનું... એટલે સરેરાશ દસ કલાક...

મોહને જોયું તો ઘરમાં કામની સરાસરીમાં સૌથી છેલ્લો નંબર તેનો હતો.

પહેલો જવાબ લખ્યા પછી તેણે બીજો સવાલ વાંચ્યો.

તમારા ઘરની મહિનાની કુલ આવક કેટલી ?

મોહને જવાબમાં લખ્યું કે પપ્પાની અંદાજે દસેક હજાર... સાથે મમ્મી અને બહેન મળીને ત્રણેક હજારનો ટેકો કરે એટલે કુલ તેર હજાર થાય.

હવે આવ્યો ત્રીજો પ્રશ્ન, મોબાઈલ રિચાર્જ પ્લાન... ટીવીમાં આવતી મનપસંદ ત્રણ સિરિયલના નામ... શહેરના એક થિયેટરનું એડ્રેસ... હાલની લેટેસ્ટ મુવીનું એક નામ લખો.

આ દરેકના જવાબ સહેલા હોવાથી મોહને એક મિનિટ કરતા ઓછા સમયમાં જવાબ લખી નાખ્યા.

આગળ ચોથો પ્રશ્ન કંઈક વિચિત્ર હતો. જેમાં લખ્યું હતું : બે કિલો બટાટા અને ભીંડાની હાલની એક કિલોની કિંમત... ઘઉં, ચોખા, તેલના એક કિલોના ભાવ... તમારા ઘરમાં લોટ જ્યાં દળાય છે તે ઘંટીનું નામ- સરનામું લખો.

મોહનને આ સવાલનો જવાબ ન આવડ્યો. મોહનને સમજાયું કે ખરેખર જીવનની રોજબરોજની ખૂબ જરૂરિયાતવાળી ચીજો વિશે તો તેને લેશમાત્ર જ્ઞાન નથી. મમ્મી ઘણીવાર ઘરનું કામ બતાવે તો તરત ના કહી દેતો. જેનું આજે ભાન થયું તે એ કે મોબાઈલનું રિચાર્જ કે મુવી જે જીવનમાં ઉપયોગી નથી તે વિશે ખૂબ જ્ઞાન રાખીએ છીએ પણ ઘરની જવાબદારી લેવામાં પાછી પાની કરીએ છીએ. થોડી મૂંઝવણ સાથે મોહને આગળનો પાંચમો પ્રશ્ન વાંચ્યો : તમારા ઘરમાં ભોજન બાબતે કોઈ તકરાર કરો છો ખરા ?

મોહને થોડું વિચારીને જવાબ લખ્યો. હા... મને બટાકા સિવાય કોઈ શાક ન ભાવે.. જો મમ્મી બીજું કોઈ શાક બનાવે એટલે મારે ઝઘડો થાય અથવા હું ખાધા વિના ઊભો થઈ જાઉં.

આટલું લખીને મોહનને યાદ આવ્યું કે બટાકાથી મમ્મીને ખૂબ ગૅસ થઈ જાય છે અને પેટમાં પણ દુઃખે... પણ પોતે જીદ કરે કરે ને કરે જ..! એટલે મમ્મી પોતાને બટાકાના શાકમાં એક મોટો ચમચો અજમો નાખીને ખાય... એકવાર તે શાક ભૂલથી મોહને ખાઈ લીધેલું તો તરત જ થૂંકી નાંખેલું... મમ્મી તું આવું ખાય છે..? બહેન પણ કહેતી કે આપણાં ઘરમાં એવી સ્થિતિ નથી કે રોજ જુદાં જુદાં બે શાક બને... તું નથી માનતો એટલે મમ્મી બિચારી શું કરે...?

અને મોહન પોતાની યાદમાંથી બહાર આવ્યો અને પછીનો પ્રશ્ન વાંચ્યો.

આગળનો પ્રશ્ન નં.૬ હતો કે તમે કરેલી છેલ્લી જીદ અને તેનું સ્વરૂપ લખો.

મોહને જવાબ લખવાનું શરૂ કર્યું. મારી બોર્ડની પરીક્ષા પૂરી થઈ ને બીજા દિવસે મેં બાઇક માટે જીદ કરેલી... પણ પપ્પાએ કોઈ જવાબ ન આપ્યો. મમ્મીએ સમજાવ્યો કે ઘરમાં પૈસા નથી... પણ હું ન માન્યો. મેં બે દિવસથી ખાવાનું પણ બંધ કરી દીધું છે અને મેં જીદ કરી છે કે જ્યાં સુધી મને બાઇક ન લાવી આપો ત્યાં સુધી હું જમીશ નહીં... અને આજે તો ઘરે પણ પાછો નહીં ફરું તેમ કહીને જ નીકળ્યો છું. મોહને પોતાની જીદનો પ્રામાણિકપણે જવાબ લખ્યો.

પછી તરતનો પ્રશ્ન-૭ આવ્યો, જેમાં લખ્યું હતું કે તમને આપવામાં આવતી

પોકેટમનીનો શો ઉપયોગ કરો છો ? તમારા ભાઈ કે બહેન તેનો શો ઉપયોગ કરે છે ?

જવાબ - પપ્પા દર મહિને મને સો રૂપિયા આપે છે... તેમાંથી હું મને મનગમતો પરફ્યુમ... ગોગલ્સ... જેવી વસ્તુઓ કે ક્યારેક મિત્રોની નાની નાની પાર્ટીઓમાં ખર્ચ કરું છું. મારી બહેનને પણ પપ્પા સો રૂપિયા આપે છે. તે નોકરી કરીને કમાય છે... તે પોતાની કમાણી મમ્મીને આપે છે અને પોકેટમની ગલ્લામાં નાખી બચાવી રાખે છે... તેને કોઈ શોખ જ નથી... તે બહુ જ કંજૂસ છે.

મોહને આગળનો આઠમો પ્રશ્ન વાંચ્યો : તમે તમારી પારિવારિક ભૂમિકા શું સમજો છો ...?

પ્રશ્ન અટપટો અને અઘરો હતો પણ મોહને વિચારીને જવાબ લખ્યો. પરિવારમાં જોડાઈને રહેવું... એકમેક પ્રત્યે સમજણ રાખવી. એકમેકને મદદ કરવી... અને પોતાની જવાબદારી નિભાવવી. અને આ લખતાં જ મોહનને અંદરથી જ અવાજ સંભળાયો. શું મોહન તું પોતે પોતાની પારિવારિક ભૂમિકા યોગ્ય રીતે ભજવી રહ્યો છે ?

અને અંદરથી જ પોતાનો જવાબ સંભળાયો 'ના'.

પ્રશ્ન-૯ શું તમારાં પરિણામોથી તમારા માતા-પિતા ખુશ છે ? શું તે સારા પરિણામ માટે જીદ કરે કે તમને લડે છે ?

આ જવાબ લખતાં મોહનની આંખો ભરાઈ આવી... તે હવે પોતાની પારિવારિક ભૂમિકા સમજી ગયો હતો. તેણે જવાબ લખવાની શરૂઆત કરી... ''આમ તો હું ક્યારેય મારા માતા-પિતાને સંતોષકારક પરિણામ આપી શક્યો નથી. જો કે તેમણે તેની ક્યારેય જીદ પણ કરી નથી. અને મેં સેંકડો વાર તેમને આપેલા રિઝલ્ટના પ્રોમિસ તોડ્યાં છે.''

મોહન છેલ્લા પ્રશ્ન સુધી પહોંચતા તો જાણે બધું સમજી ચૂક્યો હતો. દસમો પ્રશ્ન હતો : પારિવારિક અસરકારક ભૂમિકા ભજવવા માટે વેકેશનમાં તમે કેવી રીતે મદદરૂપ થશો ?

મોહનની કલમ ચાલે તે પહેલાં તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી... આ પ્રશ્નનો જવાબ લખતાં પહેલાં જ મોહનની પેન ફસડાઈ પડી અને બૅન્ચ પર નીચું મોં રાખીને રડી લીધું... મોહને ફરી પેન ઉપાડી પણ પ્રશ્નનો જવાબ તે લખી ન શક્યો. અને છેલ્લો જવાબ કોરો મૂકીને પેપર સબમીટ કરી દીધું.

ગેટ પર જ દીદીને જોઈ તે તેની પાસે દોડી ગયો.

‘‘ભઈલું... લે આ આઠ હજાર રૂપિયા... મમ્મીએ કહ્યું છે કે મોહનને કહેજે કે બાઈક લઈને ઘેર આવે.’’ આમ કહી દીદીએ મોહન સામે પૈસા ધર્યા.

‘‘ક્યાંથી લાવી આ પૈસા..?’’ મોહને પૂછ્યું.

‘‘મેં મારી નોકરીમાં એક મહિનાનો એડવાન્સ પગાર માંગ્યો તો તેમણે આપ્યો. મમ્મી પણ જ્યાં કામ કરે છે ત્યાંથી ઉછીના લાવી. અને મારી બચાવેલી પોકેટમની... બધું ભેગું કરી તારા બાઈકના પૈસા કર્યાં છે.’’ દીદીએ સમજાવ્યું.

મોહનની નજર પૈસા પર સ્થિર થઈ અને તેની બહેન ફરી બોલી.

‘‘ભઈલુ... તું મમ્મીને કહીને આવ્યો હતો કે જો મને પૈસા નહીં આપો તો ઘરે નહીં આવું...! જો હવે તારે સમજવું જોઈએ કે ઘરમાં તારી પણ કંઈક જવાબદારી છે. મને પણ ઘણા શોખ છે... પણ આપણાં શોખ કરતાં પરિવાર વધુ મહત્ત્વનો છે. તું અમારો સૌનો લાડકો છે. પપ્પાને પણ પગે ખૂબ તકલીફ છે છતાં તારા બાઈક માટે પૈસા ભેગા કરવા, તને આપેલ પ્રોમિસ પાળવાં પોતાના ફ્રેકચરવાળો પગ હોવા છતાં કામ કર્યે જાય છે... તું સમજી શકે તો સારું...! કાલે રાત્રે પપ્પા પણ પોતાનું પ્રોમિસ નહીં પૂરું કરવાના કારણે દુઃખી હતા... પપ્પાએ એકવાર પ્રોમિસ તોડ્યું છે તેની પાછળ તેમની મજબૂરી છે... બાકી તેં પણ અનેકવાર પ્રોમિસ તોડેલા જ છે ને..?’’ અને દીદી મોહનના હાથમાં પૈસા મૂકીને ચાલી નીકળી.

અને ત્યાં જ તેનો ભાઈબંધ તેનું બાઈક લઈને આવી ગયો...’’ લે... મોહન હવેથી આ બાઈક તારું... બધા તો બાર હજારમાં માગે છે... પણ તારા માટે જ આઠ હજાર હોં...!’’

મોહન બાઈક સામે જોઈ રહ્યો અને થોડીવાર પછી બોલ્યો, ‘‘તું આ બાઈક તેમને જ આપી દેજે. મારાથી પૈસાની વ્યવસ્થા નહીં થઈ શકે.’’

અને તે સીધો ભાગવદસરની કેબિનમાં પહોંચ્યો.

‘‘અરે મોહન કેવું રહ્યું પેપર..?’’ ભાગવદસરે મોહનની સામે જોઈને કહ્યું.

‘‘સર... આ કોઈ પેપર નહોતું. મારી જિંદગીનો રસ્તો હતો... મેં એક જવાબ કોરો રાખ્યો છે... પણ તે જવાબ હું લખીને નહીં જીવીને બતાવીશ.’’ અને મોહન ભાગવદસરના ચરણસ્પર્શ કરી ચાલી નીકળ્યો.

તે ઘરે પહોંચ્યો ત્યારે મમ્મી-પપ્પા અને દીદી તેની રાહ જોઈને ઊભાં હતાં.

‘‘બેટા બાઈક ક્યાં ?’’ મમ્મીએ પૂછ્યું.

મોહને પૈસા દીદીના હાથમાં આપતાં કહ્યું, ‘‘સોરી... મારે બાઈક નથી જોઈતું... અને પપ્પા મને રિક્ષાની ચાવી આપો... તમારે આરામ કરવાનો... હું આ વેકેશનમાં કામ કરીશ. અને મમ્મી આજે સાંજે તને ભાવતું રીંગણ-મેથીનું શાક બનાવજે... રાત્રે પહેલી કમાણી લાવીશ એટલે સાથે જમીશું..!’’

મોહનમાં આવેલ પરિવર્તન જોઈ મમ્મી તો તેને વળગી પડી, ‘‘બેટા, તું સવારે જે કહીને ગયો હતો તે વાત મેં તારા પપ્પાને કરી એટલે તે ઘેર આવી ગયેલા... મને ભલે પેટમાં દુઃખે પણ હું તો રાત્રે તને ભાવતું શાક બનાવીશ.’’

‘‘ના મમ્મી... મને હવે સમજાઈ ગયું છે કે પરિવારમાં દરેકની ભૂમિકા શું હોય છે. આજે રાત્રે મેથી-રીંગણ જ ખાઈશ... મેં આજે પરીક્ષામાં છેલ્લો જવાબ નથી લખ્યો પણ પ્રેક્ટિકલ કરીને બતાવીશ. અને હા મમ્મી આપણે લોટ દળાવીએ છીએ તે ઘરઘંટીનું નામ શું અને તે ક્યાં છે ?’’

અને પાછળ જ ભાગવદસર ઘરમાં દાખલ થયા અને બોલ્યા, ‘‘વાહ... મોહને જે જવાબ નથી લખ્યો તે તું હવે જીવીને બતાવશે...’’

‘‘સર તમે અહીં..?’’ મોહન ભાગવદસરને જોઈ અચંબિત થઈ ગયો.

‘‘તું મને મળીને ચાલ્યો ગયો પછી મેં તારું પેપર વાંચ્યું એટલે તારા ઘરે આવ્યો. હું ક્યારનો’ય તમારી વાતો સાંભળતો હતો, તું અનોખી પરીક્ષામાં પહેલા નંબરે આવ્યો છે.’’ ભાગવદસરે મોહનના માથા પર હાથ મૂક્યો.

મોહન ભાગવદસરને પગે લાગી રિક્ષા ચલાવવા નીકળી ગયો.

❈❈❈

(૧૯.)

# ટોળું

**« ધર્મેન્દ્ર પટેલ**

**શહેરમાં** હેવાનિયત ટોળું બનીને ત્રાટકી. એણે મસ્જિદ ગલીમાં રહેતા, લારી ચલાવી જીવવા મથ્યા કરતા ઈબ્રાહિમની દીકરીનો ભોગ લીધો. સાવ નાની. હજુ તો કળીમાંથી ફૂલ થવા ડગ માંડતી, નાજુક નિર્દોષ સાલેહા હેવાનિયતની ઝપટે ચઢી ગઈ. બૂમો પાડતાં, તોડફોડ કરતાં ને ઝંડા ફરકાવતા ટોળાંએ ગલીનું ગળું ભીંસી નાખ્યું.

સાલેહા કોઈની નજરમાં આવી અને ટોળું આગળ વધ્યું. ''ઉઠાવો એને...'' સામૂહિક વાસનાએ ઘાંટા પાડી હુકમ છોડ્યા. ને તૂટેલા પતરાની આડશે ઘરની સલામતી શોધતી જવાની બહાર ખેંચાઈ આવી. એને ખેંચતું, ઢસડતું ટોળું ચાલ્યું ગયું.

અને થોડાં જ કલાકમાં શહેરની શાંતિને પલીતો ચંપાઈ ગયો. દોડતો રસ્તો નિઃશ્વાસ નાંખતો હાંફી રહ્યો. ચાલવા માટે નાની પડતી સડક વિસ્તરી. કોઈ નાના વળાંકે બે આખલા પોતાનું બળ બતાવતા શીંગડાથી જમીન ખોતરી રહ્યા હતા. બે-ચાર બકરીઓ દુકાનના બંધ શટરને પોતાનું શરીર ઘસી રહી હતી. કોઈ ખાનાબદોશ અચાનક થોભી ગયેલા શહેરને સમજવા મથી રહ્યો હતો. ચબૂતરા પાસેના ઉતરતા ઢાળે એક ગલૂડિયું ઈબ્રાહિમની બેટીની ચીંથરું થઈ ગયેલી સલવાર લઈને રમતે ચઢ્યું હતું.

શહેરમાં આટલો જ સળવળાટ હતો. બાકી બધું

થંભી ગયું હતું. શહેરની શેરી, લત્તા, ભેંકાર લાગી રહ્યાં હતાં.

ગલીના નાકે દરીંદગીથી શર્મસાર પથ્થર ભૂકો થઈ પડ્યા હતા. કાળા ટાયરે સળગી જઈને રસ્તાને વધુ કાળો કરી નાખ્યો હતો અને હાડપિંજર જેવા સળિયા ડાકણના દાંતની પેઠે અટ્ટહાસ્ય કરી રહ્યા હતા. શહેરની હવામાં હજુયે ધુમાડાને ચીરતી તીણી ચીસો પડઘાઈ હતી.

તંત્ર દોડતું થયું. એણે શાંતિને થીગડાં મારવાનું શરૂ કર્યું. તમાકુ મસળતી, રોફ જમાવતી, ડરાવતી, ધમકાવતી પોલીસ રસ્તાઓ પર ફરી રહી હતી. બીક બતાવતી સાઈરન વાગતી ને ગાડીઓ રાઉન્ડ દેતી ફરી રહી હતી. પોલીસની માર્ચથી સડક ચગદાઈ જતી હતી.

વર્ષોથી શાંત શહેરને અચાનક કોઈની નજર લાગી ગઈ.

આવી જ એક સાંજે મસ્જિદ પાસે ફરી એક ટોળું ભેગું થયું. આંખોમાં ખુન્નસ અને હોઠ પર ગાળો સાથે. દાબેલા દાંતમાં ગુસ્સા સાથે. બંધ મુઠ્ઠીમાં રોષ સાથે ભેગા થયેલા પ્રતિશોધે ઈબ્રાહિમની બેટીને યાદ કરી. એની લાચારીને દોહરાવી. એની આજીજીને રજૂ કરી. એના ચૂંથાયેલા દેહનું બીભત્સ વર્ણન કર્યું. ટોળાંના શ્વાસે ગતિ વધારી. આંખોમાં લાલાશ વધી. મુઠ્ઠીઓ ભીડાઈ ગઈ.

''સુવ્વરો કે બચ્ચોને... નન્હી જાન કો ભી નહીં બક્ષા.'' ટોળામાંથી એક જાડો ગુસ્સેલ અવાજ આવ્યો. એના શબ્દો એની ભીતરની આગને પ્રગટ કરતા હતા.

ધીમે ધીમે ઘોંઘાટ વધ્યો. ઉશ્કેરાટ વધ્યો.

સાવ એકવડિયું અને ધ્રૂજતું શરીર લઈ આગળ આવેલા યુવાન અતિ ગંદી ગાળો દેતા બોલ્યો : ''ઉનકે દો હાથ હૈ તો હમારે ભી હૈ... ઉનકે બચ્ચે, ઔરતે ભી હૈ... ઉનકો ઉઠા લાઓ...''

''ઉઠા લાઓ...'' શબ્દનો પડઘો પડ્યો. ટોળાંએ શબ્દને તેડી લીધો.

ટોળું ઘાંટા પાડી બોલતું હતું : ''જવાબ તો દેના હી હૈ, ઉન કમીનો કો.'' અને એનો ક્રૂર બદલો લેવા ઈબ્રાહિમની બેટીની કસમ પણ ખવાઈ.

આગ ઓકતું, ગાળ કાઢતું, મોકાની રાહ તાકતું ટોળું વિખરાયું.

એક પછી એક ભારેખમ રાતો વીતતી રહી. શહેર થાકીને શાંત પડી ગયું હતું. મુખ્ય માર્ગો પરની થોડી દુકાનો ફરીથી ખૂલી. પાનના ગલ્લે બીડીના ધુમાડા ઊભરાયા. લોક વાત કરતું, પણ છાની છાની... રસ્તાની બંને બાજુ ફરીથી લારીઓ

પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગઈ. લોકો ઘરની બહાર નીકળી આવ્યા. ફરી એ જ જૂની ભાવતાલની રકઝક પાછી શરૂ થઈ ગઈ. કેટલાય દિવસે ફરીથી સૌએ રસ્તા પર ઓગળતા સૂરજને અનુભવ્યો. અઠવાડિયા, દસ દિવસ પહેલાંની અવરજવર રાબેતા મુજબ થવા મથી રહી હતી. વાહનોએ રસ્તા પર ભીડ કરવી શરૂ કરી દીધી હતી. પક્ષીઓએ ફરી એકવાર શહેર પરથી ઉડવાનું શરૂ કર્યું હતું.

પણ... ઉપરછલ્લી શાંતિ બહુ લાંબી ન ટકી. એક સાંજે ફરી એક નવું ટોળું એક છોકરીને ઉઠાવી લાવ્યું અને સૂતેલી ગલી એકાએક જાગી ગઈ. જૂની ચીસો જીવતી થઈ ઊઠી. અનેક લોહી નીતરતી આંખો એક નાની ધ્રૂજતી જિંદગી પર મંડાઈ રહી.

''છોડો મત ઈસે...'' ટોળાંએ રોષ દર્શાવ્યો.

''હા... હા...'' પ્રતિધ્વનિ ગાજ્યો.

''ઉન કમીનો કી તરહ હમ ભી...'' કંઈ કેટલીય મર્દાનગી પગ પછાડતી આગળ આવવા લાગી.

ગલીનો તમાશો ભાળી કોઈકે ઘરમાં કોકડું વળી બેઠેલા કમજોર ઈબ્રાહિમને સમાચાર આપ્યા : ''અરે, તું યહાં બૈઠા હૈ ? વહાં તેરી બચ્ચી કા બદલા લિયા જા રહા હૈં...''

ઈબ્રાહિમ ચમક્યો. નંખાઈ ગયેલા શરીરને ઊંચકી ભાગ્યો સીધો ગલીમાં. એ દોડી રહ્યો. એને કોઈ દોડાવી રહ્યું.

એ આવે તે પહેલાં તો ટોળાએ હોઠનું કામ હાથને સોંપી દીધું હતું અને એક ઔર સલવાર ખેંચાઈને દૂર ફંગોળાઈ ગઈ.

ટોળાંને ડારતી, પડકારતી એક પડછંદ આકૃતિ આગળ આવતાં બોલી : ''પહેલે જવાબ મૈં દૂંગા.'' કહી લાચાર ઉઘાડા શરીર પર ઝૂકી. ને ટોળાંએ જાણે વિજયનાદ કર્યો.

કરગરતી લાચારી પર ઝૂકેલી મર્દાનગીને અચાનક પાછળથી જોરદાર ધક્કો વાગ્યો. અને એનું પડછંદ શરીર આઘું ધકેલાઈ ગયું.

''ઈબ્રાહિમ...!! ટોળાંએ એને રોકવા પ્રયત્ન કર્યો. ગુસ્સો ગાજી ઊઠ્યો : ''યે તો તેરી સાલેહા કા બદલા હૈ...'' પણ ઈબ્રાહિમે કશું ધ્યાન ન આપ્યું. એણે જમીન પર પડેલી લાચારને પોતાના ખભે રાખેલાં રૂમાલથી ઢાંકી. અને પછી ટોળાં પર થૂંક્યો.

એણે પેલી છોકરીને ઊભી કરી. એનો હાથ પકડી ચાલવા માંડ્યું. ‘‘મેરી લડકી ભી ઈસ તરહ... ચલ, બચ્ચી.’’ એણે છોકરીનો હાથ મજબૂત પકડતાં કહ્યું : ‘‘તેરા બાપ ભી મેરી તરહ ચીખતા હોગા. તું મેરી સાલેહા હી હૈ... બેટી ડરો મત. મૈં દેખતા હું કૌન તુઝે હાથ લગાતા હૈ !’’ કહી ઈબ્રાહિમે એના માથે બહુ પ્રેમથી ધ્રૂજતો હાથ મૂક્યો.

એણે ટોળાં સામે જોયું અને રાડ પાડતાં બોલ્યો : ‘‘યે ભી મેરી બચ્ચી હૈં... યે જાન તુમ કો નહીં મિલેગી. સુન લો...સબ.’’ એ ધ્રૂજી રહ્યો હતો.

‘‘ચલ હટ...’’ કહી એણે સામે ઊભેલા એકની છાતીમાં ધક્કો મારી આઘો કર્યો. ‘ચલ, બચ્ચી.’ કહી એણે છોકરીનો હાથ ખેંચી ટોળામાંથી બહાર કાઢવા ચાલવા માંડ્યું.

ઈબ્રાહિમના વર્તનથી સુન્ન થયેલું ટોળું ભાનમાં આવ્યું. એણે ગણગણાટ શરૂ કર્યો : ‘‘યે તો અકેલા હી...’’

ટોળું સળવળ્યું. એણે આગળ વધતા ઈબ્રાહિમને પડકાર્યો : ‘‘અબે રૂક... રૂક જા...’’

એણે પીઠ ફેરવી અને ક્ષણવારમાં તો ઈબ્રાહિમને ઘેરી ઊભું રહ્યું. એની છાતી પર ઉપરાઉપરી મુક્કા મારી ભોંય પર પછાડી દીધો. મજબૂત પકડેલો છોકરીનો હાથ એના હાથથી છૂટી ગયો. એ ઊભો થાય તે પહેલાં તો કેટલાંય ગડદાપાટુ એના શરીરને પડ્યા. એનું કમજોર શરીર ઢળી પડ્યું.

છોકરી ટોળાં વચ્ચે વહેંચાઈ ગઈ.

ચીખતું, ચિલ્લાતું ટોળું વિજયહર્ષ કરતું ચાલ્યું ગયું.

કોઈની બેટી ફરી એકવાર લાશ બની પડી રહી.

ઈબ્રાહિમ ભાનમાં આવ્યો. એણે દૂર પડેલી નગ્ન લાશ જોઈ. ઢીંચણ પર માથું મૂકી એ રડ્યો. ખૂબ રડ્યો. ને બેહિસાબ ગંદી ગાળો દેતો રહ્યો.

દૂર દૂર... એક કૂતરું કોઈની સલવારને પોતાના તીક્ષ્ણ દાંતથી ચીંથરું બનાવી રહ્યું હતું.

❀❀❀

# ૨૦. સિલ્વર જ્યુબિલી

**મયંક પટેલ**

**'અંતિમ** સફર'. શીતપર્ણના ધંધાદારી રંગભૂમિ ઉપરના પહેલા જ નાટકનું અઠવાડિયા પછી મંચન થવા જઈ રહ્યું હતું. એટલે ઓળખીતાઓને નાટક જોવા આવવા માટેની આમંત્રણ પત્રિકાઓ આપવા અર્થે શીતપર્ણ સવારથી જ નાહીધોઈને તૈયાર થઈ સ્કૂટર ઉપર નીકળી પડ્યો હતો. મિત્રો, સગાં-સ્નેહીઓ તેમજ નાટકની દુનિયાની જાણીતી હસ્તીઓને મળીને સ્વહસ્તે જ પત્રિકાઓ આપવાનું એણે નક્કી કર્યું હતું. એટલે એમ કરવામાં સવારથી સાંજ સુધી એને ખાસ્સી એવી દોડધામ રહી, પરંતુ કોમર્શિયલ સ્ટેજ ઉપર અભિનય કરવાના એના સ્વપ્નને સાકાર કરવાનો ઉમંગ એને અનેરો ઉત્સાહ પ્રદાન કરી રહ્યો હતો. એટલે એક સ્થળેથી બીજે સ્થળે જવામાં એણે જરીકે થાક કે કંટાળો ન અનુભવ્યો. રાત પડતાં સુધીમાં તો એકાદ બેને બાદ કરતાં લગભગ બધી આમંત્રણપત્રિકાઓ વહેંચાઈ ગઈ. હવે બસ, થોડાક દિવસ... અને પછી નાટકનો પહેલો શો. શીતપર્ણ રોમાંચિત હતો...

એ રાત પડતાં ઘરે પહોંચ્યો ત્યારે એની પત્ની રોમા ડાઈનિંગ ટેબલ પર ડિનર માટેની તૈયારી કરી રહી હતી. રોમા. એની પત્ની. સુંદર, સુશીલ અને બુદ્ધિમંત. ત્રણેયનો એનામાં જાણે સુભગ સંગમ થયો હતો. ઈન્ટિરિયર ડિઝાઈનિંગની કૉલેજમાં શીતપર્ણની એ સહાધ્યાયિની અને

હવે સહધર્મચારિણી. કૉલેજકાળમાં વાર્ષિકોત્સવ વખતે ભજવાતા નાટકમાં એ એની સહકલાકાર પણ ખરી. શીતપર્ણના અભિનય ઉપર વારી ગયેલી રોમા એને હૃદય દઈ બેઠી. બંને વચ્ચે પ્રણય પાંગર્યો અને અંતે પરિણય.

જોકે લગ્ન પછી રોમાએ અભિનયને રસ્તે આગળ ન વધતાં શીતપર્ણને એના ઇન્ટિરિયર ડિઝાઇનિંગના પ્રોજેક્ટ્સ પૂરા કરવામાં મદદરૂપ થવાનું રાખ્યું. એથી શીતપર્ણને નાટકની દુનિયામાં આગળ વધવા પૂરતો સમય મળતો રહ્યો. એની અભિનય પ્રતિભાના જોરે ધીરે ધીરે એ પ્રગતિ કરતો ગયો. શરૂઆતમાં કેટલીક નાની ભૂમિકાઓ કરવાનું કામ એને મળતું રહ્યું. પણ એની અભિનય ક્ષમતાની નોંધ લેવાતી ગઈ અને હવે... થોડાક જ દિવસો પછી એ એક મોટા બેનરની ધંધાદારી નાટ્ય સંસ્થાના નેજા નીચે રજૂ થનાર નાટકમાં નાયક તરીકે અભિનયનાં અજવાળાં પાથરવા જઈ રહ્યો હતો. પહેલીવાર... કૉમર્શિયલ સ્ટેજ.. મોટું ફલક... મોટી તક... અનંત શક્યતાઓ...

રોમાએ થાળી પીરસી. હાથ-મોં ધોઈ શીતપર્ણ આવી ગયો. ખુરશી પર ગોઠવાતાં એણે રોમાને કહ્યું : ''બધાંને કાર્ડ્ઝ આપી દીધાં છે. આગ્રહપૂર્વક નાટક જોવા આવવાનું કહ્યું છે. લાગે તો છે કે સહુ આવશે. અરે હા, કાલે છાપામાં જાહેરાત પણ આવવાની છે. જોજે.''

શીતપર્ણ અને રોમાને અઠવાડિયું ક્યાં વીતી ગયું તેની જાણે ખબર જ ન રહી. છેવટે નાટકના પ્રથમ શૉની રજૂઆતની રાત્રી આવી પહોંચી. શીતપર્ણ અને રોમા બપોરથી જ હૉલ પર પહોંચી ગયાં. રોમા આગલી હરોળમાં બેસીને નાટક જોવાની હતી. બીજા કલાકારો, દિગ્દર્શક સૌ સ્ટેજ પર વ્યસ્ત હતાં. અંતે રાત આવી પહોંચી. શૉ શરૂ થવાના થોડાક સમય પહેલાં મેક અપ, ડ્રેસિંગ વગેરે છેલ્લી તૈયારીઓ થઈ ગઈ. ગ્રીન રૂમમાંથી બહાર આવીને શીતપર્ણે સ્ટેજ પરનો પરદો અંદરથી સહેજ હટાવી સામે હૉલ તરફ ડોકિયું કર્યું. દર્શકોથી હૉલ ભરાઈ ગયો હતો. એ રોમાંચિત થઈ ઊઠ્યો. અને પછી પોતાના ડાયલોગ્સ યાદ કરતો કરતો એ ગ્રીનરૂમ તરફ વળ્યો.

સમય થતાં શૉ શરૂ થવા માટેની ત્રીજી અને છેલ્લી ઘંટડી રણકી. સ્ટેજ પરના ઊંચા મોટા રેશમી પરદા બંને બાજુની દીવાલો તરફ ધીમે ધીમે સરક્યા. સ્ટેજ પરની આછી લાઇટો પૂર્ણ રીતે પ્રકાશી રહી અને નાટક શરૂ થયું...

શીતપર્ણને નાટકમાં કૅન્સરથી પીડાતા અને અંતે મૃત્યુ પામતા નાયકનો કિરદાર નિભાવવાનો હતો. આખુંય નાટક રસપ્રદ ઘટનાઓથી ભરપૂર હતું. જીવન

અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતા નાયકની ભૂમિકા શીતપર્ણે ખૂબ સરસ રીતે, બખૂબી ભજવી. ધીરે ધીરે જીવનના અંત તરફ ધકેલાતા અને છેવટે ડચકાં ખાતાં ખાતાં મરણ પામતા નાયકના અભિનયે તો દર્શકોની આંખો ભીની કરી દીધી.

નાટક સફળ રહ્યું. શીતપર્ણના અભિનયની ચોમેરથી પ્રશંસા થઈ રહી. લોકો ભરપેટ વખાણ કરી રહ્યા હતા. ખાસ તો નાટકના અંતિમ દૃશ્યમાં મોતને શરણ થતા નાયકના રૂપમાં એના અભિનયનાં. રોમા, મિત્રો, સહુએ શીતપર્ણની પીઠ થાબડી.

બસ, પછી તો બીજો શૉ, ત્રીજો શૉ, ચોથો... પાંચમો... દસમો... પંદરમો શૉ થયે જતા હતા. દરમ્યાન એક શૉ પૂર્વે શીતપર્ણ સ્ટેજ ઉપર ખુરશી નાખીને બેઠો હતો અને અચાનક તેના મગજમાં એક વિચાર ઝબક્યો. નાટકના પચ્ચીસ શૉ થાય ત્યારે એક ઉજવણી થવી જોઈએ. પચ્ચીસ પચ્ચીસ વખત મૃત્યુ પામવાનો સફળ અભિનય કર્યાની ઉજવણી. સિલ્વર જ્યુબિલી સેલિબ્રેશન. ગેધરિંગ... ચિયરિંગ ક્રાઉડ... એના કાનમાં અવાજો ગુંજવા લાગ્યા... ગ્રેટ... બ્રેવો... અદ્‌ભુત એક્ટિંગ... અભિનંદન... મસ્તિષ્કમાં પ્રગટેલા એ વિચારમાત્રથી શીતપર્ણ ગજબની ઉત્તેજના અનુભવી રહ્યો.

બીજે દિવસે સવારે જ ચા પીતાં પીતાં એણે રોમાને એ વિષે વાત કરી, પરંતુ રોમાએ શીતપર્ણની વાત સાથે અસહમતિ દર્શાવતાં કહ્યું :

''આવી તે ઉજવણી હોતી હશે ?! તું પચ્ચીસ વાર મૃત્યુ પામવાનો અભિનય કરે એ બરાબર પણ એની ઉજવણી કરવાનું મને તો અજુગતું લાગે છે.''

શીતપર્ણએ જવાબમાં કહ્યું : ''કેમ, એમાં શું થઈ ગયું ? મારા એ અભિનય ઉપર તો નાટક આટલું સફળ થયું છે. મૃત્યુ પામવાનો અભિનય કરવો અને તેય આટલી ભાવવાહી રીતે કંઈ સહેલી વાત નથી. દર્શકોની આંખો ભીની થઈ જાય છે. એ તો હૉલમાં બેઠાં બેઠાં નાટક જોતી વેળા તારા ધ્યાનમાં આવ્યું જ હશે. પચ્ચીસમી વાર એવો અભિનય થાય એટલે એની સિલ્વર જ્યુબિલી ઊજવીએ એમાં કંઈ ખોટું નથી, રોમા. મારી તો એમ કરવાની અદમ્ય ઇચ્છા છે. ચાલ, તું જ સજેસ્ટ કર, કઈ રીતે સેલિબ્રેટ કરશું ?''

રોમા થોડીવાર મૌન રહી. પછી એક ઊંડો શ્વાસ લઈ એ બોલી :

''મને તો એવી કોઈ જ ઇચ્છા થતી નથી, શીતપર્ણ. ઇનફેક્ટ, હું તો આ નાટકના હવે વધુ શૉ ન થાય એવું ઇચ્છું છું. રોજ રોજ તારું આમ મરવું મને ગમતું નથી.''

એ થોડીવાર ચૂપ રહી અને પછી કશુંક વિચારી લીધું હોય એમ એક ઊંડો શ્વાસ લઈ બોલી :

‘‘પણ વાંધો નહીં ઈટ્સ ઓ.કે. તારી આટલી ઉત્કટ ઈચ્છા છે તો સિલ્વર જ્યુબિલી ઊજવશું, પરંતુ એક શરતે. આપણે ઘરમેળે જ સેલિબ્રેટ કરશું. જાહેર ફંકશન કરીને નહીં. આપણા ચાર-પાંચ અંગત દોસ્તોને ડિનર માટે બોલાવીને. તમે ઈચ્છો તો ડ્રિંકસની ચૂસકીઓ લઈ શકશો. પણ, બધું ઘરમાં જ. ઓ.કે. ?’’

શીતપર્ણ ખુશ થઈ બોલ્યો :

‘‘ઓ.કે. તું કહે તેમ. એ રીતે તો એ રીતે પણ સિલ્વર જ્યુબિલી તો ઊજવીએ જ. થૅન્કસ રોમા. થૅન્કસ અ લોટ અને પછી બંને જણાં ચા પીતાં પીતાં છાપા પર નજર ફેરવવા માંડ્યા.

ચા પીતાં પીતાં થયેલી એ વાતને આજે એક મહિનો થઈ ગયો. ડાઈનિંગ ટેબલ ઉપર ઉદાસ ચિત્તે એકલી બેઠેલી રોમા વિચારોમાં ખોવાયેલી હતી. એના માનસપટ ઉપર એક પછી એક દૃશ્યો પસાર થઈ રહ્યાં હતાં.

નાટકનો ચોવીસમો શૉ પત્યા પછી બીજે દિવસે સવારે તો શીતપર્ણ અચાનક તાવમાં પટકાઈ ગયો. રોમાએ હાથથી અડીને જોયું તો શીતપર્ણનું આખું શરીર ગરમ ગરમ. સાંજે તખ્તા ઉપર જઈને નાટક ભજવી શકાય એવી સ્થિતિ જ રહી ન હતી. દિવસ ચડતો ગયો એમ તાવ પણ ચડતો ગયો. તાત્કાલિક ડૉકટરને ઘરે બોલાવવા પડ્યા. લૅબોરેટરી ટેસ્ટ અને બીજી તપાસો થઈ. શીતપર્ણ કૉરોનાની અડફેટમાં આવી ગયો હતો. પછી તો ઈમરજન્સી હોસ્પિટલાઈઝેશન અને આઈ.સી.યુ.માં ભરતી... વેન્ટિલેટર... અચાનક કોરોનાની હાર્ટ ઉપર અસર... છેવટે રાત્રે નવ વાગ્યે... પચ્ચીસમા શૉના ટાણે જ શીતપર્ણ... અને રોમાથી ડૂસકું નંખાઈ ગયું.

## (૨૧.) એકડા વિનાનું મીંડું

« સીતારામ જે. શર્મા

**તું** ગઈ ?... હંમેશને માટે ગઈ ?...

ના, ના, તું મને મૂકીને ક્યાંય જાય જ નહિ ! મારી પૂરેપૂરી ખાતરી છે ને !...

ત્યારે લોકો કેમ કહે છે કે તું ગઈ ?...

લોકોને શી સમજ છે ?... લોક એટલે લોક !... પારકાં...એમને આપણી ખાનગી વાતની શું ખબર પડે ?...બિચારાં લોકો ?... તેઓ એ વાતથી અણજાણ છે !... જાણતાં ન હોય તે વાત કરવી એ તો લોકોનો સ્વભાવ છે. લોકમુખે ગરણું મૂકાતું નથી...

આપણી વાત તો આપણે જ જાણીએ ને !...આપણે બે જ !... બીજા કોઈને એની જાણ કેવી રીતે થાય ?

પતિ-પત્ની વચ્ચેના પ્રેમનાં કંઈ પ્રદર્શન ઓછાં થાય છે !...એ પ્રદર્શનની વસ્તુ નથી... એ તો એટલી પવિત્ર છે કે...ના, એ તો પ્રભુદર્શનની માફક કહી ન શકાય, વર્ણવી ન શકાય...તે તો મનમાં રાખવાની અને નિજાનંદની પવિત્ર પ્રસાદી... તેને તો જીવ કરતાંયે અદકી માની, જતન કરીને હૈયાની મંજૂષામાં જ સાચવી રાખવાની...

એવી પવિત્ર વાત લોકોના પવિત્ર કાને જાય જ કેવી રીતે ? અને છતાં લોકો કહે છે : ''તુષારની બિંદુ ગઈ, તે હવે કદી પાછી આવવાની નહિ !''...

લોકો બિચારાં...કાં તેઓ ભોટ છે, ભલાં છે, ક્રૂર છે, નહિ તો કોઈના હૈયામાં ઊંડા ઘા કરે ખરાં ?

બિંદુ !...બિંદુ... એમ મને તજીને જાય જ નહિ ને !...જાય જ શી રીતે ?... એનાથી મારા વિના એક ઘડી પણ એકલાં રહી શકાતું જ નથી ને !

તે દિવસે હું માત્ર ચોવીસ જ કલાક માટે એકલો બહારગામ ગયો... ત્યાંથી પાછો આવી બારણું ઉઘડવા ટકોરા માર્યા, તે એણે તુરત સાંભળ્યા... મારા વિનાની એ જાગતી જ બેસી રહી હતી...

બારણું ઊઘડ્યું, હું અંદર ગયો, અને બારણું બંધ કર્યું, તે વખતે જ એ મારે ગળે વળગી પડી, રોવા લાગી અને કાલાવાલા કરતી કહેવા લાગી; ''તુષાર, હવે તને એકલો હું કોઈ દિવસ બહાર જવા દેવાની જ નથી. મારાથી તારા વિના રહી શકાતું નથી.''

એટલે કહું છું કે બિંદુ એના તુષારને મૂકીને જાય જ નહિ.

લોકોને એ બધી ઘટનાઓની ક્યાંથી ખબર હોય ?

બિંદુ !...મારી બિંદુ, આપણે એક જ અંગનાં બે પાસાં, એમાંથી એક પણ પાસું ખંડિત થાય તો બીજું પાસું ક્યા આધારે ટકી રહે ?...

પેલી મારી થોડા દિવસની માંદગી વખતે તેં આંખોમાં આંસુ સાથે મને કહેલું તે તો તને યાદ છે ને ?...

તેં કહ્યું હતું : તુષાર ! તારી આવી સામાન્ય માંદગી પણ મારાથી સહી શકાતી નથી. તું બિછાનામાં આ રીતે પડી રહે, તે મને અકળાવી મૂકે છે...એ કરતાં તો હું માંદી પડું તે સારું.''

અને ત્યારે મેં હસીને જવાબ આપ્યો હતો : ''તો હું શું કરી શકવાનો હતો ? બહુ બહુ તો દાકતરને બોલાવું, દવા લાવું, તારી માવજત કરું...પણ ઘરનો વહીવટ કરવાની મારી શક્તિ નથી. માટે ભલે હું માંદો પડું. તું દાકતરની તથા ઔષધોપચારની વ્યવસ્થા કરવા ઉપરાંત મને દાકતરને કંઈ આપવાનું કહે, તે તૈયાર કરીને આપે છે. મારાથી એ શી રીતે બનવાનું હતું ? માટે ડાહી થઈને તું માંદા પડવાનો વિચાર છોડી દે, અને ''લલાટે રાખ કર તારો, પછી એ તાવ પણ પ્યારો !... ભૂલી તું તો બનાવું હું, ભરે જળ નેત્રમાં આ શું ?'' છતાં મારી વાત તારા હૈયાને ગમી નહોતી ! એવી તું મને એકલો મૂકીને જાય જ નહિને !...મને એ કયાં ખબર નથી ?''

બિંદુ ! યાદ છે. એક વખત તું તારે મહિયર ગઈ'તી. દસ દિવસનો વાયદો આપીને... એ દસે દિવસ મારા હૈયામાં તારા સિવાયનો બીજો વિચાર જ થતો નહતો. અને રાતો વીજળીના દીવાની સામે તારી તસવીર મૂકી એની સાથે અનંત વાતો કરવામાં મેં પસાર કરી હતી. ...તું આવી, પણ આપણી વચ્ચે નક્કી થયેલી બપોરની ગાડીને બદલે રાતની ગાડીએ...બિંદુ વચગાળાના એ આઠ-નવ કલાક મારે માટે આઠ ભવ બની ગયા હતા અને આઠસો વખત મેં આત્મહત્યાના વિચારો કર્યા હતા...એ વાત જ્યારે આપણે મળ્યાં ત્યારે મેં તને કહી, ત્યારે બિંદુ ! તેં મને ''તુષાર, આવા પાગલવેડા હજી ક્યાં સુધી રાખીશ ?'' કહીને મને ઉપાલંભ આપ્યો હતો યાદ છે ને ?

પરણ્યા પછી આપણે પહેલી વખત છૂટાં પડ્યાં, તેની આગલી રાતે આપણે બંને પાગલ બની ગયાં હતાં અને રોઈ રોઈને એક બીજાનાં આંસુ લૂછતાં હતાં એ તો તારાથી કે મારાથી શી રીતે વિસરી શકાય ?

અને પછી હું તને નિત્ય પત્ર લખતો, પ્રેમથી નીતરતા. તેમાં નિત્ય નવી નવી કવિતા તો હોય જ !...તું પણ મને જવાબ આપતી. પણ મારા રોજના પત્રોથી તેં મને તુલસીદાસની પત્નીનું દૃષ્ટાંત આપીને જે ધમકી આપી હતી તે તો યાદ છે ને ?...તેં લખ્યું હતું. ''તુષાર, તારા રોજને રોજ બીડેલા કાગળો આવે છે, તેથી હવે તો મારી બહેનપણીઓ પણ મારી મશ્કરીઓ કરીને કહે છે, ''અલી, બિંદુ ! પહેલા જ સાસરવાસે તેં એવા તે શા જાદુ કર્યા કે, તુષાર તારી પાછળ આટલા બધા ગાંડા બની ગયા છે !'' અને પાછળથી તેં ઉમેર્યું હતું, ''તમારા આટલા બધા લાંબા પત્રોથી મનેય હવે તો શરમ આવે છે.'' વડીલો કંઈ બોલે નહિ પણ મનમાં તો સમજે ને કે, આજકાલના જુવાનિયા કેવા લાજ વિનાના અને નફ્ફટ બની ગયા છે !...આવી તે કંઈ ઘેલછા સારી ગણાય ?'' અને છેલ્લે તેં મને તાકીદ આપી હતી કે, હવેથી તારે અઠવાડિયામાં એક... અથવા બહુ બહુ તો બેથી વિશેષ કાગળો મને ન લખવા, નહિ તો હું તને જવાબ જ નહિ આપું !...''પણ તેમ છતાં ભૂલેચૂકેય તારાથી એટલું તો લખાઈ ગયું હતું કે, ''તુષાર, વહાલા, લોકલાજે મારે આવાં કઠોર વચનો લખવાં પડે છે, બાકી દિલના દિલમાં તો મને દરરોજનો એક શું પણ તારા બે પત્રો આવે ત્હોય ગમે છે...અહીં આવી છું, પણ તને ભૂલી શકતી નથી. એ જ પિયર, એ જ સ્વજનો, એ જ સખી મંડળ, જ્યાં જીવનનાં વીસ વરસ આનંદમાં વિતાવ્યા હતાં... છતાં કોણ જાણે તારી પાસેના બે મહિનાના સહવાસે એવો તો શો કીમિયો કર્યો, તારા

સ્નેહે એવાં તે શાં રસાયણ પાયાં, જેથી મીઠડા મહિયરમાંય પળેપળે તારી યાદ આવ્યા કરે છે ?''

આવી તું તે મને છેલ્લા એકસો દિવસમાં એકેય કાગળ ન લખે ? બિંદુ ! તારું સરનામું જાણતો હોતે તો હું જ તને રોજ ને રોજ કાગળ ન લખત ?

પાંત્રીસ પાંત્રીસ વરસની આપણી અતૂટ મૈત્રી અને સળંગ સહવાસ માથેરાન કે મુંબઈ, આબુ કે આરાસુર, અરાવલિ કે સહ્યાદ્રિ, જ્યાં ગયાં ત્યાં આપણે સાથે જ. સારસપંખીની જોડલી સમાં માથેરાનની પેલી સરોવરિયા પાળે હું બેઠો હતો તે વખતે તેં કૅમેરાની કળ દાબી અને એ જ પાળ પર તને બેસાડીને મેં તારી છબિ ખેંચી... યાદ છે ને ? અર્બુદની પેલી પાતાળ ગુફામાંના જળધોધ આગળ મને બેસાડીને મારી તસવીર લીધી અને મેં તારી...

કેટલું યાદ કરું ને કેટલું વિસરું ?...

તું મારાથી જુદી નથી, મારી હૃદય ગુફામાં તારું સ્થાન છે, છતાં લોકો મને કહે છે, તુષારની બિંદુ એનો સદાને માટે ત્યાગ કરીને, એકલવાયો બનાવીને અનંતની યાત્રાએ ઊપડી ગઈ !...

ખોટું, નરાતર ખોટું...તું ને હું એક છીએ, એક હતાં અને એક રહેવાનાં લોકોની અફવાઓ મારે શા માટે માનવી જોઈએ ?

છતાં લોકો મારાં સહૃદય બનીને મને એ અજુગતી વાત મનાવવા મથે છે... આપણી વચ્ચે તેઓ વિક્ષેપ પડાવવા મથે છે !...

અરે, નવાઈની વાત તો એ છે કે વિના પૂછ્યે, તારા સ્થાન ઉપર એકાદી કોઈક અનઘડ પ્રતિમાને ઠોકી બેસાડવા મથે છે !...

તું, મારી હૃદયસ્થ દેવિ !... મૂલ્યવાન મણિની નિસર્ગે કંડારી આપેલી મૂર્તિ... તારી હું અપ્રતિષ્ઠા કરું, એટલો નાસ્તિક તેઓ મને માનતા લાગે છે !...

શા માટે, શા માટે ? મારા એવા ક્યા અધૂરા પુણ્યને સારુ, મને આવી ભીષણ શિક્ષા કરવા આ બધાં લોકટોળાં તૈયાર થયાં છે ?

બિંદુ ! આપણા પ્રેમનો રંગ એવો કાચો અથવા તો ભૂસ્યો ભુસાય તેવો છે ?...તું જ કહે ને ?...તું મારી વહાર નહિ કરે તો હું આ બધાં ટોળાંની સામે કઈ શ્રદ્ધાથી કોના આધારે ટકી શકીશ ?

મારી તો ખાતરી છે કે મારી બિંદુ મને છોડીને ગઈ જ નથી...એ કદી મને એકલો મૂકીને ક્યાંય જાય જ નહિ.

બિંદુ !...મારી મીઠી મધુરી બિંદુ ! થોડા દિવસ પહેલાં એવું બન્યું કે : આપણો મિત્ર મનોજ આપણે ઘેર આવ્યો. તે વખતે આપણી બપોર પછીની ચાના બે પ્યાલા તૈયાર કરીને હું બેઠો હતો. મનોજે બે પ્યાલા જોઈને મને પૂછ્યું. ''તુષાર આ બીજો પ્યાલો, હું આવવાનો છું એમ ધારીને તેં તૈયાર કર્યો છે ?''

હું ઊંડા વિચારમાં મગ્ન, ધ્યાનસ્ત જેવો બેઠો હતો. છતાં એના એ પ્રશ્નથી મને કૌતુક લાગ્યુ. મેં એને કહ્યું : ''ના, આ તો નિત્યના નિયમ પ્રમાણે બે પ્યાલા છે, મારો અને બિંદુનો ?...તારા આગમનની મને ખબર હોત તો ત્રીજો પ્યાલો તૈયાર કરત !''

એ મને પાગલ ગણતો હોય એમ એણે આશ્ચર્ય ભાવે મારી સામે તાક્યું. પછી ગંભીર બનીને બોલ્યો :

''તુષાર, તું આમ કરીશ તો ગાંડો થઈ જઇશ બિંદુબહેન તો ગયાં...

''ક્યાં ?'' મેં એને સામો સવાલ પૂછ્યો.

''જ્યાંથી કદી કોઈ પાછું નથી આવતું...''

વચ્ચે જ હું બોલી ઊઠ્યો : ''એ તારી ભ્રમણા છે. મનોજ મારી બિંદુ ક્યાંય ગઈ નથી...એ અહીં જ છે...જો સામેના કબાટમાં એનાં બધાં ગડીબંધ કપડાં...અને પેલું ડ્રેસિંગ ટેબલ...એની તેલની બાટલી, કંકુની શીશી, પાઉડર, સ્નો, કાંસકા, બ્રશ, એને અતિ પ્રિય છે એ બંગાળની બનાવટની કાંસકી...આમ તો આ ટેબલ પરની એની છબિ...પેલા સૂવાના ખંડમાંનો એનો તૈયાર પલંગ...પણે એના સીવણ-ભરતકામની નેતરની ગૂંથેલી બાસ્કેટ...બધું છે ત્યાં ને ત્યાં, નિત્યની માફક વ્યવસ્થિત ગોઠવેલું છે... અને છતાં એ ન આવે એવું બને જ કેવી રીતે ?''

વાતની ધૂનમાં મેં મનોજની સામે જોયું નહોતું, પણ પછી મારી નજર એની સામે ગઈ, ત્યારે એ રડતો હતો.

મને થયું, આ માનવી જરૂર ગાંડો બની ગયો છે. હું બોલ્યે ગયો :

''મનોજ, મારી બિંદુને હું વધારે ઓળખું છું...એ જરૂર આવશે...એ આવશે એટલે અમે બે સાથે બેસીને ચા પીશું...એના વિના મેં કદી એકલાએ ચા પીધી જ નથી...''

''ક્યાં સુધી બિંદુબહેનની રાહ જોઈશ. તુષાર ? એણે પૂછ્યું. એ વખતે, કોણ જાણે કેમ, પણ એનો અવાજ ધ્રૂજતો હતો.

''અનંતકાળ સુધી...જોવી પડે તો.'' હું જરા રોષથી રૂઆબપૂર્વક બોલવા લાગ્યો. ''પરંતુ એના આવ્યા વિના હું ચા પીવાનો નહિ...તને ક્યાં ખબર છે ? જમતી વખતે નિત્યના નિયમ પ્રમાણે મારે ત્યાં બે સામસામા પાટલા મંડાય છે અને બે થાળીઓ પિરસાય છે... રાતે મારા પલંગમાં સૂતાં સૂતાં હું બિંદુની સાથે કેટલી બધી વાતો કરું છું... તને ખબર છે ખરી કેઃ એની સાથે વાતો કર્યા વિના હું કદી ઊંઘતો નથી...હજી તો ગઈકાલે રાતે જ રેડિયો પર પ્રસારિત થયેલું રવિવારનું નાટક અમે સાથે બેસીને સાંભળ્યું હતું...

મનોજે ત્યારે કોણ જાણે સાથી ઊંડો નિઃશ્વાસ મૂક્યો. અને પછી મને પૂછ્યું : ''શાનું નાટક હતું?'' પછી તો મેં એની પાસે નાટકનું વર્ણન કર્યું :

એક પ્રેમાળ દંપતી હતું...બંનેને એક બીજા વિના એક વિપળ પણ ન ચાલે...ઘણાં પ્રેમાળ અને ઊર્મિલ...પતિ ઑફિસમાં જાય તેટલા સમયનો વિરહ પણ પત્નીને માટે અસહ્ય થઈ પડે...એ પાંચ કલાકમાં તો એ ઓછામાં ઓછી પાંચ વખત પતિ સાથે 'ફોન' પર વાત કરે, ત્યારે એના જીવને શાંતિ વળે... આવાં પ્રેમાળ એ પતિ-પત્ની. કોઈ દિવસ વિખૂટાં પડે જ નહિ... એક દિવસ પતિ ઑફિસમાંથી ઘર તરફ પાછો આવતો હતો, તેવામાં એની મોટરની સામેથી વેગપૂર્વક ધસી આવતી મોટરની ટક્કર લાગી...એ અકસ્માત જીવલેણ નીવડ્યો. પણ પત્ની એમ જ માનતી હતી કે : ''મારો પતિ જીવંત છે...'' અને અગાઉની માફક દાતણ-પાણીની, સ્નાનની, ચા-નાસ્તાની, જમવાની, ઑફિસમાં ફોન કરવાની, સંધ્યા પછી વાળુની અને છેલ્લે સૂવાની જે કાર્યવાહી પહેલાં ચાલુ હતી, તે જ ચાલુ કરતી રહી...લોકો એને દીવાની ગણવા લાગ્યા...એની એણે પરવા ન કરી... એક દિવસ મનની કલ્પનાના પતિને ઑફિસ જતી વખતે મોટરમાં બેસાડી, તે જાતે મોટર 'ડ્રાઇવ' કરતી નીકળી...અને અને...મનોજ ! કદાચ તને આશ્ચર્ય થશે, પરંતુ જે સ્થળે એના પતિની મોટરને અકસ્માત નડ્યો હતો, તે જ સ્થળે એની મોટરને અકસ્માત થયો, અને એ પ્રેમદીવાની પતિથી કદી જુદી નથી પડી તેવી શ્રદ્ધાથી. મનોજ, એ નાટક પૂરું થયું ત્યારે મારી બિંદુ રડતી હતી. તે મને વળગી પડી. અને હૈયાફાટ રુદન કરતી બોલી : ''તુષાર !...મારા વહાલા તુષાર ! તું તો મને આમ અધવચ્ચે છોડીને જતો નહિ રહે ને ?...જો જે હોં...નહિ તો હું તારા

વિના બેબાકળી બની જઈશ, અને આ નાટકની નાયિકા તો પ્રેમઘેલછાની દશામાં આટલું'યે જીવી, પણ મારાથી તો એક પળ પણ તારા વિના નહિ જીવાય !''

અને ત્યારે મેં એને હૈયા સાથે ચાંપીને આશ્વાસન આપ્યું હતું, અને તે પછી એણે સ્વસ્થ થઈને મને શું કહ્યું, ખબર છે તને ?

મારી બિંદુએ મારા પંજાને એના બે હાથના પંજા વચ્ચે દબાવીને કહ્યું : ''તુષાર, મારા પ્રાણ ! મારે તો અખંડ સોહાગણનું- જેના ચૂડી અને ચાંલ્લો અમર હોય, તે પ્રકારનું મૃત્યુ જોઈએ છે. એવું જ મોત હું, અરે હું જ શું વિશ્વની પ્રત્યેક પ્રેમાળ સૌભાગ્યવંતી સ્ત્રી વાંછે છે.''

''પછી ?'' મનોજ બોલી ઊઠ્યો : ''પછી તેં એને શું...કહ્યું તુષાર ?''

મેં એને કહ્યું, ''ના, બિંદુ, મારે તો તને મૂકીને જ જવું છે. તું ન હોય તો મારાથી જીવી ન શકાય. તું તો શક્તિ છે. સ્ત્રી માત્ર શક્તિસ્વરૂપા છે. એ વૃક્ષના આધારે જ પુરુષ ઉન્નત મસ્તકે, વૃક્ષે વિંટળાયેલી વેલીની જેમ ટટાર રહી શકે છે.

મનોજ ! માટે જ બિંદુ ગઈ એવું લોકો કહે છે તે સાચું નથી. જો ત્યાં એનાં કંગન રહ્યાં... હજુ તો આઠ દિવસ પહેલાં જ એણે નવાં ઘડાવ્યાં છે. એ મૂકીને એ જાય જ નહિ ને !

મનોજે મને સમજાવવા માટે ઘણી ઘણી મથામણ કરી. એ કહે, ''તુષાર, આ બધી આળપંપાળ છોડી દે... તારી બિંદુ હવે કદી પાછી આવવાની નથી.''

અને બિંદુ, તું જાણે છે, મેં એને શું કહ્યું તે ?

મેં એક વખત આપણી વચ્ચે જે વાત થઈ હતી તે એને કહી સંભળાવી.

યાદ છે ને તને ? બા જીવતાં હતાં તે વરસની એ વાત છે. તારા દિલમાં બાળકની ઝંખના જાગી હતી.

મેં હસતાં હસતાં કહ્યું હતું, ''જો આપણે ત્રણ છીએ, એ એક એકડા પાછળના બે મીંડાની માફક પૂરાં સો છીએ, એમાં અપૂર્ણતા છે જ નહિ.

પછી બા ગયાં ત્યારે તેં મને કહ્યું હતું તેનું તને તો સ્મરણ હશે જ. એવું કહ્યું હતું તેં કે, ''આજે એક મીંડું ઓછું થયું. એટલે આપણે એકસોમાંથી દસ થઈ ગયા. એક માનવી જતાં નેવુંની ખોટ્ય પડી...અને પછી તું બોલી નહિ, ઊંડા વિચારમાં ડૂબી ગઈ.

તેથી તને ગમ્મત આપવા ખાતર મેં ટોળ કરી, ‘‘અને હવે બાકી વધેલા દસમાંથી એક મીંડું જાય તો ?...તો દસમાંથી નવનો ઘટાડો થઈને બાકી એકડો જ રહે !’’

ત્યારે તેં ગંભીર બનીને કહ્યું હતું, ‘‘એ હિસાબ સાચો નથી તુષાર !

‘‘કેમ દસમાંથી એક મીંડું પડી જાય તો બાકી એક જ વધે ને ?’’

મારી એ દલીલનો પ્રતિવાદ કરતાં તું ગમગીન થઈને બોલી હતી કે, ‘‘એ તો કોણ જાય છે તેના ઉપર આધાર રાખે છે. મીંડું જાય તો એકડો રહે, પરંતુ જો એકડો જાય તો ?’’...આ બે અંકનું મૂલ્યાંકન સાપેક્ષ છે.’’

પછી તો મનોજ, અમારી એ ચર્ચા એટલેથી અધૂરી રહી હતી, પરંતુ આજે હું તને જ પૂછું છું, મનોજ ! કહેજો, હું જાઉં તો એકડા જેવી બિંદુ રહે, પણ જો બિંદુ જાય તો ? એકડો જ ચાલ્યો જાય, અને હું એકડા વિનાનું મીંડું જ બની રહું કે નહિ ?’’

મનોજે એનો જવાબ આપ્યો નહિ, માત્ર એણે મારા બે ખભા પકડી એક ખભા ઉપર માથું મૂકી, ધ્રૂસકાં લઈને રોવાં માંડ્યું.

❖❖❖

# -: લેખક પરિચય :-

| | | |
|---|---|---|
| **સીતારામ શર્મા** | : | નવલકથાકાર, વાર્તાકાર |
| **મોહનલાલ પટેલ** | : | વાર્તાકાર, નવલકથાકાર, લઘુકથાના જનક, વિવેચક, અનુવાદક |
| **ચિનુ મોદી** | : | વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યલેખક, કવિ, બાળસાહિત્યકાર |
| **મહેશ દવે** | : | વાર્તાકાર, નવલકથાકાર |
| **કુમુદ પરીખ** | : | વાર્તાકાર |
| **રમેશ ત્રિવેદી** | : | વાર્તાકાર, લઘુકથાકાર, બાળસાહિત્યકાર |
| **નીતીન વૉરા** | : | વાર્તાકાર, કવિ, લઘુકથાકાર, નિબંધકાર |
| **ભગવત સુથાર** | : | વાર્તાકાર, લઘુકથાકાર, બાળસાહિત્યકાર, વિવેચક |
| **દિલીપ રૉય** | : | વાર્તાકાર, ચિત્રકાર, લઘુકથાકાર |
| **પ્રસાદ બ્રહ્મભટ્ટ** | : | લઘુકથાકાર, વાર્તાકાર, વિવેચક, અનુવાદક |
| **રામજી કડિયા** | : | વાર્તાકાર, લઘુકથાકાર |
| **રતિલાલ સાં. નાયક** | : | બાળસાહિત્યકાર, વિવેચક, વાર્તાકાર |
| **યશવંત કડીકર** | : | બાળસાહિત્યકાર, લઘુકથાકાર, વાર્તાકાર |
| **બિપીન કે. પરીખ** | : | વાર્તાકાર, લઘુકથાકાર |
| **ઉપેન્દ્ર રાવળ** | : | વાર્તાકાર, લઘુકથાકાર |
| **વસંત શુક્લ** | : | વાર્તાકાર |
| **દેવચંદ યોગી** | : | વાર્તાકાર, નવલકથાકાર |
| **નટવર પટેલ** | : | બાળસાહિત્યકાર, વાર્તાકાર, લઘુકથાકાર |
| **વિષ્ણુ પ્રજાપતિ** | : | વાર્તાકાર, નવલકથાકાર |
| **ધર્મેન્દ્ર પટેલ** | : | બાળસાહિત્કાર, વાર્તાકાર |
| **મયંક પટેલ** | : | વાર્તાકાર, કવિ, લઘુકથાકાર, બાળસાહિત્યકાર |

ટૂંકી વાર્તાની રચના પાછળ સર્જક કલાકારનો મુખ્ય આશય કોઈ વૃત્તાંતનું નિવેદન કરવાનો કે ભાવકના ચિત્તમાં ઊભરાઈ રહેલા કોઈ પદાર્થને ભાવક સુધી પહોંચાડવાનો છે. આ માટે તે અત્યંત બેચેન હોય છે. એના મનમાં કોઈક એવું પ્રબળ તત્ત્વ ઉછાળા મારી રહ્યું હોય છે કે જેને એ પોતાની કૃતિમાં અભિવ્યક્ત ન કરે ત્યાં સુધી એને કરાર થતો નથી. શું વાર્તા કે શું કાવ્ય- એ બધી કૃતિઓના સર્જન પાછળ આવી કોઈ તીવ્ર સંવેદના અને બેકરારી રહેલાં છે. વાર્તા-રચનાના રહસ્ય માટે પ્રસિદ્ધ વાર્તાકાર સ્ટાઈનબેક કહે છે : **"The formula seems to lie solely in the aching urge of the writer to convey something he feels important to the reader."**

જ્યારે સર્જક કંઈ કહેવા માટે આવી તીવ્ર સંવેદના અનુભવતો હોય ત્યારે એને માત્ર કોઈ ઘટનાના બયાનમાં રસ છે એમ માની શકાય નહીં. એને જે કહેવું છે એ માટે પોતે સ્થૂળ ઘટનાઓની પેલે પાર રહેલું છે અને ઘટનાઓને અંતે સમગ્ર છાપ દ્વારા જ ભાવક એને પામે છે.

- મોહનલાલ પટેલ

(ટૂંકી વાર્તાના મર્મજ્ઞ વિવેચક, લઘુકથા-પ્રવર્તક)